

ણની આત્મકથા
સેવાસમિતિ પુસ્તકાલય

આંબળાની આત્મકથાઓ.

લખનાર:

ધીરજલાલ અમૃતલાલ ભટ્ટ.

(રાજપુતોનો રણયજ્ઞ, પેશાવરની પદ્મિની, આદર્શ ચરિત્રાંજલિ વગેરેના કર્તા)

ચંદરવા—કાઠિયાવાડ.

પ્રકાશક:

નારાયણજી ગોકુળદાસ ડોસાણી.

વ્યવસ્થાપક: સેવાસમિતિ પુસ્તકાલય.

૧૫૭-૫૯ ગુલાલવાડી,

મુંબઈ નં. ૪.

વિક્રમાર્ક ૧૯૭૭. સને ૧૯૨૧.

પ્રથમાવૃત્તિ. પ્રત ૧૦૦૦.

મૂલ્ય રૂ. ૨-૮-૦.

અમદાવાદ

ઢાલગરવાડમાં આવેલા શ્રી અંબિકાવિજય પ્રીન્ટીંગ પ્રેસમાં

પટેલ લક્ષ્મીચંદ હીરાચંદે છાપી.



શેઠ નરસિંહદાસ ઝીણાભાઇ.

પોરબંદર.

KRISHNA PRINTING PRESS, BOMB/ / 2.

સ્નેહ-સમર્પણ !

સૌજન્યશીલ વિદ્યાવિલાસીઃ

શેઠ નરસિંહદાસ ઝીણાભાઇ

પોરબંદર.

શ્રીમાન માન્યવરજી !

વિદ્વાનો પ્રત્યેનો આપનો પ્રશંસાપાત્ર પ્રેમભાવ, આપના દરિયાવ દિલની ઉદારતા, આપની સાહિત્ય રસિકતા, સામાજિક તથા તાત્વિક ઉદ્ધાર માટેની આપના સહૃદય ચિંતા, અને મારા સાહિત્ય પ્રકાશનના કાર્ય તરફ આપની ઊંડી સહાનુભુતિ-આવા આપના અનેક સદ્‌ગુણોથી મોહિત થઇ મારા પ્રત્યેની આપશ્રીની સદ્‌ભાવનાનાં અમર સ્મરણચિન્હરૂપ મારૂં આ પ્રકાશન- અબળાની આત્મકથાઓ-જેમાં સામાજિક ગુંચોના ઉકેલ માટે લેખકે પ્રશંસાપાત્ર પ્રયાસ કરેલો છે તે આપશ્રીના ચરણકમળમાં સાદર સમર્પણ કરી કૃતાર્થ થાઉં છું.

જ્યેષ્ઠ વદ ૯ ૧૯૭૭.	કૃપાભિલાષી, આપનો
મુંબઇ: ગુલાલવાડી.	નારાયણજી.

પ્રસ્તાવના.

પ્રસ્તુત કથાસંગ્રહ સામાજિક સંદિગ્ધ પ્રશ્નો ચર્ચવાના હેતુથી પ્રયોજ્યો છે. તેમાં સ્ત્રીજીવનના કેટલાક પ્રશ્નોનો અબળાઓને મોઢેજ ઉલ્લેખ કરાવ્યો છે. આમાંની કોઇ વાર્તા અમુક વ્યક્તિને ઉદ્દેશીને લખેલી નથી; પરંતુ આવા બનાવો, અનુભવો તથા દશ્યો સામાન્ય રીતે સમાજમાં જોવામાં આવે છે, એટલી તેમાં કલ્પના છે. પ્રસ્તુત આપવીતી કથાઓમાંની ૯ મી કથા એક મરાઠી પુસ્તક ઉપરથી સારરૂપે, તથા ૭, ૧૦, ૧૩ અને ૧૪ એ ચાર વાર્તાઓ બંગાળીનો આધાર લઇ લખેલી છે. ૧૧ મી વાર્તા એક જૈનમુનિએ કહેલી હકીકત ઉપરથી પ્રયોજી છે; જ્યારે ૩ જી વાર્તા 'સમાજ જીવન'ના એક અંકમાંથી ઉદ્દધૃત કરી છે. આ વાર્તાઓના મૂળ લેખકો –પ્રકાશકોનો હું અહીં આભાર માનું છું. સાથે 'સમાજ જીવન'ની તે વાર્તાના લેખક રા. મહીદાસ પ્રેમજી પટેલનો પણ. બાકી બીજી વાર્તાઓ બધી સ્વતંત્ર છે.

ગુજરાતી ભાષામાં ટુંકી વાર્તાઓના સંગ્રહો હમણાં ઠીક બહાર પડવા લાગ્યા છે. વાંચકોને લાંબી આઠ આઠ દશ દશ ભાગે સુધી લંબાતી વાર્તાઓ વાંચવા તરફ કંટાળો આવતો હોવાથી તેઓ આવાં ટુંકાં સંસાર ચિત્રો વાંચવા તરફ વધારે પ્રેમ ધરાવે છે; એવો કાંઇક અનુભવ હોવાથી મેં પણ આ કથાસંગ્રહમાં ટુંકાં ચિત્રો આલેખ્યાં છે. મને આ લેખન વ્યવસાયમાં વારંવાર ઉપયોગી સૂચનાઓ કરી

પ્રોત્સાહન આપનાર મારા પરમસુહૃદ, રા. રા. જગજીવન કાલિદાસ પાઠકના ઉપકારનું હું અહીં સ્મરણ કર્યા સિવાય રહી શકતો નથી.

આ પુસ્તકના પ્રકાશક રા. રા. નારાયણજી ગો. ડોસાણીને સામાજિક પ્રશ્નો તરફ અભિરુચી હોઇ, તેમણે આવા પ્રકારનું કોઈ પુસ્તક પ્રગટ કરવાની પોતાની ઇચ્છા મને વ્યક્ત કરી હતી. મેં યથામતિ એ દિશામાં આ પ્રયત્ન કર્યો છે. જો તે વાંચકોના આદરને પાત્ર થશે તો તેના અનુસંધાનરૂપે 'વનિતાની વાતો' કે જેમાં ઘણાં સુંદર, આકર્ષક, હૃદયંગમ સંસારચિત્રો આપવામાં આવ્યાં છે, તે જલદી બહાર મૂકવાની વ્યવસ્થા થઈ શકશે.

ધીરજ.

અનુક્રમણિકા.

નંબર.	આત્મકથાઓ.	પૃષ્ઠ.
૧	શ્રાવિકાની આત્મકથા	૯
૨	અન્નપૂર્ણાની આત્મકથા.	૧૨
૩	યમુનાની આત્મકથા.	૧૭
૪	ઉષાની આત્મકથા.	૨૭
૫	વિમળાનીની આત્મકથા.	૭૪
૬	આશાની આત્મકથા.	૬૩
૭	શ્યામાની આત્મકથા.	૭૪
૮	ઈન્દિરાની આત્મકથા.	૮૧
૯	વિનોદિનીની આત્મકથા.	૨૦૩
૧૦	રૂપાળીની આત્મકથા.	૧૩૩
૧૧	એક કચ્છીબાઈની આત્મકથા.	૧૪૧
૧૨	સુશીલાની આત્મકથા.	૧૫૯
૧૩	કોકીલાની આત્મકથા.	૧૮૪
૧૪	મુક્તાગૌરીની આત્મકથા.	૨૧૭
૧૫	સુધાની આત્મકથા.	૨૮૦
૧૬	લલિતાની આત્મકથા.	૩૦૧

અબળાની આત્મકથાઓ.

૧ શ્રાવિકાની આત્મકથા.

વરસાદ રહી ગયો હતો; પણ આકાશમાંથી તિમિરવર્ષણ બંધ થયું નહોતું. કવચિત્ વિજળીના ચમકારાઓ અંધકારનો પ્રતિરોધ કરતા હતા, પણ પાછું તરતજ ગાઢ તિમિર છવાતું હતું. મારા બંગલાની આગળના બાગમાંનો બગીચો પણ પાણીથી રેલાયો હતો. થોડા વખતથી મેં તેમાં એક ચંપેલીમંડપ બનાવ્યો હતો. અત્યારે તેના કયારામાં પાણીનો વધારે જમાવ કરવા હું હાથમાં ફાનસ લઇ ઉઘાડે શરીરે બાગમાં ફરતો હતો. એકાએક બહાર સરિયામ રસ્તા ઉપર કોઇ અંધાર પછેડો ઓઢી આવતું હોય તેમ જણાયું. દરવાજા પાસે આવતાં તો મને આશ્ચર્ય થાય તેમ તે વ્યક્તિ એક સ્ત્રી તરીકે મારી સમક્ષ રજુ થઇ. તેણે કાળી સાડી ધારણ કરી હતી. હાથમાં એક ન્હાનું પોટલું હતું અને કુદરતની તે વખતની નૈસર્ગિક ભીષણતા તેને સ્પર્શ કરતી ન હોય તેમ તે નિર્ભય જણાતી હતી. થાકનાં સર્વ ચિહ્નો તેના વદન ઉપર સ્પષ્ટ જણાતાં હતાં; છતાં તે કોઇ દુરાગ્રહી અને ટેકીલી સ્ત્રી હોય એમ મેં અનુમાન કર્યું. જીજ્ઞાસા વધતાં નેત્ર સંકેતથી મેં તેને અંદર બોલાવી અને તે આવી પણ ખરી! મંડપની પાસે એક કોચ પડેલો હતો. તેના ઉપર સ્થાન લેતાં તેણે 'હાશ' નો ઉદ્ગાર કાઢયો એટલે મેં તેને કહ્યું—" આવા ગાઢ અંધકારમાં એકલાં નીકળવામાં તમે ભૂલ કરી છે બાઇ!"

" ભૂલ? હા ભૂલ તો એજ એક મોટી કરી છે કે જ્ઞાનપ્રદીપને હૃદયમંદિરમાં પ્રકટાવી શકી નથી અને તેને પરિણામે અજ્ઞાનના અંધકારથી છવાએલું હૃદય લઇ આ જગતમાં ફરવું પડે છે."

મને તે ઘણી દુઃખી સ્ત્રી જણાઇ. જીજ્ઞાસા વધવાથી મેં પૂછ્યું: "બાઇ! તમારાં સંદિગ્ધ વચનોથી મને કાંઇ સમજાતું નથી. તમે બહુ દુઃખી જણાઓ છો; પણ સંસારમાં સુખ–દુઃખ એ માત્ર મનનાં કારણ છે."

"હા. આજકાલના તમારા જેવા અંગ્રેજી ભણેલા જુવાનીઆઓ એમ બોલે છે; પણ પ્રસૂતાની વેદનાનો વંધ્યાને અનુભવ હોતો નથી. સુખ–દુઃખ મનનાં કારણો છે, પણ અનુભવમાં આવે છે, ત્યારે જ તેનું સ્વરૂપ યથાર્થ સમજાય છે. આ પૃથ્વીપરના અંધકાર કરતાં મારા આત્માનો અંધકાર મને વધારે ભય પમાડે છે. હું તેનાથી જ ડરૂં છું."

"પણ આ દુનિયામાં તમને એવું કયું દુઃખનું કારણ છે કે જે તમારી પાસે આવા ઉષ્ણ નિશ્વાસ કઢાવે છે?"

"તમને તે જાણવાથી શું લાભ છે? હજી તમારા વદન ઉપર બાલીશતા છવાએલી છે. કદાચ વિદ્યાર્થી જીવનની પૂર્ણાહુતિ પણ નહિ થઇ હોય! સંસારના દુઃખના પ્રસંગો તમે જાણ્યા નથી. જોયા નથી! અને મને ભય લાગે છે કે મારી દુઃખાત્મક આત્મકથાથી તમારા શાંત હૃદયમાં વિના કારણ મોટો ખળભળાટ થશે."

"આપણા સાંસારિક રીતરિવાજોની દુઃખાત્મક ઘટનાઓ કરતાં બીજા આ જગતના એવા કયા માઠા પ્રસંગો છે કે જે જાણવાથી મારા હૃદયમાં ખળભળાટ થવાની તમે વાત કરો છો? એ રૂઢીબંધનોનો તો આપણાં બાળકોને બાળપણથીજ પરિચય હોય છે. સંસારનું વેદનાત્મક શિક્ષણ લેવા માટે વયની કે કાળની બિલકુલ જરૂર પડતી નથી. કેટલાકને મોડું સમજાય છે; પણ અજ્ઞાત તો કોઈ ભા-

ગ્યેજ રહે છે. બાઇ! મારા હૃદયને કોમળ ગણી તેને આઘાત થવાની બ્હીક તમે રાખતાં હો તો તે તમારો ભ્રમ છે; કારણ કે આ સંસાર સુખ દુઃખના મિશ્રણુથીજ સંલગ્ન થયો છે, એ હું સારી રીતે જાણું છું. અનુભવ કોઇ ઓર ચીજ છે અને મને અત્યાર સુધીમાં જે અનુભવો થયા છે, તે ઉપરથી કહી શકું છું કે તમારી કર્મકથા મને એક રીતે લોક કલ્યાણની પ્રવૃત્તિમાં ઉતરવાનું નવીન બળ આપે તેવી હશે; છતાં એ સાંભળવાને હું લાયક ન હોઉં એમજ કલ્પના થતી હોય તો દુરાગ્રહ કરવો એ પણ અવિનય છે."

"ના, ના, એમ કાંઇ નથી, તમને પ્રથમ ના કહેવાનું કારણ તો મેં આગળ જણાવ્યું તે જ છે, પણ જ્યારે તે તમે સમજી ગયા છો ત્યારે મને કહેવામાં કાંઇ અડચણ નથી." બોલતાં બોલતાં તે રડી પડી.

આકાશમાંથી અંધકાર લુપ્ત થતો જતો હતો. કૃષ્ણપક્ષની ચતુર્દશીનો ચંદ્ર ઉદય પામ્યો હતો. નક્ષત્રો અને તારકગણો પાછાં પોતાની નૈસર્ગિક તેજસ્વિતા ધારણ કરવા લાગ્યાં હતાં અને રાત્રિ આગળ વધતી હોવાથી વિલાસમંદિરોના દિવાઓ ઝાંખા પડવા લાગ્યા હતા. મેં તે દુઃખી બાઇને બગીચાની ઠંડી હવામાંથી ઉઠી દિવાનખાનામાં આવવા કહ્યું અને તત્કાળ તે આવી પણ ખરી. ઘરમાં સૌ માણસો નિદ્રાધીન હતાં. એકલું ઘટિકાયંત્ર (ઘડિયાળ) ત્યાંની નિઃશબ્દતાનો પ્રતિરોધ કરતું જાગતું હતું. તે સ્ત્રીએ મારી ખુરશી સામે જ પડેલી એક ખુરશી ઉપર સ્થાન લીધું; એટલે મેં તેને આશ્વાસન આપ્યું. ત્યાર પછી મારા માયાળુપણાની અને તે વખતના કુદરતી સૃષ્ટિસૌન્દર્યની પ્રસ્તાવના રૂપે થોડી વાતો કરી તેણે પોતાની કર્મકથા શરુ કરી.

" મારો જન્મ આજથી અઠ્ઠાવીશ વર્ષ ઉપર ગુજરાતમાં **અહિંસા પરમો ધર્મઃ** એ સૂત્ર સાથે જોડાએલી વિખ્યાત જૈન કોમમાં થયો હતો. મારા પિતાની સ્થિતિ સાધારણ હતી. પણ કહે છે કે તેમણે મારા જન્મ વખતે આખા ગામને સાકર વહેંચી હતી. બીજી જ્ઞાતિઓમાં પુત્ર જન્મથી આનંદ ઉત્સવ થાય છે ત્યારે અમારી જૈન કોમમાં બહુધા કન્યાના જન્મથી હર્ષ થાય છે. આવા નારી મહત્તાના કે સ્ત્રી સમાનતાના ઉપલક દેખાવથી સ્ત્રી સુધારકો ઘણા ખુશી થશે, પણ મારે સ્પષ્ટ જણાવવું જોઈએ કે અમારી કોમમાં પુત્ર કરતાં પુત્રી પિતાના આર્થિક વ્યવહારને વધારે અનુકૂળ જણાય છે. પુત્રને પરણાવવા માટે હજારોનું ખર્ચ કરવું પડે છે, પણ પુત્રી તો હજારો રૂપિયા કમાવી આપે છે. જગતમાં પૈસો એજ મોટી ચીજ મનાય છે. માણસ તેને માટે અનેક કાળાં ધોળાં કામ કરે છે, શ્રમ વિના પ્રારબ્ધને ફેરવી નાંખવાની ચાવી એકદમ હાથમાં આવે એ કોને ન રૂચે ? મારા પિતા અત્યંત ખુશ થયા અને મારા જન્મથી જો કોઈને સૌથી પહેલો લાભ મળ્યો હોય તો તે મારી માતાને મળ્યો, કારણ કે મારે લીધે તેની સુવાવડ બહુ કાળજીપૂર્વક થઈ !! "

" હું જેમ જેમ મોટી થતી ગઈ તેમ તેમ મારા પિતાની મારામાં વધારે આશા બંધાતી ગઈ. બાળપણમાં મારૂં લાલનપાલન બીજી કોમની કન્યાઓ પેઠે ઉપેક્ષાદર્શક નહોતું એટલે પૌષ્ટિક ખોરાકથી અને યોગ્ય માવજતથી હું એકદમ ખીલવા લાગી. હું બહુ રૂપાળી હતી એ શબ્દો કદાચ આપને અભિમાનથી ઉચ્ચારાએલા જણાશે પણ મારૂ માગું કરવા જે જે અમારા વણિક મહાજનો આવતા તે દરેકને મોઢે મારા પિતા પ્રથમ મારા રૂપની અને

પછી મારા ગુણની લાંબી લાંબી વાતો કરતા. મને ખરિદવા ઇચ્છતા કેટલાક શેઠીઆઓએ તો મારા ફોટાઓ પણ પાડી લીધા હતા."

"ભાગ્યના ચમત્કાર બહુ વિલક્ષણ હોય છે એ મારી આ હૃદભેદક સત્ય ઘટનાના ઉલ્લેખથી યથાર્થ સમજાશે. હું પચ્ચીસ વર્ષની થઇ ત્યાં સુધી અવિવાહિતા જ રહી! બાળલગ્નને અટકાવનારા પ્રૌઢ વિવાહના હિમાયતીઓને આથી આનંદ થશે. પણ હું સત્ય જ કહીશ કે સુધારકો સુધારાનાં બણગાં ફૂંકી ભલે ફુલાય. કિન્તુ સમાજનું બરાબર અધ્યયન કર્યા સિવાય પશ્ચિમની પ્રજાનું અંધ અનુકરણ કરવું એ તો કોઇ પણ રીતે ઇષ્ટ નથી જ. ત્યાંની કન્યાઓ મોટી ઉમ્મર સુધી અવિવાહિતા રહી શકે છે. આપણા ગરમ પ્રદેશમાં તો વધારેમાં વધારે સોળ વર્ષની ઉમ્મર સુધી જ કન્યાઓને અવિવાહિતા રાખી શકાય. હું જેમ જેમ મોટી થતી ગઇ, તેમ તેમ મારા હૃદયમાં સંસાર-સુખની અભિલાષાઓ વધવા લાગી. મારી બ્હેનપણીઓને તેમને સાસરે જતી–આવતી જોઇ હું હીઝરાતી. તેમના પતિ સાથેની તેમની વિલાસમય વાતોથી હું મને પોતાને હતભાગિની માનતી. અજ્ઞાનતા તો એટલી બધી છવાએલી હતી કે જો મારા માતપિતાનો સખ્ત બંદોબસ્ત ન હોત તો હું કોણ જાણે કેવાયે દુષ્કૃત્યમાં પ્રવૃત થાત! મારી માતા મારા ઉપર બહુજ બારિક દેખરેખ રાખતી. સરખી વયની સખીઓ સાથે પણ એકાંત કરવા દેતી નહિ. જો કે 'મને એ અપ-રાધ' વિનાની જેલયાત્રાથી તે વેળા ઘણો સંતાપ લાગતો; પણ અત્યારે તેનો ફાયદો સમજી શકું છું."

વરસાદ પાછો ધીમો ધીમો શરૂ થયો હતો. પવનની શિતળ લહરીઓ દિવાનખાનામાં આવી અમારા સંતપ્ત હૃદયને ઠારવા

અથતી હતી. કાંઈક વિસામો લઈ તે બાઈએ પાછું આગળ ચલાવ્યું.

"ભાઈ! ઈશ્વરેચ્છા બલવાન છે. આખરે ગયે વર્ષે જ મારા કૌમારવ્રતનો અંત આવ્યો! સત્તાવીસ વર્ષે હું કન્યકા મટી પત્ની થઈ! મારા વિવાહમાં મારા પિતાએ ઘણું ખર્ચ કર્યું. આવક બહુ સારી (રૂપિયા ૨૭૦૦૦) થઈ હતી. એટલે મને પણ સારો કરિયાવર આપી સંતુષ્ટ કરી!!

"ગુલામોનો વ્યાપાર કરનારાઓ તરફ લોકો તિરસ્કારની નજરે જુએ છે; પણ અફસોસ છે કે આવા કન્યાવિક્રયના વ્યાપાર તરફ હજુ જોઈએ તેવી ઉપેક્ષા દર્શાવાતી નથી! અમારી જ્ઞાતિમાં તો મારા પિતાને ઘણી સાબાશી મળી! ફરી સંરક્ષક તરીકે તેમને એક માનપત્ર એનાયત કરી જ્ઞાતિના અગ્રેસરોના લીસ્ટમાં દાખલ કર્યા!

"હું સાસરે ગઈ. સંસારના પહેલે જ પગલે મને સમજાયું કે આ વિવાહિત જીંદગી કરતાં અખંડ કૌમારવ્રત પાળ્યું હોત તો હજાર દરજ્જે ઠીક હતું. મારા પતિ મારાથી બરાબર સવાત્રણ ગણી ઉમ્મરના હતા. તેમને મસ્તિષ્કમાં એક પણ કાળો વાળ નહોતો. શરીર એવું પ્રચંડ હતું કે બે માણસો ઉપાડે ત્યારેજ તેઓ એક ઠેકાણેથી બીજે ઠેકાણે ફરી શકતા. કમાવાની પ્રવૃત્તિ તેમણે બંધ કરી હતી. બધો કાર્યભાર તેમના સાત પુત્રોને માથે નાખી દીધો હતો. મારી સાથેનું તેમનું ચોથીવારનું પાણીગ્રહણ હતું!! પ્રથમની ત્રણ પત્નીઓથી તેમને સાત પુત્રો અને પાંચ કન્યાઓની હયાતી હતી. કોઈને અહીં શંકા થશે કે ત્યારે મને તેઓ શા માટે લાવ્યા? તો મારે

અહીં તે પણ જણાવવું જોઇએ કે બીજી કેટલીક ખરાબ કુરેવોની પેઠે વારંવાર પરણવાની પણ એક કુટેવ સમાજમાં ચાલી આવે છે. મારા પતિ માત્ર મને તેમની સેવા—સુશ્રુષાનો લાભ આપવા માટે જ લાવ્યા હતા. યુવાનીમાં તેમણે ઘણું નાણું એકઠું કર્યું હતું. મારી પાંચે પુત્રીઓને પરણાવવાથી તેમની મિલકતમાં લગભગ એક લાખ રૂપિયાનો વધારો થયો હતો! મારા સાત પુત્રો (શોકયોનાં છોકરાઓને પોતાનાં માનવાનો રિવાજ છે.) પૈકી છેલ્લા ચાર છોકરાઓ કુંવારા હતા. પોતે પરણવા કરતાં એ કુંવારા છોકરાઓનાં ઘર બાંધી આપ્યાં હોત તો ઠીક એમ કેટલાક ડાહ્યા માણસો મારા વૃદ્ધ સ્વામીનાથને આવી કહેતા તે હું ઘણીવાર સાંભળતી અને મને પણ એજ વિચાર ઠીક લાગતો."

કહેતાં કહેતાં તે સ્ત્રી વધારે ઉદાસ બની ગઇ. આંખમાંથી આંસુની ધારા વહી નીચે પડવા લાગી. મેં કહ્યું–"બ્હેન! ઋણાનુબંધ કોણ મિથ્યા કરે?"

ઉશ્કેરાએલા અવાજે તે બોલી–"શું ઋણાનુબંધ? હું એવું ઋણાનુબંધ માનતી નથી. હાથમાં દીવો લઇ કુવામાં ઉતરનાર મૂર્ખ જ ગણાય. કેવળ ભાગ્યને જ માનનારા આપણા સમાજની આટલી અવનતિ થયા છતાં તમારા જેવા કેળવાએલા માણસો કયાં સુધી પુરૂષાર્થને માન નહિ આપે? ટુંકા પરિચયથી મારા અવિવેકી બોલની માફી આપશો. પણ મને તો આપણા લોકોની મૂર્ખતા ઉપર જ તિરસ્કાર છુટે છે. અને મારી વિતક વાતમાં હજુ હું જે ભયંકર બનાવ રજુ કરીશ તેથી તો તમને વધારે આશ્ચર્ય ઉત્પન્ન થશે!



"કહેતાં કહેતાં તે સ્ત્રી વધારે ઉદાસ બની ગઈ. આંખમાંથી આંસુની ધારા વહી નીચે પડવા લાગી"

Krishna Press, Bombay 2. (અબળાની આત્મકથાઓ પાનું ૮.)

"હું મોટી ઉમ્મરે પરણી હતી એટલે મારે પિયર જવાનું-આવવું વળવાનું હતું નહિ. મને જે આપવાનું હતું તે મારા પિતાએ પ્રથમ જ આપી દીધું હતું. મારા એ નૂતન ગૃહમાં માણસોની સારી ભરતી હતી. મારી શોકયની પુત્રીઓ પૈકી ચાર પુત્રીઓ મારા જેવું સંસાર સુખ ભોગવી પરણ્યા પછી થોડી મુદતે જ વૈધવ્ય ધારણ કરી તેમના પિતાને ઘેર આવી રહી હતી. ન્હાની એક પુત્રીનું ઘર નિર્ધન હોવાથી તેના છોકરાં અમારે ઘેર રહેતાં. વ્યાપારની ધમાલ વધારે હોવાથી છોકરાઓને પણ બહારગામ જવાની જરૂર ન્હોતી. સાતે જણાઓ અમારી ભેગા જ રહેતા. મોટા ત્રણ પરણેલા હોવાથી તેમની વહુઓ અને છોકરાઓ મળી આશરે પચીસેક માણસ ઘરમાં હતું. આવા અવિભક્ત કુટુંબમાં વસતાં હું આનંદ માનું તે પહેલાં તો મારે તેને ધિક્કારવાનો એક પ્રસંગ ઉદ્ભવ્યો. વિભક્ત કુટુંબથી કુટુંબવત્સલતા કમી થાય છે. એ ખરૂં, પણ અવિભક્ત કુટુંબમાં રહેતાં જો નીતિ-મર્યાદા કમી થતી હોય તો બહેતર છે કે તેના કરતાં દરેક જણે જુદું જુદું રહેવું સારૂં.

"ચાર પાંચ દિવસના પરિચયે મને સમજાયું કે મારા વૃદ્ધ સ્વામીનાથની ચરણસેવાનો લાભ ત્રણે વહુઓ વારાફરતી લેતી. પ્રથમ તો એ કુળવતીઓની એવી શ્વસુરભક્તિ જોઇ હું ખુશી થઇ. પણ એક દિવસ મારા વૃદ્ધ સ્વામી તેમની ન્હાની પુત્રવધુ સાથે સંવનન કરતા હોય એમ મેં જોયું. વધારે તપાસ કરતાં મને માલમ પડયું કે ત્રણેય વહુઓ ઘરમાં આવી ત્યારથી જ તેમની સાથે તેમના સસરાજીનો આડો વ્યવહાર હતો! શેઠજીના પુત્રો પણ એવાજ રંડીબાજ ને પુત્રીઓ પણ એવીજ કલંકિત હતી!! કહેતાં ઘણી શર્મ થાય છે, પણ એક દિવસ મારી શોકયના એક ચીરંજીવીએ આવી

મારી પાસે પણ દુષ્ટ વાસનાની માગણી કરી અને હું તેનો તિરસ્કાર કરતી હતી; તેવામાં તેની એક બ્હેને આવી મને તે દુષ્ટની અધમવૃત્તિને અનુકૂળ થવાની સલાહ આપી!! કેવું પાતકી અને કલંકિત કુટુંબ?!!

"થોડા દિવસમાં તો હું તે માણસોથી છેક કંટાળી ગઈ. મારે અહીં સ્પષ્ટ જણાવવું જોઇએ કે હું ભૂત-પ્રેતને માનતી નથી, પણ તે સંકટમાંથી છૂટવા સારૂ મારી શોકયો મને નડે છે; એવું બહાનું કાઢી મારા પિતાને ઘેર આવતી રહી. અને ત્યાં આવ્યા પછી કાંઇક શાંતિ થઈ. મારા પિતાના ગામમાં કેટલાક અનિષ્ટ રિવાજો સિવાય બીજી ધર્મ પ્રવૃતિ સારી હતી. ઉપાશ્રયમાં થોડા વખતથી એક સાધ્વી આર્યા આવીને રહ્યાં હતાં. તેમના સમાગમમાં હું મારૂં સંસારદુઃખ ભૂલી અને સત્સંગતિથી મારો મનોનિગ્રહ વધારે દૃઢ થયો. મારે સાસરેથી મને તેડાવવાના અનેક કાગળો આવતા; પણ હું એકની બે ન જ થઇ. થોડા વખત પછી મારા પિતાના ગામમાં ભયંકર કોલેરા ફાટી નીકળ્યો અને મારાં દુર્ભાગ્યે મારાં વત્સલ માતા-પિતા તેનો ભોગ થઇ પડયાં! હું મહિયેરમાં આધાર વિનાની થઇ ગઈ!! મારા પિતાના દ્રવ્યની વ્યવસ્થા કરવા જુદા જુદા લોકોએ જુદાં જુદાં કાર્યક્ષેત્રો બતાવ્યાં. અને તેમાંના એકનો નિશ્ચય કરી હું જ્યાં તિજોરીનું તાળું ઉઘાડું છું, ત્યાં તો મને આશ્ચર્ય સાથે સાડાચાર રૂપિયા જ હાથ લાગ્યા. ચોપડા તપાસતાં માલમ પડ્યું કે નાણું વધારવાના લોભે મારા પિતાએ સટ્ટાનો ધંધો શરૂ કર્યો હતો અને તેમાં બધી મિલ્કત સ્વાહા થઇ ગઇ હતી! જે રસ્તે નાણું આવ્યું હતું તેવાજ રસ્તે ચાલ્યું ગયું હતું! દીકરીના દમડા લઇને કોઇ શ્રીમંત થતો હોત તો દુનિયામાં ઘણા માણસો તાલેવંત થાત; પણ અધર્મવૃત્તિથી ઉપાર્જિત

કેટલું દ્રવ્ય તારા પામ્યા વિના રહેતુંજ નથી!!

"હું મારા એક દુઃખમાં મરી રહી હતી ત્યાં બીજું દુઃખ પગે ચાલીને આવ્યું. સંકટ આવે છે ત્યારે એક સાથે જ આવે છે એ ઉક્તિ સર્વથા અસત્યતો નથી જ. મને તેનો સાક્ષાત્ અનુભવ થયો છે. મારા પિતાના મૃત્યુને ચોથે દિવસે જ મને તાર મળ્યો કે "ઘેર શેઠ છેક છેલ્લી ઘડીએ છે માટે એકદમ આવો." હું તો તે તાર વાંચી હતાશ જ બની ગઇ. ગમે તેમ પણ મારા સ્વામી એ મારા પ્રભુ. હું તેમને ઇશ્વરસમ લેખું એમાં શું આશ્ચર્ય? સૌભાગ્યવતીઓનો પરમ ધર્મ છે કે પતિ ગમે તેવો-લૂલો, લંગડો, બ્હેરો, મુંગો, પાપી, પાતકી હોય; પણ તેનામાં પરમેશ્વરની ભાવના રાખી ભક્તિ-સેવા કરવી. સતીનો પતિસેવાથી જ ઉદ્ધાર છે. આર્ય મહિલાઓના એક એ પતિવ્રત્ય ધર્મથી જ આર્યાવર્તને આજ સર્વ દેશો કરતાં વધારે માન મળે છે. હું તાબડતોબ ભુખી-તરસી મારે ઘેર ગઇ. મારા સ્વામીનો જીવન પ્રદીપ નિર્વાણ પામવાને થોડીજવાર હતી. મને જોઇ તેમની આંખમાં આંસુ આવ્યાં. ગદ્‌ગદ્ કંઠે તૂટક શબ્દોમાં તેમણે કહ્યું—"હું તને દુઃખી કરી જાઉં છું." બસ! આટલા જ શબ્દો તેઓ બોલી શક્યા. મારૂં હૈયું પણ ભરાઈ આવ્યું અને હું પ્રત્યુત્તર આપું તે પહેલાં તો તેમણે પોતાનાં નેત્રો સદાને માટે બંધ કર્યાં!

"મારા પતિના અવસાનથી મારા ઉપર દુઃખનો ડુંગર ઢળી પડયો. એ ગમે તેવા હતા-વૃદ્ધ હતા; પણ એથી મારૂં સૌભાગ્ય ઉજળું હતું! આજ હું વિરૂપા છું. ગૃહપત્ની હોવા છતાં ઘરમાં મારો લેશ પણ અધિકાર નથી. મારી શોકયના પુત્રોએ મને હલકા પગલાની ગણી બહાર કાઢી મૂકી છે. સમાજમાં પણ હું ઉપેક્ષા પામું છું. કોઇ મારા શુકન લેતું નથી કે સવારમાં ઉઠી મારૂં મુખ જોતું

નથી. મંગળકાર્યોમાં હું અમંગળ મનાઉં છું અને ભાઇ, ટુંકામાં એટલુંજ કહું છું કે આપણી આર્ય વિધવાઓની કિંમત જે હાલ હિન્દુ સંસારમાં અંકાય છે તેના પ્રભાવે જ અત્યારે હું આ કાળી રાત લઇ મારા ઘરમાંથી નીકળી છું. મારા ઉપર થનાર અત્યાચારની મને કાંઇક જાણ થતાં આ રીતે નીકળી આવવું જ ઠીક લાગ્યું છે. હવે મારે કયાં જવું ને શું કરવું તે આપ સુઝાડો. હું હૃદયશૂન્ય બની ગઇ છું. આ જીંદગી મને અકારી લાગે છે." એક લાંબો નિશ્વાસ નાંખી તેણે પોતાની વાર્તા પૂર્ણ કરી. મને તે દુઃખી સ્ત્રીની બહુ દયા આવી અને હાલ તરતને માટે તો અમારા ગામની શ્રાવિકાશાળામાં તેનો બીજા દિવસથી બંદોબસ્ત કર્યો.

૨ અન્નપૂર્ણાની આત્મકથા.

"મારૂં નામ અન્નપૂર્ણા રાખવા છતાં મારા પિતાના ઘરનું દારિદ્ર દૂર થયું નહોતું. આખા વિશ્વની ગરીબાઇએ આવીને તેમના ઘરમાં વાસો કર્યો હતો. તેઓ હંમેશ ચિંતાતુર રહ્યા કરતા હતા. તેમનું શરીર ધીમે ધીમે ખવાતું જતું હતું. મને એ દિવસો હજીએ યાદ છે. એક બિહામણા સાયંકાળે મારા પિતાના પ્રાણ પરલોકે ચાલ્યા ગયા. હું બહાર રમવા ગઇ હતી. ઘેર આવી ત્યારે મારી માતાને મેં રડતી જોઇ; એટલે હું પણ રડી પડી. એક ભલા પાડોશીએ અમને આશ્વાસન આપ્યું અને બીજા દિવસથી અમારા ઘરનું બહારનું કામકાજ તેજ માણસ કરવા લાગ્યો.

હું ગરીબ ઘરમાં ઉછરી હતી એટલે મારૂં શરીર બાળપણથી જ અશક્ત અને દુર્બળ હતું. મારા પિતાના મરણ પછી મારી માતાને

મને જીર્ણજ્વર લાગુ પડયો હતો. તે હંમેશ મારા મોઢા સામે જોઈ રડયા કરતી અને મારી અન્નપૂર્ણાનું શું થશે?' એમ કહી ઠુઠવો મૂકતી.

અગીઆરમે વર્ષે મારું લગ્ન થયું. મારા પતિ મારાથી એક વર્ષે મોટા હતા. શરૂઆતમાં તો સાસુ મને કાંઇ કામ કરવા દેતાં નહિ; પણ પછી ધીમે ધીમે બધું કામ કરવાનું મારે માથે આવ્યું. આખા ઘરનું વૈતરું હું એકલી કરતી; છતાં તેનો યશ કાંઇ નહિ. સહજ બાબતમાં સાસુ ધમકાવતાં. હરઘડીએ નણંદનાં મ્હેણાં તો સાંભળવાનાં હોય જ. જો જરા કામમાં વિલંબ થતો તો મારા બાપના બાપને ગાળો મળતી અને મારા મહિયેરની ગરીબાઇ ઉપર બબ્બે કલાક ટીકા ચાલતી. મારા સસરા શ્રીમંત હતા. પણ મને તો ખાવા-પીવામાં ગરીબના ઘર કરતાંયે કડવો અનુભવ થતો. સૌની પાછળ મને ખાવાનું મળતું અને તે પણ ટાઢું-શીળું જ. કોઇવાર શાક હોય તો દાળ ન હોય અને દાળ હોય તો ભાત ન હોય! મેં મારા પિતાને ઘેર આવું તો કદી જોયું નહોતું; તેથી મને ઘણુંજ દુ:ખ થવા લાગ્યું. હું બહુ કંટાળતી, રડતી, ભૂખી રહેતી; પણ કોને વાત કરું? મારા પતિ અંગ્રેજી ચોથા ધોરણમાં હતા. આખો દિવસ નિશાળમાં રહેતા અને રાત્રે થાકીને ઘેર આવતા; છતાં મોડી રાત સુધી લેસન કરવાનું હોયજ. હું ઘરકામથી પરવારી તેમની પાસે જતી ત્યારે તેઓ થાકેલે મગજે ઉંઘતા જણાતા. એમને જગાડીને હું શું વાત કરું? અને વાત કરવાથી વળે પણ શું? માની આગળ એમનું કાંઇ ચાલતું નહોતું! એક દિવસ રવિવારની રજા હતી. તેઓ ઘેર હતા. હું મેડી ઉપર કાંઇક જણસ લેવા જ ગઇ હતી; પણ તેમાંયે મારે માથે પસ્તાળ પડી. નીચે આવ્યા પછી મને 'વંઠેલી' તથા 'શરમ વિનાની' કહી ગાળો ભાંડી. મેં વિનયથી મારા વાંકનો ઇન્કાર કર્યો તો મને

પાછળથી પીઠ ઉપર સાસુજીએ મેથીપાક ચખાડયો. આ આખા દિ-
વસની પજવણીથી હું બહુ ત્રાસી ગઇ હતી; એટલે મારાથી તે રાત્રે
વાત કર્યા વિના રહેવાયું નહિ. મેં રડતાં રડતાં સઘળી હકીકત કીધી;
પણ તેઓ તો તેમને ઉલટો મારી ઉપર ગુસ્સો આવ્યો. પોતાની
મા-બ્હેનનો પક્ષ લઇ મને ખૂબ ગાળો આપી અને બે ચાર તમાચા
પણ ચોડી દીધા. મે તે દિવસથી તેમને કાંઇ પણ નહિ કહેવાનું
પણ લીધું.

હું બાળપણમાં થોડું ભણી હતી એટલે નવરાશના વખતમાં
બહુ મુંઝાતી ત્યારે 'સતીમંડળ' 'ઉદ્ધવગીતા' જેવાં પુસ્તકો લઇ
વાંચવા બેસતી; પણ તરત મારે નણંદના મ્હેણાથી એ ચોપડીઓ
દૂર મૂકી દેવી પડતી. મારી સાસુ તથા નણંદ અભણ હતાં; એટલે
તેમની નજરે મારી બ્હેનપણીઓને ત્યાંથી સારાં સ્ત્રીઓને ઉપયોગી
પુસ્તકો લાવી વાંચવાં એ પણ એક અપરાધ ગણાતો. મને અત્યારે
પણ એ દિવસો યાદ આવતાં કંપારી છૂટે છે! આખરે મને સારો
દહાડો દેખાયો. બિચારી મારી બા એથી ખુશી થઇ. સાસુજી તો
ઉલટાં વધારે ઈર્ષ્યા કરવા લાગ્યાં; કારણ કે મારી નણંદ મારાથી મોટાં
હોવા છતાં તેમને એવો અવસર હજુ આવ્યો નહોતો. હું મનમાં
બહુ મુંઝાવા લાગી. આ દુઃખ કાંઇ ઓછું નહોતું; છતાં આ
વધારે દુઃખ શા માટે આવ્યું? એવો મને હરઘડીએ વિચાર આવતો.
મારા પતિ પણ એ નવા પિડાથી ચિંતાતુર દેખાવા લાગ્યા. તેમના
વિદ્યાર્થી જીવનની પૂર્ણતા થઇ નહોતી અને એટલામાં તો સંતાનના
પિતા થવાનો તેમને પ્રસંગ આવ્યો; એટલે તેઓ પણ બહાર શરમાવા
માંડયા. હમણાં આવું ન થયું હોત તો સારૂં એમ અમને બન્નેને
વિચાર આવતો; પણ કુદરતના કાનુનને કોણ અટકાવી શકે? મને
અભાવા માલુમ પડવા લાગ્યા. ખાવાનું કાંઇ ભાવે નહિ અને ઘર-

નાનો જૂલ્મ તો ચાલુ હોય જ. એટલું સદ્ભાગ્ય હતું કે હમણાં થોડા વખતથી મારા વર મારી દયા ખાવા લાગ્યા હતા. તેઓ બિચારા કોઇ કોઇ વખત પોતાના ખિસ્સા ખર્ચમાંથી મને ચવેણું લાવી આપતા હતા અને તેનાથી હું મારૂં ભુખનું દુઃખ દૂર કરતી હતી. આખરે સીમંત સમય આવ્યો અને નાત રીત પ્રમાણે સઘળી ક્રિયા થઇ. સૌ જમ્યાં, રમ્યાં અને આનંદ પામ્યાં; પણ મારી હૃદયવેદના દૂર થઈ નહિ. અધૂરામાં પૂરૂં મારા સ્વામી પરીક્ષામાં નાપાસ થયા. તેમને ખાંસાનો રોગ લાગુ પડયો અને એક પખવાડીયામા બધું પુરૂં થઇ ગયું. મારૂં ભાગ્ય ફૂટયું અને ચૌદમે વર્ષે હું વિધવા થઇ. મને સાતમો મહિનો જતો હતો. શરીર કૃશ હોવાથી હરવાફરવાની મુદ્દલ શકિત નહોતી, છતાં લોકવિધિ કરવા મારે બહાર પડવું પડયું. મને રડતાં કૂટતાં આવડતું નહોતું; તેથી બીજી સ્ત્રીઓ મારી હાંસી કરતી હતી; પણ મારે માથે તે એક ભારીમાં ભારી સંકટ હતું. મારા સંસારસુખનું સત્યાનાશ વળી જવાથી મને જેટલું દુઃખ હતું તેટલું બીજા કોઇને પણ નહોતું; છતાં મારી અણઆવડતથી હું નિંદાનું પાત્ર થઇ પડી. મારા સ્વામીને મેં જ મારી નાંખ્યા હોય તેમ મારી સાસુ અને નણંદ મારા તરફ તિરસ્કારની નજરે જોવા લાગ્યાં. ચુડીકર્મ વખતે હું બેભાન થઈ ગઇ હતી એટલે મને એ સમયની હકીકત યાદ નથી; પણ દશમે દિવસે વાળ ઉતરાવવાની ક્રિયા વખતે જે જૂલ્મ મારી ઉપર થયો હતો તે હજુએ મને જેવો ને તેવો યાદ છે. મારા સ્વામીના જવાથી મારૂં જીવન ખારૂં થઇ ગયું હતું; પણ હું એવી અમાનુષી રૂઢીનો ભોગ થવા ઇચ્છતી નહોતી. આખરે મને બે સ્ત્રીઓએ પકડી રાખી અને હું જે નહોતી ઇચ્છતી તે સંસ્કાર મારે માથે થયા. સૌ બૈરાંઓએ મને કૂટવા ઉભી કરી; પણ અંગેઅંગમાં ફાટ થવાથી નીચે બેસી ગઇ. મારી માતાએ મને ત્યાંથી ઘરમાં ચાલ્યા જવાની

સલાહ આપી; પણ એટલામાં તો મારી સાસુએ મારે માથે પસ્તાળ પાડી. મારી માતાને અને મારા મુવેલા બાપને ખૂબ ભાંડી નાંખ્યા. અને એટલાથી પૂરૂં ન થયું હોય તેમ મને પણ ગાળો દેવામાં બાકી રાખી નહિ. વળી ઘરમાં જઈને બેચાર તમાચા માર્યા તેતો જુદા જ.

એકાએક રાત્રે મારા પેટમાં દુખાવો ઉપડયો અને પુરા છત્રીસ કલાક સુધી એ પિડ રહ્યા પછી મારા છુટાછેડા થયા. જન્મનાર બાળક છોકરો હતો; પણ તેનું અર્ધું અંગ કાળું ખવાઈ ગએલું હતું. મારા અભાગીનીના નસીબમાં એ સંતાનનું સુખ પણ નહોતું! ચૌદ વર્ષની કૃષ શરીરવાળી દુઃખિનીનું બાળક લાંબી આવરદા વાળું ક્યાંથી હોય? મને એ સુવાવડ કહો કે કસુવાવડ કહો—જે કહો તે પણ તેમાંથી ભયંકર મંદવાડ ઉત્પન્ન થયો અને ત્યારથી આ શરીરમાં કોઈ એવો રોગ પેઠો છે કે હવે હું આ સંસારમાં વધારે જીવી શકીશ નહિ એમ મને લાગે છે. હું મરી જાઉં તેનું મને જરાયે દુઃખ નથી. મારા જેવી જન્મની દુખિયારીને હવે જીવવામાં લાભ પણ શું છે? છતાં મને માત્ર એકજ ચિંતા થાય છે અને તે એ કે આપણી સમાજના આવા દુષ્ટ રિવાજોથી મારા જેવી કેટલીયે આર્યબાળાઓનાં જીવનમાં ઝેર રેડાતું હશે? કેટલીયે કુસુમકલિકાઓ અણવિકસી છૂંદાઈ જતી હશે? જો હું જીવીશ તો આ સમાજના સડા ઉપર મારા પોતાના દાખલાથી સર્વત્ર ઉપદેશ આપીશ. નહિતો મરતાં મરતાં એ પ્રભુને વિનવતી જઈશ કે તે હિન્દુ નારીઓના નસીબમાંથી રોવાનું દૂર કરે! મારી આર્ય બ્હેનોને કરગરીને કહું છું કે તેઓ મારી પેઠે પોતાના જીવનનો હેવાલ લખે અને તેમના દુર્ભાગ્યની કહાણીઓ વિના સંકોચે આલેખે!

૩ યમુનાની આત્મકથા.

૧

મલયાપુરીની બજારો આજે ઉભરાઈ રહી છે અને બાળકો ઠામ ઠામ એકત્ર થતાં જાય છે. જેમ જેમ દિવસ ચઢતો જાય છે, તેમ તેમ માણસોની ભારે ઠઠ જામતી જાય છે. અગીઆરના ટકોરા થતાં તો બજારમાં મેદનીનો પાર રહ્યો નથી. કોઇ કોઇને કાંઇ પૂછતું નથી; પરંતુ બધા આજ પોતાના મનનું કુતુહલ નિવારવા અત્રે આવેલા છે. અરધો કલાક માણસો ઠેલઠેલા થઇ રહ્યા છે એવામાં એક મલિન વસ્ત્રધારિણી ૧૬ વર્ષની નવોઢા યુવતી મંદમંદ ગતિએ બજારમાં ચાલી આવે છે, યુવતીના મુખ ઉપર એક જાતના વિચારોની છાંયા છવાએલી છે. મુખ ઉપર સાડીનો અરધો ઘુમટો ખેંચેલો છે. આભામંડળના આછા વાદળાંઓમાં છુપાએલો શરદનો ચંદ્ર ડોકીયાં કરી રહે છે. એવી જ રીતે લલનાનો વિશાળ મુખચંદ્ર ઘુમટમાં ડોકીયાં કરી રહ્યો છે. જે હાથ સુવર્ણ કંકણથી શોભવો જોઇએ. એ હાથ આજ લોઢાની બેડી શોભાવી રહ્યો છે! જે પગમાં નુપુરની ઘુઘરીઓનો મધુરો અવાજ દીપી નીકળવો જોઇએ. એજ પગમાંની લોઢાની સાંકળનો કર્કશ અવાજ સહુનું ધ્યાન ખેંચી રહે છે. મદભરી હાથણીની ચાલથી ગુન્હેગારના વેશમાં સજ્જ થએલી સુંદરી કોર્ટની સન્મુખે ચાલી આવે છે. આબાલ વૃદ્ધ આ બાઇનું શું થશે એ જોવા મલયાપુરીની બજારોમાં એકત્ર થયેલા છે. બંધુકો ઉપર નગ્ન સંગીનો લજવતા સીપાઇઓની દરકાર કર્યા વિના અબળા આગળ

વધે છે. સન્મુખે જ મુનસફની કચેરી આવેલી છે. ન્યાયાસન ઉપર ન્યાયમૂર્તિ ક્યારનાએ આવી ગયા છે. કોર્ટની સન્મુખે અનેક મનુષ્યો વાદી પ્રતિવાદીઓ—ટીડનાં ટોળાં માફક એકઠાં થઇ ગયાં છે. કોઇ પોતાનો મુકદમો જીતવા જુદા જુદા દેવોની આરાધના કરી રહ્યા છે. કોઇ પોતાના સાક્ષીઓના મન મનાવવા અનેક લાચારીઓ દર્શાવી રહ્યા છે. કેટલાક વકીલો પોતાના અસીલના ખીસ્સામાંથી પૈસા કઢાવવા જુદા જુદા ખુણામાં ઘુસઘુસ કરી રહ્યા છે. મુનસફનો સિપાઇ અરજદાર હાજર છે એ—એ—છે." એવી બાંગ પોકારી રહ્યો છે. એવામાં બજાર વટાવી બાળા કોર્ટની સન્મુખે આવી પહોંચે છે.

૨

ન્યાયમૂર્તિ થોડા વખતમાં અનેક મુકદમા તપાસી લઇ આજનો આ અગત્યનો કેસ તપાસવા તૈયાર થઇ ગયા છે. બાઇનો સામો પક્ષ મુદ્દો સાબીત કરવા તલપાપડ થઇ રહ્યો છે. પોતાના જબરજસ્ત હરીફને જીતવા જેટલી તજવીજ કરવામાં આવે છે એથી પણ અધિક તત્પરતા ધરાવી પ્રતિપક્ષીએ પોતાનો કેસ કોર્ટ સન્મુખ રજુ કર્યો છે. જેમ જેમ જુબાનીઓ પડતી જાય છે એમ પ્રેક્ષકના અચંબાનો પાર રહેતો નથી, કોઈ કોઇ માણસો તો બાઇને એકદમ ધિક્કારે છે. કોઇ ભાવિક હિંદુઓ તો હડહડતા કળિયુગનો પ્રતાપ જોઈ કોર્ટના ઓટલા ચાટે છે. કોઇ કોઇ માણસો અબળાને જે ન્યાય અપાશે તે તરફ દયા દાખવી આંખમાં આસુડાં ઉભરાવે છે. સહુ પ્રેક્ષક વડા જડજની પદવી પોતાના મનમાં ભોગવી રહ્યા છે; એવામાં એક દિવ્ય સ્વર આવ્યો. 'અબળા—બચાવ કરવા તૈયાર છે ?' સહુ માણસો અનિમિષ નયને અબળા તરફ જોઇ રહ્યા. 'આ સવાલનો જવાબ

હેવા અબળાના પક્ષમાં પ્રભુ સિવાય કોઈ નથી, આબરૂદાર માબાપોની દીકરી કોર્ટે આવે કે મરી સમજી ઘરમાં ભરાય એવો હિન્દુઓનો સનાતન રિવાજ છે. શ્વસુર પક્ષનો જ્યાં કેશ ચલાવતો હોય ત્યાં સોળ વર્ષની સુંદરીના પક્ષમાં આવવા કોણ સમર્થ છે? કેટલાક વખત સુધી અબળાએ આંસુડા સારી પોતાની છાતી ખાલી કરી. ધુળ ખોતરતી અબળા ધીમે ધીમે મુનસફ સામે જોવા લાગી. અને પોતાના મુખના તાળાં ઉઘાડતી અબળા બોખરે અવાજે બોલવા લાગી.

૩

"મહેરબાન સાહેબ! આજ મારા દુઃખનો આરો નથી. હું કોણ અને ક્યાં આવી એનો વિચાર કરતાં ધરતી માગ આપતી નથી, એટલું ઓછું છે. મારૂં નામ યમુના છે. સોરઠ જેવી પવિત્ર ભૂમિમાં અને તેમાં પણ લુવાણા જેવી ઉંચી કોમમાં મારો જન્મ. મારા બાપ ગામના શેઠ. પાંચમાં પુછાય. પાણા એટલા દેવ કર્યા ત્યારે મારા બાપે મારૂં મોઢું જોયું. બેનની પાછળ ભાઈ આવે. અઢી વરસે હું ભાઇને લાવી. મારા માબાપના સુખની ઇંદ્રને પણ અદેખાઇ આવી. પાંચ વરસે માયાના બંધને હું બંધાઇ. પેટમાંથી પરણતાં 'કણબીના કોડ' મારી માએ પણ પૂર્યા. મારી સગાઇ થઇ. ગામમાં ગોળ ધાણા વેંચ્યા, સવા કોરી શ્રીજીની અપાઇ. ગામથી પાંચ ગાઉ દૂર મારા સાસરાનું ગામ છે. બધું નામ દેતાં મારી જીભ કપાતી નથી. પણ આ મારો નગટો સાસરો તે વખતે આવી નગટાઇ કરતા નહોતા, એની આબરૂએ મારા બાપને લોભાવ્યા અને એને ઘેર મારી ખાડ ખોદાઈ. દેશમાં દુકાળ પડયો. પરદેશમાં લડાઇ જાગી. રંકના રાય અને રાયના ભિખારી થવાનો વારો આવ્યો. બાર વરસની થઇ અને હું સાસરે

આવી, મારી પહેલાંજ ભુખની બારશ મારા સાસરાને ઘેર આવેલી એની મને ખબર નહોતી. ઘેર આવી પણ પાલી જુવારનો કામનાર—મારી આંખોનું હીર ઘેર નહિ. પાડોશણે ખબર દીધા. "વહુ દીકરા મારો દીકરો પાંચ પઈસા કમાઇ કાલ સવારે ઘેર આવશે." આ બોલે મારા ઉપર વિજળી પાડી. સાસરાનું ઘર મને સ્મશાન જેવું જ લાગ્યું. અનેક અબળાઓ આમ સાસરવાસો ગાળે છે, બીજે વરસે ગામમાં કોલેરા આવ્યો. મારી સાસુ મારી માનો જ અવતાર! સ્વર્ગે સિધાવ્યાં! મારા સાસરાનું આમ અધવચ ઘર ભાંગ્યું. મારા દુઃખનો આરો જ નહિ. ઘરમાં હું અને મારો સાસરો બેજ જણ રહ્યાં. ગામના માણસોએ દીલાસો દીધો. પાંચ દિવસ અમારા દુઃખમાં સહુએ ભાગ લીધો. પછી તો મારા સાસરાનું ભાણું સાચવવાનું પણ મારે માથે આવી પડ્યું, દિવસો જવા લાગ્યા. સસરાની ચપચપ વાતો મારે કાને આવવા લાગીઃ બટકબોલી બાઇડીઓ "વહુ તારો સસરો સારૂં માણસ નથી. ચાલ સુધારે તો ઠીક." એમ કહેવા લાગી. આ બધું સાસરાને કહેવા મારી જીભ તલપાપડ થઇ રહી. એક દિવસ પીરસતાં પીરસતાં હામ બીડી સાસરાને મેં બે વેણ કહી દીધાં. પણ વહુ જ્યાં સુધી લાજમાં હતાં ત્યાં સુધી જ ભાભોજી ભારમાં રહ્યા. એ તો મીઠી મીઠી વાતો કરી મારા મનનું સમાધાન કરવા લાગ્યા. અમે અબળાની જાત પુરૂષના ચરિત્ર ક્યાંથી પારખીએ ? છેવટે અમારે ડોકરે પોતાનું પોત પ્રગટ કર્યું. દીકરાની વહુ ઉપર કુડી નજર કરનારનું આ ભવમાં તો સારૂં ક્યાંથી જ થાય ? પણ મારે હવે કેમ કરવું ? જેમ જેમ દિવસો જતા ગયા એમ એમ ભાભાની ડાગળી ચસકવા લાગી. મારે બાપે જાણે એને જ પરણાવી હોય એવી એની દાનત હું લાજમાંથી ઝીણી નજરે જોવા લાગી ! આજ સુધી એક ખુણામાં

રડતી વહુ માટે ભાતભાતની સાડીઓ આવવા લાગી. ભાતભાતના ઘરેણાં ઘડાવ્યાં. પરદેશ રખડતા પતિની પાછળ રડવડતી વાદળી જેવી વહુને માટે જાતજાતની ચીજો આવવા લાગી. આ વખતે અમ અબળાની કઇ સ્થિતિ એનો આપ નામદાર વિચાર કરો! અમે અબળા છીએ પણ અમારૂં પતિવ્રત જાળવવા અમને ભગવાને પૂરતું બળ આપ્યું છે. જીવતા રાક્ષસ જેવા સાસરાના હાથમાંથી છુટવા અનેક ઉપાયો હું શોધવા લાગી. મારા દખની વાત મારે કોની આગળ કરવી. હિન્દુ નારીને મોઢે સો મણનું તાળુ છે. એ તાળું ખોલવાની કુંચી પાલી જુવારનો કામનારો, અમારો પૃથ્વી ઉપરનો પ્રભુ અમારો પતિરાજ છે. મેં મારી લાજનું રક્ષણ કરવા અનેક રાતના ઉજાગરા કીધા. ઘરમાં કોઇનો ઓળો દેખતી તો મારા સાસરાને સન્મુખે આવતા ધારી લેતી. પવનથી મારો પાલવ ફરકતો તો પાછળથી મારો સાળુ ખેંચ્યો એમ ધારી હું થરથર ધ્રુજતી. કામકાજથી પરવારી હું મારી સેજમાં સુતી તો સાસરાને સન્મુખ જોઇ, ઝબકીને જાગી ઉઠતી. દિવસ તો જેમ તેમ જતો પણ રાત તો મારે વરસ જેવડી થતી. સુતા સુતા મારા ધણીનો જાપ જપતી પાણા એટલા દેવ ગણિ મારા પતિને મારો સંદેશો પહોંચાડવા વિનતી કરતી. પરદેશમાં પેટ ભરવા ગયેલા પતિને સંદેશો પહોંચાડવા એકે રસ્તો અમારી પાસે નથી. બે આંકડા ભણેલી અબળા બે લીંટી જો લખી નાખે તો તેના ઉપર બ્રહ્માંડ જ તુટી પડે છે. મારા નસીબમાં તો આ સુખ પણ નહોતું. મારા ધણીનો પાંચ વરસ થયાં મને તો પતો જ નથી. કોઇ કહે છે કે મુંબઇ છે. કોઇ કહે છે કે જંગબાર ગયા છે, કોઇ કહે છે, કે કાળે પાણીએ કાઢેલો છે. કોઈ અભાગણી

જીભ તો આડું તેડું પણ બોલે છે. આવી ભરસાગરમાં મારા ભાગ્યની હોડી છે. એને તારણહારો પ્રભુ પણ નમેરો છે!"

૪

આટલું બોલતાં અબળાની છાતી ભરાઇ આવી. આંખમાંથી દડદડ આંસુડા ટપકવા લાગ્યા. ધર્મ સિંહાસન ઉપર બિરાજેલા મુનસફ સાહેબની છાતી પણ ધડકવા લાગી. આસપાસનાં માણસો ત્રાહે ત્રાહે પોકારવા લાગ્યા. એક ભાટ બોલી ઉઠયો! અહાહા "વાડ થઇને ચીભડાં ગળે" એવાંમાં અબળા આગળ બોલવા લાગી. મુનસફ સાહેબની કલમ કાગળ ચીતરવા લાગી.

"અમે અબળાની જાત દુ:ખના ડુંગર આવી પડે ત્યારે ખોબો આંસુડાં ખેરી લઇએ. તોપણ એટલું યાદ રાખજો કે દુઃખના ડુંગર તો અમે અબળા જ ઉતરીએ. રાવણ જેવા જબરજસ્ત રાક્ષસના પંજામાંથી બચી જવા સીતાજીએ જે બળ વાપર્યું, દુર્યોધન જેવા કપટી કુમારના હાથમાંથી બચી જવા દ્રૌપદીએ જે બળ વાપર્યું, એ બળ ત્રણ લોકના પુરૂષો એકઠા થાઓ તોપણ ન આવી શકે હો! હું પણ એજ દેશની દીકરી છું. મેં મારૂં શીયળ સાચવવા મારાથી બનતું કર્યું. કોરટ મને ગમે તેવો ન્યાય આપશે તેની મને પરવા નથી; પણ મેં મારી આબરૂ જાળવવા મારાથી બનતું કર્યું છે. અનેક દિવસો આમ ગાળ્યા પછી મેં મારા દુઃખની વાત આ મારી પાડોશણને કહી. ગોળનું ગાડું હાથ આવ્યું એમ જાણી મારી પાડોશણ મોં ઢાવકું રાખી મારી વાત સાંભળવા લાગી. મારે દુઃખે દુઃખી દેખાવા લાગી. મારા સાસરાને સાતસાત શેરની ચોપડી મારો વિશ્વાસ મેળવવા લાગી. આ પછી જ્યારે જ્યારે વખત મળતો ત્યારે પાડોશણ મારી પાસે આવવા લાગી અને ગોળ કરતાં પણ ગળી જીભે મારી

સાથે વાત કરવા લાગી. દુઃખમાં ધીરજ આપતી મારી પાડોશણનો હું શાક પાંદડું મરી મસાલો વગેરે આપી બદલો પણ વાળતી."

"પણ બાઈ! આ રામશંકર પોલીસ પટેલને પણ તેં કેમ બેડી પહેરાવી?"

"ભાઈ સાહેબ! રામશંકરે બેડી પહેરી એમાં પણ મારો વાંક? સાંભળો સાહેબ! સસરાના પંજામાંથી છટકવા હું અનેક ઉપાયો શોધતી હતી. એવામાં મારી પાડોશણે, કાળા મોંની ધણીઆણીએ એ રડયાનું મને નામ દીધું. "આપણે સ્ત્રી જાત મીઠાનું હાંડલું કહેવાઇએ" એવી મેં શંકા કરી. પણ પાડોશણે મને ધુતકારી કાઢી. વળી સસરાના પંજામાંથી છુટવા પોલીસ પટેલની તો પહેલી જરૂર છે એવું તે સમજાવવા લાગી. ખરેખર પાંચ રૂપીઆના તમારા પોલીસ પટેલના હાથમાં ગામની લાજ સોંપાએલી છે. રાતનો સોપો પડે એટલે શેરીમાં કુતરૂં પણ ન ફરી શકે, ત્યાં ત્રણ હાથની તરવારડી બાંધી દાઢી ખજવાળતા પોલીસ પટેલ રખડી શકે. ગામની ચોકી કરવાનો ડોળ કરી ધમધોકાર ચોરીઓ કરાવી શકે, અનેક અબળાની લાજ લુંટી શકે, છતાં જરૂર પડયે દુખીયાંને મદદ દેવાને તૈયાર પણ થાય! મારી પાડોશણે રામશંકરભાઇને મારી વાત કયારે કરી એ હું જાણતી નથી. પણ એ દિવસથી કાંઇનું કાંઇ બાનું કરી રામશંકરભાઇ મારી શેરીમાં આવવા લાગ્યા. વખત વિચારી પોતાની બડાઇ મારવા લાગ્યા. મને મદદ કરવા ખરા જીગરથી દીલાસો દાખવવા લાગ્યા. પાડોશણ ઉપર પોતે કરેલા અનેક ઉપકારો મને સંભળાવવા લાગ્યા. મને દુઃખમાં ધીરજ ધરી દિલાસો દેવા લાગ્યા. મારા સસરાને પાંચ ગાળો ભાંડી નાક કાપી નગટો કરી મૂકવાના કઠોર શબ્દો પણ તેઓ કાઢવા લાગ્યા. રામશંકરનાં વેણ મારા મનમાં અનેક વિચારો આણતાં. પણ એતો

ગામના પોલીસ પટેલ અને હું તો એક ઘરના ખુણામાં ભરાઇ રહેતી અબળા ! જેમ જેમ વખત જવા લાગ્યો એમ રામશંકર પોલીસ પટેલ મને આભનો ચાંદો હથેળીમાં દેખાડવા લાગ્યા. મારા ધણીના બનાવટી કાગળો પણ બતાવવા લાગ્યા. છાને ખુણે એ કાગળો વાંચી સંભળાવવા લાગ્યા એનો જવાબ લખી નાખવાનું પરોપકારી કામ કરી નાખવાનું પણ તેઓ હર વખત કહેવા લાગ્યા. અહીંથી મને ખસેડી ત્યાં લઇ જવાના અનેક રસ્તાઓ તેઓ મને બતાવવા લાગ્યા.. આ કામમાં કેટલી અડચણો આવે છે એ પણ કહી સંભળાવતા હતા. કાયદાની બારીકી ઉપર ડગલે ડગલે મારૂં ધ્યાન ખેંચવા લાગ્યા. આટલી બધી અડચણો હોવા છતાં પોતે અમલદારીના જોરે મને નિર્વિઘ્ને અહીંથી લઇ જવાની હામ બતાવવા લાગ્યા. "પ્રભુ તમારૂં ભલું કરશે" એમ મારાથી હર વખત કહી દેવાતું હતું. આનો બદલો વાળવા મારી પાસે કાંઇ સાધન નહોતાં. જે સાધનથી અબળા પુરૂષોને થનથન નચાવે છે તેનું તો મારે રક્ષણ કરવાનું હતું. છેવટે રામશંકરના ટુંકા પગાર ઉપર મને દયા આવી; અને મુંબઈ જેટલે દૂર જવા આવવાના ખરચ સામું જોતાં આ ઘરેણાનો મેં મારી રાજીખુશીથી ભોગ આપ્યો છે, એ માટે રામશંકરને બેડી પહેરાવો, તો ભલે પણ ન્યાયની રીતે એ તો મેં રાજીખુશીથી આપેલો બદલો છે. વળી એ ઘરેણા એ મારા કરીઆવરની દોલત છે. આવા અટાકટીને પ્રસંગે પોતાનો બચાવ કરવા આર્યનારીઓ એ દોલતનો ઉપયોગ કરી શકે છે."

દાંત કચાવતા મુનસફ સાહેબ વચમાં બોલી ઉઠયા, "બાળા! આમ બચાવ કરવાથી એ હરામખોર નહિ બચી શકે. આ રહ્યા, એ

કાળમુખાના હાથના કાળાક્ષર, આ પત્ર વ્યવહાર તારી અને એની વચ્ચેનો છે. એ ચીઠ્ઠીપત્રીઓ લખવામાં તેં પણ બાકી રાખી નથી. તમે સ્ત્રી જાતને બચાવ કરતાં બહુ આવડે છે. તારો સાસરો ખરેખર રાક્ષસ છે; પણ તું તેથી ઉતરે તેવી નથી."

ભલે નામદાર! તમે ન્યાયને આસને બિરાજ્યા છો. મને ન્યાય મળો કે અન્યાય તેની મને દરકાર નથી. જે અબળા ઉપર આવો જુલમ ગુજારાતો હોય ત્યાં એ અબળાને જેલ મહેલ સમાન જ છે. રામશંકરના પાપમાં પણ મારો ભાગ! નામદાર! આજ કાલના પુરૂષો સ્ત્રીઓ પ્રત્યે પરગજુ હોવાનો દાવો કરવા નીકળી પડે છે; અને પછી વખત આવ્યે પોતાનું પોત ખુલ્લું કરે છે. સાધુની પૂછડી ગણાતા પુરૂષો પણ પોતાની પાપ વાસના પુરી કરવા અબળાને પોતાના ફાંદામાં ફસાવે છે. ઉપકારના બોજા તળે દબાતી અબળા પાસેથી આ માગણીનો પુરૂષો જ સ્વીકાર કરાવે છે. આ વાસનાએ અનેક અબળાના પ્રાણના બલિદાન લીધેલા છે. અનેક અબળાઓએ વાવ કુવાનાં તળીઆં પુરેલાં છે. હમણાં જ રાણાવાવમાં એક જીગરના ટુકડા કરી નાખનારો કરૂણ બનાવ બન્યો છે. એવાતો અનેક બને છે. અનેક અબળાઓએ વિષના પ્યાલા પીધેલા છે. એજ વાસના રામશંકરના મનમાં વસી. મને મારા પ્યારા પતિની પાસે લઇ જવાનું નોતરૂં આપ્યા પછી અને તે સુખ ભોગવવા હું ટમટમી રહી હતી, ત્યારે એ મુઆએ મારા હાથની માગણી કરી. વિચારો નામદાર! આપ સમજુ છો, જેના હાથમાં પોતાનું હોડલું સોંપ્યું હોય, અને ભરદરિયે એજ નાવિક આવો નિવડે, તેમાં અમારો શો અપરાધ! ચીઠ્ઠીમાં મારા શબ્દો છે, પણ એ મારા અંતરના ઉદ્દગાર

નથી. કોરટે આ બધું ખરૂં ગણી મારા પગમાં ભલે બેડી પહેરાવી પણ નામદાર ! હું નિર્દોષ છું. મારો હાથ એકનેજ અર્પાયો છે. હયે-વાળો દઇને પરણતી બાળાઓના હૃદયમાં છેલ્લો શ્વાસ ચાલતો હશે ત્યાં સુધી તે પરની થશે નહિ. પણ નામદાર ! અમ અબળાને આવી દશામાં લાવનારા સમાજને શિક્ષા થવાને બદલે અમ અબળાના પગમાં બેડી ? જે કર કંકણુ ધરવા સરજાયો છે એ કરમાં લોખંડી બેડી હોઇ શકે ખરી ?

મેદની છક થઇ ગઇ. મુનસફ સાહેબ પણ ફેંસલો આપતા પહેલાં દિંગ થઇ ગયા. અબળાની અપીલ પુરી થઇ. અસંખ્ય આંખો મુન-સફનું મુખ નિહાળવા લાગી. હજારો કાન ન્યાયાસન તરફ ખેંચાઇ રહ્યા. " બાળા તારી અપીલ સાંભળી છે. તારો સસરો અમારો સ-દાનો મેમાન છે. તેમનું પાપી પેટ જન્મ સુધી જેલખાનું ભરશે. તારો પતિ પરદેશથી પાછો ફરી તારૂં પેટ ભરવાની કોર્ટને ખાત્રી ન આપે ત્યાં સુધી સરકાર તારાં માબાપ છે. તારા જેવી અનેક બાળાઓને બચાવવાનો બોજો તારા શિરે મૂકવામાં આવે છે. હિંદુ સમાજના ખરચે તને અને તારા જેવી બીજી બાળાઓને સુશિક્ષણુ આપવાનો બંદોબસ્ત થશે. બાળલગ્ન, જેવા દુષ્ટ રિવાજોને નાબુદ કરવા ઠામ ઠામ ઉપદેશિકાઓ પુરી પાડવામાં આવશે. જા બાળા ! તું સુખેથી જા. આવી દેશોદ્ધારક સંસ્થામાં જઇ તારૂં જીવન સાર્થક કર. અનેક અબળાઓને છોડવી આ સંસારને સ્વર્ગ જેવું બનાવ. "

૪–ઉષાની આત્મકથા.

ડૉ સ્પીટલના સી. વોર્ડમાં આજે રાતની મારે ડયુટી હતી. હું સ્ટીથોસ્કોપ, થર્મોમિટર વગેરે લઇ બરાબર આઠ વાગે મારા કામ ઉપર હાજર થયો. નં. ૪ ના કોટ ઉપર આજે એક નવી દર્દી બાઇ સૂતેલી હતી. તેની ઉમ્મર લગભગ પચ્ચીસેક વર્ષની હતી; છતાં દુઃખ અને દર્દને લીધે તે આધેડ જણાતી હતી. તેના ગાલ બેસી ગયા હતાં. કપાળમાં કરચલીઓ પડી હતી. આંખો નિસ્તેજ હોઈ ઉંડી ઉતરી ગઇ હતી. અને વદન ઉપર ફીકાશ માલમ પડતી હતી. શરીરના રોગ કરતાં મનનો રોગ તેને વધારે સતાવતો હોય એમ સહજ અનુમાન થતું હતું. હું ત્યાં ગયો તે વખતે એ ખાટલામાં પડી પડી કાંઇક બબડતી હતી. મને એ સાંભળવાનું સાધારણ રીતે કુતુહલ થયું. દીવાના ઝાંખા પ્રકાશમાં હું એક તરફ છૂપાઇને ઉભો રહી સાંભળવા લાગ્યો.

"હે પ્રભુ ! તેં મને આ ગુજરાતમાં સ્ત્રીનો જન્મ આપ્યો તે કરતાં ગમે તેવા ઘોર નરકમાં નાંખી હોત તોપણ બહેતર હતું! હું તને વિનતિ કરૂં છું કે ફરીને આ દેશમાં અને આ સમાજમાં મને નારીનો જન્મ આપીશ નહી. ગુજરાતનો પુરુષવર્ગ ભલે સ્વતંત્રતાથી ગમે ત્યાં ગમે તેમ મહાલ્યા કરે; પણ ગુજરાતની આ કોમળ જાતિની પરતંત્રદશા જોતાં આ દેશનો ઉદ્ધાર વિક્રમની બાવીસમી સદી પહેલાં થાય એમ મને લાગતું નથી. મારા જેવી અનેક દુઃખી અબળાઓની આ દેશને હાય લાગે છે. રૂઢીના રાક્ષસ બંધન તળે કચરાતી–રીબાતી અનેક રમણીઓના જીવનમાં જ્યાં સુધી ઝેર રેડાતું રહેશે ત્યાં સુધી ભારતનો

ઉદ્ધાર અશક્ય છે ! અહીંના પુરુષોનું પુરુષત્વ એવું એકલપેટું થઇ ગયું છે કે અબળાઓના અનેક આર્તનાદો સાંભળવા છતાં તેઓ નિરાંતે ઘોરી શકે છે. તેમનાં હૃદયો ખરેખર પત્થરનાં બની ગયાં છે. ઘેર ઘેર પિડાતી સ્ત્રીઓનાં કરૂણ રૂદનો સાંભળીને અને અસહ્ય દુઃખો જોઇને દિવ્ય ધૈર્યવાળા દેવો પણ રડી પડે; છતાં અહીંના પુરુષવર્ગની આંખો ઉઘડતી નથી! સમાજમાં ન્યાયનું ત્રાજવું એકલા પુરુષોનાજ હાથમાં છે ! સ્ત્રીઓની હિમ્મત તેમને તલભાર લાગતી નથી ! મારા જેવી અભાગિની અબળાઓ શોકયોના સંતાપથી છાને ખૂણે જે આંસુ વહાવી રહી છે તે શું ગુજરાતનાં વજ્ર જેવાં હૃદયોને કોમળ નહિજ બનાવે ? કલાપીની કોમળ લાગણીવાળું ગુજરાત શું હજુ પણ કઠીનતા ધરી રહેશે ?"

મરણના મોઢામાં પડેલી એક દુઃખી સ્ત્રીની જીભે કલાપીનું નામ ઉચ્ચારાતું જોઇ મારી જીજ્ઞાસા સહજ વધી પડી હું બે ડગલાં આગળ વધ્યો. તે સ્ત્રી દીવાના પ્રકાશમાં મારો ઓળો જોઇ બોલતી અટકી ગઇ. મને મારી ભૂલ સમજાઇ; હું તેની પાસે જઇ કાંઇક કહું તે પહેલાં તો તેણેજ ઉસ્કેરાએલા અવાજે મને બોલાવ્યો—"કોણ એ અંધારામાં છૂપાઇ રહ્યું છે? એક હતભાગિનીના હૈયાની વરાળ ત્યાં દૂર રહ્યાં રહ્યાં બરાબર નહિ જાઇ શકાય ! જે હોય તે અહીં આગળ આવો. હું મારૂં બળતું હૃદય આજ ખાલી કરી હંમેશને માટે આ ભૂમીમાંથી ચાલી જવાની છું. મૃત્યુના ભણકારા મને થઇ રહ્યા છે, દેવના દૂતો આ દુઃખમાંથી છોડાવવા મારી ઉપર દયા વરસાવી રહ્યા છે. શું તમે આ અભાગિની ઉપર છેલ્લી એટલી થોડી દયા પણ નહિ કરો ? શું મારી ભાગ્યદેવીની ભયંકરતા જાણવા જેટલી તમે ફુરસદ નહિ મેળવી શકો ? આવો, આવો, કૃપા કરી તમે મારી આગળ આવો અને મારી આ વીતકવાર્તા સાંભળવાની તસ્દી લો."

તે સ્ત્રીનો કંઠ રૂંધાવા લાગ્યો. એની બીમારી એટલી બધી ભયભરેલી હતી કે વધારે વખત આમ ઉશ્કેરાએલી દશામાં રહેતાં સહસા વિપરીત પરિણામ આવી જવાનો સંભવ હતો. હું તરત તેની પાસે ગયો અને મેં તેને શાંત રહેવા સૂચના કરી; પણ તેતો મને જોઇને ઉલ્ટી વધારે ઉશ્કેરાઇ જઇ કહેવા લાગી —"ડાક્ટર સાહેબ! આ દવાખાનામાં મરતાં મનુષ્યો જોવાની ટેવને લીધે તમારામાંથી દયાનો અંશ ચાલ્યો ગયો જણાય છે. શું તમને મારી જરા પણ લાગણી થતી નથી? શું મારે અભાગણીને હૈયાનો ડૂમો હૈયામાંજ લઇને મરી જવું? આ ગુજરાતમાં સ્ત્રીનો જન્મ લેવાથી શું હું એટલી બધી ગુન્હેગાર થઇ છું કે મારાથી કોઇને મારા દિલનું દર્દ પણ ન કહી શકાય? હાય, પ્રભુ! તું મને હવે ફરી આ દેશમાં સ્ત્રીના ખોળીએ જન્મ ન આપીશ. આ પુરુષ જાતિ છેક નિર્દય થઇ ગઇ છે. તેનું હૃદય પત્થર જેવું કઠીન બની ગયું છે!"

તે બાઇના શરીરની નબળાઇ જોઇ એ આ પ્રમાણે લાંબો વખત બોલે એ મને ઠીક ન લાગ્યું; પણ તેના દુરાગ્રહ અને દયામણા ચહેરા આગળ મારૂં કાંઇ ચાલ્યું નહિ. વળી મને પણ એક જીવનનું રહસ્ય જાણવાની કાંઇક જીજ્ઞાસા થઈ હતી; એટલે હું તેના બિછાના આગળ પડેલી એક ખુરસી ઉપર બેઠો. તે કમનસીબ કામિનીએ પોતાની કહાણી શરૂ કરી. શરૂઆતમાં તેના કહેવા પ્રમાણે કરવાથી તેણે મારો ઉપકાર માન્યો અને પછી આગળ ચલાવ્યું;—

"ડાક્ટર સાહેબ! સાંભળો. મારૂં નામ ઉષા છે; પણ મારૂં કિસ્મત શ્યામ રાત્રિ જેવું બિહામણું છે. હું કાઠિયાવાડના લાઠી રાજ્યમાં જન્મી છું. રસિયા રાજકવિ કલાપિને જન્મ આપીને પણ એ ભૂમિ

કોમળ નથી થઈ શકી એ તમે મારી આ કથામાં પ્રત્યક્ષ જોશો, એટલે તે સંબંધી અત્યારે વધારે કાંઇ નથી કહેતી. મારાં માતપીતા છેક ગરીબ હતાં. તેમના પરિવારમાં હું એકની એક હોવાથી મારામાંજ તેઓ સર્વ કાંઈ માનતાં. મને ખુશી કરી મારા કોડ પૂરવાને તેઓ પોતાના તરફનો સઘળો બનતો પ્રયત્ન કરતાં. બ્હેન બ્હેન કહી બોલાવતાં તેમની જીભ સૂકાતી. મારી માતા તો આખો દિવસ મારા મોઢા સામે જોયાજ કરતી. મને તે ઘડીવાર વેગળી મૂકતી નહિ. હું જે માગું તે તરત હાજર થતું. ન્હાનપણમાં હું બહુ લાડવાઈ હતી. બાપાજી મને અદ્ધર ને અદ્ધર રાખતા. હજીયે મને એ સઘળું યાદ છે. હું સાત વર્ષની થઇ ત્યારે મારા ગામની નિશાળે જવા લાગી. અમારા ગામમાં છોકરા ને છોડીઓ ભેગાં ભણતાં. માસ્તર મારી નાતનો એટલે ઔદિચ્ય બ્રાહ્મણ હતો. સવારમાં તે ગામમાં ભિક્ષાવૃત્તિ કરી આવતો અને બપોરે નિશાળ ભણાવતો. વરસમાં એકવાર સાહેબ આવતા અને સૌ છોકરાંને પાસ કરી ચાલ્યા જતા. ધીમે ધીમે હું આગળ ભણવા લાગી અને બીજી છોડીઓ કરતાં વધારે હોંશિયાર ગણાઇ છીંટ, મોળીયા, ઓઢણીઓ વગેરે ઇનામો મેળવવા લાગી. નવ વર્ષે ભાવનગરના એક ગૃહસ્થના પુત્ર સાથે મારૂં વેવીશાળ કરવામાં આવ્યું એટલે પછી મને મારી બા નિશાળે મોકલવા કરતાં ઘરનું કામ શીખવવા તરફ વધારે ધ્યાન આપવા લાગી. વળી છોડીની જાતને બહુ ભણીને પણ શું કરવું હતું ? અને તેમાં પણ હું તો મારાં માવતરને ખોટની હતી એટલે રમત રમતમાં ત્રણેક ચોપડી જેટલું ભણી એટલુંજ બસ ! અગીઆરમે વર્ષે મારૂં લગ્ન થયું અને ત્યારથીજ મારા દુર્ભાગ્યનું પાનું ખુલવા લાગ્યું. અત્યાર સુધીમાં તો હું સુખમાં હતી; પણ હવેજ મારા કર્મની કઠિનતાનો આરંભ થયો. મારા સ્વામી ત્યાંની

મોટી નિશાળમાં અંગ્રેજી ભણતા હતા. તેમના બાપને તેઓ એકના એક ચિરંજીવી હોવાથી ખૂબ લાડકવાયા હતા. પાંચ દીકરાઓ પછી એ એક દીકરાનું મોઢું દેખવાને લીધે તેમનાં માનપાન ઘરમાં સૌથી અધિક હતાં. હું પરણી તેને બીજે વર્ષે મારા પિતાના ગામમાં પ્લેગ ચાલ્યો અને મારાં માતપિતા એ જીવલેણ રોગનાં ભોગ થઈ પડયાં. થયું. મારે પિયર જવાનું હંમેશને માટે બંધ થઇ ગયું. સાસરામાં શરૂઆતમાં તો મને કાંઈ દુઃખ નહોતું; પણ પછીથી મારે માથે છપ્પન પાટા પડવા લાગ્યા ! બાર વર્ષની કુમળી વયે આવડતું એટલું સઘળું ઘરનું કામ હું એકલી કરતી. જો કાંઇ બગડતું કે ન આવડતું તો સાસુ–નણંદના શબ્દો સાંભળવા પડતા અને વધારામાં સ્વામીનાથ સોટી ચલાવતા તેતો જુદીજ. બગડેલું કામ સુધારવાને બદલે કે ધીમેથી શીખવાડવાને બદલે ગાળોના વરસાદ વરસાવે અને વખતે હાથ ઉથલો પણ કરી લે એ સાસુ ઉપર પૂજ્યભાવ કયાં સુધી ટકે ? પતિ અંગ્રેજી ભણતા હતા; પણ એમનામાં ઉંડી અક્કલ નહોતી. લોકો તો દીવા તળે અંધારૂં થયું છે એમ પણ કહેતા હતા. એકેય દિવસ એવો નથી ગયો કે રાત્રે તેમના હાથનો મેં મહાપ્રસાદ ન ચાખ્યો હોય ! શ્રીમંતના પુત્ર એટલે હલકાં નોકર ચાકરના હાથમાં ઉછરેલા, તેથી તેમનામાં ઘણા દુર્ગુણોએ પ્રવેશ કર્યો હતો. ગામમાં તેમને હલકા સ્વભાવના માણસો સાથે મિત્રાચારી હતી. સારૂં વાંચવા–લખવાનો શોખ નહિ, તેમજ ઘરમાંથી પણ સારા સંસ્કાર પાડવામાં આવેલા નહિ એટલે આચરણમાં ઘણી ખરાબ આદતો દાખલ થઈ ગઇ હતી. મેં કદી પણ તેમના મોઢામાંથી પ્રેમનો મીઠો શબ્દ સાંભળ્યો નથી. મારા સસરાજીમાં પણ ધાર્મિક સંસ્કારો બહુ ઓછા હતા. બ્રાહ્મણને ખોળીયે અવતાર આવેલો હોવા છતાં તેમણે કદી સંધ્યા–ગાયત્રી કરી હોય

એમ મને સાંભળતું નથી. નવા જમાનાના તેઓ ઉપાસક હતા અને આપણાં ધર્મશાસ્ત્રોને તેઓ હંબગ ગણતા હતા. મારી સાસુ કાંઇક ઠરેલ પ્રકૃતિનાં હતાં; પણ મારી નણંદો આછકલી અને અર્ધદગ્ધ હતી. આર્યસ્ત્રીઓના કુળ રિવાજ કે ધર્મનું તેમને જરાયે ભાન નહોતું. ઉંચી એડીના બુટ અને લાંબી બાંયનાં પોલકાં પહેરી મડમો બની જવા માગતી હોય તેમ તેમના આચરણ ઉપરથી સમજાતું હતું. તે સઘળી બ્હેનોને ભાવનગરમાં જ આપી હતી. એટલે પોતાને ઘેરથી તેઓ બાર વાગે જમીને બાપને ઘેર આવતી ને બપોરે ત્યાં બૈરાંક પાર્લામેન્ટ સ્થપાતી. આખા શહેરની કુથલી તેમાં નીકળતી અને જોડે જોડે મારૂં પણ મહાભારત વંચાતું. મારી સાસુ તેમને મોઢે મારા અવગુણ અને અણુ આવડત વધારી વધારીને લાંબી લાંબી વાતો કરતાં.

એક દિવસ રવિવાર હતો. મારા પતિ રજા હોવાને લીધે ઘેર હતા. મને એ અરસામાં આઠ દશ દિવસથી તાવ આવતો હતો. હું અગાસીના મેડી ઉપર સૂઈ રહી હતી. મારા પતિ કાંઇક વસ્તુ લેવા ઉપર આવ્યા એટલે મને બાળી મૂકવાના ઇરાદાથી નીચે મારી નણંદ મોટા ઘાંટા પાડીને બોલવા લાગ્યાં—"અહાહા! શું હેત ઉભરાઇ જાય છે તે. જોયો બાયલોજ છે ને! બાઇસાહેબ મોટાં બિમાર પડી ગયાં છે તે મૂર્ખનો સરદાર માથું દાબવા ને પગચંપી કરવા ગયો છે! અહાહા! શું કલિયુગ આવ્યો છે ને! છે કોઈનો જરાય લાજશરમ! રાંડ કામણગારીએ શુંયે જાદુ કર્યું છે કે મારા ભાઇને તો આંધળો ભીંત બનાવી દીધો છે!"

"ડાક્ટર સાહેબ! નણંદીના એ મ્હેણામાં સત્યતાનો કેટલો અંશ હતો તે મારા સિવાય કોણ જાણી શકે? મારા બળતા હૃદય ઉપર એ વાક્પ્રહારે મીઠાના ચાબુકનું કામ કર્યું. તેમના ભાઈ મારા ઉપર

વહાલ રાખતા હોત અને તેમણે એવાં વચનો કહ્યાં હોત તો મને ખોટું ન લાગત; પણ સાવ જુઠેજુઠું કહેવાથી મને કેટલું દુઃખ થયું હશે તેનો આપજ વિચાર કરી લ્યો. એ તો જેવા ઉપર આવ્યા હતા તેવાજ નીચે ઉતરી ગયા; પણ મને પાછળથી ખૂબ ઓછું આવ્યું અને હું બે કલાક ચોધાર આંસુએ રડતી રહી. જે સ્ત્રીઓ મારી પેઠે ધણીનાં માન નહિ હોય અને સાસુ–નણંદના જુલમ સહન કરવા પડતા હશે, તેઓ મારા એ વખતના દુઃખની કાંઈક કલ્પના કરી શકશે. મારે એ વખતે કોઈનો પણ દિલાસો નહનો. જો કોઈ દિવસ બહુ અકળાઈ હોઉં અને હૃદયનો વેગ ન રોકી શકાતાં મારા પતિ પાસે બે શબ્દ કહેવાઈ જાય તો મારા ભોગજ મળ્યા સમજવા. પોતાની મા–બ્હેનને માટે ફરિયાદ કરનાર તું કોણ? એમ કહી મને ખૂબ ગાળો ભાંડે, માર મારે અને આખી બૈરાંની જાતને વગોવી નાંખે. મારા દુઃખનો જો એટલેથીજ અંત આવ્યો હોત તો સારૂં હતું; પણ મારૂં નસીબ મારા એટલા દુઃખથી રાજી નહોતું. તેને તો હજુ મારા માથે આફતનું ઝાડ ઉગાડવું હતું. એકાએક એ વખતે મારી સૌથી નાની નણંદ વિધવા થયાં અને મોટી નણંદના ઘરમાં આગ લાગી સઘળું બળી ગયું. આ બન્ને દૈવકોપનું નિમિત્ત મારે માથે આવ્યું. હું કુલટા પગલાંની મનાવા લાગી. અંતુગમાં પુરૂં એ નાપાસ થયા એટલે તો બળતામાં ઘી હોમાયું. મારી સાસુએ મારે માથે લાખ વાનાં કર્યાં. આજની છોકરીઓ તો નસીબદાર છે. અગીઆર બાર વર્ષની કાચી ઉમ્મરમાંથી તેમને સાસરે જવું પડતું નથી કે છોકરીયા ધણી સાથે સંસાર વ્યવહાર માંડવા પડતો નથી. મારાથી એ પાંચ વર્ષે મોટા હતા; પણ વ્યવહારની તેમને કાંઇ ખબર નહોતી. મારી ઉપર જૂલમ

કરવો અને તેને હરધડી સતાવી તેના ઉપર રૉફ બેસાડવો; એટલુંજ શિક્ષણ તેમને મળ્યું હતુ. ઘરની સ્થિતિ સારી હતી અને પોતે એકના એક હતા એટલે ગજવા ખર્ચ માટે તેમને પુષ્કળ પૈસા મળતા હતા. આ પૈસાનો ઉપયોગ તેમના નઠારા દોસ્તોની સલાહથી આડે રસ્તે થતો હતો. ચાહ, પાન અને બીડીનું તેમને જબરૂં વ્યસન હતું. અને હમણાં હમણાં તો તેમને હમેશ નાટકો જોવાનો હરામચસ્કો લાગ્યો હતો. રોજ રોજના મધરાતના ઉજાગરાથી અને ચા, સોડા, કોલ્ડ્રીંગ વગેરે ખરાબ ખાનપાનથી તેમની તબિયતમાં બગાડો થવા લાગ્યો હતો; પણ તેમના પિતા તેમને કાંઇ કહી શક્તા નહોતા. ગામની ખરાબ સ્ત્રીઓને ત્યાં જવા આવવાની કુટેવને લીધે તેમને એક શરમ ભરેલો રોગ પણ થયો હતો, એ અહીં મારે સ્પષ્ટ જણાવી દેવું જોઇએ. ઉગતી જવાનીમાંથી તેમણે એવી અવળી જીંદગી શરૂ કરી હતી કે જેનું વર્ણન કરતાં અત્યારે પણ મારૂં હૈયું ભરાઇ આવે છે. દંપતી ધર્મના લ્હાવા ને લહેજતનું તેમને જરાએ ભાન નહોતું. ઘર ઘરના રોટલા ઉધરાવનારી કુતરીઆ જીંદગી તેમને પ્રિય થઇ પડી હતી. તેમના આ કુછંદનું અનિષ્ટ પરિણામ મારે સહન કરવાનું હતું; પણ હું કોઇને મોઢે તે કહી શક્તી નહોતી કે કોઇની સલાહ લઇ શક્તી નહોતી.

આ અરસામાં એક બીજી વાત બની. અમારા પાડોશમાં ચંપા વહુ છ મહિનાથીજ પરણી હતી. હમણા તે દીવાળીનું આણું આવી હતી. તેની ઉમ્મર તો અગીઆર વર્ષનીજ હતી; પણ ઇશ્વરે તેને સારો દહાડો દેખાડ્યો હતો! બળ્યું એટલી નાની ઉમ્મરમાંથી એ જંજાળ વળગે એ તો ઘણુંજ ખરાબ કહેવાય; પણ આપણા સમાજમાં બીજા દુર્ગુણોની પેઠે છોકરાને ઘેર છોકરાં જોવાનો મોહ આપણાં

વડિલોમાં વધી પડયો છે, તેને પરિણામે મારા જેવી ગરીબ વહુઓને ઘણું સહન કરવું પડે છે. ચંપાવહુને અભાવા માલુમ પડવા માંડયા કે તુરતજ મારી સાસુએ અમારા ઘરમાં મારા માથે વધારે જૂલ્મ આદર્યો પરમાત્માએ મને સારો દહાડો ન આપ્યો એટલે ઘરમાં હું વિશેષ હલકી પડવા લાગી. મારી મોટી નણંદોએ તો મને વાંઝણી કહીનેજ બોલાવવાનું શરૂ કર્યું. ડાકટર સાહેબ! મારી ઉમ્મર કાચી હતી અને મારા પતિનાં આચરણ તો મેં ઉપર કહ્યાં તેવાં હતાં; એટલે એવા સંજોગોમાં મને ગર્ભ ન રહે એમાં મારો શો દોષ? સ્ત્રી-પુરુષના મનની એકતા વિના કે તે બન્નેનાં શરીરોની ખીલવણી વિના સંતાનની પ્રાપ્તિ થવી મનેતો અશક્યજ લાગે છે. કદાચ કોઇને એવી સ્થિતિમાં પણ કુદરતના કાયદાને લઇને ગર્ભ રહી જાય તો તે બાળક અલ્પાયુષી, રોગી અને અશક્ત નીવડે છે. સારી પ્રજા ઉત્પન્ન કરવા માટે માબાપનાં તન-મનની સ્થિતિ સારી જોઇએ; એમ હુંતો માનું છું. પછી આપના અનુભવમાં જે આવ્યું હોય તે ખરૂં. ચંપા વહુનાં સાસુ સસરાને પૌત્રનું મુખ જોવાનો લાભ મળશે અને મારાં સાસુ-સસરો એ લાભ વિના રહી જશે; એ બાબતની દયા અને લાગણી દેખાડનારી દશ-બાર ડોશીઓ હંમેશ અમારે ત્યાં વધારે આવવા લાગી અને મારી સાસુને ઉશ્કેરવા માંડી.-" આવી મોટી તાડ જેવી વહુ નછોરવી હોય એ તે કાંઈ તમારા ઘરની શોભા કહેવાય? આ વહુથી કાંઇ તમારા દીકરાનો પરિવાર વધે તેમ નથી અને તમારૂં ઘર બાળકોથી ભરાય તેમ નથી. જો અમારૂં કહેવું માનતાં હો તો વેળાસર બીજી વહુ લાવો. આજ કાલની નવી પરણી આવેલીઓને બબ્બે છોકરાં થઇ ગયાં ને આ તમારી વહુ તો ગોધા જેવી હજી એવી ને એવીજ રહી. તમે ધણી ધણીઆણી હવે ઘરડાં થયા છો. ભલા, તમે

બે વરસ એહાં હો ને બે ત્રણ બાળકો તમારા દીકરાને ઘેર ઉછરી જાય તો એટલો તમનેય લ્હાવો મળે. ગામમાં તમારા જેવું ઘર બીજા કોનું છે? લોકો પૈસાનું નથી પૂછતાં; પણ પરિવારનું પૂછે છે. વળી દીકરા વિના સ્વર્ગ પણ મળતું નથી તે દિવસ ભટ્ટજી મહારાજ કથામાં એવું નહોતા વાંચતા? તમે તો સમજુ ને ડાહ્યાં છો. અમે તમને શું વધારે કહીએ? તમારા ઘર સાથે અમારે એવો સંબંધ છે કે અમને જે ઠીક લાગે તે અમારે કહેવું જોઇએ જો માનશો તો ઠીક છે, નહિ તો અમારૂં કાંઇ જોર ચાલે છે? આ આપણાં પાડોશી ઝવેર બ્હેનના દીકરાની વહુને છોકરાં નહોતાં થતાં; પણ અમારા કહેવાથી બીજી વહુ આણી કે તરત એમનું ઘર બાળકોથી ઉભરાઇ ઉઠયું. તમે પણ એ પ્રમાણે કરશો તો પરમેશ્વર મનના કોડ પૂરા કરશે." મારી સાસુને તો એટલુંજ જોઇતું હતું. દીકરાને ઘેર દીકરા જોવાની એમને જેટલી ઇચ્છા હતી તેથી અધિક ઇચ્છા વંશવેલાની વૃદ્ધિ કરી સ્વર્ગ મેળવવાની હતી. તેઓ સ્વભાવથી ધર્મઘેલાં અને વહેમી હતાં. પાડોશની પાંચ બાઈઓએ ભરમાવ્યાં એટલે તરત તેમણે પોતાના પુત્રમાટે બીજી વહુ લાવવાનો નિશ્ચય કર્યો અને કેટલાક અહર્નિશ દને અંતે મારા સસરાજીના મનમાં એ વાત ઠસાવી દીધી. મારા સાસુ તો પોતાનો હુકમ ઉઠાવનારી બીજી વ્યક્તિ આપના ઘરમાં આવનાર જાણી ખુશી થઇ ગયાં અને મારા સ્વામીને પણ ભાવતું હતું ને વૈદ્યે કહ્યું હોય એવું થયું. તત્કાળ શોધ શરૂ થઇ અને એક ધનલોભી લાલચુ પિતાએ એક હજાર રૂપિયા લઇ પોતાની કન્યાને શોક્ય ઉપર પરણાવી.

મારા સ્વામીને મારા ઉપર કેવો સ્નેહ હતો તે તો મેં આગળ જણાવેલું છે; એટલે એ સ્નેહમાં અન્ય ભાગીદાર આવવા છતાં મને વિશેષ કાંઇ દુઃખ થયું નહિ. જો કે ભવિષ્યમાં મને કેટલાક સુખતી

આશા હતી અને શૅકય અંતરાથી મારી એ આશાનો નાશ થયો હતો; છતાં નસીબની ઉપર આધાર રાખી મેં એ વખતે સંતોષનો સ્વીકાર કરી લીધો. દુનિઆમાં દુઃખીયાં માણસો હમેશ એ પ્રમાણે સંકટમાં પણ સંતોષ માનતાં શીખે છે; તો પછી મારા જેવી કેવળ પ્રેમદાસ્યત્વને માન આપનારી સંતોષ પકડે એમાં શું આશ્ચર્ય ? મને એ વખતે જે કાંઇ દુઃખ થયું હોય તો તે મારા સ્વામીની હવે કેવી દશા થશે; એ ચિંતાથીજ થયું હતું; કારણ કે નવી આવેલી મારી બ્હેન (સમાજમાં શૉકયને બ્હેન કહેવાનો રિવાજ છે.) તુંડમિજાજી, એશઆરામી અને સ્વચ્છંદી સ્વભાવની હતી. ખાવું પીવું, પહેરવું ઓઢવું અને મોજશૉખ કરવો એનેજ તે જીંદગીનું સાર્થક માનતી હતી. શરૂઆતમાં તો તેણે કપડાંલતાંની ટાપટીપથી અને ચાવી ચાવીને ઝીણું ઝીણું બોલવાની ટેવથી પતિદેવને વશ કરી લીધા; પણ પ્રાણીમાત્રના હૃદયની એક નિર્બળતા છે કે જે ટેવ તેને પડી ગઇ હોય તે કદીપણ જતી નથી. કુતરાની પુંછડી ગમે તેટલી પત્થર તળે દબાવી રાખો: પણ છૂટી મૂકતાં તે વાંકીજ થઇ જવાની. મારા પતિ નવી સ્ત્રીમાં નવું નવું હતું ત્યાં સુધીતો ઘરમાં રહ્યા: પણ પાછળથી પ્રથમની માફક ગામમાં ફરવા જવાનો વ્યવસાય આરંભી દીધો ધીમે ધીમે એ વાત નવીના જાણવામાં આવી ગઇ અને તત્કાળ તેના હૃદયમાં તેનું ખરાબ પરિણામ ઉત્પન્ન થયું. હું તેને સગી બ્હેન સમાન ગણાતી હતી; પરંતુ તેનો કદી મારી સાથે બોલતી પણ નહોતી. તેનાં માબાપને ઘેરથીજ તેને એવું શિક્ષણ મળ્યું હતું. અધુરામાં પુરૂં મારી નણંદોએ અને સાસુએ પણ તેને એવું શીખવ્યું હતું; એટલે મારા માટે તેના હૃદયમાં જરાપણ સ્થાન રહ્યું નહોતું. મારો સ્વભાવ સહનશીલ હતો; એટલે હુતો ગમે તે મારે માથે થતું એ સઘળું સહન કરતી; પણ

એ બાઇથી પાંચ કાંઇ સહન કરે એવાં નહોતાં. હું ગામડામાં ઉછરી હતી. મારામાં નીતિ અને ધર્મના સંસ્કારો જન્મથી પડયા હતા; પણ એ શહેરમાં જન્મી હતી અને એનામાં કેટલીક કુટેવો બહુ બાળપણથી દાખલ થઇ ગઇ હતી. એ મારી બ્હેન કહેવાય. એના સંબંધમાં કાંઇ બોલવું એ મારી ભૂલ ગણાય; છતાં મારા હૃદય ઉપર એટલો બધો ભાર થઇ ગયો છે કે તેને ખાલી કરી નાંખ્યા સિવાય હું સુખેથી મરી શકીશ નહિ. મારા પતિ જ્યારે બબ્બે બૈરીઓ ઘરમાં હોવા છતાં બહાર ફરવા લાગ્યા; ત્યારે એ બાઈ કાંઇ એમનાંથી ઉતરે એવાં નહોતાં. તેણે પણ એક દિવસ પોતાના બાપને ઘેર તો એક દિવસ પોતાની બ્હેનપણીને ઘેર એમ જુદાં જુદાં નિમિત્ત કાઢી રાતને વખતે ઘર બહાર રહેવા માંડયું. મને એ ઠીક ન લાગ્યું. એક દિવસ મેં એ મારી નાની બ્હેનને પાસે બેસાડી ઘણી શિખામણ દીધી; પણ એનું પરિણામ ઘણું ઉલટું આવ્યું. તેણે મારી નણંદોને, મારી સાસુને અને મારા સ્વામીને એ વાત જુદા પ્રકારે કરી સઘળો દોષ મારા માથે ઢોળી પાડયો. મૂર્ખને શિખામણ દેવાનું એ ફળ મળ્યું કે તે દિવસથી મારા ઉપર વધારે જૂલ્મ થવા માંડયો. સર્પને દૂધ પાવાથી ઝેરનો કેવળ વધારો થાય છે એ સત્ય હું તે વખતે સમજી શકી નહિ. મેં હાથે કરીને એક નવી પીડા વ્હોરી લીધી. તે રાત્રે મને સ્વામીએ ખૂબ શિક્ષા કરી અને બીજા દિવસના પ્રાતઃકાળમાં તો સૌએ મળીને મને તેમના ઘર બહાર કાઢી. મારે હવે કયાં જવું ? શું કરવું ? મહિયરમાં માબાપ મરી ગયાં હતાં; છતાં હું પ્રથમ તો ત્યાં આવી. મારા પિતાના પિતરાઇ ભાઇઓ ગામમાં હતાં; પણ મને કોઇએ આશ્રય આપ્યો નહિ. 'છોકરી વંઠેલી હશે માટેજ એના શ્રીમંત સસરાએ કાઢી મૂકી હશે' આવી ઝીણી ઝીણી વાતો

મારા સંબંધમાં સઘળે થવા લાગી. હું તો તે સાંભળીને સ્તબ્ધજ બની ગઇ. જ્યાં હું જન્મી, જ્યાં હું મોટી થઇ અને જ્યાં મેં બાલ્યાવસ્થામાં મારા સારા ચારિત્ર્યની છાપ પાડી ત્યાં આજ મારો આમ અનાદર થાય છે, એ જોતાં મને જમીન જો માર્ગ આપે તો તેમાં પેસી જાઉં એમ થયું. હું ભૂખી–તરસી ત્યાંથી ચાલી નીકળી અને મુંબાઇ આવવાનો નિશ્ચય કરી લાઠીના સ્ટેશને આવી ગાડીએ બેઠી. સસરાના ઘરમાંથી નીકળતી વખતે મારા પિયરની પેટીમાં થોડા પૈસા હતા તે મેં લઇ લીધા હતા મુંબઇ ભૂખ્યાનો માળવો છે એમજ હું તો માનતી હતી અને તેથી અહીં આવતાં કોઇ પણ સ્થળે મને આશ્રય મળી રહેશે એવી મારી ધારણા હતી; પરંતુ હું એ સઘળી ધારણામાં ઠગાઇ છું. મુંબઇ ભાવનગર જેવું સાધારણ શહેર હશે અને તેથી કોઇ પણ ધર્મશાળા કે સદાવ્રતની જગ્યામાં મને સ્થાન મળી રહેશે એવી મારી કલ્પના હતી; પણ જ્યાં હું ગ્રાંટરોડના સ્ટેશને ઉતરી કે તરતજ મારી એ કલ્પના હવામાં ઉડી ગઇ. મારે ક્યાં જવું એ મને સુઝયું નહિ. બહાર નીકળી હું ઘણીવાર ઉભી રહી. આખરે એક દયાળુ જેવા જણાતા પુરૂષે મને પોતાને ઘેર લઇ જઇ કોઈ સારી જગ્યા શોધી આપવાનું કહ્યું અને તેના ઉપર વિશ્વાસ લાવી હું તેને ઘેર ગઇ. માણસને માથે દુઃખ આવવાનું હોય છે ત્યારે તેને આગળ પાછળનો કાંઇ વિચાર થતો નથી. હું નિરાધાર દશામાં સંકટની મારી મુંબઇ આવેલી એટલે મને તો લાંબો વિચાર કરવાનો અવકાશજ નહોતો. જે પુરૂષને ઘેર ગઇ હતી તે પુરૂષ એક નાટક કંપનીમાં નોકર હતો. મને તેણે નાટક કંપનીમાં એકટ્રેસ તરીકે રહેવાની સલાહ આપી. હું એ ધંધો જાણતી નહોતી. મને ગાવાનું કામ આવડતું નહોતું; છતાં કંપનીના માલિકે મને સારા પગારથી રાખી લીધી. ધીમે ધીમે મને

કામ શીખવવામાં આવ્યું અને પ્રથમ નાની નાની ભૂમિકાઓમાં અને પાછળથી મુખ્ય ભૂમિકાઓમાં મેં નામના મેળવવા માંડી. કંપનીમાં મારૂં માન સારૂં હતું અને હવે તો મેં આખા મુંબઈ શહેરમાં ગૌરવ પ્રાપ્ત કરવા માંડ્યું. મને સ્વાભાવિક રીતે હર્ષ થવા લાગ્યો અને હું થોડા દિવસોને માટે તો મારા સઘળા દુઃખને ભૂલી ગઈ. ડૉકટર સાહેબ! મિસ લયલાના ઉપનામ તરીકે એકવખત સંપૂર્ણ ખ્યાતિ પામી ચૂકેલી આ કમનસીબ કામિનીની કરૂણાજનક સ્થિતિ જોઈ તમે અશ્ચર્ય પામશો; પણ હું ખરૂંજ કહું છું કે એ નાટકના ધંધાએજ મારૂં જીવન આ દશામાં મૂક્યું છે. થોડા દિવસ તો મને ત્યાં સ્વર્ગનાં સુખનું ભાન થવા લાગ્યું પરંતુ પાછળથી સ્પષ્ટ માલમ પડયું કે એ કહેવાતા સુખમાં એક બીષણ યંત્રણા છૂપાએલી હતી. નાટક કંપનીનો માલિક વિષયલોલુપ શયતાન્ હતો. તેણે એક દિવસ મારી પાસે પાપવાસનાની માગણી કરી અને મેં તેનો તિરસ્કાર કર્યો એટલે તે વૈરની ધુનમાં ધમકી આપી ચાલ્યો ગયો. પાછળથી કેટલાક એકટરોદ્વારા મારા જાણવામાં તેની અધમતા વિશેષ આવી, જેથી મેં તે નોકરીનો ત્યાગ કરી દીધો.

મને એ વખતે રાતના ઉજાગરાઓ વગેરેને લીધે જીર્ણજ્વર લાગુ પડયો હતો. તેમાં વળી સઘળો પૈસોટકો તથા લુગડાં હું કંપનીના મકાને મૂકી ન્હાસી છૂટેલી હોવાથી મને પાટો પેટનો ખાડો પૂરવાની ચિંતા સામે આવીને સતાવવા લાગી. બીજા એકટરોની પેઠે મેં હજુ મારૂં એગ્રિમેન્ટ કર્યું નહોતું એટલે તે દુષ્ટે મારી તપાસ કરાવવા વધારે શ્રમ લીધો નહી; પણ મારા મનમાં તેનો ભય એટલો બધો હતો કે હરકોઈ પ્રકારે હું મુંબઈમાંથી નીકળી કોઈ ધાર્મિક પવિત્ર સ્થળે જવા ચાહતી હતી. એકાએક મને એ વખતે એવો યોગ મળી ગયો. એક ભાટીયાની શ્રીમંત વિધવા 'જમનાં પાન' કરવા જવાની

તૈયારી કરતી હતી. તેને એક બાઇ માણસની સાથે જરૂર હતી. તપાસ કરી હું તેને મળવા ગઇ અને મારી ઇચ્છા પ્રમાણે તેણે કાંઇ-પણ આનાકાની વગર મને રાખી લીધી. પુરુષ શેઠના તાબામાં નોકરી કરવા કરતાં સ્ત્રીના તાબામાં નોકરી કરવાથી મારૂં શીલ સારી રીતે જળવાશે અને મને શાંતિ મળશે એવી મારી ધારણા હતી. શરૂઆતમાં તો એ ધારણા સંપૂર્ણ પાર પડી; પરંતુ પાછળથી જે મને એક કડવો અનુભવ થયો તેણે મારી શાંતિ અને સુખનો તદ્દન નાશ કરી નાંખ્યો. અમે એક સારૂં મુહૂર્ત જોઇ યાત્રા માટે ઉપડયાં. અમારે પ્રથમ નાસિક જવાનું હતું અને ત્યાંથી પછી ધીમે ધીમે આગળ જવાનું હતું. શેઠાણીએ મને મોટી મોટી તીર્થસ્થળોની વાતો કરી લોભાવી હતી. હું પવિત્ર સ્થાનોનાં મનોરાજ્યમાં ચોવીસે કલાક મહાલ્યા કરતી હતી. નાસિકમાં અમે એક જગ્યા ભાડે લઇ ઉતર્યાં હતાં અને શેઠાણીએ તેનો અગાઉથી બંદોબસ્ત કરાવ્યો જણાતો હતો. મકાન ઘણું સ્વચ્છ અને સગવડવાળું હતું. શેઠાણીનો રામો મુંબઇથી અમને નાસિક સુધી પહોંચાડવા આવ્યો હતો. તે એક દિવસ રહી પાછો ચાલ્યો ગયો. એટલે હું ને શેઠાણી બેજ ત્યાં રહ્યાં. અમે ગોદાવરીસ્નાન અને પંચવટી દર્શનથી અંતઃકરણમાં શાંતિલાભ કર્યો. મને સતી સીતાદેવીનું સહસા સ્મરણ થયું અને મેં તેના પતિવ્રત્યને મનમાં ને મનમાં અનેક ધન્યવાદ આપ્યા. જે ભૂમિમાં રામે દેવીના પ્રેમ વિરહે આક્રંદ કર્યું હતું એ ભૂમિ કોના હૃદયને શાંતિ ન આપે?

મારા દિવસો ત્યાં કાંઇક સુખમાં જવા લાગ્યા; પણ મારૂં નસીબ એને માટે તૈયાર નહોતું. એક દિવસ મને મારા ભાગ્યની એ કઠિનતા સમજાઇ ગઇ. શેઠાણીને ત્યાં મુંબઇથી એક તેમનો સ્નેહિમિત્ર મળવા આવ્યો હતો. તેને અને શેઠાણીને આડો વ્યવહાર હતો. મુંબઇમાં

સગાં સંબંધીઓના સમુદાયમાં તેઓને મળવાનો અવકાશ નહોતો મળતો એટલે બાઇ સાહેબે તીર્થના નિમિત્તે અહીં વસવાટ કર્યો હતો અને તેમાં આ બાઇસાહેબે વખતોવખત આવવાનો પ્રકાર ચાલુ કરી દીધો હતો. મને એ પાપીઓથી પ્રથમ તો કાંઇ અડચણ નડી નહિ; પણ જ્યારે મેં નાટકમાં નોકરી કરી છે એ વૃત્તાંત તે પુરુષના જાણવામાં આવ્યો ત્યારે તે એક વખતની મિસ લયલા ઉપર મોહાંધ થઇ ગયો. એક દિવસ રાત્રે તેણે મારા પ્રેમની માગણી કરી અને એ માગણી કબુલ રાખવાની વકીલાત કરવાનું કામ પેલી નીચ વિધવાએ આ[illegible]ર્યું. મને વિવિધ પ્રકારે તેઓ સમજાવવા લાગ્યાં અને લાલચો બતાવવા માંડયાં. હું મારા નિશ્ચયમાંથી એક તસુ પણ ડગી નહિ ઉલટી હું દરેક રીતે તેમની અવગણના કરવા લાગી. મને મારો ધર્મ જેટલો વહાલો છે, તેટલો બીજો કોઇ પદાર્થ વહાલો નથી, એ મેં તેમને સ્પષ્ટ જણાવી દીધું. હું ઘર ઘરના ટુકડા ઉધરાવનારી બજારૂ વેશ્યા નથી કે લોકોની આંખોમાં ધુળ નાંખી છાને ખૂણે પાપકર્મ કરનારી પ્રમદા પણ નથી એ મેં તેમને કહી દીધું. વળી વિશેષમાં જણાવ્યું કે હું પતિથી ત્યજાએલી છું; પણ મારા પતિ એજ મારા પ્રભુ છે. એના સિવાય દુનિયાના સર્વ પુરુષો મારા ભાઇ-બાપ છે. મને આશા છે કે મારા પતિ કોઇક દિવસ ઠેકાણે આવશે અને જરૂર મારો પાછો સ્વીકાર કરશે. છતાં કદાચ હું એ આશામાં નિષ્ફળ નીવડીશ; તોય મને અસંતોષ થવાનો નથી. જ્યાં સુધી એ મારા પ્રભુએ મારી સેવા સ્વીકરી ત્યાં સુધી મેં નિષ્કપટ હૃદયે તેમની સેવા કરી છે અને એક હિન્દુ લલનાને સ્વામીની સેવાના પ્રસંગ સિવાય બીજો કયો ધન્ય અવસર કિંમતી લાગે છે? મને તમે સતાવશો નહિ કે ચળાવશો નહિ. હું હવે અહીં એક ક્ષણ પણ રહેવાની નથી. અત્યારે ને અત્યારેજ

તમારૂં મકાન ખાલી કરી જાઉં છું. તમે મારી ઉપર જે ઉપકાર કર્યો છે, તે ખાતે હું તમારો આભાર માનું છું."

મારા એ શબ્દોની તે પાપીઓના દિલ ઉપર કાંઈ અસર તો થઇ નહિ; પણ તેમણે મને દાદર ઉપરથી નીચે ગબડાવી મૂકી ઘર બહાર કાઢી. મારા શરીરને થોડી ઇજા થઇ; છતાં મેં આનંદ માન્યો. હું રાત્રે ધીમે ધીમે પગે ચાલીને સ્ટેશન ઉપર આવી અને મારા દુઃખી દિલ ઉપરનો એક બોજો એ દૂર થયો. મેં સ્ટેશનમાં ભીખ માગીને થોડા પૈસા મેળવી લીધા. મારી ઇચ્છા એક વખત મારા સ્વામીનાં દર્શન કરવા જવાની હતી એટલે હું ટિકિટ કઢાવી ગાડીએ બેસી અહીં મુંબઇ પાછી આવી. ભક્તિવાન્ ભક્તનું હૃદય પ્રભુનાં દર્શન માટે જેટલું અધીરૂં હોય છે; તેથી હજારગણું અધીરૂં હૃદય સતીનું પતિનાં દર્શન માટે હોય છે. તમે પુરુષ હોવાથી કદાચ એ સત્યમાં શ્રદ્ધા નહિ ધરાવી શકો; પણ હું ખરૂંજ કહું છું કે મને મારા પતિદેવનાં દર્શનની એ વખતે અનિવાર્ય ઇચ્છા ઉત્પન્ન થઇ હતી. હું દેશમાં જવા માટે ઉપડી હતી; પણ 'આદર્યાં અધવચ રહે અને હરિ કરે તે હોય' એ કહેવત મુજબ મને અહીં આવતાં શરદી થઇ આવી અને એક ભલા ગૃહસ્થે લાવી આ દવાખાનામાં વ્યવસ્થા કરી આપી. ડાક્ટર સાહેબ! મારા હૃદય ઉપરનો બોજો દૂર થયો છે. હવે હું સુખેથી મરી શકીશ. પણ મરતાં મરતાં એટલું તો અવશ્ય કહેતી જાઉં છું કે પરમેશ્વર મને નરકમાં નાંખશે તે પસંદ કરી લઇશ; પણ આ સમાજમાં સ્ત્રીનો જન્મ આપશે તે નહિ પસંદ કરૂં; કારણ કે હિન્દુ સ્ત્રીઓની આજ સંસારમાં જરાય કિંમત નથી. પુરુષ બહાર સોસાઇટીઓમાં અને સભાઓમાં સ્ત્રીમહત્તાનાં અને નારી સ્વાતંત્ર્યનાં લાંબાં લાંબાં ભાષણો કરે છે; પણ ઘેર પોતાની સ્ત્રીને જરા જેટલી

છૂટ કે સ્વતંત્રતા આપી શકતો નથી. સ્ત્રી કેળવણીનો હિમાયતી પુરુષ પોતાની પત્નીને નિરક્ષર ભટ્ટાચાર્યજ રાખવાનું પસંદ કરે છે. મેં એવાં ઘણાંએ કુટુંબો જોયાં છે કે જ્યાં સ્ત્રીઓને પશુ કરતાં પણ અધમ માનવામાં આવે છે? શું તમે એમ સમજો છો કે અમારે હૃદયજ નથી? શું તમે એમ માનો છો કે અમને સુખ દુઃખની લાગણીજ નથી થતી? કૃપા કરી મને જવાબ આપો. અમારી સ્ત્રીઓની દશા ક્યારે સુધરશે? અમને ક્યાં સુધી ગુલામીના પટામાં રાખી મૂકશો? અમે તમારા સંસારને સ્વર્ગ બનાવીએ છીએ, તમારાં મનોરાજ્યને ઘડીભર ભૂલાવી બાળકોના આનંદકલરવમાં તમને ઘેલા બનાવીએ છીએ. તમારૂં નામ સદાને માટે જળવાઇ રહે એવી પ્રજા ઉત્પન્ન કરી તમારા હાથમાં સોંપીએ છીએ અને એ પ્રજાને અર્થે તેમજ તમારા સુખને અર્થે અમે વિવિધ પ્રકારનાં દુઃખો સહન કરી લઇએ છીએ; છતાં 'ઘોડે નાર પાધરી' ગણી વિના કારણે અમને પુષ્પાંજલિ આપવામાં અને અમને પિડા કરી અમારો તિરસ્કાર કરવામાં તમે બાકી રાખતા નથી. તમારો પુરુષવર્ગ એટલો બધો કૃતઘ્ન અને અનુદાર છે કે તેના સંબધમાં હું જેટલું ન કહું તેટલું થોડું છે. સ્ત્રીઓ ધણીના મૃત્યુ પાછળ આગમાં બળી મરતી; એવું સ્વાર્પણ પુરુષોએ કોઇ ઠેકાણે દેખાડયું છે? તેઓ તો એક સ્ત્રી જીવતી હોય ત્યાં બીજી લાવે છે, તો પછી તેના મરણ પાછળ બીજી પરણે એમાં શું આશ્ચર્ય? મારા સ્વામીએ મને આ અન્યાય આપ્યો છે; તેથી હું નથી બોલતી; પણ મારા જેવી અનેક બ્હેનો આ ભારતની અંદર શોક્યોના સાલથી, સાસુનણંદના જૂલમથી, ધણીના તિરસ્કારથી, અને પુરુષોના છળ-પ્રપંચથી રીબાઇ-પિડાઇ-કચડાઇ રહી છે, તેમના દિલની જબરી જ્વાળાઓને લીધેજ આ દેશ આવી દશા ભોગવે છે. જે દેશોમાં સ્ત્રીઓને

પરતંત્ર રાખવામાં આવતી હોય તે દેશ શી રીતે સ્વતંત્ર થઇ શકે ? જ્યાં સામાન્ય ચીજોની પેઠે સ્ત્રીઓનાં વેચાણ થતાં હોય, જ્યાં નિત્યના કામકાજ સિવાયની બીજી બાબતોમાંથી સ્ત્રીઓનો બહિષ્કાર થતો હોય, જ્યાં ડગલે ને પગલે અબળાઓના ભોળા સ્વભાવનો લાભ લઇ તેમને છેતરવામાં આવતી હોય, જ્યાં સ્ત્રીઓને અજ્ઞાન રાખવામાં મહત્તા મનાતી હોય, જ્યાં તેમને ઘરમાં ગોંધી રાખવાનાંજ પુરષો પોતાનું પુરુષત્વ સફળ થયું માનતા હોય અને જ્યાં તેમને વહેમી બનાવી હલકી ગણવામાં આવતી હોય ત્યાં સમાજનો ઉદ્ધાર કોઈ દિવસ થઇ શકે નહિ. રૂઢીના બંધનોનો જેટલો દોષ હું નથી કાઢતી તેટલો દોષ હું પુરુષોના એકલપેટા સ્વાર્થીપણાનો કાઢું છું પુરુષવર્ગ જ્યારે સ્ત્રી વર્ગની કિંમત આંકતાં શીખશે, તેમની ભૂલો સુધરાવી તેમને આગળ વધવામાં મદદરૂપ બનશે, ત્યારે જરૂર ભારતનો આ આર્તનાદ બંધ થશે. ડાક્ટર સાહેબ ! તમારી હું પૂર્ણ ઋણી છું. મારા હૈયાનો ભાર હલકો કરવામાં તમે મને અત્યારે અંતકાળે ખરી મદદ કરી છે ઇશ્વર તમારૂં ભલું કરો. હું હવે પ્રભુનું નામસ્મરણ આરંભું છું. મારા પતિદેવની છબી દિલમાં ખડી રહી છે. છેવટની ઘડી સુધી એજ સ્થિતિમાં મારા પ્રાણ ચાલ્યા જાય એવું હું ઇચ્છું છું ચાલો-ૐ, ૐ,

તે સ્ત્રીએ એકાએક નેત્રો બંધ કરી ૐ કારનો ધ્વનિ આરંભી દીધો. મને ત્યાં બેસવાનું હવે કાંઇ કારણ નહોતું એટલે હું ફરીને બીજા દર્દીઓની ટ્રિટમેન્ટ કરવા ચાલ્યો ગયો. દવાખાનામાં મેં ઘણીએ મરતી સ્ત્રીઓ જોઈ હતી; પણ આવી વિલક્ષણ બાઇ આજે પહેલીજ વાર જોઈ, જેથી મારા આશ્ચર્યનો પાર રહ્યો નહિ. એની કરૂણ કથામાં રૂઢીની ભીષણતાનું અને સ્ત્રી વર્ગની પરાધિનતાનું જે ચિત્ર હતું તેણે મારા હૃદય ઉપર વિલક્ષણ અસર કરી. આપણી સામાજીક ખરાબ

રસમો ઉપર મને ઘણો તિરસ્કાર છૂટયો. એના કહેવા પ્રમાણે એવી-અનેક અબળાઓ પ્રતિવર્ષ સમાજના કુધારાઓ નીચે કચડાઇને કે પુરુષવર્ગની આપખુદ સત્તાના ભોગ રૂપે બલિ બનીને આ સંસારમાંથી ચાલી જતી હશે એનો ખ્યાલ આવ્યો. સહસા હૃદયમાં અનેક વિચારો ઉદ્ભવ્યા. આખરે મનમાં એક નિશ્ચય કરી હું પાછો મારા કામે વળગ્યો.

૫ વિમળાની આત્મકથા.

રસની નદીઓ ચાલે અને આનંદની લહરીઓ ઉભરાય એવી સ્નેહિ જોડાંની પ્રેમગાથા વાંચવાની ઇચ્છા હોય તેમણે આ કથા વાંચવા પ્રયાસ કરવાની જરૂર નથી. આતો એક અભાગિની અબળાની આત્મકથા છે. સમાજના ઘોર અત્યાચાર તળે કચડાએલી દુઃખિયારી પતિત પ્રેમદાની કરૂણવાર્તા છે. નીતિ અને ધર્મનાં બણગાં ફુંકનારાઓ કદાચ આ કથાનાં વાંચનથી અભડાઇ જશે, એ હું જાણું છું, પણ ભારતવાસીઓની બેદરકારી નિર્દયતા સ્વાર્થાન્ધતા અને અસાવધતાના પરિણામે મારા જેવી અનેક બ્હેનોના જીવનની અધોગતિ થઇ રહી છે તે વિચારતાં આ સત્ય, કલંકિત કથા કહેતાં મને જરાએ ક્ષોભ થવાનો નથી. હું તો હવે મરણને કિનારે બેઠી છું; પણ મારા જેવો અધમ ધંધો ચલાવનારી પતિત સ્ત્રીઓ આ ભારતમાં ૪૭૨૫૫૦ છે તેનો ઉદ્ધાર શી રીતે થશે, એની મને હંમેશ ચિંતા રહ્યા કરે છે. સને ૧૯૧૧ ની વસ્તીની ગણત્રીના રિપોર્ટ ઉપરથી જણાય છે કે એકલા કલકત્તા શહેરમાં ૧૪૨૭૧ વેશ્યાઓ હતી. હિન્દુસ્તાનનાં દરેક મોટાં શહેરોમાં એ પાપકર્મને પોષણ આપનારાં નરકસ્થાનો હયાતી

ધરાવે છે. લાહોરની અનારકલી, લખનૌની ખાસબઝાર, મુંબઇનું ગોળ-પીઠા અને વહાઇટલેન તથા દિલ્લીનું ચાવડીબાઝાર ખુલ્લા અનાચારથી ઉભરાય છે. પવિત્ર ગણાતા કાશી ધામમાં સંયુક્ત પ્રાંતનાં સઘળાં શહેરો કરતાં વધારે વેશ્યાઓની સંખ્યા છે. અધમવૃત્તિના પુરુષોએ લાખો સ્ત્રીઓનાં જીવન માટીમાં મેળવી દીધાં છે: છતાં સમાજ તો કેવળ સ્ત્રીઓનેજ શિક્ષા કરે છે. પુરુષોનો દુરાચાર સ્ત્રીઓના કરતાં અનેકગણો હોવા છતાં તેમને કોઇ કાંઇ કહેતું નથી અને છોકરમતમાં અજ્ઞાનતાથી એકાદ ભૂલ થતાં અમે આવી કફોડી સ્થીતિમાં આવી પડીએ છીએ. સમાજમાં આવો અન્યાય કયાં સુધી ચાલશે ? સ્ત્રીઓના હાય અને શાપથી દિવસે દિવસે આ દેશ પડતી દશામાં આવતો જાય છે; છતાં સમાજના નેતાઓ હોવાનો દાવો કરનારાની આંખો બિલકુલ ઉઘડતી નથી. શું અમે જાણી જોઇને આ પાપકર્મ કરીએ છીએ ? શું અમે પશુઓના જેવું જીવન જીવવામાંજ રસ લઇએ છીએ ? કૃપા કરી અમને છેક અધમ ગણી કાઢશો નહિ. ઇશ્વરે અમને હૃદય આપ્યું છે. અને અમે સારા માઠાનો ભેદ અવશ્ય સમજી શકીએ છીએ. અમારી આ દશા સમાજના ઘોર અન્યાયને લીધે છે કે જે મારી આ કર્મકથા ઉપરથી વાચકોને સહેલાઇથી સમજી શકાશે.

મારો જન્મ ભાવનગરના એક આબરૂદાર નાગર કુટુંબમાં થયો છે. મારા પિતાના વડવાઓએ રાજ્યની વફાદારી અને સ્વામી ભક્તિથી સારી પ્રતિષ્ઠા જમાવી હતી. પ્રભુની કૃપાથી ઘરમાં કોઈ વાતની ખામી નહોતી. ઘેર ગાડી ઘોડા અને નોકર ચાકરોની છૂટ હતી. મારા પિતાને હું સંતાનમાં એક કન્યા હતી એટલે બાળપણમાં મારૂં લાલનપાલન બહુ ઉમંગથી કરવામાં આવ્યું હતું. ઘરના નોકરો મને ઘડીભર નીચે મૂકતા નહિ. સૌ આદર રાખતા અને બા—બ્હેન કહી બોલાવતાં

તેમની જીભ સુકાતી. મારી બાએ પત્થર એટલા દેવ કરી અનેક વ્રત-ઉપવાસ અને દોરા-ધાગા કરેલા ત્યારે મારૂં મોઢું દેખેલું એટલે હું તેમને બહુ મોંઘી હતી. મારા પિતા મારી નિત્યની નવી નવી માગણીઓ પૂરવા હંમેશ એક પગે તૈયાર રહેતા. કોઇ મારી લાગણી જરા દુખવતું તો તેમનો જીવ કપાઇ જતો. મને પાંચ વર્ષે નિશાળે બેસાડી ત્યારે શાળાની તમામ બાળાઓને ઓઢણીઓ તથા મીઠાઇ આપીને મારા પિતાએ ખુશ કરી હતી. હિન્દુ સંસારમાં છોડી પારકું ધન ગણાય છે, એને ઉછેરવા તરફ લોકો બેદરકાર રહે છે; પણ મારા સંબંધમાં તેવું કશું બન્યું નથી. મારા કોડ પૂરવા મારા પિતાએ કોઈ વાતની ઊણપ રાખી નથી; પણ ભાગ્યની ભયંકરતાથી એ મોંઘવટેજ મારા જીવનની આવી પાયમાલી કરી છે !

જેઓ બાળપણમાં કન્યાઓને બહુ મોઢે ચડાવે છે તેનું પરિણામ કેવું ખરાબ આવે છે તે મારી આ આપવીતી ઉપરથી સહજ સમજાશે. દીકરીને પારકે ઘેર મોકલવાની છે, એ વાત ધ્યાનમાં રાખીને માબાપોએ તેનામાં સારા સંસ્કાર પાડવા જોઇએ. પિતાને ઘેર ગમે તેટલી સાહ્યબી હોય પણ તે સાસરિયામાં સુદ્ધાં કામ આવતી નથી વિનય, વિવેક, નમ્રતા, સુઘડતા, સાદાઈ, કરકસર વગેરે સદ્ગુણોનું શિક્ષણ જો મહિયરમાં મળ્યું હોય તો સાસરી ગમે તેટલી કપરી હોવા છતાં એ સ્રીને અડચણ આવતી નથી. મને તો એમાંનું કશું જ શિક્ષણ મળ્યું નહોતું. મારા બાપને હું બેટની હોવાથી બાળપણથી ઉદ્ધત, અવિવેકી અને સ્વચ્છંદી બની હતી. નિત્ય નવાં નવાં કપડાં પહેરવાં, જુદાં જુદાં ભોજન જમવાં, નાટક સિનેમાઓમાં હાજરી આપવી અને સાંજના ફરવા જવું એ મારો નિત્યક્રમ હતો. ઘરમાં નોકર ચાકરો પુષ્કળ હતા એટલે મારે ઘરકામ શીખવાની જરૂર

નહોતી. રસોઇનું કામ એક રસોઇઓ કરતો હતો એટલા મારી-મ તાને કે મને રસોડામાં પેસવાની કદીપણ જરૂર પડતી નહોતી ખરૂં કહું તો મને એ કામ હલકું ને કંટાળા ભરેલું લાગતું હતું. જે સ્ત્રીનાં પૂરાં દુર્ભાગ્ય હોય તેનેજ માથે રાંધણીમાં ધુમાડો ખાવાનો આવે એમ હું એ વખતે કહેતી હતી. મારો મિજાજ બહુ જલદ હતો. કોઇ કાંઈ કહે તો તરત હું તેને ધુતકારી કાઢતી. કોઈ મારી સામે એક શબ્દ પણ બોલી શકતું નહિ.

મને નવરાશનો પુષ્કળ વખત મળતો. હું શ્રીમંતની પુત્રી એટલે નિશાળેથી ગમે તે ટાઇમે ઘેર આવવામાં મને મહેતીજી તરફથી અડચણ આવતી નહોતી. મારાં હેડમિસ્ટ્રેસને અને આસિ. મિસ્ટ્રેસને અમારા ઘરની સારી આવક હતી. મારી જન્મગાંઠને દિવસે મારા પિતા તેમને અમારે ઘેર સહકુટુંબ નોતરતા અને મિષ્ટાન્ન જમાડી ઉંચી સાડીઓ અને પોલકાંઓની બક્ષિસ આપતા. પરીક્ષામાં હું કદી નાપાસ ગણાતી નહિ. કોઇ વિષયમાં કદાચ લથડતી તો મારાં મહેતીજી તરત પરીક્ષક સાહેબને મારા માટે સારા શબ્દોમાં ભલામણ કરી મને ખૂટતા માર્ક અપાવતાં. અમારી શાળાના તમામ મેળાવડાઓ મારા પિતાના પ્રમુખપદ નીચે થતા અને તેમાં જે ઇનામો તથા મીઠાઈ વહેંચાતી તેનો ખર્ચ મારા બાપાજ આપતા. આથી કન્યા કેળવણીના હિમાયતી તરીકે આખા ભાવનગર શહેરમાં તેમની સારી ખ્યાતિ બંધાઇ હતી. હું દશ વર્ષની ઉમ્મરમાં ગુજરાતી પાંચ ધોરણ પસાર કરી ગઇ, હતી અને મારા પિતાએ મને તત્કાળ અંગ્રેજી સ્કૂલમાં દાખલ કરાવી હતી. ઘરમાં નીતિ, ધર્મ અને સ્ત્રીકર્તવ્યનું શિક્ષણ આપવાને બદલે મને અંગ્રેજીમાં દાખલ કરવામાં મારા પિતાએ ગંભીર ભૂલ કરી હતી એમ મને અત્યારે સમજાય છે, પણ તે દિવસ તો મને એ ભાષા ભણ-

વામાં બહુ ઉમંગ થતો હતો. મને ઘેર ભણાવવા માટે મારા પિતાએ એક માસ્તર રાખ્યા હતા. દરરોજ સાંજે તે ટ્યુશન આપવા આવતા હતા. હું નિશાળમાં પાંચ કલાક જઇ આવીને અને ઘેર અર્ધો કલાક લેસન કરીને બાકીનો બધો વખત નવલકથાઓ વાંચવામાં તથા ઘરના નોકરો સાથે વાતોના તડાકા મારવામાં ગાળતી હતી. મને કોઇની બ્હીક નહોતી કે કોઇની શર્મ નહોતી. સારા ખોરાકને લીધે મારૂં શરીર ઘણું સુદૃઢ બન્યું હતું. બાર વર્ષની ઉમ્મરે હું સોળ સત્તર વર્ષની યુવાન સ્ત્રી જેવી જણાતી હતી. મારી કાઠી એવડી હતી અને બાંધો મજબુત હતો. મારામાં સૌન્દર્ય પણ અમારા નાગરોને છાજે એવું હતું; પણ હાય ! એ સર્વ સાધનોએ મારા જીવનની ધુળધાણી કરી છે. હલકી નવલકથાઓના વાચનથી અને હલકા નોકરોના સહવાસમાં રહેવાથી મારામાં વિકારની જાગૃતિ બહુ નાની ઉમ્મરમાંથી થઇ હતી. મારા પિતાની ગાડી હાંકનારા કૉચમેનને અમારા ઘરનું કામકાજ કરનારી રાધા સાથે આડો વ્યવહાર હતો. એક દિવસ નીચેના ઓરડામાં હું એમનું કાળું કર્મ દેખી ગઇ અને તે વખતથી મારા હૃદયમાં વિષય સુખની ઇચ્છા જન્મી. કૉચમેન ભગુ પચ્ચીસ વર્ષનો તરૂણ હતો. જાતનો ખવાસ હતો. રજવાડામાં નોકરી કરેલી હોવાથી કપડાં વગેરેની ટાપટીપ વધારે રાખતો. મને તે વ્હાલથી બોલાવતો અને હું પણ બીજા સર્વ કરતાં તેને વધારે ચાહતી.

એક દિવસ હું મારા અભ્યાસની ઓરડીમાં કપડાં બદલાવતી હતી તે વખતે ભગુ કાંઇક કામ નિમિત્તે ત્યાં આવ્યો અને મારૂં અર્ધ ઉઘાડું ભરાઉ શરીર જોઇ લોભાઇ ગયો. હમણાં મારા સૌન્દર્યને આયનામાં જોઇ હુંજ લોભાતી હતી; તો પછી તેના ઉપર એક તરૂણ પુરુષ કેમ વિષયાંધ ન થાય ? તેણે એકદમ મારૂં કાંડું પકડયું અને હું તેની

મહેલેલી દષ્ટિને અટકાવી શકી નહિ, કોઇ જાદુઇ મંત્રથી વશ બની ગઇ હોઉં તેમ હું તેની ઇચ્છાને આધિન બની. એક ક્ષણમાં મારૂં સર્વસ્વ લુંટાઇ ગયું મને એ વખતે બિલકુલ પશ્ચાત્તાપ થયો નહિ; કારણ કે મારામાં સારાસારનો વિચારજ નહોતો. ઘણા દિવસની મારી ઇચ્છા સફળ થતાં મને સંતોષ થયો અને તે દિવસથી હું અવારનવાર અરુણને એકાંતમાં હંમેશ મળવા લાગી. અમારો પ્રેમ દૃઢ જામી ગયો અને તેની અસર મારા શરીર ઉપર સ્પષ્ટ જણાવા લાગી. મારી માતાના સમજવામાં અમારૂં એ પાપકર્મ આવ્યું હોય કે બીજું કાંઇ કારણ હોય; પણ તેણે એકાએક મારા પિતાને કહી મારા લગ્નની તૈયારીઓ કરાવવા માંડી. જે કામ ધીમેથી થાય છે, તે સારૂં થાય છે. ઉતાવળે કરતાં તે વણસી જવાની દહેશત રહે છે. મારા લગ્નના સંબંધમાં પણ એમજ થયુ. ઉતાવળમાં મારા પિતા મારા માટે સારૂં સ્થાન શોધી શક્યા નહિ. અલબત તેમણે પૈસાવાળું સ્થળ ખોળી કાઢયું. પોતાની શ્રીમંતાઇ પ્રમાણે વેવાઇને ઘેર ગાડી ઘોડા પસંદ કર્યા; પણ પોતાની પુત્રીને અનુરૂપ જમાઇની પસંદગી તેઓ કરી શક્યા નહિ. મારા પતિદેવની ઉમ્મર પંદર વર્ષની હતી, તેઓ અંગ્રેજી છઠ્ઠું ધોરણ શીખતા હતા; પણ તેમના શરીરનો બાંધો ઘણો નબળો હતો મારી સરખામણીમાં તે કોઇપણ રીતે મારા ધણી થવાને માટે યોગ્ય નહોતા. હું સાસરે અસંતોષનો કરિયાવર લઇને ગઇ હતી એટલે મને સ્વામી સુખથી આનંદ ન થાય તો તેમાં વધારે આશ્ચર્ય પામવા જેવું કાંઇ નથી. મને મારી સાસુ–નણંદ તરફનું જરા પણ દુઃખ નહોતું. મારા સ્વામી પણ મને કદી કાંઇ કહેતા નહોતા. માત્ર તેમની સાથે મારા મનની એકતા થઇ શકતી નહોતી. હું બાળપણની છોકરમત ભૂલવા ઘણોએ પ્રયત્ન કરતી; પણ મને મારા સંસારમાં

કંઇ રસજ લાગતો નહિ. હું વિષય વિલાસની ભૂખી હતી, ત્યારે મારા સ્વામી સરસ્વતીના ચુસ્ત ભક્ત હતા. આખો દિવસ નિશાળમાં રહેવું અને રાત્રે મોડી રાત સુધી લેસન કરવું એમાંજ તે પોતાનો ધર્મ સમજતા હતા. મારી સાથે કદીપણ તે હોંશથી વાતચીત કરતા નહોતા. હું સવારે જમીને મારા બાપને ઘેર જતી તે છેક સાંજે પાછી આવતી. કોઇ કોઇ વખત રાત્રે પણ મારા પિતાને ઘેરજ સુઇ રહેતી. મારા સ્વામીને એ વાતની કાંઇ પડી નહોતી.

એવામાં એકાએક ભાવનગરમાં પ્લેગ આવ્યો. ઘણા આશાવાન્ જુવાનોને તેણે ઝડપી લીધા. હંમેશના સો, સો કેસો થવા લાગ્યા. મારા સસરા બહારગામ જવાની તૈયારી કરવા માંડયા; પણ એટલામાં તેમનું નસીબ ફરી વળ્યું. મને એ વખતે મારૂં નસીબ ફૂટી ગયાનું જ્ઞાન નહોતું એટલે મને તો મારા સ્વામીના સ્વર્ગવાસથી કાંઈ વધારે દુ:ખ થયું નહિ; પણ અત્યારે એમ થાય છે કે જો તેઓ જીવ્યા હોત તો આજ મારી આટલી બધી ખરાબી થઇ હોત નહિ. મારાં સાસુ–સસરાને તેઓ એકનાએક પુત્ર હતા એટલે તેમના ઉપર તો દુઃખનો ડુંગર ઢળી પડયા જેવું થયું વળી મારાં માબાપને પણ સંતતિમાં હું એકલી હતી, જેથી મારા વૈધવ્યથી તેમના દુઃખનોયે પાર રહ્યો નહિ. મને એ બન્નેની પીડાની કલ્પના આવતી નહિ. હું તો મારા હમેશના સ્વભાવ પ્રમાણે ખાતી, પીતી અને ખેલતી. બન્ને કુટુંબોમાં હું ખોટની હોવાથી બીજી વિધવાઓ પ્રમાણે મારો શણગાર ઉતરાવવામાં આવ્યો નહોતો. અમે તરત સૌ બહાર ગામ ગયાં અને બે મહિના પછી હવા સુધરી ત્યારે પાછાં શહેરમાં આવ્યાં. હું પ્રથમના કરતાં હવે વધારે સ્વતંત્ર બની હતી. મને ઓછું આવશે એમ ધારી કોઇ કાંઇ કહેતું નહિ. આખો દિવસ હું મારા ઘરની રાધા સાથે

અને ભગુ સાથે વાતોના તડાકા મારતી અને લાગ મળતાં મારા એ માનીતા કૅાચમેનથી વિષય સુખની તૃપ્તિ પણ કરી લેતી.

પરંતુ પાપ હંમેશાં છૂપું રહી શકતું નથી. ઇશ્વરની ગેબી લાકડી પાપીના શીર ઉપર કોઇક દિવસ તો અવશ્ય પડે છેજ. હું એ વખતે મોહમાં આંધળી બની ગઇ હતી મારામાં સારાસારનો વિચાર રહ્યો નહોતો. આખરે મારૂં કાળું કામ પ્રકટ થયું. મને ગર્ભ રહ્યાની વાત મારા સાસરામાં અને પિયરમાં ખુલ્લી થઇ ગઇ. સૂરજ વાદળાંથી છૂપો રહી શકયો નહિ. મારા સસરા તો એ સાંભળીને ચિંતાના સાગરમાં ડૂબી ગયા. મારા પિતાને પણ પોતાના કૂળને કલંક લાગવાનો ભય પેદા થયો. આઠ દિવસ સુધી તે બન્નેએ પરસ્પર વિચારો કર્યા. ભગુ તો એ વાત બહાર આવી ત્યારથી નોકરી મૂકી ચાલ્યો ગયો હતો. રાધા પણ હમણાં મારી સાથે બોલતી નહોતી. હું મારા હૃદયની વાત કોની આગળ કહું ? એક દિવસ મારાં સાસુએ મને ખૂબ ઠપકો દીધો. મને વ્યભિચારીણી કુલટા કહી મારો અત્યંત તિરસ્કાર કર્યો. મને એ વખતે મારી ભૂલનું ભાન થયું. મારાં સાસુ–સસરો પોતાના કૂળની લાજ સાચવવા હંમેશ એ સંબંધમાં વિચાર ચલાવવા લાગ્યાં. મારાં સાસુએ ગર્ભપાત કરાવવાની સલાહ આપી; પણ મારા ધર્મભીરૂ સસરાને એ સલાહ પસંદ પડી નહિ, તેમણે કહ્યું કે–' આ જન્મમાં તો આવું દુઃખ ભોગવીએ છીએ; હવે વધારે પાપ કરીને આવતા જન્મના સુખનું સત્યાનાશ શા સારૂ વાળવું ? જેના કૂળમાં ગર્ભપાત થાય છે, તેની અનેક પેઢીઓ નરકમાં પડે છે. " તત્કાલ અમારે યાત્રાએ જવાનું ઠર્યું. મારાં સાસુ, સસરા, હું અને એક વિશ્વાસુ નોકર એમ ચાર જણાં એક દિવસ શુભ મુહૂર્ત જોઇ ટ્રેનમાં બેઠા. સ્ટેશન ઉપર મારાં માતા પિતા અમારી વિદાયગીરીની સફળતા ઇચ્છવા આવ્યાં હતાં.

મારી માતાએ મને ગોદમાં ઘાલી ટ્રેન ઉપડતાં સુધી રૂદન કર્યા કર્યું. મારા પિતાનું હૈયું પણ ભરાઈ આવ્યું હતું. તેમનાથી વધારે કાંઈ બોલી શકાયું નહિ. મેં એમને કહ્યું–"હું દરેક તીર્થમાં તમને સંભારી સ્નાન તથા દર્શન કરીશ અને મારાં પૂજ્ય સાસુ–સસરા જોડે થોડા વખતમાં પાછી આવી તમને મળીશ." તત્કાલ સિગ્નલ થતાં ગાડી ઉપડી અને મારાં માતપિતાને સ્ટેશનમાં રડતાં મૂકી હું હેતુ કલ્યાણ કરવા યાત્રા નિમિત્તે આગળ ચાલી.

મારી ધારણા એવી હતી કે હિન્દુસ્તાનનાં તમામ પવિત્ર સ્થળોમાં અમારે જવાતું થશે; પણ એવું કાંઈ બન્યું નહિ. અમે માત્ર જગન્નાથપૂરી ગયાં ને ત્યાં ત્રણ દિવસ રહી આ કલકત્તા શહેરમાં પાછાં આવ્યાં. પૂરીથી અમારી સાથે એક પંડયાજી–ગોર અહીં આવ્યા હતા અને તેમના કોઈ સગાને ત્યાં અમે ઉતર્યાં હતાં મારાં સાસુએ મને કહ્યું કે–"વિમળાવહુ! તમારા સસરાજીને અહીંથી ગયા શ્રાદ્ધ કરવા જવાનો વિચાર છે માટે તમે બે દિવસ આ ગોરને ત્યાં રહો; અમે તરત પાછાં આવી તમને તેડી જઈશું." મારે એટલુંજ જોઈતું હતું. હિંદુસ્તાનના પાટનગર કલકત્તા શહેરમાં સઘળે ફરીને મારે એક વખત બધું જોઈ લેવાનો વિચાર હતો અને મારાં સાસુ–સસરા ગયાજી જઈ આવે તે દરમિયાન મારી એ ઈચ્છા પૂરી પડી શકે તેમ હતું. શાળામાં ભુગોળનો વિષય શિખતાં મેં કલકત્તા વિષે ઘણું વાંચ્યું હતું; એટલે સ્વતંત્રપણે એ જીજ્ઞાસા પૂરી કરવાના હેતુથી મેં મારી સાસુના વિચારને અનુમોદન આપ્યું અને તેઓ તેજ રાત્રે કલકત્તા છોડી ગયાં. પંડયાજીએ શરૂઆતમાં તો મારી સરભરા ઠીક કરી; પણ પછી તેના મનના ભાવો પલટાઇ ગયા હોય એમ મને જણાયું. મારા સસરાને ગયાને આઠ દિવસ થઇ જવા છતાં તેઓ પાછા આવ્યા નહિ,

તેમજ તેમનો કાંઇ પત્ર પણ આવ્યો નહિ. મેં પંડ્યાને તે બાબત વિષે પૂછ્યું તો તેણે મને રોકડું સંભળાવી દીધું કે–' હવે તે લોકો તમને તેડી જવાના નથી. તમારી આખી જીંદગી તમારે અહીંજ કાઢવાની છે,' હું એ સાંભળીને હતાશ બની ગઇ. મેં તરત બે પત્રો લખ્યા, એક મારા પિતાને અને બીજો મારા સસરાજીને; પણ તેમાંથી એકેયનો જવાબ આવ્યો નહિ. મારા સસરા તો નિર્દય થઇ શકે; પણ મારા પિતાજીયે નિર્દય થયા એ જોઇ મારા આશ્ચર્યનો પાર રહ્યો નહિ! કલકત્તા જેવા અજાણ્યા શહેરમાં મારે હવે ક્યાં રહેવું અને શું કરવું? એ બાબતની મને ચિંતા થવા લાગી. વળી મારા પેટમાં ચાર માસનો ગર્ભ હતો તેની પણ મને ઓછી ફીકર નહોતી, હું દિવસે દિવસે સુકાવા માંડી, મારૂં શરીર નિર્બળ બનવા લાગ્યું.

એક દિવસ હું લોઅર ચિતપુર રોડ ઉપર થઇને ગોરને ઘેર આવતી હતી ત્યારે રસ્તામાં મને એક ગુજરાતણ બાઇ મળી. મારો દુ:ખી ચહેરો જોઈ તેની આંખમાં આંસુ આવી ગયાં. તે પોતે કાઠી-આવાડ તરફની છે અને ઘણાંએક વરસોથી કુટુંબ સહિત અહીં રહે છે એમ તેણે મને કહ્યું. મેં એના વચનમાં વિશ્વાસ મૂક્યો અને એના આગ્રહથી હું તેને ઘેર ગઇ. એનું ઘર સોનાગાચીમાં હતું. ઘરની શોભા સારી હતી અને એની વ્યવસ્થા જોતાં કોઇ શ્રીમંતનું ઘર હોય એમ સહજ કલ્પના થતી હતી. બે દિવસ સુધી એ બાઇએ મારી ખૂબ મહેમાનગીરી કરી. મને અંદરનો એક અલાયદો રૂમ કાઢી આપ્યો હતો. હું હાથે ન્હાઈ ધોઇ મારા હાથે રસોઇ બનાવતી અને જમતી. એ ઘરમાં બીજી કેટલીક સ્ત્રીઓ હતી; પણ તે સૌ આગળના ખંડમાં રહેતી. ત્રીજે દિવસ એ બાઇ મારી પાસે આવી અને મને હિંમત તથા ધીરજ આપી આશ્વાસન આપવા માંડી. મેં મારો બધો હેવાલ

તેને કહી સંભળાવ્યો. તેણે મારા ગર્ભનો છુટકારો કરાવી મને દેશમાં પાછી મોકલી આપવાની ઉદારતા દેખાડી. બીજા દિવસથી પ્રયોગ અજમાવવા માંડયો અને છત્રીસ કલાકમાં જ હું એ બલાથી દૂર થઇ ગઇ.

મારી એક ચિંતા એ રીતે ચાલી ગઇ; પણ હવે દેશમાં શી રીતે જવું? એ એક પ્રશ્ન મારી સામે ખડો થયો. શરીર સ્વસ્થ થવા સારૂ મારે એકાદ અઠવાડીઉં હજુ રહેવાની જરૂર છે એમ તેણે મને સમજાવ્યું. અને ગોરને ઘેરથી પોતાના નોકર મારફત મારાં કપડાં તથા પેટી મંગાવી લીધાં. પંદર દિવસ મેં એ ઘરમાં જેમ તેમ કરીને કાઢયા. મારૂં શરીર હવે ઠીક થયું હતું. મને મારાં માતાપિતા યાદ આવવા માંડયાં. મેં જવાની ઇચ્છા કરી, પણ તેણે મને આગ્રહ કરીને રોકી રાખી.

એક દિવસ હું મારા એ ઓરડામાં સૂતી હતી. મધરાત વખતે મને ભયંકર સ્વપ્ન આવ્યું. ગભરાઇને એકાએક ઉઠી. મારા પલંગમાં જોઉંછું તો હું એકલી નહોતી. કોઇ મુસલમાન પુરુષ મારા અર્ધે ઉઘાડા અંગને લપેટીને સુતો હતો. મને તત્કાળ સમજાયું કે મારૂં સ્ત્રીધન એને હાથે લુંટાયું હતું. પેલી બાઇ તરત ત્યાં આવી પહોંચી અને તેણે મને ખરી સ્થિતિથી વાકેફ કરી દીધી. થયું, હું એક વેશ્યાના હાથમાં સપડાઇ ચુકી હતી. મારા માટે હવે એ નરકસ્થાનજ નિર્માણ થઇ ચૂકયું હતું. સમાજ તેનો તિરસ્કાર કરે છે એ જીંદગી મારે સ્વીકારવી પડી. પાઠકગણ! આપ સ્ત્રી હો કે પુરુષ હો, અવિવાહિત હો કે વિવાહિત હો, ધનાઢય હો કે ધનહીન હો—સમાજના શ્રેયનો જરૂર વિચાર કરજો. આજકાલ સર્વત્ર અજબ અંધેર છે. જ્યારે કોઇ દેશના મનુષ્યોને પેટભર અન્ન નથી મળતું ત્યારે તે દેશમાં માત્ર એકજ દુર્ભિક્ષ પડીને વાત અટકતી નથી; એવા દેશમાં તરેહ

તરેહની અડચણો ઉભી થાય છે. નઠારા રિવાજ ફેલાય છે અને વ્યભિચાર તથા અનાચારની વૃદ્ધિ થાય છે. આ કલકત્તા શહેરની મછુઆ બાજારમાં મીલો સુધી સડકની બન્ને તરફનાં મકાનોની ઉપરના ખંડોમાં વેશ્યાઓ ખીચોખીચ ભરી છે. તે બહુધા મારવાડી અને બંગાળી છે. એ મકાનોનાં ભાડાંઓ અધિક હોવાને લીધે એક એક ઓરડામાં ચાર ચાર પાંચ પાંચ વેશ્યાઓ સડયા કરે છે. રસ્તા ઉપરની દુકાનોમાં ઠેકાણે ઠેકાણે આઠ આઠ દશ દશ બંગાળી છોકરીઓ ઉભેલી હોય છે, લોઅર ચિતપુરરોડની પાછળની ગલીની દુર્દશા જોઇને તો કલેજું ફાટીજ જાય! કેટલીએ બંગાળી વેશ્યાઓ ત્યાં રહે છે. લોકો આનંદપુર્વક નિડર બની લજ્જા છોડી તેમની સાથે મજાક કરે છે. સર્વથી ઘૃણિત વાત તો એ છે કે એ વેશ્યાઓ બાર વર્ષ કરતાં ભાગ્યેજ કોઇ મોટી ઉમ્મરની હોય છે, ભયંકર દરિદ્રતા અને સ્ત્રીઓને ગહનગર્તામાં નાંખનારી પુરુષોની અસભ્યતા એ બે કારણને લીધે તેઓનાં જીવન કાચી ઉમ્મરમાંથીજ અવળે પંથે ગતિ કરવા લાગે છે. સોનાગાછી તો હૃદયવિદારક નરકસ્થાન છે. રસ્તે ચાલવું પણ ઘણી વાર મુશ્કેલ થઇ પડે છે. ઉદ્યોગી લોકો એ રસ્તેથી જતા નથી. ત્યાં વેશ્યાઓ રસ્તે ચાલનારનો હાથ પકડી લે છે. ટોપી, ખેસ કે સોટી લઇને તેઓ ન્હાશી જાય છે. સમાજમાંથી પતન પામેલી કન્યાઓની અત્યંત દીનદશા, નિર્દયતાની છેવટની હદ, નિર્લજ્જતાની પરિસીમા અને ભારતની વિલક્ષણ સભ્યતા અહીં નજરે પડે છે થિએટરોમાં ઓરચેસ્ટ્રાની સીટો ઉપર બાઇજીઓ—વેશ્યાઓ સાથે તેમના શેઠો હોવાજ જોઇએ, એવો આ શહેરનો નિયમ છે. કોઇપણ અમીરજાદાની બાજુ એ શરીફજાદીઓ વિનાની હોતી નથી. ભારતમાં જે રીતે બાળવિવાહનો નઠારો રિવાજ છે, તે રીતે બાળવેશ્યાઓનો પણ બુરો રિવાજ

ચૂર થઇ ગયો છે. ન્હાની છોકરીઓને ફસાવીને યાંત્રિક રીતે પુરુષોના સમાગમને માટે તૈયાર કરવામાં આવે છે. ડાક્ટરો, વૈદ્યો અને હકીમોનો પણ અહીં સારો વધારો નજરે પડે છે. દવાખાનાનાં રજીષ્ટરો અને દવા વેચનારાઓની જાહેર ખબરો ઉપરથી આ દેશના વ્યભિચારનો કાંઈક ખ્યાલ આવે છે. કોઢનો રોગ ભલે વંશપરંપરા ઉતરતો હોય; પણ એ રોગવાળાને સિફલિસનો રોગ અવશ્ય થાય છે અને વેશ્યાઓના વ્યવસાયથી સિફલીસના રોગનો સમાજમાં પ્રચાર વધે છે.

આતો ખુલ્લી વ્યભિચારની વાત થઈ; પણ સમાજમાં ગુપ્ત વ્યભિચાર એટલો બધો ચાલી રહ્યો છે કે જેનું વર્ણન કરતાં એક મોટો ગ્રંથ ભરાય! આ દેશના સમાજની સ્થિતિ એવી વિલક્ષણ છે કે એવાં છાનાં પાપ કરનારાઓનો પત્તો પ્રત્યક્ષ લાગવો બહુ કઠીન છે. હું ઇશ્વરને માથે રાખીને કહું છું કે સ્ત્રીઓ ઉપરના પુરુષોના અત્યાચારને પરિણામે જ અમારી આવી વિચિત્ર દશા બની રહી છે. દક્ષિણ ભારતમાં બાલિકાઓને મંદિરોમાં દેવસેવા નિમિત્તે ચડાવી દેવાનો ચાલ છે, એ એક પ્રકારનો જૂલ્મ છે. એવા જુલ્મથી જ આ દેશમાં વેશ્યાઓની સંખ્યા વધતી જાય છે. મારા આટલા અનુભવથી હું કહી શકું છું કે સ્ત્રીઓનું ચારિત્ર્ય બગાડવું એ પુરુષ જાતીનું કામ છે. સ્ત્રી ગમે તેટલી દુઃખી હાલતમાં હોય; પણ કોઇ બેઇમાન શયતાન પુરુષના લલચાવ્યા સિવાય તે પોતાના ધર્મથી કદી ડગતી નથી! નીચ હરામજાદા વિષયાંધ પુરુષોએ સેંકડો સ્ત્રીઓનાં જીવન પાયમાલ કર્યાં છે. એ વાત ખરી છે કે બે હાથ વિના તાળી વાગતી નથી; પણ સમાજ કેવળ સ્ત્રીઓનેજ શા માટે દંડ દે છે? ખરાબ પુરુષો કે જેમનો વ્યભિચાર સ્ત્રીઓના પ્રમાણમાં સેંકડોગણો

વધારે હોય છે; તેમને સમાજ શી સજા કરે છે? એવા નીચ પાખં-ડીઓને શા માટે સમાજમાંથી દૂર કરવામાં નથી આવતા? જેને સખ્ત શિક્ષા થવી જોઇએ તેને નથી થતી અને બિચારી અસહાય, અનાથ અબળાઓને અન્યાય આપવામાં આવે છે! બાળલગ્ન, વૃદ્ધ-લગ્ન અને કજોડાના વિવાહને પરિણામે કદાચ્ કોઇ સ્ત્રી છોકરમતમાં એકાદ ભૂલ કરી બેસે તો સમાજ તેને મોટું સ્વરૂપ આપી કાગનો વાઘ કરે છે અને પુરુષો તેથી હજારો ગણો અનાચાર કરવા છતાં સમાજમાં સ્વતંત્રતાથી મ્હાલી શકે છે!! આ એક ખુલ્લો પક્ષપાત છે અને એવા પક્ષપાતથીજ સમાજની અવદશા થઇ રહી છે.

હું પ્રતિજ્ઞાપૂર્વક કહું છું કે અમારામાંની ઘણી સ્ત્રીઓને આ જીવન કંટાળાભરેલું લાગે છે. અમે આ નરકવાસ બિલકુલ પસંદ કરતી નથી. અમારો કોઇ ઉદ્ધાર કરનાર હોય તો જરૂર અમે સારે રસ્તે ચડી જવા તૈયાર છીએ; પણ એવું સદ્‌ભાગ્ય કયાંથી હોય કે હિન્દી સમાજની હજુએ આંખો ઉઘડે! અમને હલકાં ગણી અમારો તિરસ્કાર કરવામાં જ્યાં સુધી સમાજ પોતાની મહત્તા માને છે; ત્યાં સુધી તેની માઠી હાલત સુધરવાની નથી. અમારો ઉદ્ધાર કરો, અમને નરકમાંથી બહાર કાઢો; પછી જુઓ કે કયાં સુધી સમાજમાં ભયંકર રોગો ટકે છે? આપણા લોકો પોતાના સંતાનને સારૂં શિક્ષણ આપવા તરફ બેદરકાર રહે છે, તેથી તે નિર્બળ, અનાચારી, વિષયોનાં ગુલામ બને છે. માબાપના અત્યાચાર અને અનાદરથીજ તેમની પુત્રીઓ તથા પુત્રવધુઓ બજારમાં જઇ બેસે છે. વ્યભિચારી સંતાનો તેમના કુસંગમાં પડી પોતાનો તથા પોતાના કુટુંબનો નાશ કરે છે. સંતાનને સારૂં શિક્ષણ આપવાની શક્તિ કે સમય જેમનામાં ન હોય તેમણે બહેતર છે કે એ ધર્મકાર્યથી દૂર રહેવું. સંતતિને રોગી થઇ મરવા

માટે, વેશ્યા યા ખુની બનવા માટે, કંગાલ અને કાયર થવા માટે પેદા કરવી એ ભારી અસભ્યતા છે, ઘોર અત્યાચાર છે, ભયંકર પાપ છે.

જ્યાં વ્યભિચાર હોય ત્યાં વ્યસન, દરિદ્રતા અને આળસ, અવશ્ય હોય છે. ગુન્હાઓની અધિકતા પણ એ દુર્ગુણોમાંથીજ જન્મે છે. સમાજમાં નિર્બળ સ્ત્રીઓ અને પાપી પુરુષો હંમેશ રહે છે; પણ તેમને ઉંચું શિક્ષણ આપવામાં આવે તો વધારે અનર્થ થતો અટકે છે. જે ખરાબ રિવાજો સમાજમાં ચાલી રહ્યા છે તે પૂર્વજન્મના સંસ્કારથી હોય કે આ જન્મની ભૂલોથી હોય; પણ તેમાં સુધારો કરવો એ આપણા હાથમાં છે. લોકો પોતાની ભૂલો ઉપર ધ્યાન ન આપતાં–પોતાની કરણીને દોષ ન દેતાં–ભાગ્યની, પૂર્વજન્મના સંસ્કારની અને વિધાતાની વ્યર્થ નિંદા કરે છે. ભારતમાં વિવાહની રીત એવી બગડી ગઇ છે કે સ્ત્રીઓને વેશ્યાઓ બનવામાં એજ કારણભૂત બને છે. હું બીજાની વાત શા માટે કહું? મારો વિવાહ યોગ્ય પતિ સાથે કરવામાં આવ્યો હોત, મેં એ પતિનું જરા પણ સુખ જોયું હોત તો મારી આજ આ દશા નહોત. પતિના પ્રેમ પાછળ હજારો સ્ત્રીઓ બળી મુવાનાં દાખલા આ દેશના ઇતિહાસમાં મોજુદ છે. સીતા, દ્રૌપદી અને અનસુયાની ભૂમિમાં મારા જેવી લાખો વેશ્યાઓ આજ વાસ કરે છે એનું ખરૂં કારણ સમાજના અધમ રિવાજો અને ખોટાં બંધનો છે. મને મારી ભૂલ અત્યારે સમજાય છે, પસ્તાવો પણ અપાર થાય છે; છતાં એ પાપકર્મમાંથી છૂટવાને એકેય રસ્તો આ સમાજમાં મને મળતો નથી? શું સમાજ મારો સ્વીકાર કરે એમ છે? હું મારો અધમ ધંધો છોડી સમાજમાં

ભળવા માગું તો શું તે મને દાખલ કરી શકે છે ? અમને સુધારવાની કે શિક્ષણ આપવાની વાત તો બાજુએ રહી; પણ કેટલાક ધર્મનાં પૂંછડાંઓ અમારો તિરસ્કાર કરવામાં અને અમને વગોવવામાં બાકી રાખતા નથી ! નીતિ અને ધર્મનો ઇજારો તેમનેજ ઘેર હોય તેમ તેઓ અમને અનીતિમાન્ અને અધર્મી ગણવામાં મણા રાખતા નથી ! જો નીચ પુરુષો પોતાની પાશવતા કાબુમાં રાખતા હોય તો શું અમારી સંખ્યા વધી શકે ? શા માટે અમને કેવળ સ્ત્રીજાતિનેજ દંડ આપો છો ? કૃપા કરી અમને નરકમાંથી બહાર કાઢવા ફંડો સ્થાપો, સેવા સમિતિઓદ્વારા અમારે માટે આજીવિકાનાં સાધન ઉભાં કરો, અમારો તિરસ્કાર થતો અટકાવો, અમારી દયા ખાઓ અને અમે મનુષ્ય છીએ એટલું જાણો. આ કલંકિત હેવાલ પ્રકટ કરવામાં મારો એજ હેતુ રહેલો છે જેઓ આ વાર્તાથી અભડાઇ જતા હોય તેઓ સમાજના ઘોર શત્રુ છે; એમ હું ખુલ્લેખુલ્લું કહી દઉં છું. જેમનું હૃદય આ હેવાલથી ન કંપી ઉઠે તેઓ સમાજનું લોહી ચુસનારા રાક્ષસો છે એમ પણ જણાવી દઉં છું. બસ ! એટલુંજ.

૬ આશાની આત્મકથા.

હું મારો હેવાલ લખું ? હા જરૂર લખીશ. હજુએ મને તે દિવસો યાદ છે. મારા પિતા ઘોડે ચડી બબ્બે છોકરાં હોવા છતાં બીજીવાર વૃદ્ધાવસ્થામાં નવી સ્ત્રી પરણવા જતા હતા ત્યારે ઘણા ડાહ્યા માણસોએ તેમને સમજાવ્યા હતા, પણ તેઓને સાઠી બુદ્ધિ નાઠી જેવું હોવાથી કોઇનું કહેવું ધ્યાનમાં ઉતર્યું નહોતું. મારી નવી માતા શરૂઆતમાં તો અમને બન્ને બ્હેનોને સારી રીતે રાખતી હતી; પણ પાછળથી તેણે પોતાના જાતિસ્વભાવ ઉપર જવા માંડયું હતું. ઘરનું તમામ કામ અમે બે બ્હેનો કરતાં હતાં. અમારે ઘેર ખેતીનો ધંધો હતો. ઢોરઢાંખરની છૂટ હતી. રોજ સવારમાં વહેલાં ઉઠી છાણવાસિદું કરવું, પાણીનાં બેડાં લાવવાં, ગાયો–ભેંસોને પાણી પાઇ ખાણ ખવરાવી દોહવી અને પછી ભાત લઇ સીમમાં જવું એ અમારો નિત્યક્રમ થઇ પડયો હતો. ગામમાં એક કન્યાશાળા હતી, તેમાં હું બપોરના બબ્બે કલાક ભણવા જતી હતી, તેથી બાળપણમાં મને વિદ્યાના સંસ્કાર સારા પડયા હતા પણ મારી બ્હેનને એ લાભ મળ્યો નહોતો. તે મારા કરતાં બે વર્ષે મોટી હતી; પણ તેના વિવાહ બાળપણમાં કરી દીધેલા હોવાથી એ ઘણુંખરૂં પોતાને સાસરે રહેતી. એને સાસરામાં પણ ઘણું દુઃખ હતું. મારા પિતાએ વેવાઇના ઉંચા કૂળ ઉપર મોહિત થઇ મારી બ્હેનને કૂવામાં ઉતારી હતી. અમારા પાટીદાર લોકોમાં હજુ કૂળનું મિથ્યાભિમાન એવું ઘર કરી રહેલ છે કે અનેક અબળાઓના જીવનમાં તેનાથી ઝેર રેડાય છે. મને પણ મારા પિતાએ તે ઉંચું કૂળ જોવાના પોતાના સ્વભાવ પ્રમાણે એક બાવડીયા પતિ સાથે પરણાવી. મારા પતિ મારાથી બે વર્ષે ન્હાના

હતા. અમે પરણ્યાં ત્યારે તે ત્રીજી ચોપડી ભણતા હતા અને હું પાંચમી ચોપડી ભણતી હતી. મારા સસરા સ્ત્રી કેળવણીના હિમાયતી છે. તેમણે તરત પોતાની પુત્રીને અને મને આગળ અભ્યાસ વધારવા સારૂ ફીમેલ ટ્રેનિંગ કૉલેજમાં ભણવા મૂકયાં. અમે ત્યાં ત્રણ વર્ષ ભણી થર્ડિયર થઇ સ્ત્રી શિક્ષિકાઓ તરીકે બહાર પડયાં ત્યાં સુધીમાં મારા પતિ ગુજરાતી છઠ્ઠી ચોપડીના અભ્યાસ સુધી પરાણે પહોંચ્યા હતા. મેં તથા મારી નણંદે સરકારી સ્કૉલરશિપ ખાધી હતી એટલે અમારે હવે જેમ બને તેમ વેળાસર નોકરી ઉપર ચડી જવાની જરૂર હતી. મારી નણંદને શહેરમાં જગ્યા મળી હતી; પણ મારે દૂર એક ન્હાના ગામડામાં જવાનું હતું. મારા પતિને મારા લીધે પાંચ રૂપિયાના પગારની આસિસ્ટંટ માસ્તરની નોકરી નક્કી થઇ હતી. અમે સરસામાન લઇ રેલ્વે સ્ટેશન ઉપર આવ્યાં ત્યાં મારાં સાસુએ પોતાના ન્હાનકડા દીકરાને ગોદમાં ઘાલી ઘણી ઘણી શીખામણ દીધી. અને તેમાં મુખ્યત્વે એ બોધ સમાએલો હતો કે બૈરીને બરાબર કબજામાં રાખવી.

અમે નવી જગ્યા ઉપર આવી ચાર્જ તપાસી લીધો. ગામ તાલુકદારોનું હતું. વસ્તી ઉજળી હતી. અમે વાણીઆ બ્રાહ્મણના પાડોશમાં ઘર ભાડે લીધું હતું. મને શરૂઆતમાં કાંઇ અડચણ નડી નહિ; પણ પાછળથી મારા ધણીએ પોતાની માતાના શીખવ્યા પ્રમાણે પોતાનું ધણીપણું મારી ઉપર દાખવવા માંડયું. તેમને ગામના કેટલાક ખરાબ માણસોની મિત્રાચારી વધવા લાગી. દરરોજ ગામ બહાર ચાહ પાણી ને નાસ્તા થવા માંડયા. ઘરમાંથી પૈસાઓ પાણીના પ્રવાહ પેઠે ચાલવા લાગ્યા. પ્રથમ તો મેં સઘળું જોયાં કર્યું; પણ પછી મારાથી વધારે દિવસ એ સહન થઇ શકયું નહિ હું મારા પતિને કોઇ વખત કાંઇ કહેતી તો તત્કાળ તે મારા ઉપર છંછેડાઇ જતા

અને તું મને કહેનાર કોણ ? એમ કહી પુષ્પાંજલિ આપતા ! મારી પાડોશમાં એક વિદ્યારસિક બ્રાહ્મણનો પુત્ર રહેતો હતો. તેના જાણવામાં અમારા ઘરનો સઘળો વ્યવહાર આવી ગયો. તેણે મારા પતિને ઘણી શીખામણ દીધી. અને સારી રીતે ચાલવાનો બહુ બોધ આપ્યો; પણ તેનું કાંઇ સારૂં પરિણામ આવ્યું નહિ. તેઓ મને ઉલ્ટા વધારે દુઃખી કરવા લાગ્યા. ઘરમાંથી પૈસા ખૂટી રહ્યા એટલે મારાં ઘરેણાં વેચવાનો વ્યવસાય તેમણે આરંભી દીધો. મેં ઘણુંએ કલ્પાંત કર્યું, પણ કશું વળ્યું નહિ. ગામમાં મારી પ્રતિષ્ઠા સારી હતી, તે મારા પતિએ કમી કરવા માંડી. તેમના ખરાબ મિત્રો હવેતો મારે ઘેર આવવા લાગ્યા અને મારા રૂપ, ગુણ, વિદ્યા અને લાવણ્ય ઉપર કુદૃષ્ટિ કરી ચર્ચા કરવા માંડયા. મારા સંસારમાં જબરો અંધકાર હતો. મારા સ્વામી સાથે મારે મુદ્દલ મનમેળ નહોતો; છતાં મને મારો ધર્મ વહાલો હતો. તે લોકોમાંના કોઇ કોઈ મને ચળાવવાનો પ્રયાસ કરવાનું બાકી રાખતા નહિ, પણ હું તેમને રોકડો જવાબ આપવામાંયે કચાશ રાખતી નહિ. મેં મારા કાલીનાગણ જેવા સ્વભાવનો સર્વને એક વખત પરિચય કરાવી દીધો હતો. વધારે શું કહું ? મારા ઉપરી અધિકારી સાહેબને પણ એક વખત મારા અડગ ધર્મનું ભાન કરાવી દેવાનો મને એક પ્રસંગ મળ્યો હતો. એ નવી જગ્યાએ હાજર થયા પછી ત્રણ મહિને કેળવણી ખાતાના ઇન્સ્પેકટર સ્કૂલની પરીક્ષા કરવા આવ્યા હતા, લોકોમાં તેમના માટે કાંઈ સારૂં બોલાતું નહોતું. તેઓ વૃદ્ધ અને અનુભવી હતા; છતાં વિષય લંપટતાનો દુર્ગુણ તેમનામાં લાંબા વખતથી ઘર કરી રહ્યો હતો. કન્યાશાળાઓની ઘણીખરી સ્રીશિક્ષકાઓ તેમના એ સ્વભાવનો આડકતરો લાભ લીધા સિવાય રહેતી નહોતી. લોભીયા હોય ત્યાં ધુતારા ભૂખે ન મરે એ ન્યાયે તે

સાહેબનું ટટ્ટુ ઠીક ચાલતું હતું. તેઓ નિત્ય નવી નવી કેળવાએલી શિક્ષિકાઓનો સત્કાર પામતા જતા હતા અને પોતાની પાશવવૃત્તિને સંતોષતા જતા હતા. મને ઘણીવાર વિચાર આવતો કે આવા વ્યભિચારી ઇન્સ્પેક્ટરોથી કન્યા કેળવણીનું શું ભલું થવાનું છે? પણ મારા હાથમાં કાંઇ સત્તા નહોતી કે હું તેને સસ્પેન્ડ કરી શકું. હું તો તે દિવસથી કહેતી હતી અને હજુએ પણ કહું છું કે જ્યાં સુધી એવા નીચ વિષયાંધ અધિકારીઓ સ્ત્રીસંસ્થાઓમાં અધિકાર પદે હશે ત્યાં સુધી તેમાંનો સડો દૂર થવાનો નથી. મારી પેઠે શિક્ષિકાઓનો ધંધો કરનારી મારી ઘણી બ્હેનોને નિરૂપાયે પોતાના ધર્મને લુંટાવવાના પ્રસંગો મારા સ્મરણમાં છે. મણિપુર કન્યાશાળાની હેડમિસ્ટ્રેસ મારી સાથે કૉલેજમાં હતી, તે બિચારીને તે સાહેબે બે ત્રણ વર્ષ ખરાબ રિમાર્ક લખી છ, છ મહિને નવાં નવાં દૂરના ગામોએ બદલી કરાવી એવી હેરાન કરી કે આખરે તે બાઇને એ અધમ અધિકારીની પાશવતાને સંતોષવાની નિરૂપાયે ફરજ પડી. મનુષ્ય બિચારૂં નિર્બળ પ્રાણી છે. ખાડા સંજોગોમાં ધર્મનું અડગ હથિયાર તેના હાથમાં રહી શકાતું નથી. તેમાંયે અમે તો અબળાઓ! લાલચો ને લોભની સામે ટકી રહેવાનું અમારામાં ક્યાંથી મનોબળ હોય? અમારા પતિદેવો અમારી કમાઇ ખાવા ઇચ્છા કરે, અમને પારકી નોકરી અને તાબેદારી કરાવી આજીવિકાનું સાધન વધારવા તૈયાર થાય, પરપુરુષોની લાલચોને વશ થવા જેવી સ્થિતિમાં અમને મૂકે અને અમારી પાસે ખોટી સભ્યતાનો ડોળ કરાવે; પછી તેઓ ઉંચા પતિવ્રત ધર્મની અમારી પાસે આશા રાખે એ શી રીતે બને? પતિ માથે હયાત હોવા છતાં સ્ત્રીને રળવાની ચિંતા રાખવી પડે એ શું હિન્દુસંસારની કમનસિબી નથી? અમારો ધર્મ પૈસા પેદા કરવાનો

નથી. સંતાનને ઉછેરવાની અને સ્વામીના સંસારને સ્વર્ગ સમાન બનાવવાની અમારી મુખ્ય ફરજ છે. જેટલે અંશે એ ફરજમાં અમને ચૂક કરાવવામાં આવે છે, તેટલે અંશે સમાજની અધોગતિ થાય છે. મારા સ્વામીને માસિક પાંચ રૂપિયાનો પગાર હતો અને મને દરમહિને પચ્ચીસ મળતા હતા. આથી એમ સમજવાનું નથી કે હું સ્વામી ઉપર સરસાઇ ભોગવતી હતી. હું તો હંમેશ નમ્રભાવે તેમની આજ્ઞા ઉઠાવી તેમના તરફની પજવણીને પણ સહન કરી લેતી હતી. જો કંઇ અયોગ્ય આચરણ થશે તો મારી વિદ્યા વગોવાશે, એ બાબતની મને નિરંતર ચિંતા રહ્યા કરતી હતી. મને સ્વામી તરફનું જરાયે સુખ નહોતું; છતાં મારામાં ધર્મનું ઝનુન દૃઢ હતું અને એ ઝનુનને લીધેજ હું લાલચોને લાત મારી શકતી હતી. મારા અડગ મનોબળથી અમારા એ ઇન્સ્પેકટર આશ્ચર્ય પામી ગયો અને તેણે મને ખૂબ ધમકી આપી સ્કૂલની વિઝિટબૂકમાં તથા ઇન્સ્પેકશન રિપોર્ટમાં મારા માટે ખરાબ શેરા કર્યા. તત્કાળ મારી બદલી થઇ. મેં બીજી જગ્યાનો ચાર્જ લીધો એટલે તે રડયો ત્યાં પણ મારી ખરાબ વિઝિટ કરવા ઘોડે ચડીને આવ્યો.

ગામના ચોરામાં તેને ઉતારો આપવામાં આવ્યો હતો. સાંજે સ્કૂલ ટાઇમ પછી મારૂં દફતર તેણે જોવા મંગાવ્યું હતું. હું તે બતાવતી હતી. પટાવાળો રસોડામાં રાંધતો હતો. બહારના ખંડમાં અમારા બે સિવાય કોઇ નહોતું. તે દુષ્ટ મારી સાથે વાતે વળગ્યો. પોતાની ઇચ્છા તૃપ્ત થાય તો અનેક લાભ અપાવવાની મને લાલચ દેખાડવા લાગ્યો. તેની આંખ, ચહેરો ને ચાળા જોઇ મને ભય પેદા થયો. આખરે તેણે નજીક આવીને મારો હાથ પકડયો અને મારા મોઢા આગળ પોતાનું કાળું મોં આણ્યું. મેં જોરથી હાથ તરછોડયો અને

હું જીવ લઇને નાઠી. તે દુષ્ટે મારો ખ્યાલ છોડયો નહિ. રાત્રે પોતાના પટાવાળાને તેણે મારી પાસે વકિલાત કરવા મોકલ્યો. એણે મને શિખામણ આપતાં કહ્યું કે—' જો સરકારની નોકરી કરવી હોય તો ઉપરીની મરજી સાચવવી જોઇએ, બધી મહેતીજીઓ આ સાહેબને ખુશી રાખે છે અને વતનમાં નોકરી કરવાના તથા પ્રમોશનો મેળવવાના મન માનતા લાભ મેળવે છે. તમે તરૂણ છો, રૂપાળાં છો. જો સમયને ઓળખી કામ લેશો તો સુખી થશો; બાકી આવી ખોટી હઠ રાખશો તો ખાતામાં એક પણ દિવસ ટકી શકશો નહિ.' તેના એ શબ્દોથી મારો મિજાજ ગયો. મેં તેનો ઉપડતા સાદે તિરસ્કાર કર્યો—' જા, જા, હરામી! તું આવા સંદેશા લઇ મારા ઘરમાં પગ મૂકીશ નહિ. મારે મારો ધર્મ સાચવવો છે. મારી નોકરી કાલે જતી હોય તો ભલે આજે જાય.'

એ પટાવાળો મુંગે મોઢે તત્કાળ ચાલ્યો ગયો અને બીજે દિવસ સવારમાં સાહેબે ત્યાંથી મુકામ ઉપાડયો. તેના ગયા પછી આઠ દિવસે મને બદલીનો હુકમ મળ્યો. મારા ઉપર કેટલાક ખરાબ આક્ષેપો મૂકવામાં આવ્યા હતા. મારી વર્તણુક બાબત ખાતામાં નનામી અરજીઓ આવી છે એમ તેમાં જણાવવામાં આવ્યું હતું. આ વખતની મારી બદલી ઘણા ખરાબ પાણીવાળા ગામે કરવામાં આવી હતી. અમે ત્યાં ગયાં કે તરત મને તાવ ઉપડયો અને મારા સ્વામીને એકાએક ત્રિદોષ થઇ આવ્યો. રેલ્વે સ્ટેશન દૂર હતું. ગામમાં તાર કે પોષ્ટનુ સાધન નહોતું. મારે મારા સ્વામીની બિમારીના સમાચાર પણ શી રીતે મોકલવા? ગામમાં ન મળે કોઇ વૈદ્ય કે ડૉક્ટર! દવાદારૂની સગવડ તો હોયજ ક્યાંથી? લોકો પણ એવા વિચિત્ર હતા કે તેમના તરફની સહાનુભૂતિની અમને મુદ્દલ આશા નહોતી. મારા સ્વામીની

બિમારી દિવસે દિવસે વધવા લાગી અને એક અઠવાડીઆમાં તો બધું સમાપ્ત થઇ ગયું. મારા સૌભાગ્યને સદાને માટે હણીને તેઓ સ્વર્ગે સિધાવી ગયા. મારા ઉપર દુઃખનું વાદળ તૂટી પડ્યું. અજાણ્યા ગામમાં ન મળે કોઇ સહાયક કે ન મળે કોઇ ધૈર્ય દેનાર! પાડોશીઓએ મારા સ્વામીનો અંત્યવિધિ કર્યો અને મેં કાળજું કઠીન બનાવી ચુડીકર્મ કર્યું. થયું. મારા મથુર પટેલ સદાને માટે મારાથી વિદાય લઇ ચાલ્યા ગયા. એમનું નામ મથુરદાસ અને મારૂં નામ આશા છે; એ મારે અહીં જણાવી દેવું જોઇએ. અમારા ચરોત્તરના પાટીદારો અમારો મૂળ ખેતીનો ધંધો મૂકી દઇ આમ નોકરીઓને નાદે ચડ્યા છે, એ મને તો ઠીક નથી લાગતું. તેમાંએ બૈરાંઓને નોકરીઓ કરાવવામાં તો તેમણે ગંભીર ભૂલ કરી છે. હું મોટા ઘરની દીકરી અને કૂળવાન ઘરની પુત્રવધુ હોવા છતાં પરદેશમાં મારા પતિના અવસાન વખતે જે દુઃખી થઈ છું, તે ઉપરથી મારો તો નિશ્ચય થયો છે કે સ્ત્રીઓએ નોકરી નિમિત્તે ગામે ગામ ભટકવું એ સમાજની મોટી અવદશા છે. હું રજાનો રિપોર્ટ કરી મારો સરસામાન લઇ ઘેર આવી. મારી સાસુએ મારે માથે પસ્તાળ પડી. એમના પુત્રના અવસાનનું આળ મારે માથે ચઢ્યું. ભણેલી રાંડો વંઠી જાય છે, એમ કહી મારા ધણીને મારનારી હુંજ છું એમ તેમણે જાહેર કર્યું.

જેણે પૂર્વે અનેક જાતનાં પાતક કર્યાં હોય તેને હિન્દુ સંસારમાં વિધવા જીવન ગુજારવું પડે છે. મારા માટે એક વર્ષ સુધીનો કારાગારવાસ નિર્માણ થયો. ટાઢુંશીળું ખાવાનો, પથારીએ સુઇ રહેવાનો, જાડાં, કાળાં લૂગડાં પહેરવાનો અને વ્રત, ઉપવાસ કરવાનો મારા માથે ફરજિયાત કાયદો લાગુ પાડ્યો. હું વસ્ત્રાભૂષણ વિનાની બાવળીઆ જેવી બની ઘરમાં ઘંટી–ખારણીઓ કરતી હતી; ત્યારે મારી પ્રૌઢ

સાસુ દરરોજ નવાં નવાં વસ્ત્રોમાં સજ્જ થઇને દેવદર્શને કે અન્યત્ર સગાંવહાલાંઓને ત્યાં જતી હતી. મારા ધણીના સ્વર્ગવાસથી મારો સંસાર ધુળમાં મળ્યો હતો; એટલે જેટલું મને દુઃખ હતું; તેટલું મારાં સાસુને નહોતું. તેમને બીજા ચાર દીકરાઓ હતા. ભવિષ્યમાં તેમનાથી તેમના કોડ પૂરા થવાની આશા હતી. મારી આશાનો અંત આવી ગયો હતો, એટલે મારૂં જીવન મને અકારૂં થઇ પડ્યું હતું. ઘરમાં ને બહાર હું હલકી મનાવા લાગી હતી. સવારમાં ઉઠીને કોઇ મારૂં મોઢું જોતું નહોતું કે કોઇ મારા શુકન લેતું નહોતું.

ધીમે ધીમે એવા દુઃખના દિવસોએ વીતવા લાગ્યા. મારા દુઃખ ઉપરથી મને સમગ્ર સ્ત્રી જાતિના દુઃખની કલ્પના આવી. હિન્દુ સમાજમાં વિધવાનું સ્થળ ક્યાં છે એનો મેં શાંત ચિત્તે વિચાર કર્યો અને પછી તેમના ઉદ્ધારને માટે એક આદર્શ વિધવાશ્રમ ખોલવાનો નિશ્ચય કર્યો. સ્ત્રીઓના જીવનના પ્રશ્નો એ દેશના મહાપ્રશ્નો છે એમ મેં માની લીધું. સ્ત્રી જીવનની પ્રભુનિર્મિત ભવ્યતા આપણી સમાજ વૃથા ગુમાવી દે છે, એનો મને ઘડીભર ખ્યાલ આવ્યો. અનેક બાળવિધવાઓ અજ્ઞાનમાં સડે છે, તેમને અનેક નરપિશાચો મલિન યુક્તિજાળમાં સપડાવી તેમની નિર્દોષતાનો અવળો લાભ લઇ તેમના જીવનમાં ઝેર રેડે છે, એ તરફ મારૂં લક્ષ્ય ગયું. તત્કાળ મેં એક યોજના ઘડી કાઢી અને ગુજરાતના દાનવીર શ્રીમંતો આગળ એક અપીલ રજુ કરી. મને તેનો ઘટતો જવાબ મળી ગયો. મેં તરત એક આશ્રમની શરૂઆત કરી, આ આશ્રમવાસી બ્હેનોનું પુણ્યજીવન વૃદ્ધિ પામે એ મારો અભિલાષ છે. મેં તેના નિર્વાહ માટે ફંડમાંથી થોડી જમીન ખરિદી છે. આશ્રમમાં દાખલ થએલી વિધવાઓની સંખ્યા બે વર્ષના પરિણામ રૂપે ૨૦૦ ની આવી છે. ગુજ-

રાતના વૃથા વહી જતા વિધવાજીવનોને આ આશ્રમ આશ્રય આપી રહેલ છે. મને એને માટે આશા બંધાય છે કે ઇશ્વર ઉપરની અડગ શ્રદ્ધાના બળે ઉભું થએલું આ લોકહિત માટેનું મહાકાર્ય સદા ચઢતીના શિખરેજ જશે. હું અને મારી આ આત્મકથા વાંચનાર સહુ મહાકાળનાં રમકડાં છીએ. સંસારમાં ચાર દહાડા રમી કૂદી આપણે કયા અભિલાષ પૂરા કરી શકીએ? આપણા આરંભતો દમ વગરના નિર્જીવ! વિધવાઓ આપણા સમાજનું એક અંગ છે. પોતાનું મનુષ્યત્વ એ ખીલવી શકે એટલું એમને જ્ઞાન પોષણ આપો અને પછી એમના મહા પ્રશ્નોનું નિરાકરણ કરવાનું એમનેજ સોંપો. હાલ તો કોઇ વિધવા થઇ એટલે ઘરનું એક મુંગું પશુ વધ્યું, વિધવા થઇ એટલે ઘરમાં એક લાગણી વિનાની ગુલામડી વધી, વિધવા થઇ એટલે સમાજનો બહિષ્કાર મળ્યો, વિધવા થઇ એટલે સર્વના તિરસ્કારનું પાત્ર બની. જ્યાં સુધી આ સ્થિતિમાં સુધારો નહિ થાય ત્યાં સુધી સમાજની દશા સુધરવાની નથી. પ્રભુની ઇચ્છા વિધવાઓને વિસરવાની નથી. મને ઘણા તરૂણ સમાજસેવકો પૂછે છે કે—'અમે શું કરી શકીએ?' આ પ્રશ્ન તેમની નિર્બળતા સૂચવે છે. એ નિર્બળતાના ખડક ઉપર આપણી કેટલીએ જીવન નૌકાઓના ચુરેચુરા થતા જાય છે. આપણે ઘણું કરી શકીએ. પશ્ચિમના બજારોમાં જતી લક્ષ્મીને આપણી ગૃહલક્ષ્મીઓદ્વારા પાછી લાવી શકીએ. આપણા દેશની પુતળીઓ જેવી અજ્ઞાન અબળાઓને આપણે સરસ્વતીઓ બનાવી શકીએ. આપણા દેશની જડ મૂર્તિઓ જેવી હજારો વિધવાઓને આપણે સજીવ સ્મૃતિરૂપ પ્રભુમૂર્તિઓ બનાવી શકીએ. એ દેવીઓને શું આપણે રૂઢીનાં બંધનો નીચે છુંદી મારતાં નથી? એમના જીવનમાં શું આપણે વિષમ યંત્રણાઓ ઉભી કરતાં નથી? મંદિરોમાં ને દેવ-

સ્થાનોમાં ધર્મ—વૈરાગ્યની વાતો કરાય છે; પણ આપણી સમાજ વિધવાઓને ક્યાં એવી અનુકૂળતાની યોજના કરી આપે છે? ગુજરાતમાં ઘેર ઘેર વધતી જતી વિધવાઓની આર્ત્તવાણી સાંભળી અડગ ધૈર્યવાળા દેવો પણ રડી જાય છે! છતાં પાષાણ હૃદયના કેટલાક પુરુષોને તેની બિલ્કુલ અસર થતી નથી. તેઓને સ્ત્રીઓની કિંમત જ જ્યાં જણાતી નથી ત્યાં વિધવાઓની દશાનો ખ્યાલ તેમને ક્યાંથી આવે? મારા જાતિ અનુભવ ઉપરથી હું કહુંછું કે સ્ત્રી સમાજની ઉન્નતિ વિના દેશની ઉન્નતિ અશક્ય છે. ગુજરાતમાં સ્ત્રી જીવનનો પ્રશ્ન કેટલો વિચારણીય છે એ દેખાડવા માટે મેં આ વિધવાશ્રમની યોજના યોજી છે. ઘણી શ્રીમંત વિધવાઓ પોતાના પતિએ મૂકેલા દ્રવ્યનો દુરૂપયોગ કરી ગોસાંઇ બાવાઓની પધરામણીઓ કરવામાં અને શ્રીનાથજીમાં જઇ 'ભયો' કહેવરાવવામાં પોતાના કર્તવ્યની ઇતિશ્રી માને છે, તેમને મારી નમ્ર વિનતિ છે કે પોતાની દુઃખી બ્હેનોના આત્મ કલ્યાણ માટે તેમણે પોતાના દ્રવ્યને ખર્ચવાની પદ્ધતિ હાથ ધરવી જોઇએ. આજકાલ યાત્રાઓ નિમિત્તે, મહારાજોને ધરાતી ભેટો નિમિત્તે, કૃષ્ણલીલા અને ઢાઢીલીલાના ઉત્સવો નિમિત્તે અને હવેલીઓ નિમિતે જે નાણું ખરચાય છે તેમાંનો થોડો ભાગ પણ આવા વિધવાશ્રમો પાછળ ખર્ચાતો હોય તો જરૂર ગુજરાતની ગૃહદેવીઓમાં જ્ઞાનનો સુર્ય ઉગે. મેં બાળપણમાં ઘણું દુઃખ વેઠ્યું છે સાવકી માતાના હાથ તળે ઉછરવાથી મને ઘણો કડવો અનુભવ થયો છે. છોકરીયોને પતિ સાથે સંસાર માંડીને શું શું સહન કરવું પડે છે તે તો મારૂં હૃદયજ જાણે છે. અજ્ઞાન નણંદો, વ્હેમી સાસુઓ, અને મૂર્ખ પાડોશણો ન્હાની વહુઓના જીવનની કેટલે દરજ્જે પાયમાલી કરે છે, તે મેં નજરે જોયું છે. સંસારનાં નાનાં-મોટાં દુઃખો

વહેતાં જ્યારે સુખનો વખત આવવાનો થાય છે, ત્યારે વૈધવ્યનું ચક્ર ભાગ્યરેખા ઉપર ફરી વળે છે. એકાદ સ્ત્રી વિધવા થઇ એટલે તેણે સમાજનો મહાન્ અપરાધ કર્યો હોય તેમ સર્વ કોઇ તેના તરફ તિરસ્કારની નજરે જુએ છે. આ બધા સ્ત્રી જીવનના નાજુક પ્રશ્નોને હાથ ધરી તેમાં યોગ્ય સુધારાઓ કરવાની શું સમાજને હજુ જરૂર નથી જણાતી ? મારા કન્યા જીવનમાં, સ્ત્રી જીવનમાં, શિક્ષિકા તરીકેના જીવનમાં અને આ વૈધવ્ય જીવનમાં મને જુદા જુદા અનુભવો થયા છે. હું એ બધા અનુભવો ઉપરથી સમાજને માત્ર એકજ વિનતિ કરવાની રજા લઉછું કે સ્ત્રીઓની ઉપેક્ષા જે હાલ સર્વત્ર ઘર કરી રહી છે, તેનો જેમ બને તેમ વેળાસર ત્યાગ થવો જોઇએ. રૂઢીનાં માઠાં બંધનોએ અને સમાજના વધતા જતા સડાઓએ હિન્દુઓના સંસારની આટલી અધોગતિ કરી છે, છતાં એ બંધનો કાપી નાંખવાની અને એ સડાઓ દૂર કરવાની કોઇની હિમ્મત ચાલતી નથી. વિધવાઓનું વજન તેમનાં કુટુંબોમાં સચવાતું હોય, તેમને જ્ઞાન અને કેળવણી આપી તેમના જીવન પ્રવાહને શુભ માર્ગે વહેવડાવવામાં આવતો હોય, તેમના આદર્શોને ભવ્યતા અર્પી જીવનમાં સાધુતા જન્માવવામાં આવતી હોય તો એમનાં ઘર એજ એમનાં સેવાનાં સ્થાનો છે; પણ જ્યાં સુધી એવું ન બને ત્યાં સુધી આવા આશ્રમોની ખાસ આવશ્યકતા છે. કોઇ વખત અવકાશ મળે તો આ રંક આશાના વિધવાશ્રમની મુલાકાત લઇ તમારા દ્રવ્યનો સદુપયોગ કરજો અને આશ્રમમાં ચોંટાડેલી આ આત્મકથા વાંચી તમારો અભિપાય પ્રકટ કરજો. ઇતિ.

---

૭ શ્યામાની આત્મકથા.

મ્હારૂં નામ શ્યામા છે. મારા શરીરનો વર્ણ કાળો હોવાથી માતાપિતાએ એ નામ પાડયું હશે એવી હું કલ્પના કરૂં છું. મારે કપાળ છે, કપોલ છે, નાક છે, કાન છે, કંઠ છે, ચક્ષુ છે, ઓષ્ઠ છે, કક્ષ છે, વક્ષ છે, જંઘા છે—સર્વ છે; પણ રૂપ નથી. યૌવનના આંગણામાં પગ મૂકતી સ્ત્રીઓને જે જે હોવું આવશ્યક છે, તે સર્વ મારામાં છે; પણ કેવળ રૂપ નથી. દર્પણમાં પ્રતિબિંબ જોતાંજ આ વાતની મને ખાત્રી થાય છે. આ અવસ્થામાં પશુયોનીની માદાઓને પણ રૂપ હોય છે અને માણસોના સંબંધમાં તો સર્વનું કહેવું એવું છે કે આ અવસ્થામાં પુરુષ કે સ્ત્રી દરેક જણ સુન્દર દેખાય છે; છતાં મારા કિસ્મતની કઠીનતા છે કે યુવાવસ્થામાં આવ્યા છતાં મારામાં રૂપ નથી ! મારો રંગ કાળો છે; પણ તે કોલસાની ખાણોમાં કામ કરનારા મજુરોના જેવો કાળો નથી. દીવાળીના તહેવારો પાસે આવતાં તમારી સ્ત્રી રોષથી તમને અલંકાર ઘડાવવાનું કહે અને તે ઘડાવવામાં તમે અસમર્થ હો ત્યારે તમારૂં હૃદય જેવું અંધકારમય કાળું બની જાય; તેવોજ મારા શરીરનો કાળો રંગ છે.

હું પરણેલી છું એ કહેવાની કાંઇ આવશ્યકતા નથી, મારા પતિ મારા ઉપર પ્રેમ રાખે છે કે નહિ એ જાણવાનો અવસર મને મળ્યો નથી; પણ પ્રત્યેક દીવાળીએ તેઓ મને એક ગુલાબી રંગની સાડી લઇ આપે છે, એ તો નક્કી છે. માત્ર આ ગઇ દીવાળીએ હું સાડી મેળવી શકી નથી. મારા પતિ એક સાડી ખરિદી લાવ્યા હતા; પણ તે મને આપવાને બદલે અમારા પડોશમાં રહેતી 'રૂપાળી' ને

'આપી આવ્યા છે. ' રૂપાળી ' ખરેખરી રૂપાળી છે. તેને હજુ કાંઈ સંતાન થયું નથી. તેનો પતિ મુંબઇની એક કોલેજમાં ભણે છે. મારા પતિ તેના મિત્ર હોવાથી કદાચ આ દીવાળીએ મિત્રપત્નીને એ ' નવા વર્ષનું નજરાણું ' આપ્યું હશે.

પણ લોકો એ રૂપાળીના સંબંધે કાંઇ સારૂં બોલતાં નથી. જ્યાં જોઇએ ત્યાં તેના દુરાચરણ માટેની ચર્ચા થાય છે. કદાચ દુનિયાને એના રૂપની ઇર્ષ્યા આવતી હશે! મારા સ્વામી આજકાલ એનામાં એટલા બધા લોભાઈ ગયા છે કે તેઓ મને કદી બોલાવતા પણ નથી. હું રાત્રે મોડીરાત સુધી તેમની રાહ જોતી જાગતી બેસું ત્યારે તેઓ બ્હારથી આવે અને તરત કાગળ લઇ ટેબલ પાસે લખવા બેસી જાય. ન સ્વીકારે મારી સેવા કે ન સાંભળે મારી કાંઇ વાત!

ધીમેધીમે કામ વધતું ચાલ્યું. રાતના ત્રણ વાગે ત્યાંસુધી હું ઘરમાં એકલી રડું-કકળું અને અંતે થાકીને સૂઈ જાઉં. મારી જાતને અને મારા કુરૂપને હું ઘણીએ ગાળો દઉં; પણ તેથી શું વળે? હવે તો એમણે દિવસે પણ રૂપાળીને ઘેર જવા માંડ્યું અને લોકો તેમની વાતો કરે તેની દરકાર તદ્દન છોડી દીધી. કોઇ વખત હું પાણી ભરીને આવતી હોઉં કે દેવદર્શન કરવા જતી હોઉં અને રૂપાળી સામી મળે તો ગર્વમાં એવું મોં મચકોડે કે હું ઉભી ને ઉભી બળી જાઉં! હું સ્ત્રી છું, મારામાં ઇર્ષ્યાના એટલા અંકુર ન ફૂટે? રૂપ ન હોવા છતાં મારા સ્વામી ઉપર પહેલો અધિકાર મારો છે!!

પણ હું બહુ કુરૂપા નથી એમ માનવાને મને કેટલાંક કારણો મળે છે. જે વખતે હું નવી સાડી પહેરી ઘુમટો કાઢી બહાર નીકળું છું તે વખતે પુરૂષો મારૂં રૂપ જોવાની ઇચ્છાથી આંખો ફાડીને મારા સામે જોઇ રહે છે. મને એ વેળા મારા રૂપનો કાંઈક ગર્વ થાય છે.

જે આપણું પોતાનું નથી તે સારૂં અને સુન્દર લાગે એવો એક મનુષ્યના હૃદયનો સ્વભાવ છે. સહુને બે આંખો છે; પણ સર્વ આંખોને દરેક ચીજ એક સરખી સુન્દર દેખાતી નથી. મારી મા મને જે દૃષ્ટિએ જુએ છે તે દૃષ્ટિએ મારી સાસુ મને જોતી નથી. મારી બ્હેન મને જે દૃષ્ટિએ જુએ છે તે દૃષ્ટિએ મારી નણંદ મને જોતી નથી અને મારા સ્વામીનો મિત્ર કૃષ્ણદાસ મને જે દૃષ્ટિએ જુએ છે, તે દૃષ્ટિએ મારા સ્વામી મને જોતા નથી, આ એક મોટી વિષમતા છે અને વિષમતામાંજ સમાજની વ્યવસ્થા છે.

જ્યાંસુધી કૃષ્ણદાસનાં પગલાં અમારા ઘરમાં નહોતાં થયાં ત્યાં સુધી મારૂં મન મારા સ્વામીના પ્રેમમાં અભિન્ન હતું. લગ્નની પ્રતિજ્ઞાનો એના આવ્યાં પછી નાશ થયો. જીવનમાં એવો ફેરફાર કેમ થયો એ હું કહી શકતી નથી. શું હું એના ઉપર પ્રેમ કરતી હતી? જ્યારે એ મારી પાસે આવતો ત્યારે મારૂં શરીર મોહના તાપથી ઉત્તેજિત થતું. પ્રેમ કહો, મોહ કહો કે ભ્રમણા કહો—પણ તેને જોતાંજ મારા હૃદયમાં એક પ્રકારનો તનમનાટ ઉત્પન્ન થતો.

કહેતાં હૈયું ઘણું વલોવાઈ જાય છે. હૃદયના ટુકડે ટુકડા બને છે. એક દિવસ અમે એકાંતમાં બેઠાં હતાં. કૃષ્ણદાસ એકદમ મારા ઉપર મોહાંધ થયો. તેના શરીરનો વર્ણ પણ કાળો હતો. મારા સ્વામીને ઇંદ્રના રૂપની સાથે સરખાવું તો કૃષ્ણદાસને મારે જીવતો—જાગતો જમ કહેવો જોઈએ; છતાં તેને જોતાં મારૂં હૃદય ખેંચાતું. તેણે એકાએક મારો હાથ પકડયો. તેના સ્પર્શથી મારા હૃદયમાં અને આખા શરીરમાં કંઇ કંઇ થવા લાગ્યું. વાયુના આઘાતથી વેલી કંપે તેમ હું કંપવા લાગી. એક પણ શબ્દ મારાથી બોલી શકાયો નહિ. તે વખતે હું ભાનમાં હતી કે બેભાન હતી એ કાંઈ કહી

શકતી નથી; પણ મને બહાર જવાની કે તેના હાથમાંથી છૂટવાની બુદ્ધિ સૂઝી નહિં. મારૂં જીવન-સર્વસ્વ મેં ગુમાવ્યું. 'રૂપાળી' સ્વામીની દૃષ્ટિમાં અપૂર્વ હતી અને હું કૃષ્ણદાસની દૃષ્ટિમાં અપૂર્વ બની. ધુળની માફક મેં મારૂં સઘળું વાયુના પ્રવાહમાં ઉડાવી દઇ નષ્ટ કર્યું. જે ભાગ્યમાં હોય છે તે બન્યા કરે છે એમ કહી ઘણુંયે મન વાળું છું; પણ હૃદયનો તાપ અત્યારે શમતો નથી.

ભાનમાં આવતાં તે વખત હું તરત બેઠી થઇ અને મેં કૃષ્ણદાસને એક શબ્દ પણ બોલ્યા વિના એ ઓરડામાંથી ચાલ્યા જવાનું કહ્યું. એ ત્યાંથી ચાલ્યો ગયો. જ્યાંસુધી તે અપરિચિત હતો, ત્યાં સુધી હૃદયમાં આવા પાપી સંસ્કારો ઉદ્ભવ્યા નહોતા; પણ આજે એક પળમાં મારૂં સર્વસ્વ લુંટાઇ ગયું. મોહના છૂપા ઝેરે મારા જીવનમાં ઝેર રેડી દીધું. જેમાં હું અમૃત માનતી હતી, તેમાં હળાહળ વિષ દેખાયું. ઇશ્વરની પૂજામાં ઉપયોગી થનારૂં ફૂલ એક પાપીના પગતળે છુંદાયું. માણસના મનનો કોઇ કોઇ વખત કેવો વિપરીત ફેરફાર થાય છે ?

મારૂં હૃદય મારી પાપપ્રવૃત્તિને બરાબર જોઇ શકતું હતું. મારા અંતઃકરણમાં મને ઘણો પરિતાપ થયા કરતો હતો. હું એ દારૂણ દુરાચરણના અગ્નિમાં બળતી હતી. પ્રત્યેક પળે મને એ ઘોર પાપ ડંખ્યા કરતું હતું. કૃષ્ણદાસ અમારા ઘરમાં આવતો હવે તો બંધ થઇ ગયો હતો; પણ આ પાપ મારા સ્વામીથી છૂપું રહી શક્યું નહિ. એક ભયાનક પળે એ કૃત્ય તેમના જાણવામાં આવી ગયું. એકાએક તેમનો ચહેરો ફરી ગયો. તેઓ ક્રોધ કરી બોલ્યા—" દુષ્ટા! તેં મારા વિશ્વાસનો ભંગ કર્યો છે. તારે અત્યારે ને અત્યારે આ ઘર ખાલી કરી ચાલ્યા જવું."

સમાજમાં પુરુષની જેટલી સત્તા છે, તેટલી અમ સ્ત્રીજાતિની નથી. પુરુષ ગમે તેવો સ્વચ્છંદી હોય; છતાં તે ઘરમાં રહેવાને હકદાર છે અને એક સ્ત્રી જાણ્યે અજાણ્યે એકાદ ભૂલના પરિણામે કાંઇક માઠું કરી બેસે તો તેને ઘર બહાર કાઢી મૂકવામાં આવે છે! શું આ ન્યાય છે? સંસારમાં ભૂલ નથી કોણ કરતું? ભૂલોથી જ માણસ ઘડાય છે. તો પછી મારી ભૂલનો આવો આકરો દંડ શા માટે? નીતિ અને ધર્મનાં સૂત્રો પાળવા માટે શું એક સ્ત્રીજાતિજ બંધાએલી છે? પુરુષો ગમે ત્યાં ફરેહરે, ગમે તે કરે; છતાં તેને કોઇ પૂછતું નથી અને બિચારી સ્ત્રીની માટી હલકી; એટલે તેને માથે સૌ ટોપલો ધુળ નાંખે છે! દુનિયાનો આ અન્યાય તો જુઓ! સમાજની પડતી અને હિન્દુગૃહસંસારની અવ્યવસ્થા થવાનું ખરૂં કારણ એક સરખા ધાર્મિક સંસ્કારોની ખોટ છે. જે નીતિ સ્ત્રીઓએ પાળવાની છે, તેજ નીતિ પુરુષોએ પણ પાળવાની છે. મારા સ્વામી રૂપાળીમાં મોહવશ ન થયા હોત તો હું કદી પણ આવી ભૂલના નિમિત્તરૂપે ન થાત. સમાજમાં ઘણી ગરિબ સ્ત્રીઓને બગડવાનો રસ્તો પુરૂષોજ સરલ કરી આપે છે. વ્યભિચારી પુરુષની સ્ત્રી વેશ્યાથી પણ અધમ બને તો તેમાં વાંક કોનો? હું દોષિત છું. હું કલંકિની છું; પણ શું તેનું પ્રાયશ્ચિત ન થઇ શકે? મારા અપરાધનો ન્યાય શું સમાજ ન અપાવી શકે? પુરુષો અમને મીઠીમીઠી વાગ્જાળમાં ફસાવે છે, અમારૂં જીવનધન હરી લેછે અને પછી અમારો તિરસ્કાર કરે છે. શિક્ષણના દોષથી તેઓ પ્રથમ પતિત થાય છે અને પછી અમને પતિત બનવા જેવી સ્થિતિમાં મૂકે છે. મારા સ્વામીએ મને સ્નેહથી બોલાવી હોત, મારી ઉપેક્ષા ન કરી હોત તો શું મારૂં આવું અધઃપતન થઇ શકત? જે સુખ આરંભમાં અને પરિણામમાં પોતાની બુદ્ધિને મોહ ઉપજાવ-

નારૂં છે, તથા જે સુખ નિદ્રા, આળસ અને પ્રમાદથી ઉત્પન્ન થએલું છે, તે સુખ તામસ કહેવાય છે. પાપીઓનાં સુખ એવાં તમો ગુણી હોય છે અને તેથીજ તેઓ તેમાંથી છૂટી શકતાં નથી. રૂપાળીએ પોતાના રૂપ તથા યૌવનનો જેવો દુરૂપયોગ કર્યો છે, તેવો મેં નથી કર્યો; છતાં સ્વામી મારો તિરસ્કાર કરી રહ્યા છે. મેં ઘરબાર છોડી સંન્યાસ લીધો છે.

હું નીચ થઇ છું તે મારે કબુલ છે; પણ મેં તે દિવસથી આજસુધી ઘણી માનસિક વેદના વેઠી છે. હૃદયની દારૂણ વેદના હજી હું મરણુપર્યંત્ ભોગવતી રહીશ. અને ત્યાંસુધીમાં તો મારૂં સઘળું પાપ ધોવાઇ જશે; એવી મારી ખાત્રી છે. મેં તન-મન હવે પ્રભુને સોંપ્યાં છે; પણ હું સમાજને પ્રતિજ્ઞાપૂર્વક પૂછવાની રજા લઉં કે નીતિ અને ધર્મના વિષયમાં શાસ્ત્રકારોએ પુરુષ તથા સ્ત્રીને પાળવાના નિયમો શું એક સરખા નથી કર્યા? પુરૂષ ગમે તેટલાં દુરાચરણ કરે; છતાં 'નર ભ્રમર' કહી તે ચલાવી લેવાય છે અને સ્ત્રીના હાથથી અણુસમજણમાં કે છોકરમતમાં એકાદ ન્હાની ભૂલ થાય તો તેને 'કાગનો વાઘ' બનાવી મોટું સ્વરૂપ અપાય છે. આવા એક તરફી ચુકાદાથી જ હિન્દુસમાજમાં સડો વધતો જાય છે. મારા પ્રવાસ દરમિયાન મેં અનેક સ્ત્રીઓના આર્ત્તનાદ સાંભળ્યા છે; ઘેર ઘેર અબળાઓને અન્યાય મળતા જોયા છે. બિચારી હિન્દુ લલનાઓના કર્મમાં આંસુ સિવાય કાંઇ નથી!

અમારી જ્ઞાતિમાં વરવિક્રયનો બૂરો રિવાજ ન હોત તો મારા જેવી કાળી કામિની મારા સ્વામી જેવા સૌંદર્યભોગીને પનારે ન પડત! તેમના ઘરની સ્થિતિ ગરીબ હતી અને મારા પિતા સાધારણ રીતે શ્રીમંત હતા, એટલે હજાર રૂપિયા રોકડા અને પાંચસોનો કરિયાવર

કરી મને આ ઘરમાં આપી. મારા સસરાનું કુળ ઉંચું નથી; પણ મારા સ્વામીની હોંશિયારી મારા પિતાને ગમી ગએલી! ગમે તેમ પણ અમારૂં જોડાણુ કોઇ એવી ખરાબ પળે થએલું કે જેને પરિણામે બન્નેના જીવનની અધોગતિ થઈ. અમે સ્ત્રીઓ લાંબો વિચાર કરવામાં અસમર્થ ગણાઇએ છીએ. સારા માઠાનો વિચાર અમે કરી શકતાં નથી. અમને ઉચ્ચ જીવન ગાળતી જોવાનો જો અભિલાષ હોય તો અમારી આગળ સારા સારા આદર્શ રજુ કરવા જોઇએ. કૃષ્ણદાસ જેવા કુટિલ, લંપટ મિત્રને ઘરમાં આવવા દેવામાં પણ શું મારા સ્વામીની જેવી તેવી ભૂલ હતી? મારા જીવનની ખરાબીમાં મારે કોનો દોષ કાઢવો?

તીર્થોમાં ભમતાં ભમતાં મને અનેક અનુભવો થયા છે. મારી ઘણીએ બ્હેનો મારા જેવું કલુષિત જીવન ગાળે છે. સમાજની ખરાબ રૂઢીઓથી કે પુરુષોના અન્યાયી વર્ત્તનથી અમારાં જીવન ધુળમાં મળી જાય છે! હું ખુલ્લે ખુલ્લું કહી દઉં છું કે જ્યાં સુધી સ્ત્રીઓને અજ્ઞાન રાખવામાં આવશે, જ્યાં સુધી તેમને સડેલ ખાસડા પ્રમાણે ગણવામાં આવશે, જ્યાં સુધી તેમને ભોળવી, ફસાવી અનીતિના પંથમાં ઘસડવામાં આવશે; જ્યાં સુધી તેમનો તિરસ્કાર અને અવગણના કરવામાં આવશે અને જ્યાં સુધી તેમને હલકી ઠરાવવામાં આવશે; ત્યાં સુધી સમાજની ઉંન્નતિ થવાની નથી. આપણી સમાજ ઉપર હજુ પ્રતિદિન અનેક દુઃખી અબળાઓના અભિશાપ વરસ્યા કરે છે. સમાજ સેવકો મારી આ વિતક વાર્તામાંથી એટલુંયે વિચારશે તો મને સંતોષ થશે. અત્યારે તો હું દુઃખભારથી દબાએલું હૃદય લઈ સમાજને શાપ આપતી ફર્યા કરૂં છું!!!

---

૮ ઈન્દિરાની આત્મકથા.

તે દિવસે અમે ઉતાવળ ન કરી હોત તો જરૂર ટ્રેન ચુકી જાત. અમે ગ્રાંટરોડ સ્ટેશને પહોંચ્યાં કે તરત ટ્રેન સ્ટેશનમાં આવી પહોંચી. પેસેંજરોની આજે બહુ ભીડ હતી. ગુજરાત—કાઠીઆવાડમાં વૌઠા, વડતાલ, ડાકોર અને પાલીતાણાના કાર્તિકી પુનેમના મેળાઓ હોવાથી મુંબઇનાં ભાવિક શ્રદ્ધાળુ નરનારીઓ આજે ત્યાં જવા ઉપડયાં હતાં. પ્લૅટફૉર્મ ઉપર હૈયેહૈયાં દળાતાં હતાં. પોટરો લોકોનો સામાન ગાડીમાં ગોઠવી દેવા દોડાદોડ કરી રહ્યા હતા. પુરુષો પોતાની બૈરીઓને માથે મોટી વજનદાર ટ્રંકો મૂકી ડબ્બાઓમાં સારી જગ્યા લેવા પ્રયત્ન કરી રહ્યા હતા. બામણીયા ચાહ અને તાજી મીઠાઇ વેચનારાઓ સ્ટેશનને ગજાવી મૂકતા હતા. નાના નાના ફેરી વાળાઓ 'ગાંધીજીનું નવજીવન' 'સાંજ વર્તમાન' વગેરે ન્યુસપેપરોની નામાવલિ બોલી ત્યાંના જનકોલાહલમાં વધારો કરતા હતા. થર્ડકલાસ, સેકન્ડકલાસ કે ફર્સ્ટકલાસ જ્યાં જુઓ ત્યાં માણસોની એક સરખી ભીડ હતી. આજે ટ્રેનમાં તલભાર જગા મળવાનો વિશ્વાસ નહોતો. અમારી ટિકીટો સેકન્ડની હતી એટલે અમે તે ડબ્બાઓ તરફ ધસ્યાં; પણ ત્યાંયે જગ્યા મળવાની બહુ વિટંબણા હતી. એકાએક ટ્રેનને વિદાય થવાનો ઘંટ થયો, અમે તત્કાળ ડબ્બામાં સામાન ચડાવી સ્થાન લીધું. ટ્રેન ઉપડી. પેસેન્જરોને વિદાય કરવા આવેલાં સગાંવહાલાંઓના 'આવજો' 'કાગળપત્ર લખજો' વગેરેના અવાજ થયા. અમે ધીરે ધીરે બધો સામાન તો ગોઠવ્યો, પણ બેસવાની જગ્યા થવી મુશ્કેલ

હતી. એક સીટ ઉપર ખૂણામાં થોડી જગ્યા હતી; પણ ત્યાં એક બાઇ એવી બેઠેલી હતી કે તેની પાસે બેસતાં મારી સ્ત્રીને સંકોચ થતો જણાયો બીજે ક્યાંઇ જગ્યા નહિ હોવાથી આખરે મેં તેને તે ઠેકાણે બેસવા કહ્યું અને તે કચવાતે મને નિરૂપાયે ત્યાં બેઠી. પેલી ચાલાક ચતુરા અમારા સ્ત્રી પુરુષના મનનો ભાવ સમજી ગઇ; પણ તેણે બીજી રીતે વાત છેડી મારી સ્ત્રીને કહ્યું–' બ્હેન! રણછોડરાયનાં દર્શન કરવા જાઓ છો કે? હું પણ ત્યાંજ આવુંછું. આજે તો માણસોની બહુ ભીડ છે. ડાકોરમાં મુદ્દલ જગ્યા નહિ મળે.'

સુરત્રાલ અને લેંઘામાં સજ્જ થએલી એક મુસલમાન બાઇને મોઢે રણછોડજી અને ડાકોરનાં નામ સાંભળી અમને અત્યંત આશ્ચર્ય થયું. આ બાઇ ડાકોર શામાટે જતી હશે? એવો મને તર્ક થયો; પણ તેને મોઢે પુછવાની મારી હિંમત ચાલી નહિ. મારી પત્ની પોતાની સ્ત્રીસુલભ જીજ્ઞાસાથી બોલી ઉઠી–' તમે મુસલમાન થઇ હિન્દુનાં તીર્થમાં જાઓ છો?'

તે બાઇ ખડખડ હસી પડી. તેના હાસ્યમાં મારી પત્નીની અજ્ઞાનતા ઉપરનું ઉપહાસ સમાએલું હતું. અમારી સામે થોડીવાર સુધી તે ટગર ટગર જોઇ રહી પછી બોલી–' બ્હેન! હું મુસલમાન ઔરત નથી; પણ હિન્દુ માતાપિતાને પેટે જન્મેલી એક હિન્દુ સ્ત્રી છું. ભાગ્યદેવીની ભયંકરતાથી મારે આ વેશ પહેરવો પડયો છે. શું તમે એમ જાણો છો કે જાણીજોઇને હું આવું જીવન ગુજારતી હોઇશ? શું તમે એમ સમજો છો કે મને આવી નરકસમાન જીંદગીમાં આનંદ મળતો હશે? ના, ના, એમ મુદ્દલ ધારશો નહિ. કિસ્મતના કોપથી અને હિન્દુસમાજના અન્યાયથી મારી આવી અધમ દશા થઇ છે. અરે! મારી એકલીનીજ શામાટે? મારા જેવી અનેક અબળાઓની

આવી અધમ દશા આજકાલ થઇ રહી છે. અમે આવા જીવનથી છેક કંટાળી ગયાં છીએ.'

'ત્યારે શામાટે તેનો ત્યાગ કરી દેતાં નથી?' મેં વચ્ચેજ એક મુદ્દાનો પ્રશ્ન રજુ કર્યો.

તે સ્ત્રી ઉશ્કેરાએલા અવાજે બોલી—'અમે એનો તરત ત્યાગ કરી દેવા તૈયાર છીએ. તમે શું એમ ધારો છો કે અમને આ પશુના જેવું જીવન જીવવામાં રસ પડતો હશે? તમે શું એમ માનોછો કે અમને હૃદય કે લાગણી જેવું કાંઇ નહિંજ હોય? અમે માણસ છીએ અમને નરક કરતાં સ્વર્ગ ઉપર વધારે પ્રેમ છે. અમારો કોઇ ઉદ્ધાર કરનાર હોય તો અમે આ પાપકર્મ છોડી દેવા તૈયાર છીએ. હું મારા જાતિ અનુભવથી કહુંછું કે અમારામાંની ઘણી અબળાઓ આ દોઝખમાંથી બહાર નીકળવા આતુર છે; પણ અમારે બહાર નીકળીને જવું ક્યાં? સમાજ અમને સ્થાન આપે એવો વિશ્વાસ નથી. તમારીજ વાત કરોને! મારી પાસે બેસવામાં પણ તમારાં પત્નીને સંકોચ થતો હતો, ત્યાં સમાજ અમને આશ્રય આપે એવી આશા કયાંથી રાખી શકાય? હું આ વ્યવસાય છોડી તમારે ઘેર દાસી તરીકે રહેવા આવું તો શું તમે મને રાખી શકશો? સમાજનો અમારી ઉપર અપાર જૂલ્મ છે. અમને હડધુત કરી અમારો તિરસ્કાર કરવામાંજ સમાજ પોતાની પવિત્રતા માને છે. અમને વગોવી અમારી નિંદા કરવામાંજ તે પોતાની ઉત્તમતા આંકે છે. અમે પામર છીએ, પાપી છીએ, પાતકી છીએ; પણ શું અમારો ઉદ્ધાર થઇ શકે નહિ? અમારે માટે શું એ નરકમાં જ સબડવાનું નિર્માણ થએલું છે? અજ્ઞાનના અંધકારમાંજ ભટકવાનું શું અમારા લલાટે લખાયું છે? અમને જ્ઞાન આપો, અમારો ઉદ્ધાર કરો, અમારી ઉપરનો તિરસ્કાર

કાઢી નાખો; પછી જુઓ કે અમે સમાજને કેવો ઉજ્વળ બનાવીએ છીએ. જ્યાં સુધી અમને આવા પાપના ખાડામાં સડવા દેશો ત્યાં સુધી સમાજનો સડો દૂર થવાનો નથી. દિવસે દિવસે અમારી સંખ્યા વધતી જશે અને સમાજનું અધઃપતન પણ સાથેજ થતું જશે. જો અમને ઉપદેશ આપી સારા માર્ગે ચડાવી આજીવિકાનાં સાધન બાંધી આપવામાં આવે તો પહેલો ફાયદો એ થાય કે આ દેશમાંથી દર્દી અને ડાક્ટરો ઓછાં થઈ જાય વળી બીજી જે બદીઓ અટકે તેનું તો હું કાંઇ કહેતીજ નથી.'

તેના એ શબ્દો સાંભળી મારી સ્રીથી બોલ્યા વિના રહેવાયું નહિ તેણે પૂછ્યું–'ત્યારે તમારા જેવાં શાણાં અને સમજું બાઇ આ ધંધામાં ક્યાંથી આવી ચડયાં?'

તે સ્રીની આંખોમાં આંસુ જણાયાં. તેણે એક દીર્ઘ નિશ્વાસ નાંખી કહ્યું–' નસીબના ચમત્કાર બહુ વિચિત્ર છે. મારી આવી દશા થશે એવું મારાં માતાપિતાએ શું જાણ્યું હશે? અને મને પણ બાલ્યાવસ્થામાં શું એવો ખ્યાલ આવ્યો હશે? કોણ જાણે કયા કર્મના દોષથી મારી આ ફેફાડી દશા થએલી છે, તે હું સમજી શકતી નથી. બાલ્યાવસ્થામાં મારૂં મન બહુ પવિત્ર હતું. મારા પિતા સિદ્ધપુરના રહીશ અને જ્ઞાતે ઔદિચ્યસહસ્ર બ્રાહ્મણ હતા. વંશપરંપરાથી તેમને પુરોહિત—ગોરનો ધંધો હતો. મુંબઇ, અમદાવાદ અને કરાંચીમાં તેમના અનેક શ્રીમંત યજમાનો હતા. આખા સિદ્ધપુરમાં તેમના જેવો વિદ્વાન બ્રાહ્મણ બીજો કોઇ નહોતો. તેઓ વેદ, વેદાંગમાં પારંગત હતા. પોતાનું ષટકર્મ કર્યા સિવાય તે કદીપણ રહેતા નહિ. તેમનો સ્વભાવ શાંત અને સંતોષી હતો, યજમાનોની સાથે દક્ષિણાની બાબતમાં તેમને કદી પણ તકરાર થતી નહિ. તેથી તેઓ હોંશે હોંશે

અમારે ઘેર આવતા અને અમને એથી બેવડો લાભ મળતો. મારી માતા પણ બહુ ભલી અને માયાળુ હતી. પાંચ પાડોશીમાં પૂછાય એવા તેના સદ્‌ગુણ હતા. ક્રોધ, ઇર્ષ્યા કે દંભનું તો તેની પાસે નામજ નહોતું. કરકસર, આવડત્રેવડ અને સુઘડતાથી તેણે પોતાના સંસારને સ્વર્ગ સમાન બનાવ્યો હતો. અમારા કુટુંબમાં અને સગાંવહાલાંમાં તેની સલાહ અને શિખામણ લેવાતી. અને મારા પિતાને એનાથી પૂરતો સંતોષ રહેતો. મને એ ઋષિજીવન ગાળનાર દેવસમાન માતપિતા મળ્યાં હતાં; પણ તેમનું દીર્ઘસુખ મારા લલાટમાં લખાયું નહોતું. મારાં દુર્ભાગ્યે અમારા ગામમાં પ્લેગ આવ્યો અને તેમાં મારી માતાનો સ્વર્ગવાસ થઇ ગયો મારા પિતા તો સંસારથી ઉદાસી હતા એટલે તેમને વધારે શોક ન થયો પણ મને એથી બહુ લાગી આવ્યું. ઇશ્વરે મને એક ભાઇ આપ્યો હોત તો મારા પિતાનું નામ રહેત એવું અમારાં સગાંવહાલાં ઘેર આવી આવીને અમને કહેતાં અને તેમાં મને ઘણું સત્ય જણાતું. મારા પિતાની ઉમ્મર ૪૦ વર્ષની હતી; છતાં પુત્ર પ્રાપ્તિ માટે તેમને બીજીવાર પરણવાનો આગ્રહ ચારે તરફથી થવા લાગ્યો. ગામના ડાહ્યા પુરુષોએ તેમની ઉપર દબાણ કર્યું અને પુત્રવિના સદ્‌ગતિ નથી એવું તેમના હૃદયમાં ઠસાવવામાં આવ્યું. વૈશાખ સુદિ ત્રીજનું મુહૂર્ત નક્કી કર્યું અને મારા પિતા ફરી વિવાહિત થયા. મારા કર્મની કઠીનતાનો એજ દિવસથી આરંભ થયો. મારી નવી માતા પંદર વર્ષની ઉમ્મરની હતી. કોઈ બીજવરને આપવાના ઉદ્દેશથી તેના પિતાએ તેને આવી મોટી ગોધા જેવી કરી હતી. અમદાવાદમાં તેનું પિયર હતું અને સિદ્ધપુરમાં તેનું મોસાળ હતું. દરરોજ દશ વાગે જમીને તે ઘરમાંથી પોતાના મોશાળ જતી તે છેક સાંજે ઘેર આવતી. ઘરનું બધું કામ મારે એકલીને કરવું પડતું.

દળવું, ખાંડવું, કચરો કાઢવો, વાસણ માંજવાં, પાણીનાં બેડાં લાવવાં વગેરે તમામ કામ હું એકલી કરતી. એ બાઈનો સ્વભાવ બહુ વિચિત્ર હતો. તેણે થોડું ગુજરાતી અને અંગ્રેજી શિક્ષણ લીધું હતું; પણ તેનામાં સ્વચ્છંદપણે વર્તવાની એક બૂરી ટેવ પડેલી હતી. દરરોજ નવાં નવાં ફેશનબંધ પોલકાં અને સાડીઓ પહેરી ગમે ત્યાં ફરવું અને મરજીમાં આવે તેમ ચાલવું; એ તેનું ખાસ લક્ષણ હતું. મારા પિતા કોઇ વખત તેને કાંઇ કહેતા તો એ બાઇ છેડાઇ પડતી અને કૃત્રિમ ગુસ્સો કરી એકાએક બોલી ઉઠતી—"હું કાંઈ તમારા ઘરનું વૈતરૂં કરવા તમને પરણી નથી. ખાવા, પીવા અને ખેલવા માટે જ હું અહીં આવી છું. મારા પિતાએ તમારા જેવા બીજવરને જોયા છે, તે શું તમારૂં ગુલામીપણું કરવા માટે? મારા રૂપ રંગ ઉપર તમને ઇર્ષ્યા આવતી હોય તો આંખો ફોડી નાંખો. તમે ખાઇ પી ઉતર્યા છો અને ખર્યું પાન થયા છો. મારે તો હજુ બધાય લ્હાવા બાકી છે. જો સંસાર ઉપર આટલો બધો વૈરાગ્ય આવી ગયો હતો તો શા સારૂ ઘોડે ચડીને પારકી છોડીનો ભવ બાળવા આવ્યા હતા? આજે બોલ્યા તે બોલ્યા. હવે બોલશો તો હું અહીંથી મારા બાપને ઘેર ચાલી જઇશ." બસ, તેની આ પ્રથમ વખતની વાગ્ધારાથી જ મારા પિતા તો ટાઢા થઇ ગયા. ફરી કોઇ વખત તેમણે તેને કશું કહ્યું નથી. એ બાઇની ઉચ્છૃંખલતા દિવસે દિવસે વધવા લાગી. તેના મામાના ઘરનું નામ લઇ ગમે ત્યાં તે જવા લાગી. કોઇ કોઇ વખત તો રાત્રે પણ નિમિત્ત કાઢી બહાર જતી તે છેક મોડી રાતે ઘેર આવતી. ઘેર યજમાનો આવ્યા હોય તેમને માટે રસોઇ બનાવવાનું અને તેમની સરભરા કરવાનું બધું કામ મારે કરવું પડતું. મારા પિતાને મારી ઘણી દયા આવતી; પણ તેઓ શું કરે? તેમના હૃદયમાં ચિં-

તાનો એક નવો વ્યાધિ જન્મ્યો અને દિવસે દિવસે તેમનું શરીર ઘસાવા લાગ્યું. તેઓ બહુ ડાહ્યા હતા એટલે પોતાની પીડા કોઇને જણાવતા નહિ; પણ તેમનું દુઃખ ઘણું અસાધ્ય હતું. મનમાં ને મનમાં તેઓ હિઝરાયા કરતા. આખરે તેમને ક્ષય રોગ લાગુ પડયો અને ત્રણ મહિના બિમાર રહી સ્વર્ગે સિધાવી ગયા.

મારા પિતાના મૃત્યુથી મારી નવી માતા વધારે નિરંકુશ બની ગઇ. તેણે પોતાનો વેશ ઉતાર્યો નહિ. ચુડો-ચોઠલો કાયમ રાખ્યાં. વળી શોક પણ એક મહિનોજ પાળ્યો. મારા પિતાનું માસિક શ્રાદ્ધ કર્યા પછી તે પ્રથમની માફક પાછી બહાર ફરવા માંડી. પડોશની કોઇ વૃદ્ધ સ્ત્રીએ તે પ્રમાણે નહિ કરવા શિખામણ આપી તો તેનો તિરસ્કાર કરી તેણે કહ્યું–' મારી વાતમાં તમારે મુદ્દલ ડહાપણ કરવું નહિ. મારા મનની હુ પૂર્ણ માલેક છું. સ્ત્રીઓ કાંઇ પરતંત્ર પુતળીઓ નથી. પુરુષોની પેઠે તે પણ સ્વતંત્ર છે. મારા પતિને એક સ્ત્રીના મરણ પછી બીજી કરવાનો હક હતો, તો શું મને બીજો પુરષ કરવાનો હક નથી ? એમની સાથેના સંસારમાં મેં તો કાંઇજ સુખ જોયું નથી છતાં મારો પુનર્લગ્ન કરવાનો વિચાર નથી. મારા મનને પ્રસન્ન રાખવા હું ગમે ત્યાં ફરૂં હરૂં તેમાં તમારે શા માટે ઇર્ષ્યા કરવી જોઇએ. મારા સંબંધમાં આજે તો તમે ડહાપણ કરવા આવ્યા છો; પણ હવેથી આવશો તો માન રહેશે નહિ ! થયું. તે ભલી પાડોશણ ફરી કોઇ દિવસ અમારે ઘેર આવી નથી. મૂર્ખને ઉપદેશ આપવાનું સારૂં પરિણામ કોઇએ કદી જોયું છે ? સર્પને દુધનું પાન કરાવવાથી કેવળ વિષનોજ વધારો થાય છે. મારી નવી માતા તો તે દિવસથી વધારે ઉચ્છૃંખલ બની ગઇ. અમારે ઘેર હવે બહારથી નિશાબાજ લંપટ પુરુષો અને હલકી સ્ત્રીઓ આવવા લાગ્યાં. વળી યજ-

માનોની ભરતી પણ પહેલાંના કરતાં વધારે થવા લાગી. જે ગૃહસ્થોને સિદ્ધપુરમાં એકજ દિવસ રહેવાનો વિચાર હોય તેઓ હવે અમારે ઘેર ત્રણ ત્રણ ચાર દિવસના પડાવ નાંખવા લાગ્યા. મારી માતાને આવકનું તેથી એક દ્વાર ઉઘડયું; પણ લોકોમાં તેને માટે નિંદા થવા લાગી. મારા પિતાની ધર્મશીલતા, પવિત્રતા અને કીર્તિ ઉપર તે કામાંધ કામિનીએ પાણી ફેરવી વાળ્યું. મને હવે એ ઘરમાં રહેતાં ત્રાસ થવા લાગ્યો; પણ બીજે કોઇ સ્થળે મારે જવાનું નહોતું. મારા ઉપર તેણે અપાર જૂલ્મ કરવા માંડયો. રોજ વીસ વીસ માણસની રસોઇ બનાવવી, એટલાનાં વાસણ માંજવાં, કુવેથી ખેંચીને પાણીનાં બેડાં ઉચકી લાવવાં અને લોટ તૈયાર રાખવા ઘંટીનો પથરો ખેંચવો એ મારૂં હંમેશનું ફરજિયાત કામ થઇ પડ્યું. મારાથી તેમાં કોઇ કોઈ દિવસ જરા પણ કસુર થતી નહિ. અને થાય તો તરત તે હાથ ઉથલો કરી લેવા તૈયાર હતી. જો આટલો જૂલ્મ કરીનેજ તે અટકી હોત તો સારૂં હતું; પણ હવે તેણે મારી ઉપર એક નવો ત્રાસ વર્ત્તાવવાનું શરૂ કર્યું. યજમાનોની સેવા કરવા માટે મને મોકલવાની તેણે ફરજ પાડવા માંડી. અમારા પુરોહિતોના ઘરોમાં ઘણે ઠેકાણે યજમાનોને પ્રસન્ન કરી પૈસા કઢાવવા સ્ત્રીવર્ગ આડા માર્ગ પકડે છે. મને એ વાતનો અનુભવ હતો. જો કે મારા પિતાના શુભ વિચારોને લીધે અમારા ઘરમાં એવી ક્રિયા થતી નહોતી; પણ આડોશીપાડોશીમાં અને બીજે એવા બનાવ બનતા મેં નજરે જોયા હતા. અત્યાર સુધી મારી માતા એકલીજ એ વ્યવસાય ચલાવતી હતી; પણ હવે મને તેમાં જોડાવાનું તેણે દબાણ કર્યું. પ્રભો! રક્ષા કરો. તીર્થને બહાને અનેક કામાંધો એ પાપકર્મ કરવાજ ત્યાં આવતા. મુંબઇ, અમદાવાદ, કચ્છ, કરાંચી અને કલકત્તા સુધીના સહેલાણીઓ

સિદ્ધપુરમાં ઉતરી પડતા અને ચાર દહાડા આનંદ કરી પાછા ચાલ્યા જતા.

મને તેરમું વર્ષ જતું હતું. મારી પવિત્રતા જાળવવાની મને એ સ્થાનમાં બહુ ચિંતા થઇ પડી હતી. મારી માતા મારાં લગ્ન જલ્દી કરી નાંખે તો સારૂં એમ મને વિચાર આવતો; પણ એ વાત મારા હાથમાં નહોતી. હિન્દુ કન્યાઓની પરવશતા કોણ જાણતું નથી? હું હંમેશ મનમાં ને મનમાં ડર્યા કરતી અને આવી દશા માટે મારા કિસ્મતને દોષ આપતી. એક દિવસ મારા એ ભાગ્યની કઠીનતાનો રાક્ષસી પ્રસંગ આવ્યો. પોરબંદરનો એક લુહાણો મુંબઇથી કાઠીઆવાડ જતાં વચ્ચે સિદ્ધપુર આવ્યો. અમારા ઘરનું એકજ દિવસનું આતિથ્ય ચાખતાં તે હર્ષ પામી ગયો. તેણે આઠ દિવસ સુધી અમારે ઘેર મુકામ રાખ્યો. મારી માતાએ તેનું સ્વાગત કરવામાં મણા રાખી નહિ જ્યારે તે જવાનો થયો, ત્યારે આગલી રાત્રે તેણે પોતાના ખર્ચે દુધપાક પૂરીનું જમણ કરાવ્યું. અમે સૌ જમીને રાત્રે વાતો કરતાં બેઠાં હતાં. મોડી રાત ગયા પછી મને નિદ્રા આવવા લાગી. આજ મારી આંખોમાં આટલું બધું ઘેન કેમ ભરાયું છે, તે હું સમજી શકી નહિ. ત્યાં પાથરેલી એક પથારીમાં હું સુઇ ગઇ અને તરત મને ગાઢ નિદ્રાએ ઘેરી લીધી. મધરાતને સુમારે મને એક ભયંકર સ્વપ્ન લાગ્યું. જાગીને જોતાં જણાયું કે મારૂં કૌમારવ્રત એ અધમને હાથે નાશ પામ્યું છે. મારી નવી માતાએ જ રાત્રે દુધપાકમાં મને કાંઇક દવા આપીને બેભાન બનાવી આ કર્મ કરાવ્યું છે એમ મેં માની લીધું. હું તરત્ત છલાંગ મારી દૂર ઉભી રહી અને તે નરરાક્ષસનો તિરસ્કાર કરવા લાગી. મારી નવી માતા તરત નીચેથી ઉપર આવી અને ઉલટી સઘળો દોષ મારે માથે ઢોળી પાડી મને ધાંટા

કાઢી લડવા લાગી.—' નિત્ય નવા નવા ધણી કરવા માટે રાંડ પરણ-
વાનું નામ લેતી નથી. આવા માલદાર માણસોનું સુખ મૂકી ગરીબ
બ્રાહ્મણના છોકરાનું ઘર કોણ માંડે? મોટી આખલા જેવી થઇને
પ્રાટીજ ગઇ છે. હું ઘણા દિવસથી તારાં કામ જોયા કરૂં છું. મારે
શું? તારા બાપની જેવી લાજ આબરૂ હશે તેવાં કામ તું કરતી હશે;
પણ ઉપરથી શાણી સીતા થઇને તું બીજાનો દોષ કાઢે છે, માટેજ
મારે આટલું કહેવું પડે છે, હું તો તેનાં આવાં વચનોથી સ્તબ્ધ જ
થઇ ગઇ. એ પિશાચિની ઉપર વિશ્વાસ મૂકયાનું મને હૃદયમાં તીવ્ર
દુઃખ તો થતુંજ હતું; તેમાં વળી તેના આ શબ્દોથી બળતામાં ઘી
હોમાયું. મારૂં હૈયું અપાર રડતું હતું. પૃથ્વી માર્ગ આપે તો અંદર
સમાઇ જાઉં એમ મને થતું હતું. હવે હું બહાર શું મોઢું બતાવીશ?
આ કલંક હું કેવી રીતે ધોઇ નાંખીશ? લોકો મને શું કહેશે? વ-
ગેરે પ્રશ્નો મારા મનમાં એક પછી એક ઉત્પન્ન થવા લાગ્યા. હું એ
પાપિણી ઉપર, એ નર રાક્ષસ ઉપર અને એ કાળરાત્રી ઉપર અનેક
અભિશાપ વર્ષાવવા લાગી. તે રાત્રે બાકીના સમયમાં મને મુદ્દલ ઉંઘ
આવી નહિ. બીજે દિવસ સવારમાં ઉઠીને જોઉં છું તો ચારે તરફ
મારા એ પાપકર્મની વાત ચાલી રહી છે. ચોરે ને ચૌટે, વાટે ને ઘાટે
સર્વત્ર મારૂંજ મહાભારત વંચાઇ રહ્યું છે. કોઇ મારો દોષ કાઢે છે
તો કોઇ મારી નવી માતાનો દોષ કાઢે છે. લોકો પોતાને ફાવે તેમ
બોલે છે. દુનિયાંને શું? તે ક્યાંથી સત્ય તપાસી શકે? પારકી નિંદા
કરવી એજ તેની પ્રકૃતિ છે. મને એ લોકનિંદાથી એટલું બધું લાગી
આવ્યું કે બહાર મોઢું દેખાડવું મારા માટે ભારી થઇ પડયું મેં એ
ગામ અને સ્થાન તજી દેવાનો સંકલ્પ કર્યો. હું કદી ઘરબહાર ની-
કળી નહોતી. મારે દુનિયામાં બીજો કોઇ આધાર નહોતો; છતાં પર-

ઈશ્વરને ખોળે માથું મૂકી હું બહાર નીકળી. મુંબઈ વિષે મેં ઘણું સાંભળ્યું હતું. મારા પિતાના અનેક શ્રીમંત યજમાનો ત્યાં નિવાસ કરતા હતા. કોઇ પણ સ્થળે ત્યાં મને સ્થાન મળી રહેશે એમ ધારી મેં સ્ટેશને આવી મુંબઇની ટિકિટ લીધી. મારી માતાને તો એટલુંજ જોઇતું હતું. કોઇપણ રીતે મારો કાંટો તે દૂર કરવા જ ઇચ્છતી હતી. એટલે મારા ગયા પછી તેણે મારી મુદ્દલ તપાસ કરાવી નહિ. ઉલટી એવી વાત ચલાવી કે હું પેલા લુહાણાને લઇને નાસી ગઇ છું! મને મુંબઇ જતાં રસ્તામાં આશા, નિરાશા, ક્રોધ, આનંદ વગેરે અનેક લાગણીઓ ઉદ્‌ભવતી હતી. મારી માતાના નરકસ્થાનમાંથી છૂટયા બદલ મને આનંદ થતો હતો; પણ અજાણી મુંબઇ નગરીમાં હું કયાં જઈશ? અને મારૂં શું થશે? એ વિચારોએ મને શોક થતો હતો. મોટી બી. બી એન્ડ. સી. આઈ. રેલ્વેનાં સ્ટેશનો એક પછી એક પસાર થતાં હતાં. વલસાડ અને પારડીનું સ્ટેશન મૂકયા પછી ટ્રેનમાં બેઠાં બેઠાં કુદરતની શોભા જોવાની એક રમણીય મઝા પડતી હતી. પાલઘરના સ્ટેશન પછી તો પ્રકૃતિનું સૌન્દર્ય બહુજ મનોહર જણાતું હતું. જેમ જેમ મુંબઇ નગરી નજીક આવતી હતી, તેમ તેમ મારા મનમાં અનેક વિચાર લહરીઓ જન્મતી હતી. વસઇની ખાડી આવી ત્યારે તો દરિયાનાં મોજાં પ્રમાણે મારા હૃદયનાં મોજાં વેગથી ઉછળવા લાગ્યાં. આખરે ગ્રાંટરોડ સ્ટેશન આવતાં હું ટ્રેનમાંથી નીચે ઉતરી અને ટિકિટ આપી બહાર જઇ એક તરફ ઉભી રહી. ઉતરેલા સઘળા પેસેન્જરો પોતાનો સરસામાન લઇને વેગથી ચાલતા જતા હતા; પણ મારે કયાં જવાનું હતું? હું ઘણીવાર સુધી ઉભી રહી. મુંબઇનું આવું મોટું ભવ્ય સ્ટેશન હશે અને આવું જબરૂં શહેર હશે એની મને સ્વપ્નમાંયે કલ્પના આવી નહોતી. આખરે ઘણીવારે એક

ઓ અને એક પુરુષ મારી પાસે આવી મને કહેવા લાગ્યાં–' અરેરે! બ્હેન! તું આજ અહીં આમ એકલી ક્યાંથી? ગાડી તો ક્યારનીએ આવી ગઇ છે; છતાં તું હજુ કેમ ઉભી રહી છે? અમારા ઘરનું શિરનામું શું તને યાદ રહ્યું નથી? મને લાગે છે કે તું અમને ઓળખતી નથી? ક્યાંથી ઓળખે? મુંબઇમાં તું આજ પ્રથમજ આવી છે! અમે તને બાળપણમાં જોઇ હતી. ખરેખર તારી માતાના જેવોજ તારો ચહેરો છે. અરેરે! આવા નાજુક ફુલ ઉપર આટલું દુઃખ હોય? કેવી સુકાઇ ગઇ છે? મોઢા ઉપર નૂર જ નથી. અરેરે! અમને શી ખબર કે તું આમ ઓચિંતી આવશે; નહિ તો અમે ટાઇમસર તને સ્ટેશન ઉપર લેવા આવત અને આ બે કલાક તારે નકામું બેસી રહેવું ન પડત! ચાલ બ્હેન, અમારે ઘેર ચાલ; પ્રભુના પ્રતાપથી આ તારા મામા સુખી છે અને મારા ઘરમાં પણ તારા માસા ઉપર ઇશ્વરની દયા છે."

આ મારા મામાને અને મારી માસીને મેં જીંદગીમાં પ્રથમ જ જોયાં. હું તો માનતી હતી કે દુનિયામાં મારે ઉંચે આભ અને નીચે ધરતી સિવાય કોઇ નથી; પણ પ્રભુએ મને આ બે જણાં ભેટાડયાં એમ હું ધારવા લાગી. દુઃખ અને ચિંતાથી હું એટલી બધી કાયર થઇ ગઇ હતી કે મને એ વખતે લાંબો વિચાર કરવાની બુદ્ધિ સુઝી નહિ. મારા મામાએ તરત એક ગાડી ભાડે કરી લીધી અને મુંબઇના મોટા મોટા રસ્તાઓ જોતી હું મેં માની લીધેલા સુખસ્થાન તરફ જવા લાગી. ઘડીવાર હું મારૂં દુઃખ ભૂલી ગઇ. ભવિષ્યને માટે મનમાં ને મનમાં મોટી આશાઓ બાંધી લીધી. આખરે અમારે ઉતરવાનું સ્થાન આવ્યું. ગાડીવાળાને પૈસા આપી અમે ઘરમાં ગયાં. ઘર બહુ સુન્દર અને સુઘડ હતું. મારી માસીએ તત્કાળ મારા માટે દુધ

મંગાવ્યું અને એક રકાબીમાં મગજનો લાડુ તથા પૂરી ખાવા આપ્યાં હું બે દિવસની ભૂખી હતી. નાસ્તાને ન્યાય આપ્યા પછી મારામાં કાંઇક ચૈતન્ય આવ્યું. મેં મારી એ માસીને તથા મામાને સઘળી વીતક વાર્તા કહી સંભળાવી. તેઓ મારા દુ:ખથી દિલગીર થઇ અને આશ્વાસન આપવા લાગ્યાં અને અહીં મને સઘળું સુખ મળશે એમ આશા દેખાડવા માંડયાં. બે ત્રણ દિવસ તો મને ત્યાં કાંઇ નવો અનુભવ થયો નહિ; પણ ચોથે દહાડે મારા સમજવામાં આવ્યું કે એ મામા-માસી બનાવટી હતાં અને હું એક નરકસ્થાનમાં ફસાઇ પડી હતી. મને ત્યાંથી નાસી છૂટવાની ઇચ્છા થઈ; પણ એ કામ સહેલું નહોતું. મારો વિચાર એ મારી માસીના જાણવામાં આવતાં તેણે પોતાનું ખરૂં પોત પ્રકટ કર્યું. મને સખત શબ્દોમાં ધમકી આપી થયું. મારૂં અધ:પતન એ દિવસથી આરંભાયું. અને દિવસે દિવસે હું પાપના ખાડામાં ધકેલાતી ગઈ. મેં તેમાંથી બહાર નીકળવા ઘણાંએ ફાંફાં માર્યાં; પણ હજુ સુધી મારો ઉદ્ધાર થઇ શક્યો નથી. શું હવે તમે એમ કહી શકશો કે એ નીચકર્મમાં હું જાણી જોઇને પ્રવૃત્ત થઇ હતી ? અજ્ઞાન અવસ્થામાં એકાદ ભૂલ થતાં જીંદગીની જે અધમદશા થાય છે તેને સુધારવાની સમાજ તરફથી તક મળી શકતી નથી એજ એક મોટી અફસોસની બીના છે. શું તમે એમ જાણોછો કે અમને પતિપત્નીના ઉચ્ચા પ્રેમની મુદ્દલ કિંમતજ નહિ હોય ? શું તમે એમ સમજો છો કે અમારૂં હૃદય કેવળ જડ બની ગયું હશે ? શું તમારી એવી માન્યતા છે કે અમે જનાવરના કરતાં પણ ઉતરતાં છીએ ? સમાજના પરોપકારી પુરુષો ઢોરોને માટે વ્યવસ્થા કરે છે; તેટલી પણ અમારો ઉદ્ધાર કરવા ગોઠવણ કરતા હોય તો શું અમે ન સુધરી શકીએ ? અમને હૃદય છે, અમને લાગણી છે; પણ સમા-

જમાં અમારે માટે સ્થાન નથી. જ્યાં જોઇએ ત્યાં અમારો તિરસ્કાર જ છે. સમાજનો આ એક અમારી ઉપરનો અન્યાય છે. શું તમે એમ કબુલ કરી શકો છો કે સમાજમાં અમારા કરતાંયે અધમ સ્ત્રીઓ નથી રહેતી ? છાને ખૂણે પાપકર્મ કરી ઉપરથી પવિત્રતાનો આડંબર બતાવનારી બાઇઓને સમાજ પૂછતીયે નથી. હું મારા અનુભવ ઉપરથી સ્પષ્ટ કહું છું કે તમારા કહેવાતા પવિત્ર સંસારમાં ભયંકર સડો છે. મોટાં ઘરોની કુળવાન અને ઉચ્ચ ગણાતી કન્યાઓ તથા સ્ત્રીઓ પોતાના નીચ હવસની તૃપ્તિને માટે અમારાં ઘરોનો આશ્રય લે છે. અમને દલાલીના દામનો એથી એક જાતનો બેવડો તડાકો પડે છે. દેવદર્શનને બ્હાને કે ફરવા જવાને બ્હાને તે સ્ત્રીઓ પોતાના યારોને લઇ અમારે ઘેર આવે છે. અને બે ત્રણ કલાક રહી ચાલ્યાં જાય છે. કેટલીકવાર એવું બને છે કે એક બાઇ બીજા પુરુષ સાથે એક ઓરડામાં વિલાસ કરતી હોય છે જ્યારે તેની જ બાજુના રૂમમાં તે બાઇનો પતિ બીજી સ્ત્રી સાથે વ્યભિચાર સેવતો હોય છે. આ શું ઓછો જૂલમ છે ? પુરુષ બદચાલનો હોય છે; એટલે તેની સ્ત્રી પણ બદચાલની થાય છે અને તેથી પ્રજામાં દુર્ગુણ સંકરતા આવે છે. પોતાને ઘેર સ્વરૂપવાન્, શુદ્ધ, ભરજુવાન પત્ની હોવા છતાં ઘણા વિષયના ગુલામો અમારે ઘેર આવે છે અને પૈસાનું તથા પ્રતિષ્ઠાનું પાણી કરે છે. બીજી કુટેવોની પેઠે સમાજમાં વેશ્યાસેવન પણ એક કુટેવ છે. શું પુરુષો સંયમ રાખી પોતાની એ કુચાલ છોડી દે તો સંભવ છે કે અમારી સંખ્યા વધી શકે ? અત્યારે દિવસે દિવસે મુંબઇમાં ને બીજાં શહેરોમાં વેશ્યાઓની સંખ્યા વધતી જાય છે અને સમાજ હજુ પણ જો પોતાની આંખ નહિ ઉઘાડે તો એ ભયંકર

બદી વધી પડશે અને ધીમે ધીમે આખા દેશને બળહીન, બુદ્ધિહીન અને કાંતિહીન બનાવી મૂકશે.

મહાત્મા ગાંધીજી બ્રહ્મચર્યનો ઉપદેશ આપવાને બદલે પુરૂષોને પોતાની પત્નીમાંજ પ્રસન્ન રહેવાનો ઉપદેશ આપતા હોય તો વધારે સારૂં છે. સમાજોમાં–સભાઓમાં અને મિટિંગોમાં નીતિ અને ધર્મનાં લાંબા લાંબા વ્યાખ્યાનો આપનારાઓ મધરાતને વખતે અમારાં ઘરોમાં હાજરી આપી જાય છે. સંન્યાસીઓ, ધર્માચાર્યો, અને પંડિતો મહિનામાં પાંચ સાત વખત અમારા ઘરની મુલાકાત લીધા સિવાય રહેતા નથી. અને ભક્તિ તથા પ્રભુપ્રેમનાં કાવ્યો અને વાર્તાઓ લખનાર અમારૂં આતિથ્ય ફુરસદને વખતે સ્વીકારી જાય છે. દુનિયામાં બોલવું સહેલું છે; પણ આચરવું મુશ્કેલ છે. હું તો પોકારીને કહું છું કે અમારા કરતાં વધારે પામર સ્ત્રી–પુરુષો સમાજમાં હયાતી ધરાવે છે અને તેનો કોઇ ઇન્સાફ તોળતું નથી. ખોટી નીતિએ, ખોટી પવિત્રતાએ દુનિયાંનું જેટલું બુરૂં કર્યું છે; તેટલું અમે નથી કર્યું. ધર્મને નામે જે ભયંકર પાશવતા ચારે તરફ ચાલી રહી છે તે કમકમાટી ઉપજાવે તેવી છે. મુંબઈ શહેરમાં કેટલાંક એવાં ખાનગી નરકસ્થાનો છે કે જ્યાં પશુતાની હદ આવી રહે છે. હું મારા અનુભવ ઉપરથી સત્યજ કહું છું કે એવાં સ્થાનોમાં સંધ્યાકાળના અંધકાર વખતે સગાં બે ભાઇ બ્હેનને પશુક્રીડા કરવાનો સમય આવી જાય છે; છતાં તેઓ પવિત્રતાના નામ નીચે સમાજમાં ડાહ્યાં ડમરાં થઇ ફરી શકે છે અને અમને કોઇપણ જગ્યાએ ઉભાં રહેવાનું સ્થાન પણ મળતું નથી. શું આ થોડો અન્યાય છે? સમાજ સેવકો હોવાનો દાવો કરનારાઓ કે સંસાર સુધારકો ભલે ગમે તેટલાં બણગાં ફુંકે; પણ જ્યાં સુધી અમારાં પામર જીવનોને સુધારી સારે રસ્તે લેવાનું

કામે હાથ ધરવામાં નહિ આવે ત્યાં સુધી દેશનો કદી ઉદ્ધાર થવાનો નથી. ભયંકર જીવલેણ ચેપી રોગો વધી પડશે, ડાક્ટરો અને દવા-ખાનાં ઉભરાશે, તેજ, વીર્ય અને પુરુષાર્થ કમી થશે, ગુલામી, ડર, ખુશામત અને અધર્મ વધી પડશે અને પછી ધીમે ધીમે આખા સમાજની પડતી દશા આવી જશે. છતાં અમારો ઉદ્ધાર કરવામાં સમાજ અભડાઈ જશે. કેવી વિલક્ષણ ભાવના છે? અમે અપવિત્ર છીએ, અમે પાતકી છીએ; પણ આખરે અમે માણસ છીએ. પાપીનો તિરસ્કાર કરવાને બદલે તેની નિર્બળતા ઉપર દયા ખાવી જોઇએ. અમને ઉપદેશ આપનારાં ખીશનો તૈયાર કરો, અમારી જીંદગી નિભાવવાનાં સાધનો અમને મેળવી આપો, અમારાં ઝેરમય જીવનમાં અમૃત રેડો અને અમને હડધૂત કરવાનું છોડી દો તો અમે સીધે રસ્તે જવા તૈયાર છીએ. અમારામાંની ઘણી બાઇઓને આવાં જીવનનો કંટાળો આવેલો છે; પણ બીજો કોઇ ઇલાજ નહિ હોવાથીજ તેઓ એમાં સબડે છે. દયા અને ધર્મને નામે પંકાએલા આ દેશમાં શું આવી નિર્દયતા યોગ્ય છે? ક્યાં સુધી અમને આવા પાપમાં સડવા દેશો? બાળપણની અમારી સાધારણ ભૂલોનો શું આવો ઘોર દંડ હોઇ શકે? અમને અધમ અને ઉતરેલું ધાન્ય ગણનારાઓ શા સારૂ કુતરાની પેઠે પુંછડી પટપટાવતા અમારે બારણે આવે છે? શું અમે છેક નિરૂપયોગી છીએ? વાંઢાઓ અને વિધુરોને અમે વધારે અત્યાચાર કરતા અટકાવીએ છીએ; પણ અમારો એ એક લુલો બચાવ ધ્યાનમાં લઇ સમાજમાં અમારી આટલી બધી જરૂર છે એમ કોઇએ માની લેવું નહિ. મારે તો માત્ર એકજ કહેવાનું છે કે અમારી ઉપરનો તિરસ્કાર દૂર કરો અને સમાજમાં અમને સ્થાન આપો.

સ્ત્રીઓ ઉપર અત્યાચાર કરવો એ દેશની અસભ્યતાનું મુખ્ય ચિન્હ છે. સમાજની નિર્દયતા અને નિષ્ઠુરતાને લીધેજ અમારી આવી દશા થઇ રહી છે, એ વાત હવે તો તમારા ધ્યાનમાં ઉતરીજ હશે, હું અનુભવ લેવા આ દેશમાં દરેક ઠેકાણે ફરી છું. મેં ઘણાં સુધરેલાં કુટુંબો જોયાં છે. સુધારાને નામે જે ભયંકર સડો ચાલી રહ્યો છે, તેનું વર્ણન હું કરી શકતી નથી. સમાજમાં નિર્બળ સ્ત્રીઓ અને પાપી પુરુષો હમેશ રહે છે. તેમને સુધારી સચ્ચરિત્ર બનાવવાનો એક ઉપાય શિક્ષણ છે; પણ તે ઉપરાંત સમાજની કેટલીક ખરાબ રૂઢીઓનો નાશ થવાની ખાસ જરૂર છે. બાળલગ્ન વૃદ્ધલગ્ન અને કજોડાના લગ્નથી ઘણી સ્ત્રીઓ નાની ઉમ્મરમાંથી વિધવા થાય છે. વિધવાનું જીવન સમાજમાં ઘણું તુચ્છ મનાય છે ઇંદ્રિયોની માગણીઓ સામે થવાનું બળ જો તેમનામાં ન હોય તો તે અનીતિના રસ્તે ચડી જાય છે. જ્યાં સુધી એ વાત ગુપ્ત રહે છે ત્યાં સુધી તો ઠીક છે; પણ પાપ જાહેરમાં આવતાં કાંતો તેને ઝેર પીવડાવાય છે અને નહિતો તેનો ત્યાગ કરાય છે. જેમને ઘરમાંથી કાઢી મૂકવામાં આવે છે, તેઓ શહેરોમાં જઇ ધંધા તરીકે વેસ્યાવૃત્તિ સ્વીકારે છે નિર્દય સગાંઓનો આ શું ઓછો જૂલ્મ છે? જે ક્રૂર પુરુષો વિધવાઓનાં અને કુંવારી કન્યાઓનાં જીવન ધુળમાં મેળવે છે, તેમને સમાજ તરફથી કાંઇ શિક્ષા મળતી નથી અને બિચારી અનાથ અબળાઓને એકાદ ભૂલને પરિણામે મરણપર્યંત તિરસ્કાર, અપમાન અને કાળું કલંક સહન કરવાં પડે છે. અમને શું અમારો દેહ વેચીને પેટનો ખાડો ભરવાનું પસંદ પડતું હશે? મનુષ્ય જીવનની કિંમત શું અમે બિલકુલ નહિ સમજતાં હોઇએ? સમાજે અમારા વર્ગને એટલો નીચ ઠરાવ્યો છે કે તેનો જલ્દી ઉદ્ધાર થવો અશક્ય છે; પણ શું અમે હંમેશને માટે એ નીચ-

તામાં રહેવા જ સરજાયાં છીએ ? અમારી ભ્રષ્ટતા શું આ દેશની સભ્યતાને શોભે છે ? સમાજ ક્યાં સુધી છતી આંખે અંધ રહેશે ? દેશના ભાગ્યમાંથી કયારે આ દુરાચાર દૂર થશે ?

અમારી મુક્તિ માટે પ્રથમ એક ફંડ એકઠું કરી સંસ્થા સ્થાપો. વિલાયતનાં સ્ત્રી પુરુષોની પેઠે હિન્દનાં સ્ત્રી પુરુષોએ વેશ્યાઓનાં રહેવાનાં ઘરોમાં ફરી તેમને ઉપદેશ તથા મદદ આપી એ નીચ ધંધામાંથી મુક્ત કરવી જોઇએ. તેમની કરૂણાજનક અને હૃદયવેધક સ્થિતિ જાણી લઇ તે લોકોમાં જાહેર કરવી જોઇએ અને તેમના પોષણને માટે પ્રામાણિક માર્ગ શોધી આપવો જોઇએ. મને આશ્ચર્ય થાય છે કે આપણા દેશની હિન્દુ–મુસલમાન બાઇઓ તો આ ધંધામાં ફસાય છે; પણ કેટલીક યુરોપિયન અને યુરેશિયન બાઇઓ પણ આવો નીચ ધંધો ચલાવી રહી છે. સુધરેલા દેશની સ્ત્રીઓને શું આવું કર્મ શોભતું હશે ?

પરિસ્થિતિના પ્રવાહમાં સપડાઇ એકાદ સ્ત્રીને જો એક વખત વેશ્યાવૃત્તિનો આશ્રય લેવો પડયો તો જીંદગીપર્યંત તેને તેજ ભયાનક અપ્રતિષ્ઠામાં પોતાનો જન્મ ગુમાવવો પડે છે, એટલું જ નહિ પણ તે સ્ત્રીના ઉદરમાંથી પેદા થએલાં સંતાનોને પણ એજ ધંધો આગળ ચલાવવો પડે છે. આ તરફ સમાજે તથા આગેવાન લોકનાયકોએ લક્ષ્ય આપી પામર સ્ત્રી વર્ગને આ અધોગતિમાંથી મુક્ત કરવો જોઇએ. વેશ્યાવૃત્ત અગર દેહનું વેચાણ એ સડાનો પ્રચાર પાશ્ચાત્ય દેશમાં પણ છે; પરંતુ ત્યાં તેની વિરૂદ્ધ જોરથી હિલચાલ શરૂ થઇ છે. કેટલાંક કેળવાએલાં સ્ત્રી પુરુષોએ ગલીએ ગલીએ ફરીને આ ધંધામાં પડેલી અભાગિની અબળાઓની કરૂણાજનક સ્થિતિ જાણી લીધી છે. સ્ત્રીઓની અનીતિના માર્ગ તરફ પ્રવૃત્તિ કેમ થાય છે, તેમની

પરવશતા–નિર્બળતાનો લાભ લઇ પુરુષો તેમને પાપના ખાડામાં કેવી રીતે નાંખે છે વગેરે બાબતોની તે દુ:ખમાં પડેલી અનેક સ્ત્રીઓની સાક્ષીઓ પ્રકટ કરી તેઓના સંબંધમાં ત્યાંની લોકલાગણી ઉશ્કેરી મૂકી છે અને રોમાંચ ઉભાં કરે એવાં પુસ્તકો છાપી તેમણે જગતની સામે સત્ય રજુ કર્યું છે; પણ અમારાં કમનસિબે આ દેશના લોકોનું લક્ષ આ તરફ ખેંચાયું નથી. સ્ત્રી વર્ગનો એક મોટો ભાગ કેવળ નિરૂપાયથી આ ધંધામાં પડી સાચા સુખને ગુમાવી બેઠો છે! સ્ત્રીઓને આ મુડી વગરનો વેપાર કેવળ દરિદ્રતાને લીધે કરવો પડે છે; પ્રમાણિકપણે પેટ ભરવાનો એક પણ માર્ગ તેમને સાધ્ય ન હોવાથી તેઓ આ ધંધો સ્વીકારે છે. કેટલીક વખત હિન્દુસ્તાનનાં માબાપો પોતાના પેટને અર્થે પાંચ પચ્ચીસ રૂપિયા લઇ આવો દેહવિક્રયનાં કારખાનાંઓ ચલાવનારને પોતાની નાની ઉમ્મરની બાળકીઓ વેચે છે વેશ્યાવૃત્તિને ફરજિયાત બનાવનાર દારિદ્ર્ય છે; એટલું જ નહિ પણ બીજાંએ ઘણાં કારણો છે. પતિથી ત્યજાએલી, પરપુરુષોથી ઉપાડી જવાએલી, ખરાબ સોબત વાળી કજોડાંનાં લગ્ન વાળી અને બાળવિધવા ઘણે ભાગે આ ધંધો આદરે છે. બાળલગ્ન, વૃદ્ધવિવાહ, મદ્યપાન, બળાત્કાર કે મનની દુર્બળતાથી સ્ત્રીઓનો પગ એક વખત આડો પડે છે અને તેમાંથી સુધરવાનો એકપણ માર્ગ ન હોવાથી એક સરખો અધઃપાત થતો જાય છે. આ દેશમાં વિધવાઓ પ્રત્યેની નિષ્ઠુરતા ઉપર જણાવેલા ધંધાને પોષક થઇ પડે છે. કહેવાની મતલબ એ છે કે પોતાની ઇચ્છાથી આવો અધમ ધંધો લઇ બેઠેલી સ્ત્રીઓનું પ્રમાણ સેંકડે દશનું પણ હોતું નથી. બળાત્કારથી ફસાએલી સ્ત્રીઓનું પ્રમાણ નેવું ટકા હોય છે. આવી સ્ત્રીઓની શરૂઆતની જીંદગી એવાંજ કારખાનાંમાં ગએલી હોવાથી તેમને દુનિયામાં બીજો કામ

સારો ધંધો છે, એ વાતની ખબર પણ હોતી નથી. દેહવેચાણના કારખાનામાં પોતાના માલેકની તિજોરી તર થાય તે માટે જે અસહ્ય વેદનાઓ સ્ત્રીઓને સહન કરવી પડે છે તેનાં વર્ણનો સાંભળી પત્થર જેવું હૃદય પણ પીગળી જશે. આવાં નરકસ્થાનોમાં સપડાએલી સ્ત્રીઓ અભણ હોવાથી પોતાનાં દુઃખ યોગ્ય સ્થાને પહોંચાડી શકતી નથી. આવા પ્રસંગે સમાજ સુધારકોનું કર્તવ્ય છેકે તેમણે અમારા ઉદ્ધારના કામને પવિત્રમાં પવિત્ર ધર્મ સમજવો જોઇએ. પ્રથમ પતિતોદ્ધાર ગૃહ નામનું ગૃહ સ્થાપી ત્યાં મુક્ત થએલી બાઇઓને રહેવાની તજવીજ કરવી જોઇએ. વેશ્યાઓ જન્મથીજ કુમાર્ગગામી નથી હોતી એ ધ્યાનમાં રાખી તેમની પ્રત્યે દયા રાખતાં શીખવું જોઇએ. પતિવ્રતધર્મ અમને પસંદ નથી એમ માનશો નહિ; પણ તેવો સારો આયુષ્યક્રમ મેળવવા માટે અમે નિરાશ થએલાં હોવાથીજ અમારે આવા ખરાબ રસ્તે આયુષ્ય પુરૂં કરવાનું હોય છે. અમને જો સારો માર્ગ બતાવવામાં આવે તો અમે જરૂર આ ધંધો મૂકી દઇએ. અમને સારાં સારાં કામ શીખવી શકાશે અને પ્રમાણિક પણે ઉદરનિર્વાહ ચલાવવાની તજવીજ કરાવી શકાશે. આ દેશમાં કોઇપણ કાર્ય નવેસરથી શરૂ થયું કે તે સંબધી પોકારો તો થાય છેજ; પણ તેનાથી ડર્યા વિના અમારા ઉદ્ધારનો પ્રશ્ન હાથ ધરવો જોઇએ. વિલાયતમાં 'નેશનલ વિજીલન્સ એસોસિએશન' નામની સંસ્થા વેશ્યાઓના ઉદ્ધારના ઉદ્દેશથી સ્થપાએલી છે, અને તેનું કામ ઘણું સમાધાનીથી ચાલે છે; એવું મેં એક ઠેકાણે વાંચ્યું છે. હિન્દમાં અત્યારે એવી સંસ્થાની ખાસ જરૂર છે. ભણેલા ગણેલા તરૂણોએ વેશ્યાવૃત્તિ સ્વીકારી ઉદરનિર્વાહ કરનારી સ્ત્રીઓ તરફ તુચ્છ નજરથી ન જોતાં, તેઓના આ ધંધાના મૂળનો લક્ષ્યપૂર્વક વિચાર કરવો જોઇએ. કોણપણ સ્ત્રીને દેહ

વેચીને પેટ ભરવું ગમે જ નહિ, એ નિઃશય છે! પોતાના મનનાં દુઃખો મનમાંજ દાબી આવું કુદરત વિરૂદ્ધનું નીચ કામ સ્ત્રીઓ શું હોંશથી કરતી હશે? આ દારૂણ યાતના આપનારી ગુલામગીરી તેમને શું પસંદ પડતી હશે? આવી અધમ પ્રકારની જન્મકેદમાં તેમને શું સુખ ભાસતું હશે? આ સર્વ પ્રશ્નોના જવાબ 'ના'માં આપવા પડશે; પણ તે કર્યા સિવાય તેમનો છૂટકો નથી. સમાજે અમને એટલા હલકા દરજ્જાની ગણેલી છે કે એ નરકમાંથી અમારો ઉદ્ધાર થવો અશક્ય થઇ પડયો છે. બિચારા પરોપકારી મિશનરીઓ અમને પાવન કરી પોતાની સમાજમાં મેળવવા ઇચ્છે છે અને મને ઘણીવાર આવા વિચિત્ર હિન્દુપણાને છોડી ખ્રિસ્તિ થઈ જવાનું મન થાય છે; પણ હું હજુ રાહ જોઉં છું. આટલો અધઃપાત થવા છતાં શું આ સમાજ નહિ જ જાગે? સમાજ સેવકો! હવે તો હદ થઇ છે! કૃપા કરી અમારા માટે પવિત્ર સંસ્થાઓ કાઢી ફંડ ભેગું કરી ફરજિયાત નાઇલાજે સ્વીકારવી પડેલી વેશ્યાવૃત્તિ નામશેષ કરવા કોઇક તો તૈયાર થાઓ!!

હું બહુ દિલગીર છું કે આવી વાત આજ મારે આમ ખુલ્લે-ખુલ્લી જાહેર કરવી પડે છે. સમાજ જ્યાં સુધી સંસારનાં દૂષણો તરફ આંખ મિચામણાં કરશે, ત્યાં સુધી આ મહાદોષો કોઇપણ રીતે અટકવાના નથી. દેશને અત્યારની અધોગતિ કરતાં પણ વધારે અધોગતિમાં તે ઘસડી જશે અને પરિણામે સર્વનો નાશ થશે. હિન્દુ સ્ત્રી-પુરુષનો લગ્ન સંબંધ સાંસારિક નથી; પણ ધાર્મિક છે. વિષયવાસનાની તૃપ્તિ માટે હિન્દુઓ વિવાહ કરતા નથી. પશુઓની પેઠે હરઘડી મનમાન્યો સંભોગ કરવાનો તેમનો ધર્મ નથી. વિવાહ સંસ્કાર એક ગંભીર પ્રતિજ્ઞારૂપે તેઓ સ્વીકારે છે. ઇશ્વરને સાક્ષી રાખી અતિ

પવિત્ર ભાવથી જીવન પર્યંતને માટે તેઓ એકતામાં બંધાય છે; છતાં આશ્ચર્ય એ છે કે પુરુષ પોતાની નીચ વાસનાઓને તાબે થઇ, પોતાની પરણેલી પત્નીને દગો દઇ લગ્નનો કરાર તોડે છે અને વ્યભિચાર કરે છે. પરિણામે અમારા ધંધાને ઉત્તેજન મળતાં અમારી સંખ્યા વધે છે; પણ હવે એ પ્રશ્નમાં બેદરકારી રાખવામાં હાની છે. સમાજ સેવકોને મારો એટલોજ સંદેશ છે કે તેમણે અમારા માટે સંસ્થાઓ ખોલી, અમને ભરત, ગુંથણ સીવણ વગેરેની તાલીમ આપી અમારો ઉદ્ધાર કરવો જોઇએ. પ્રભુ તેમના ઉપર તેથી રાજી થશે અને સારા સમાજનું તે કલ્યાણ કરશે. ”

તે બાઇની એ આત્મકથા સાંભળી હું અને મારી સ્ત્રી સ્તબ્ધજ થઇ ગયાં. સમાજની પાસે વેશ્યાઓનો પ્રશ્ન રજુ કરવા એ કથા જેમની તેમ અહીં આપી છે. अस्तु.

---

૯ વિનોદિનીની આત્મકથા.

(૧) પ્રાકૃતિક મનોધર્મ.

હું ક્ષુદ્ર સ્ત્રી. અર્થાત્ મારા આયુષ્યનાં સ્મરણો પણ ક્ષુદ્ર. તે જનતાની આગળ જાહેરમાં મૂકતાં આજ મને ક્ષોભ થાય છે. જે અદૃષ્ટને લીધે મનુષ્ય કોઇ વખત સુખના સાગર ઉપર તરે છે, તો કોઇ વખત દુઃખના ખાડામાં ધકેલાય છે એની મિમાંસા કરવા અદૃષ્ટ લેખક બ્રહ્મદેવ સિવાય કોઇ સમર્થ નથી. ભવિતવ્યતા ઉપર ઇશ્વર સિવાય કોઇની કાંઇપણ સત્તા નથી એમ જે ડાહ્યા માણસો કહે છે એની સત્યતા મારા અનુભવમાં પુરેપુરી આવેલી છે. નિરંતર સુખ-શય્યા ઉપર આળોટનારા સુદૈવી પ્રાણીને ભવિતવ્યતાની અગાધ શક્તિ સામર્થ્યની કલ્પના કદી ઉત્પન્ન થવાની નથી; પણ દુર્દૈવી પ્રાણી પ્રત્યેક પ્રસંગે ભવિતવ્યતા તરફ આંગળી દેખાડ્યા સિવાય રહેનાર નથી. હું ભવિતવ્યતાના સંબંધમાં બોલું છું તેનું કારણ એ છે કે હું એક અત્યંત દુર્દૈવી છું. મારૂં દુર્દૈવ આજ ઘણા દિવસથી મારી સાથે એક સરખો ખેલ ખેલે છે. આ ઉપરથી મને કાંઇ સુખના દિવસો મળ્યા નથી એમ કોઇએ સમજવું નહિ, મારા બાળપણાના દિવસો ઘણા સુખમાં ગએલા છે; પરંતુ તે બાળપણના સુખના રમ્ય દિવસો કલ્પનામાં પણ આવે નહિ એટલા જલ્દી પૂરા થયા મને લાગે છે.

કદાચિત હાલ પ્રાપ્ત થએલી વિલક્ષણ વિપદાવસ્થાને લીધે ગએલો સુખનો કાળ અતિ અલ્પ હતો એમ લાગતું હશે. ગમે તેમ હો; પણ એટલું ખરૂં કે તે રમ્ય બાળપણનું મને જ્યારે જ્યારે સ્મરણ થાય છે, ત્યારે ત્યારે હું હાલની મારી કષ્ટકારક સ્થિતિ ક્ષણવાર વિસરી જાઉં છું. તે સુખદાયક અવસ્થામાં જો મારી છેલ્લી ઘટિકા આવી હોત તો હું મને ભાગ્યશાળી સમજત; પણ એ વખતે આવો વિચાર આવ્યો હશે કે નહિ તે કાંઇ કહી શકતી નથી. સ્થૂળ દૃષ્ટિએ જોઇએ તો મૃત્યુના સંબંધમાં લૌકિક કલ્પના અત્યંત નિરાળી દેખાય છે. જુદી જુદી યાતનાઓ સહન કરનાર એકાદ દુર્દૈવી પ્રાણીનું મૃત્યુ થતાં લોકો 'છૂટયો બિચારો' એમ કહી સમાધાન દેખાડે છે અને સુખસમૃદ્ધિમાં રહેલો એકાદ ભાગ્યશાળી માણસ મરણ પામતાં 'અરેરે બહુ ખોટું થયું' એમ કહી શોક બતાવે છે; પણ આ લૌકિક કલ્પનામાં મોટી ભૂલ છે. સંકટોથી ડરી જઇ મૃત્યુનો આશ્રય શોધવો એમાં મનુષ્યનું મનુષ્યત્વ શું? મૃત્યુ સર્વને માથે છે. તે કયારે કોના ઉપર ઘેરો ઘાલશે તેનો કાંઇ નિયમ નથી; પણ સંકટ સમયે આશ્રય માટે તેને પાસે બોલાવવું એ ખરા ધૈર્યશીલનું લક્ષણ નથી. આ વિવેચન કરવા કરતાં પ્રત્યક્ષ અદૃષ્ટચક્રે મને કેવી કેવી ફેરવી છે એ લખવાનો આરંભ કરવો એજ ઠીક છે.

મારૂં નામ વિનોદિની છે; પણ વિનુ નામથીજ હું સર્વને પરિચિત થએલી છું. ઘરમાં સર્વ કરતાં મારી માતાનો મારી ઉપર વધારે પ્રેમ હતો. હું બાળપણમાં બહુ લાડકી હતી. અમારા ઘરમાં અમારૂં ચાર માણસનું કુટુંબ હતું. હું માતા, પિતા અને ભાઇ. માતાનું નામ અન્નપૂર્ણા, પિતાનું નામ શ્રીધર અને ભાઇનું નામ શ્રીકાંત છે. અમારૂં રહેવાનું ગામ કાઠીઆવાડમાં છે; પણ અમે ઘણા વખતથી અમદાવા-

દમાં રહીએ છીએ. મારા પિતા પ્રથમ મામલતદાર હતા અને પછી કલેક્ટર થયા હતા. મારો ભાઈ મારા કરતાં બે વર્ષે મોટો હોવાથી અમે બન્ને સાધારણ સરખાં દેખાતાં હતાં. અમારી વચ્ચે અકથનીય પ્રેમ હતો, તેથી અમારા બાલ્યાવસ્થાના દિવસો બહુ સુખમાં ગયા છે. મારી આંખોમાં જરા આંસુ આવતાં ભાઇની આંખો પાણીથી છલકાતી. મતલબ કે અમારા બન્નેના મનોવિકાર એકજ હતા. અમે શાળામાં પણ સાથેજ જતાં હતાં. શ્રીકાંત મારા કરતાં બુદ્ધિમાન્ હતો. વર્ગમાં હંમેશાં તેનો નંબર પહેલો રહેતો. શાળામાં કેટલાક વિદ્યાર્થીઓ સાથે અમારે મિત્રાચારી હતી, તેમાં દિનકર નામના વિદ્યાર્થી સાથે સારો સ્નેહ જામ્યો હતો. તેને એક સ્કોલરશિપ મળની હતી. અમારે ઘેર તે વારંવાર આવતો હતો. તે વિનયી, સુશીલ અને મિતભાષી હોઇ સ્વરૂપે બહુ સુંદર હતો. પોતાના મીઠા સ્વભાવથી તે અમારા ઘરમાંના સર્વ માણસોનું પ્રીતિનું પાત્ર થઇ પડયો હતો. તેના પિતાની સ્થિતિ સાધારણ હતી. અમદાવાદમા તે ભાડાની ઓરડીમાં રહી વિદ્યાભ્યાસ કરતો હતો. મારાં માતા પિતાને તેની ઉપર અસાધારણ પ્રેમ હતો. વારંવાર તેને અમારે ઘેર જમવાનું આમંત્રણ થતું. વરસ બે વરસમાં તો તે અમારા ઘરનો એક માણસ જ થઇ રહ્યો હતો.

ગુજરાતી અભ્યાસ પૂરો થયા પછી હું અને શ્રીકાંત અંગ્રેજી નિશાળમાં જતાં હતાં; પણ પછી મને ચૌદમું વર્ષ બેઠું એટલે મેં શાળાને છોડી દીધી. શ્રીકાંત અને દિનકર મેટ્રિકમાં પાસ થઇ વધારે અભ્યાસ કરવા ગુજરાત કૉલેજમાં ગયા. મેં ઘર આગળ ગીતા, રામાયણ વગેરેનો અભ્યાસ શરૂ કર્યો. મને સોળમું વર્ષ બેસતાં હું પરણવા લાયક દેખાવા લાગી. મારા અવયવોમાં એ વખતે પૂર્ણતા પણ પ્રાપ્ત

થઇ હતી એટલે ઘરમાં મારા લગ્નની ચર્ચા થવા લાગી. મારી આગળ પણ મારા લગ્નનો પ્રશ્ન દિવસમાં કેટલીએવાર આવીને ઉભો રહેતો. કેળવાએલાં માતાપિતા મારે માથે હોવાથી મારે તે સંબંધી ચિંતા કરવાનું કાંઈ કારણ નહોતું; પરંતુ ઉમ્મરે હું મોટી થએલી હોવાથી અને મેં થોડું ઘણું શિક્ષણ લીધેલું હોવાથી મારા લગ્નની સ્વાભાવિક ચિંતા થતી હતી. માતાપિતાની સ્થિતિ પણ મારા જેવીજ હતી. પુત્રીનાં લગ્નની માતાપિતા ઉપર કેટલી જવાબદારી છે અને તે વખતે એ કેટલી ચિંતામાં આવી પડે છે તેનો બીજાને ખ્યાલ આવે તેમ નથી. 'છોકરી મોટી થઇ છે, હવે ક્યાં સુધી આમ શાંત બેસી રહેશો' એવા એવા શબ્દો માતા હંમેશ પિતાને કહેતી અને તેઓ તેના જવાબમાં બોલતા કે–'તું કહે છે તે હું સઘળું સમજું છું. મારો પ્રયત્ન એ દિશામાં ચાલુ છે. છોકરી મોટી થઇ છે તેથી તેને ગમે ત્યાં ફેંકી દેવાની નથી.' આ પ્રમાણે તેમનું સંભાષણ ઘણું વખત મારા કાન ઉપર આવતું. એક દિવસ દાદર ચડી મેડી ઉપર જતાં મેં તેમનું બોલવું સાંભળ્યું. ચોરીને સાંભળવું અનુચિત હતું; પણ મારા લગ્નના સંબંધમાં એ વાતચિત હોવાથી મારી જીજ્ઞાસા વૃત્તિએ મને તે ચોરી કરવા સ્વાભાવિક પ્રવૃત્ત કરી હું ધીમેથી છુપાઇ રહી તેમનું ભાષણ સ્પષ્ટપણે સાંભળવા લાગી. પિતાજીએ કહ્યું–શા ઉપરથી!'

માતાએ કહ્યું–'શા ઉપરથી એટલે? હું કાંઇ ખોટું બોલતી નથી. મેં તે છોકરીને પૂછ્યું નથી; પણ પૂછીશ તો તે શું કહેશે? તેના લગ્નની ઉમ્મર થઇ નથી એમ કહી હવે કેટલા દિવસ બેસી રહેવું?'

' ત્યારે મારૂં કહેવું કબુલ કર્યા સિવાય તારે બીજો ઇલાજ નથી.'

' મારે તે કબુલ છે. આપ કહેતા હતા કે છોકરો ગરીબનો છે; પણ ગરીબ હોવા છતાં તે સ્વરૂપે સુન્દર છે. શરીરે સુદૃઢ અને બુદ્ધિનો સારો છે. તેને આપણે થોડો ટેકો આપીશું તો તે પોતાનું ભાગ્ય ખિલવ્યા વિના રહેશે નહિ."

તો આજ હું દિવાકરના પિતાને પત્ર લખું છું, એમ કહી પિતાજી દિવાનખાનામાં ચાલ્યા ગયા અને માતા રસોડામાં ગઇ. હું મારા મન સાથે કહેવા લાગી–' પ્રભો! દિવાકર સાથે જો મારા વિવાહ થશે તો મારા સરખી ભાગ્યવતી બીજી કોઇજ નહિ ગણાય!' પિતાજીએ જે વખતે દિવાકરનું નામ ઉચ્ચાર્યું, તે વખતે મારા હૃદયમાં કંઇક ચમત્કારિક વિચારલહરી ઉત્પન્ન થઇ. મને લાગ્યું કે હર્ષનીજ લહરી હશે. દિવાકર સરખો સુસ્વરૂપ, સુશીલ અને બુદ્ધિમાન્ પતિ મળવો એ ઘટના મને ખરેખર મોટા ભાગ્યની લાગી. દરિદ્ર–નિર્ધન દિવાકરનો સહવાસ જોડવામાં હું જે આટલું ભાગ્ય માનું છું તે બદલ કેવળ પૈસાને સુખનું સાધન ગણનાર મારી બહેનપણીઓ મારૂં ઉપહાસ કર્યા સિવાય રહેશે નહિ; પણ ખરૂં સંસારસુખ કેવળ પૈસામાં નથી એ મુગ્ધ મહિલાઓએ સહજ સમજવા જેવું છે. ખરૂં વૈવાહિક સુખ શેમાં છે એ કહેવું કઠીન છે તો પછી મારા સરખી અબળાને બાલ્યાવસ્થામાં ક્યાંથી સમજાય? તથાપિ મારાં માતાપિતાએ મને જે શિક્ષણ આપ્યું હતું તેથી કેવો પતિ ઉત્તમ ગણાય તે હું સમજતી હતી. વળી તે સંબંધમાં વ્યવહાર, સમાજ અને કેટલાક ગ્રંથોના વાચનથી મેં પુષ્કળ વિચાર પણ કર્યો હતો. મારાં માતા પિતાના એ ભાષણના સમયથી લગ્ન થવાં સુધી મારા હૃદયમાં આશા–નિરાશા અનેક

વિચાર નિત્ય ઘોળાતા હતા. મારી બાળબુદ્ધિ પ્રમાણે અને તેજ પતિ મળે એટલા માટે મેં ઇશ્વરની અનન્યભાવે પ્રાર્થના કરી.

જે દિવસે એ હકીકત બની તે દિવસે કોઇ મરણ નિમિત્તે અમારા ઘરમાં લાડુનું જમણુ થયું હતું. રોજના નિયમ પ્રમાણે સાયંકાળે દિવાકર મારા ભાઇની સાથે બારોબાર શાળામાંથી અમારે ઘેર આવ્યો હતો. તે આવે કે તરત હું તેની સાથે ખુલ્લા મને વાતો કરતી અને ક્વચિત મશ્કરી પણ કરી લેતી; પરંતુ તે દિવસે કોણ જાણે કેમ હું તેને આવતો જોઇ એકદમ ઘરમાં પેસી ગઈ. મારી માતાએ મને રસોડામાં બોલાવી કહ્યું-' વિનુ ! આ ચાર લાડુ લે અને બે શ્રીકાંતને અને બે દિવાકરને જઇ આપ'

ઘરમાં જે કાંઈ નવું બનાવ્યું હોય તે સર્વની સાથે દિવાકરને પણ મળે એવો નિયમ હતો. હંમેશ સાયંકાળે ભાઇની સાથે તે આવે કે તરત હું તે બન્નેને માટે કાંઇપણ ખાવાનું લઇ જતી; પરંતુ તે દિવસે માતાએ કહ્યું કે તરતજ મારી સ્થિતિ મોટી ચમત્કારિક થઇ. અને તે વખતે શું થયું તે કહેવું કઠીન છે. હું ગભરામણમાં પડી ગઇ. મેં એકાએક કહ્યું-' માતા ! હું ત્યાં જવાની નથી.' તેણે પૂછ્યું 'કેમ ?' તેના એ પ્રશ્નથી તો મારી અવસ્થા પહેલાંના કરતાં પણ અધિક ચમત્કારિક થઇ. તેને શું ઉત્તર આપવો તે મને સૂઝ્યું નહિ. મારી એ દશા માતાના જાણવામાં ન આવે એટલા માટે વાત ફેરવી નાખી મેં કહ્યું-' બા, લાવ તે લાડુની રકાબીઓ. હું આપી આવીશ.'

મારી માતાના લક્ષમાં કાંઇ આવ્યું નહિ. હું તરત બે રકાબીઓ લઇ ભાઇના રૂમમાં ગઇ અને તેમાંની એક ભાઇના હાથમાં આપી બીજી ધ્રુજતે હાથે દિવાકરના પગ આગળ મૂકી તરત બહાર નીકળી. બહાર જતી વખતે છૂપી રીતે દિવાકર સામે જોઇ લેવું એવો

વિચાર મારા મનમાં આવ્યો; પણ તેમ કરવું તે વખતે મને અનુચિત લાગ્યું. હું રસોડા તરફ જવા લાગી એટલામાં ભાઇએ મને બોલાવી અને પાણીના બે ગ્લાસ લઇ આવવા કહ્યું. પાણી લઇને જવું એ બહુ કઠીન કામ નહોતું; પણ તે દિવસ તે મને મુશ્કેલી ભરેલું લાગ્યું. આખરે બે સ્વચ્છ પ્યાલાઓ ભરી હું ત્યાં ગઇ. જતી વખતે મારી છાતી ધડક ધડક થવા લાગી. હાથ કંપવા લાગ્યા અને પગ પાછા પડવા માંડ્યા, આમ શા માટે થયું હશે? ભયથી થયું કહીએ તો હૃદયમાં ભય ઉત્પન્ન થવાનું કાંઇ કારણજ નહોતું. મહા મુસીબતે હું ત્યાં ગઇ અને બારણામાંજ બે પ્યાલા મૂકી પાછી ફરી. આમ શા માટે થાય છે એ બાબત મેં મારા મનને પુષ્કળ પુછ્યું; પણ કાંઇ ઉત્તર મળ્યો નહિ. મને લાગે છે કે એમ થવાનું કારણ કેવળ સ્ત્રીઓનો વિધિદત્ત પ્રાકૃતિક મનોધર્મ !

(૨) કુટુંબજાળ.

પિતાજીએ દિવાકરના પિતાને પોતાનો વિચાર પૂછી જોયો. તેમણે ઘણા આનંદથી તેમાં પોતાની સંમતિ દેખાડી અને ખુલ્લા મને કૃતજ્ઞતા વ્યક્ત કરી. મારી માતા દ્વારા મારો વિચાર પિતાએ જાણી લીધો અને તેજ પ્રમાણે દિવાકરને પણ તેમણે પૂછાવી જોયું. માર્ગશીર્ષ મહિનામાં અમારા વિવાહ થયા. મારી મનોવાંચ્છા પૂર્ણ થએલી હોવાથી મને એ વખતે જે આનંદ થયો હતો તે કલ્પનાતીત હતો. મેં મનમાં ને મનમાં ઇશ્વરનો અને મારાં માતાપિતાનો અનંત ઉપકાર માન્યો. મને તેમણે 'અખંડસૌભાગ્ય' કહી આશીર્વાદ આપ્યો. સાસરે જવાની તૈયારી થતાં મને કાંઇક ચિંતા થઇ; પણ ત્યાં ગયા પછી સર્વ માણસોનો પરિચય થતાં હું મોટા આનંદથી રહેવા લાગી. મારા સાસરાંની સાંપત્તિક સ્થિતિ સાધારણ હોવાથી મારાં માતાપિતાને મારા સંબંધમાં ફીકર પેઠી હતી તે ધીમે ધીમે

દૂર થવા માંડી. હું અમદાવાદ જેવા શહેરમાં રહેલી હોવાથી ગામડામાં મને કેમ ગમશે એવો મને વિચાર આવ્યો હતો; પરંતુ સાસરાનું ગામ જોયા પછી એ વિચાર દૂર થયો હતો. તે ગામ નાનું હતું; પણ બહુ સુન્દર હતું. મારા સાસરા ત્યાં પ્રસિદ્ધ વૈદ્ય હતા. તેમનો સ્વભાવ પ્રેમાળ અને દયાળુ હોવાથી તેઓ ગરીબોને મફત ઔષધ આપતા હતા. આસપાસનાં ગામડાંઓમાં તેમનો વ્યવસાય ઠીક ચાલતો હતો. તેમનો કુટુંબ પરિવાર સાધારણ રીતે મોટો હતો. તેમને ચાર પુત્રો અને બે પુત્રીઓ મળી છ સંતાન હતાં.

સસરાને મારા ઉપર અત્યંત સ્નેહ હતો. પોતાના મિત્રોમાં મારાં વખાણ કરતા હું તેમને ઘણી વખત સાંભળતી હતી. મારી એક ન્હાની નણંદ કૃષ્ણા અને નાના દિયર રસિકલાલ પણ મને ઘણુંજ ચહાતાં હતાં. મારાં સાસુના પ્રેમનું પાત્ર હું બરાબર થઈ શકી નહોતી. મારી જેઠાણી તથા દેરાણી ક્ષુદ્ર બુદ્ધિનાં હતાં અને તેઓ તેમને વારંવાર ભંભેરતાં હતાં. મારાં માતાપિતાએ મને સારૂં શિક્ષણ આપેલું હોવાથી સર્વની સાથે પ્રેમથી વર્તવાની મારી ઉત્કટ ઇચ્છા હતી; પરંતુ ઘરમાંની કેટલીક રીતભાતથી મને કોઈ કોઇ વખત રડવું આવી જતું. સમાજ પદ્ધતિએ જોઇએ તો આર્ય સ્ત્રીઓને સાસુ એક દેવી પ્રમાણે પૂજ્ય છે. તેની યોગ્યતા એટલી ઉત્તમ છે. જેના પુત્રરત્નથી વહુ સૌભાગ્યવતી બની જગતમાં કીર્તિમતિ થાય છે એ સાસુની યોગ્યતા દેવી તુલ્ય હોય એમાં આશ્ચર્ય પણ શું? મને પણ એમજ થતું. સાસુને સંતુષ્ટ રાખવા હું સઘળા પ્રયત્ન કરતી; પણ તે સફળ થતા નહિ. હું શ્રીમંતની પુત્રી હોવાથી મારા માટે તેમના હૃદયમાં પ્રથમથીજ ખોટો ભાસ બંધાઇ ગયો હતો. ખરૂં કહું તો હું સર્વની સાથે વિનયથી વર્તતી હતી, કામમાં કદી પણ કંટાળો લાવતી

નહોતી અને સર્વની આજ્ઞામાં રહેતી હતી; છતાં સર્વના પ્રેમનું પાત્ર થઈ શકી નહોતી. મને તેથી ઘણી વખત એમ થતું કે મારામાં કાંઈક દોષ હોવો જોઈએ. આખરે સાસરાનાં સર્વ માણુસોનો બરાબર પરિચય થતાં મારા દોષ મારા લક્ષમાં આવ્યા.

મારો પહેલો દોષ મને સ્વચ્છતાથી રહેવાની પડેલી ટેવ એ હતો. સસરાજીએ પોતાના ચારેય પુત્રોને એક એક સ્વતંત્ર ઓરડી આપી હતી. મારા સ્વામીને મળેલી ઓરડી હું સ્વચ્છ રાખતી. તેમાંનો સામાન વ્યવસ્થિત ગોઠવતી. મારા પિતાએ મને એક પલંગ, ત્રણ ચાર ખુરસીઓ, એક ટેબલ, અને બે નાના કબાટ આપ્યાં હતાં. વળી જ્યારે જ્યારે હું પિયરથી આવતી ત્યારે ત્યારે કાંઈ ને કાંઇ સાધન લેતી આવતી. તેથી મારી ઓરડી સારી દેખાતી પરંતુ મારા એ વ્યવસ્થિતપણા બદલ ઘરમાં કેટલાંકને વૈષમ્ય લાગતું. કોઇ કોઇ તો મને મડમ સાહેબ કહી બોલાવતાં. મારો બીજો દોષ મને લખતાં વાંચતાં આવડતું એ હતો. સ્ત્રીઓને કયાં કારકુની કરવા જવું છે ? એમ કહી તેઓ મારી ચર્ચા કરતાં. મારો ત્રીજો અપરાધ હું સૌન્દર્યવતી અને શ્રીમંતની પુત્રી હતી એ હતો અને ચોથો અપરાધ ગામના લોકો મને સદ્‌ગુણી કહેતા તે હતો. 'વિનુ અત્યંત સદ્‌ગુણી, ચતુર અને વિનયશીલ છે, એવું જ્યારે સસરાજી ઘરમાં કહી બતાવતા, ત્યારે મારી જેઠાણી દેરાણી અને મોટી નણંદ મનમાં બળી જતાં. મારા જેઠને નડીઆદમાં મામલતદારની કચેરીમાં વીસ રૂપિયા માસિક પગારની નોકરી હતી; પણ તેમને ચાર છોકરાં હતાં એટલે એટલામાં પૂરૂં થતું નહોતું તેથી તેઓ છોકરાંને પાણી માફક આવતું નથી એમ કહી ઘેર મૂકી જતા હતા. પિતાજીને મદદ કરવામાં તેમનો પગાર ટુંકો હતો; પણ ખાનગી રીતે બૈરી ઉપર દર મહિને પાંચ રૂપિયા

તેઓ સહેલાઇથી મોકલી શકતા મારા વચેટ દિયર ભાસ્કરરાવ બહુ સ્વચ્છંદી હતા. તેઓ ક્યાં ફરે છે અને ક્યારે ઘેર આવે છે એનો કાંઇ નિયમ નહોતો. તેમને ગાંજા વગેરેનું દુર્વ્યસન લાગુ પડ્યું હતું. તેમની સ્ત્રી એ બાબતમાં તદ્દન બેદરકાર હતી. પ્રત્યક્ષ પતિ સંબંધમાં સ્ત્રીએ એટલું નિષ્કાળજી પણે વર્તવું એ બાબત મને બહુ ખેદ થતો અને ક્વચિત્ ક્વચિત્ હું તેને ઉપદેશ પણ આપતી; પરંતુ તેનું કાંઇ સારૂં પરિણામ આવતું નહિ. હિન્દુ અવિભક્ત કુટુંબના ભાજા ગમે તેટલા ફાયદા હોય; પણ ગૃહક્લેશ એ એક મોટામાં મોટો ગેરફાયદો છે. સઘળાં માણસો એક સરખા સ્વભાવનાં હોતાં નથી તેમની વચ્ચે વારંવાર કલહ થાય છે. અમારા ઘરમાં પણ એમજ થતું. મારી સાસુ ભોળાં અને કાચા કાનનાં હતાં. ભાસ્કરરાવની સ્ત્રી તેમના પિયરની હતી. તેના ઉપર તેમનો વિશ્વાસ હતો; પણ એ બાઇનો સ્વભાવ વિચિત્ર હોવાથી તે સાસુજીને ભંભેરીને ભૂત બનાવતી. મારા સસરાજી એ કુટુંબ ક્લેશથી છેક કંટાળી ગયા હતા. બાર પંદર માણસનું ગુજરાન ચલાવવું અને તે ઉપરાંત ક્લેશ સહન કરવો એ એમને મન અસહ્ય થઇ પડ્યું હતું. હમણાં હમણાં એમની તબીયત લથડતી જતી હતી, એક રાત્રે તેમને થોડો તાવ ચડ્યો અને તે ધીમે ધીમે વધવા લાગ્યો. સાત આઠ દિવસમાં તો મંદવાડનું સ્વરૂપ દેખાવા માંડ્યું. તેઓ પોતાની યોજના પ્રમાણે મને ઔષધ તૈયાર કરવાનું કહેતા અને લેતા; પણ કાંઇજ ફરક પડતો નહિ. તેમની સ્થિતિ એવી હતી છતાં ગૃહક્લેશ એક સરખો ચાલુ હતો. 'આ બખેડો ઘરમાં જ્યાં સુધી ચાલશે ત્યાં સુધી મારા કુટુંબમાં સારા દિવસ આવવાના નથી.' એમ તેઓ વારંવાર બોલતા અને તેમાં સત્ય પણ હતું. જે કુટુંબમાં અંદરોઅંદર દ્વેષ, ઇર્ષા,

કુસંપ અને અભદ્ર શબ્દોનો ઉચ્ચાર અક્ષય ચાલુ હોય તે કુટુંબમાં સુખ અને સમાધાન ન હોય એમાં શું આશ્ચર્ય છે? સસરાજીના મંદવાડમાં તેમની સર્વ સુશ્રુષા હું એકલીજ કરતી હતી. મારા સિવાય બીજાના હાથની વ્યવસ્થા તેમને રૂચતી નહોતી. તે વખતે મને મદદ કરવામાં એક કૃષ્ણા હતી. પોતાની શક્તિ પ્રમાણે તે રાતદિવસ મારી સાથે સામેલ થતી હતી. દશ દિવસ પછી સસરાજીની પ્રકૃતિ બહુજ બગડી. કૃષ્ણા ઉમ્મરે નાની હતી; પણ બહુ શાણી હતી. એક દિવસે તે તેના પિતાની પથારી આગળ બેસી રડતી હતી. હું ત્યાં જઈ ચડી. પિતાના નિસ્તેજ મુખ તરફ જોઈ અશ્રુપૂરિત નયને મારા તરફ પણ તેણે જોયું. તે વખતે મારૂં હૃદય ચીરાઈ ગયું. મેં તેને છાતી સરસી ચાંપી ધીરજ આપી અને સસરાજીને પૂછ્યું–' અમદાવાદ કાગળ લખી તેડાવું ?'

' તે આવીને શું કરશે ? તું પ્રભાકરને પત્ર લખ. તે સર્વમાં મોટો છે, તેથી પાસે હોય તો સારૂં. દિવાકરના આવવાથી તેના અભ્યાસને નુકસાન થશે.' મેં તેમની આજ્ઞા પ્રમાણે મારા જેઠને એક પત્ર લખ્યો અને બીજો પત્ર મારા સ્વામીને પણ લખ્યો. ચોથે દિવસે પ્રભાકરભાઈનો પત્ર આવ્યો તેમાં 'રજા મળતી નથી' એમ લખ્યું હતું. અમે જ્યાં એ પત્ર સસરા-રાજીને વાંચી સંભળાવતાં હતાં ત્યાં તો અમદાવાદથી સ્વારી આવી પહોંચી. તેમણે એકદમ પિતાજીને નમસ્કાર કરી કુશળ વર્તમાન પૂછ્યા અને તેમની ચિકિત્સા કરી તેમને અમદાવાદ લઈ જઈ સારા ડાક્ટરની દવા શરૂ કરાવવાનો પોતાનો વિચાર દેખાડ્યો. મને તે વિચાર પસંદ પડ્યો. થોડીવાર પછી એકાંત મળતાં તેમણે મને પૂછ્યું 'પણ પૈસાની વ્યવસ્થા શી રીતે કરીશું ? મારી પાસે તો એક

પાઇ પણ નથી. તેમજ ઘરમાં કાંઇ હશે એવી પણ આશા નથી ' મેં તેમને હિંમત આપતાં કહ્યું–' પૈસાના સંબંધમાં ચિંતા કરવાનું કારણ નથી, અમદાવાદ જતાં સુધીનો સવડ મારી પાસે છે. ત્યાં ગયા પછી મારા પિતાને કહી બીજા રૂપિયાની વ્યવસ્થા કરીશ. " પૈસાની ચિંતા દૂર થતાં બીજે દિવસ અમે અમદાવાદ ઉપડી ગયાં અને ત્યાં એક ભાડાનું મકાન લઇ ઉપચાર શરૂ કરવા લાગ્યાં, પણ તેમની પ્રકૃતિમાં કાંઇ સુધારો થયો નહિ. ઉલટું ત્યાં એક દુઃખ વધ્યું. સંકટાવસ્થાનો એક વખત આરંભ થાય છે એટલે તેની પરંપરા વધતીજ જાય છે. અમદાવાદમાં મારા પિતાનો આશ્રય હતો; પણ મુબઇમાં એકાએક મારો ભાઇ બિમાર થઇ જવાથી તેમને ત્યાં જવું પડ્યું. મારી સ્થિતિ આ વખતે કેટલી અનુકંપનીય થઇ હશે; તેની વાંચકોએ જ કલ્પના કરી લેવી. મારી લેખિનીમાં એ લખવાનું સામર્થ્ય નથી. તે પ્રસંગનું સ્મરણ થતાં મારાં નેત્રો અત્યારે પણ દુઃખાશ્રુથી ભરાઇ આવે છે. મારા સસરાની પ્રકૃતિ બગડતી જતી હતી, તેમાં વળી અમને પૈસાની ચિંતા થઇ પડી હતી. શહેરનું ખર્ચ, દવાદારૂનું ખર્ચ, ડોક્ટરોનાં બીલનું ખર્ચ વગેરેને પહોંચી વળવા અમારી પાસે કાંઇ સાધન નહોતું. મારા સ્વામી એ ચિંતામાં એક દિવસ એક ખૂણામાં આંસુ પાડતા બેઠા હતા. તેમની તે દૈન્યાવસ્થા જોઇ મારૂં હૃદય વિંધાઇ ગયું. મેં તેમને હિંમત આપતાં કહ્યું— ' આપ મુદ્દલ ચિંતા કરશો નહિ. મારો એકાદ દાગીનો બજારમાં વેચી સઘળા કરજનો નિકાલ કરી ઘો. ' મારૂં એ કથન સાંભળી તેઓ વિસ્મિત અને દુઃખિત નજરે મારા તરફ જોઇ બોલ્યા–' તારા દાગીના બજારમાં જઇ વેચવા જેટલો શું હું નિર્દય થઇ શકું ?

" એમાં નિર્દયપણું શેનું ? આવા પ્રસંગે મન એટલું કઠોર જરૂર કરવું જોઇએ " એમ કહી મેં મારા હાથનાં સોનાનાં કડાં કાઢી આપ્યાં. મારૂં એ કૃત્ય તેમને મોટા આભારરૂપ લાગતાં તેમનું હૃદય સ્વાભાવિક ભરાઇ આવ્યું. તે કૃતજ્ઞતાથી મારો હાથ પકડી બોલ્યા– ' વિનુ ! આ દાગીના કેવળ તારા ગરીબ પતિને માટે તારે દૂર કરવા પડે છે, તે બદલ મને ક્ષમા કર.' તેઓ પોતાને દરિદ્રી માનતા હતા; પણ મને તેમ લાગતું નહોતું. મારા પતિ વિશ્વભૂપતિ પ્રમાણે ઐશ્વર્ય-શાલી છે, એમજ મને લાગતું હતું. તેમને હું મારૂં સર્વસ્વ સમજતી હતી. તે દરિદ્રી છે એવી કલ્પના સ્વપ્નમાં પણ મારા મનમાં આવી નથી. હું પોતે જયારે તેમની હતી, ત્યારે મારા દાગીના પણ તેમ-નાજ હોય એમાં શું આશ્ચર્ય ? મેં તેમને જવાબ આપ્યો–' કૃપા કરી એવું એવુ બોલી મને શરમાવશો નહિ. મારા અંગ ઉપરના સર્વ અલંકાર આપનાજ છે. તેનો ઉપયોગ કરવામાં આપ શા માટે સંકોચ રાખો છો ? આપના સુખ સારૂ બે કાચની બંગડીઓ પહેરીને પણ હું સંતોષ માનીશ.' તેઓ આવા પ્રસંગને માટે ક્ષણે ક્ષણે અનુતાપ દર્શાવી પોતાનો ધિક્કાર પ્રકટ કરવા લગ્યા; પણ તે દાગીના વેચ્યા સિવાય બીજો ઇલાજ નહોતો. બજારમાંથી તેના ચારસો રૂપિયા ઉપજ્યા. અને એ રીતે હાલ તરતને માટે એક ચિંતા દૂર થઇ

તે રાત્રે સસરાજીએ મને પાસે બોલાવીને કહ્યું—'વિનુ ! મારો હવે કાંઈ ભરોંસો નથી; માટે તમે મારાથી દૂર રહેશો નહિ.' તેમના એ ઉદ્દગાર સાંભળી મારી અવસ્થા મોટી ચમત્કારિક થઇ ગઇ. અમે સઘળાં માણસો તેમની પાસે જાગતાં બેઠાં. જેમ જેમ રાત વીતવા લાગી તેમ તેમ સ્વરૂપ બદલાવા માંડયું. પરોઢીઓ ચાર વાગતાને સુમારે પોતાની મરણઘટિકા છેક નજીક આવેલી જણાતાં પ્રેમપૂરિત

દૃષ્ટિ મારા તરફ ફેરવીને બોલ્યા–'વિનુ ! તું સર્વમાં સમજણી છે. માટે સર્વને સારો માર્ગ દેખાડજે.' તેમના એ શબ્દો સાંભળી સર્વનાં નેત્રોમાં પાણી આવ્યાં. થોડીવાર સ્તબ્ધ રહીને બોલ્યા–'દિવાકર ! સહુની સંભાળ રાખજે. તમને સર્વને કુશલાવસ્થામાં જોઇ હું જાઉં છું, એટલો મને સંતોષ છે.' તેમના એ ઉદ્ગારોથી તો અમારા સર્વનાં હૃદય ભરાઇ આવ્યાં. મેં આંસુ લુછી કહ્યું—'પણ અમારાથી આપને દુઃખજ મળ્યું છે. સુખની ઘટિકા સુદૃલ આવી નથી.' તેમનો અંતકાળ પાસે આવ્યો હતો. તેઓ લથડતા અવાજે બોલ્યા—'નહિ, મારી સંસારયાત્રા સુખમાંજ પાર પડી છે.' થયું તેઓ છેલ્લું એ બોલ્યા. તેમની વાચા બંધ થઇ ગઇ. નેત્રો બીડાઇ ગયાં. શ્વાસ ધીમે ધીમે ક્ષીણ થઇ બંધ પડ્યો અને શરીરમાંનું સર્વ ચૈતન્ય લુપ્ત થઇ ગયું. અમને સર્વને દુઃખના સાગરમાં મૂકી તેઓ ચાલ્યા ગયા !

૯ મારી કસોટી.

હાય ! કેવો તે ભયંકર પ્રસંગ ! એ પ્રસંગનું શબ્દચિત્ર આલેખવા મારી લેખિની તદ્દન અસમર્થ છે. સસરાજી ઉપર સર્વને અસાધારણ પ્રેમ હતો. તેમના સ્વર્ગવાસથી સર્વનાં હૃદય રડી ઉઠયાં. કૃષ્ણાનો અને મારો શોક તો અપાર હતો, છતાં જેમ જેમ દિવસો જવા લાગ્યા તેમ તેમ એ દુઃખ ઓછું થવા લાગ્યું. મનુષ્યનો ખરો સખા એક કાળ માત્ર છે. હળવે હળવે દુઃખ હલકું કરી મનુષ્યને જુદી પરિસ્થિતિમાં લાવી મૂકનાર માર્ગદર્શક એક કાળજ છે. મનુષ્યનો ખરો સખા તેજ છે. કાળના વિલક્ષણ ઘટનાચક્રથી અમારૂં દુઃખ દૂર થયું; પણ તે સાથે નવીન સંસારભાર એકાએક શિરપર પડવાથી બીજી ચિંતા ઉદ્ભવી. મારા નાના દિયર એમની સાથે મુંબઇમાં ભણતા હતા. ભાસ્કરરાવના વર્ત્તન વિષે તો હું આગળ જણાવી

ગઇ છું. મારા જેટલો પગાર ટૂંકો હતો. આવી પરિસ્થિતિમાં સઘળો ભાર મારા સ્વામીની ઉપર આવી પડયો. મને મારા પિતાજી તરફથી દશ રૂપિયાની મદદ મળી હતી અને દરમહિને એ પ્રમાણે મોકલવાનું અભિવચન આપ્યું હતું. મેં એક મહિનો જેમ તેમ કરી ચલાવ્યું; પણ એટલામાં ઘરનો વ્યવહાર ચાલવો કઠીન હતો. હું મહા ચિંતામાં પડી ગઇ હતી ત્યાં એક દિવસ મુંબઇથી પચ્ચીસ રૂપિયા આવ્યા. મારા દિયરને મળતી સ્કોલરશિપમાં કરકસર કરી તથા મારા સ્વામીએ ખાનગી ટયુશન ભણાવી એ પૈસા એકઠા કર્યા હતા. જોડે એક પત્ર હતો અને તેમાં મારા સ્વામી અભ્યાસ છોડી નોકરી લેનાર છે એવું સૂચન હતું. મને એ ગમ્યું નહિ. મારા પિતા તરફથી દર મહિને દશ રૂપિયા મળનાર હતા અને બાકીનો ખાડો પૂરવા મારાં ઘરેણાં તૈયાર હતાં. તેઓ બી. એ. માં પાસ થઇ જાય ત્યાં સુધીની પીડા હતી. તેથી મેં તત્કાળ તેમને પત્ર લખ્યોઃ—

"શ્રી ચરણે સાષ્ટાંગ પ્રણિપાત—આપના આશીર્વાદથી હું અને ઘરમાં સર્વ માણસો કુશળ છીએ. વ્યવહારની ચિંતામાં આપ મને ભાગીદાર બનાવવા જેટલી મારી યોગ્યતા ગણતા નથી એ મારૂં દુર્ભાગ્ય છે. અહીંની આપ મુદ્દલ ચિંતા કરશો નહિ. આપના કષ્ટમાં ભાગ લેવાની મને આ એક તક મળી છે. પતિની સાથે દુઃખો સહન કરવામાં સ્ત્રીને જે આનંદ મળે છે, તે આનંદ બીજે કયાંઇ નથી મળતો. મારો કાંઇ અપરાધ હોય તો તે ક્ષમા કરજો; પણ આપની ઉપરનો બોજો થોડો મારી ઉપર પણ મૂકજો. સ્ત્રીને ખરૂં સુખ શેમાં છે એનો આપે વિચાર કરવો જોઇએ. પતિને યોગ્ય સલાહ આપવાનો અવસર જે સ્ત્રીને મળતો નથી તે સ્ત્રી ખરેખર કમનસીબ છે.

આપ ત્યાં ચિંતામાં રહો અને આપની સ્ત્રીને તેની કલ્પના પણ ન હોય એ કેવી વિચિત્રતા ? આપ અભ્યાસ મૂકી દઇ નોકરી શોધશો નહિ. જો એવું કરશો તો સદાને માટે ચિંતા કરવાનું રહેશે. હાલનો સમય કઠીન છે; પણ તેમાં ટકી રહેવા જેટલું સાધન મારી પાસે છે. મારા મનને ક્લેશ થાય એમ ધારી આપે ખરી બાબત લખી નથી; પણ માનસિક વ્યથા જણાવવા જેટલી વિશ્વાસપાત્ર આ દાસીને આપ સમજતા નથી; એવો સંશય મને આવે છે. મારા ઉપર જો થોડો પણ વિશ્વાસ હોય તો હું મને મોટી ભાગ્યવતી ગણીશ. આપ પરીક્ષામાં પાસ થશો ત્યાં સુધી સઘળો વ્યવહાર હું ચલાવીશ. તેને માટે આપ જરા પણ ચિંતા કરશો નહિ. આ પત્ર સાથે એક દાગીનો મોકલ્યો છે, તે વેચીને જે રૂપિયા આવે તે આપની પાસે રાખજો. મારા પિતાજી તરફથી દરમહિને મને જે દશ રૂપિયા મળવાના છે, તે આપને ત્યાં મળી જાય એવી મેં વ્યવસ્થા કરી છે. તે દશ અને આ દાગીનામાંથી ઉપજેલા પૈકી પંદર મળી દર મહિને પચ્ચીસ રૂપિયા માતુશ્રીના નામ ઉપર અહીં મોકલતા રહેજો. હું અહીં આ બધી વ્યવસ્થા કરી લેત; પણ માતુશ્રીને માઠું લાગવાનો સંભવ હોવાથી તેમ કર્યું નથી. આ વાતમાં જરાપણ સંકોચ આપ કરશો નહિ. મારા ઉપર જ્યારે આપની સર્વ પ્રકારની સત્તા છે; ત્યારે મારી વસ્તુઓ ઉપર તે હોય તેમાં શું આશ્ચર્ય છે ? જરૂર પડતાં સર્વે દાગીનાઓ આપના તરફ મોકલી દઇશ. આપને સુખી જોવામાંજ મારા મનનું સમાધાન છે અને તેમાંજ હું મારૂં મુખ્ય ભૂષણ સમજું છું. નાનાં બાઇને મારા આશીર્વાદ કહેશોઃ—" —આપની નમ્ર–વિનુ.

પત્ર મોકલ્યા પછી ત્રણુ ચાર દિવસે મારા નામના બે પત્રો આવ્યા. અક્ષરો ઉપરથી તે ક્યાંથી આવ્યા છે એ હું સમજી ગઈ. એક મારા નાના દિયરનો અને બીજો મારા સ્વામીનો પત્ર હતો. પ્રથમ મેં સ્વામીનો પત્ર વાંચવાનો આરંભ કર્યો:—

"પરમપ્રિય સૌ. વિનુ,

પ્રેમપૂર્વક આશિર્વાદ. તારો પત્ર અને કામિનો બન્ને મળ્યાં. તારા આવા કાર્ય માટે તને ધન્યવાદ આપવો કે ઠપકો દેવો એ મને સુઝતું નથી. તારાં પ્રત્યેક કાર્યથી હું તારો અધિકાધિક ઋણી થતો જાઉં છું. સંસારનો વ્યવહાર વ્યવસ્થિત ચલાવવા માટે તેં મોટો સ્વાર્થત્યાગ કરી મને ચિંતાથી દૂર કર્યો છે, પણુ આ ઉપકારના ભારે બોજા તળે હું કેટલો દબાએલો છું; તેની તને કલ્પના આવી શકે એમ નથી. પત્નીને પોતાની મનોવ્યથા જણાવવી એ પતિનું કર્તવ્ય છે; પણુ તારા દરિદ્રી પતિની લેખિની એ કાર્ય કરવામાં તદ્દન અસમર્થ છે. મેં ઘણીવાર લખવાનો પ્રયત્ન કર્યો; પરંતુ મારાથી એક અક્ષર પણુ લખાયો નથી. કુટુંબનો ભાર મારે માથે હોવા છતાં મારાથી કાંઇ બનતું નથી એ મને બહુ લાગી આવે છે. તું તે સમજવા જેટલી ચતુર છે એટલે હું શું લખી જણાવું? તાઈં કરેલું કૃત્ય કેટલેક અંશે સાહસિક છે; છતાં આવા દુઃખના સમયમાં તે બદલ તારો ઉપકાર માનવો જોઇએ. તારી યોજના પ્રમાણે માતુશ્રી તરફ દરમહિને પચ્ચીસ રૂપિયા મોકલતો જઈશ. ઇશ્વર આવા દિવસો જલદી પુરા કરશે.

—તારો દિવાકર."

આ પત્રમાં વિશેષ કાંઈ નથી; પણુ તે અંતઃકરણના ઉદ્દગારો વાળો હોવાથી મને બહુ મહત્વનો લાગે છે. મેં તે પછી બીજો પત્ર વાંચવાનો આરંભ કર્યો.

"સૌ. વિનુભાભી, પ્રેમપૂર્વક નમસ્કાર. આપના તરફથી આવેલો પત્ર ભાઈએ મને દેખાડયો. તે વાંચતાંજ મારાં નેત્રો પાણીથી ભરાઇ આવ્યાં. આપે દાગીનો મોકલ્યો તે ઉચિત કર્યું કે અનુચિત કર્યું એ નક્કી કરવામાં હું અસમર્થ છું. આપનો આ સ્વાર્થત્યાગ જોઈને આપ મનુષ્ય છો કે દેવતા છો એ મારાથી કળી શકાતું નથી. આપના આ પવિત્ર વાત્સલ્ય માટે કેવળ મારેજ નહિ; પણ કુટુંબના પ્રત્યેક માણસે આપનો ઉપકાર માનવો જોઇએ. આ કુટુંબનાં સદ્ભાગ્ય છે કે તેને આપ મળ્યાં છો. આપની સાથે કુટુંબનાં કેટલાંક માણસો સરલ ભાવે વર્તતાં નથી; છતાં આપ આટલી સહાનુભૂતિ દેખાડો છો, એ ઉપરથી આપના ઉદાર અંતઃકરણની સહજ પ્રતિતિ થાય છે. આખા કુટુંબને માટે આપ ગરીબ દશાનું દુઃખ વેઠી રહ્યાં છો, એ એકજ વાત આપને દેવી તરીકે સિદ્ધ કરવામાં પુરતી છે. હું આપની નિષ્કારણ સ્તુતિ કરતો નથી; છતાં એમ લાગે તો મને ક્ષમા આપશો. હું મેટ્રિકમાં પાસ થયો છું. સંસ્કૃતમાં મને પહેલી સ્કૉલરશીપ મળી છે.

—આપનો ઋણી."

મારા દિયરના પત્રમાં મારાં વખાણુજ હતાં. પરમેશ્વરે મને તે વખતે જેવી બુદ્ધિ આપી તે પ્રમાણે હું ચાલી, તેમાં મેં શું મોટું સત્કૃત્ય કરી નાખ્યું? હજુ ઘેરનો કલેશ અટકયો નહોતો. સર્વેને સંપમાં રાખવા હું કાંઇ કરી શકી નહોતી. ઘરમાં આખા વિશ્વનું દારિદ્ર્ય હતું. છતાં જે હતું તે હાથ કરી લેવા મારા જેઠ તલપી રહ્યા હતા. મારી સાસુનો વિચાર તે સઘળું ભાસ્કરભાઇને આપવાનો હતો અને તેથીજ ઘરમાં કલહ થયા કરતો હતો. મને તો કશાની આશા નહોતી. તેમનો અભ્યાસ પુરો થતાં ગમે ત્યાં પાંચપચાસ મળી રહેશે

એવી મારી ખાત્રી હતી. એક દિવસ મારા જેઠ અને ભાસ્કરભાઈ ખૂબ લડયા અને તેમાં ભાસ્કરરાવ રીસાઈને કયાંક ચાલ્યા ગયા. કુટુંબમાં આ એક નવી ચિંતા વધીનેજ વાત અટકી હોત તો ઠીક હતું; પણ મારા હૃદયને દુઃખકર એક બીજી બાબત પણ બની. મારી મોટી નણંદના સંબંધમાં કાંઇક વિચિત્ર વાત મારા સાંભળવામાં આવી. મેં તેમને પાસે બોલાવીને એકાંતમાં બેસાડીને કહ્યું—'બ્હેન! હવે તમે તમારે સાસરે જઇ શામાટે સંસાર નથી સંભાળતાં? પિયરમાં આમ કેટલા દિવસ બેસી રહેશો. પતિની સેવાનું સુખ અહીં રહેવાથી મળવાનું નથી.'

મારા બોલવાનું રહસ્ય તેમના સમજવામાં આવ્યું નહિ. તે મોટા દંભથી બોલ્યાં—'હું બધું જાણું છું. તમારે એ વાત સાથે શું કામ છે? મારે તમારા ઉપદેશની જરૂર નથી. મારા બાપના ઘરમાં રહું છું; કાંઈ તમારા ઘરમાં રહેતી નથી.'

'પણ અહીં રહીને તમારા સસરાનાં અને પિયરનાં માણસોને શું કાળું કલંક લગાડવું છે?, મારા એ પ્રશ્નથી તે ઝંખવાણાં પડી ગયાં અને સચિંત ઉભાં રહ્યાં. મેં તેમને આશ્વાસન આપતાં કહ્યું:— 'બ્હેન! થયું ન થયું' અત્યારથી સમજીને સાસરે ચાલ્યાં જાઓ. એમાંજ તમારી અને સઘળાંની શોભા રહેલી છે., મારી વાત તેમને ગમી ગઇ. બીજે દિવસ તે પોતાને સાસરે ચાલ્યાં ગયાં. ત્યાં ગયા પછી પાંચ છ મહિને તેમને પુત્ર અવતર્યાના સમાચાર આવ્યા હતા. આ પ્રમાણે મારા મનને જે ઉદ્વેગ થયો હતો તે હું જ જાણું છું. આ અવધિમાં મારા સ્વામી એમ.એ.માં પાસ થયા હતા અને સુરત હાયસ્કૂલમાં સાઠ રૂપિયાના પગારની શિક્ષકની નોકરી મળી હતી. નોકરી ઉપરાંત ખાનગી

વખતમાં તેઓ એલ એલ. બી. નો અભ્યાસ કરતા હતા. મને પાંચમો મહિનો જતો હતો, એટલે મારા પિતાના આગ્રહથી હું મારા પિયરમાં ગઈ. અને ત્યાં ચાર મહિના પછી મેં એક પુત્રીને જન્મ આપ્યો. સર્વને તેથી ઘણો આનંદ થયો; પણ તેમાં કૃષ્ણાનો આનંદ અપાર હતો, કૃષ્ણા મારી સાથે મારા પિતાને ઘેર આવી હતી. હમેશ તે મારી શાંતિને રમાડતી, ખેલાવતી અને તેડી તેડીને ફરતી. તેના હર્ષનો પાર રહ્યો નહોતો. ધીમે ધીમે શાંત મોટી થવા લાગી. તેની બાળચેષ્ટાઓથી ઘરમાં સર્વને ગમ્મત પડવા માંડી. એ અરસામાં મારા સ્વામી એલ એલ. બી. માં પાસ થયા. મારા એ વખતના આનંદનું વર્ણન કરવા હું તદન અસમર્થ છું. તેમની પરીક્ષા એટલે અમારા ભવસમુદ્રમાંના તોફાનની સરહદ હતી. તે સરહદ ઓળંગ્યા પછી તેમણે નોકરી કરવી કે વકીલાત કરવી એનો વિચાર થઈ પડયો. કેટલાક મિત્રોના આગ્રહથી તેમણે હાયકોર્ટની સનંદ લઈ મુંબઈમાં વકીલાતનો આરંભ કર્યો. પરમેશ્વરની કૃપાથી બે ત્રણ મહિનામાંજ તેમને દરમહિને ત્રણસો–ચારસો રૂપિયા મળવા લાગ્યા, હું કૃષ્ણા તથા શાંતિને લઈ મુંબઈ ગઈ. અમે ત્યાં શહેરી જીવન શરૂ કર્યું. ગીરગાં-વમાં એક સાધારણ મકાન ભાડે લીધું અને અમે સુખમય સંસાર શરૂ કર્યો.

સૃષ્ટિમાંની પ્રત્યેક વસ્તુને ઉચ્ચનીચ અવસ્થા છે; તો પછી તે અવસ્થા મનુષ્યની ભાગ્યલહરીને કેમ ન હોય? સૂર્ય ચડતો ચડતો મધ્યાહ્નને આવે છે અને ત્યાંથી ઉતરતો ઉતરતો અસ્તાચલમાં જાય છે. આ સૃષ્ટિક્રમ પ્રમાણે મનુષ્યના ભાગ્યરવિને પણ ઉદય અને અસ્ત છે. તફાવત એટલોજ છે કે પ્રત્યક્ષ સૂર્યના ઉદયાસ્તને મર્યાદા છે અને મનુષ્યના ભાગ્યરવિને તે નથી. મારો પોતાનો આ ખાસ અનુભવ છે.

મારા ભાગ્યરવિને ઉગતાં ઉગતાં આથમવાનો સમય આવ્યો. સંસાર સામ્રાજ્યનું મારૂં ચાર દિવસનું સુખ એક ક્ષણ માત્રમાં નાશ પામવાની તૈયારી થવા લાગી. ભાસ્કરરાવ ભરૂચમાં ચોરીના સંશય ઉપરથી કેદમાં પડયાના સમાચાર એકાએક અમને મળ્યા. મારા સ્વામી મહાન્ ચિંતામાં પડી ગયા. ભાસ્કરે આ શું કર્યું ? એમ કહી તેઓ ચિંતા કરવા લાગ્યા. તત્કાલ ઘરમાં જે કાંઈ પૈસા હતા તે લઇ તેઓ ગુજરાત મેલમાં ભરૂચ ઉપડી ગયા.

તેમના ગયાને બે કલાક નહિ થયા હોય એટલામાં તો મારા માળા નીચે બે વિક્ટોરિયાઓ આવીને ઉભી રહી. મારા જેઠ એકદમ ઉપર આવ્યા. તેમને એકાએક આવેલા જોઈ મને મોહું આશ્ચર્ય થયું. તેઓ બોલ્યા–' વહુ ! દિવાકર કયાં છે ? '

મેં તેમને બેસવા માટે ખુરશી આપી કહ્યું–' તે હમણાંજ ભરૂચ ગયા. તમારૂં એકાએક કેમ આવવું થયું ? '

તેઓ આંખમાં પાણી લાવી બોલ્યા–' વહુ ! માતુશ્રીની પ્રકૃતિ બહુ બગડવાથી તેમને ઔષધોપચાર માટે અહીં લઇ આવ્યો છું; પણ દિવાકર અહીં નથી તેથી કેમ કરીશું ? '

સાસુજીની બિમારી સાંભળી મને સ્વાભાવિક મોટી ચિંતા થઇ; પણ આ સમય વ્યર્થ વિચાર કરવાનો નહોતો. મેં મારા જેઠને કહ્યું–' તમે એકદમ માતુશ્રીને ઉપર લઇ આવો. હું વૈદ્યને બોલાવી તેમના ઔષધની વ્યવસ્થા કરીશ. તમારે તે બાબતમાં સુદ્દલ ચિંતા કરવી નહિ. ' મેં તરત મારા ઘાટીને નીચેથી સામાન ઉપર લાવવા કહ્યું. બે જણાઓએ થઇને સાસુજીને ઉપર આણ્યાં. તેમની સ્થિતિ જોઇને મારી આંખોમાં આંસુ આવી ગયાં. પથારીમાં સુવાડી મેં તેમને હિંમત આપી. અને એક ભલા પાડોશી મારફત વૈદ્યને બો-

લાવ્યો. મારા જેઠ પોતાને રજા નથી એવું નિમિત્ત કાઢી બીજે દિવસે પાછા ચાલ્યા ગયા. તેમની સ્ત્રી તથા છોકરાંઓને તેઓ અહીં મૂકતા ગયા હતા. એટલે ઘરમાં માણસોની ઠીક ભરતી થઈ હતી; પણ સાસુજીની સેવામાં માત્ર હું અને કૃષ્ણા જ હાજર રહેતાં હતાં. આવેલાં સર્વ ખાઇપીને આનંદ કરતાં હતાં, ઘરમાં બાળકોની સંખ્યા પણ ઠીક એકઠી થઈ હતી; પરંતુ તેઓ પરસ્પર લડતાં અને મારી ગરીબ શાંતિને મારતાં; ત્યારે મને બહુ કંટાળો આવતો, વળી મારી દેરાણી તથા જેઠાણી હંમેશ ત્રણ ત્રણ ચાર ચાર રૂપિયાનું ખર્ચ કરતાં. મુંબઇમાં આવીને હજુ અમે કાંઈ પુંજી એકઠી કરી નહોતી; તેમાં આવા પ્રસંગનું આ ખર્ચ મને ભારી થઈ પડતું; છતાં હું કાંઇ પણ બોલ્યા વિના મુંગે મોઢે તેઓ માગે તે પ્રમાણે પૈસા આપ્યે જતી. ભરૂચ ગયાને પાંચ છ દિવસ થયા છતાં હજુ પત્ર આવ્યો નહોતો, તેથી મને મોટી ચિંતા થતી હતી. એક દિવસ તેમનો પત્ર આવ્યો હું ઉતાવળી ઉતાવળી તે વાંચવા લાગી. તેમાં આ પ્રમાણે લખ્યું હતું:—

"આપણી ગ્રહદશા ફરી છે એમ મને લાગે છે. ભરૂચના સ્ટેશને ઉતરતાં મારૂં પાકીટ મને ગુમ થયું જણાયું છે. અહીં હું કોઇને ઓળખતો નથી. એક અજાણ્યા માણસને ત્યાં ઉતર્યો છું તને તાર કરવાના પૈસા નહોતા, માટે કાગળ લખ્યો છે. આપણા રામાએ આ વખતે મોટો સ્વાર્થ ત્યાગ કરી દેખાડયો છે. પોતાના હાથની વીંટી વેચીને મને પૈસા લાવી દીધા છે. આજે કોર્ટમાં ગયો હતો. બારદરનો છૂટકો થવો અશક્ય દેખાય છે. 'મેં ચોરી કરી છે,' એમ તેણે કબુલ કર્યું છે. મેજીસ્ટ્રેટની પરવાનગી લઇ હું તેને મળ્યો. મારી પાસે પણ ભૂલ કબુલ કરી છે. કાલે કેસ ચાલશે. આપણા

તરફનું કામ હું જ ચલાવીશ. એકજ દિવસમાં નીકાલ આવી જશે. હું તે પછી તરત ત્યાં આવીશ. કૃષ્ણા તથા શાન્તિને આશીર્વાદ."

પતિનો આ પત્ર વાંચી સુખ દુઃખની બે લહરીઓ એક સાથે મારા મનમાં ઉત્પન્ન થઇ. રામાના સ્વાર્થત્યાગથી જેટલો આનંદ થયો, તેટલોજ ભાસ્કરભાઇની નિંદ્ય કૃતિથી વિષાદ પણ થયો. ત્રીજે દિવસે મારા સ્વામી ભરૂચથી આવી પહોંચ્યા. તેમની માતાનો મંદવાડ સાંભળી તેઓ એકદમ ચિંતામાં પડી ગયા. પાસે બેસી તેમણે તબિયત જોઇ. ઘરમાં સઘળે અવ્યવસ્થા હતી. છોકરાંઓએ ચારે તરફ તોફાન મચાવી મૂક્યું હતું. કૃષ્ણાએ એકદમ ભાસ્કરભાઇના સમાચાર પૂછ્યા અને જવાબમાં તેમણે તેમને થએલી છ મહિનાની શિક્ષા કહી સંભળાવી. સાસુજીની આંખમાં એ સાંભળતાં આંસુ આવી ગયાં. તેમની પ્રકૃતિ એકાએક વધારે બગડી અને થોડા કલાકમાં જ તેમણે દેહ ત્યાગ કર્યો. ભરૂચથી તેમને આવ્યાને બે કલાક થયા હતા. ભાસ્કરરાવની નિંદ્ય કૃતિથી તેમનું મન હજુ વ્યગ્ર હતું, તેમાં આ આવો દુઃખકારક પ્રસંગ આવી પડવાથી તેમના મનની કેટલી વિલક્ષણ સ્થિતિ થઇ હશે; તે જાણવા એક પરમેશ્વર જ સમર્થ હતો. તે શોકકારક પ્રસંગનું સ્મરણ થતાં હજુ પણ મારૂં હૃદય ભરાઈ આવે છે.

લોકવિધિ પ્રમાણે સાસુજીનો અંત્યવિધિ થયા પછી ચાર પાંચ દિવસે અમે સૌ અમારા મૂળ ગામમાં આવ્યાં. ઘરમાં પગ મૂકતાં અમારાં સર્વનાં નેત્રો પાણીથી ભરાઇ આવ્યાં. મારા જેઠની ઉમેદ પ્રમાણે સાસુજીની ઉત્તરક્રિયા કરવામાં આવી. મારા સ્વામીએ તેમને વધારે ખર્ચ નહિ કરવા કહ્યું; પણ તેમણે તે ધ્યાનમાં લીધું નહિ અને હદ ઉપરાંત કરજ કરી નાંખ્યું. આ ખર્ચનો બધો બોજો અમારે માથે આવ્યો; છતાં અમે હિંમત છોડી નહિ. ઇશ્વર મારી કસોટી

કરતો હતો અને તેમાં હું અડગ ઉભી હતી. મને મારા કર્તવ્યથી ચલિત કરવા કોઇ સમર્થ નહોતું.

(૪) દુઃખની પરાકાષ્ટા.

મારી સાસુ પાછળ થએલા ખર્ચમાં મારા જેઠે એક પાઇ પણ આપી નહિ, એ હું ઉપર જણાવી ગઇછું. અમારી ઉપર કરજનો બોજો વળી વધી ગયો અને મારા સ્વામી પાછા પ્રથમના જેવી ચિંતામાં ઘેરાયા. અમે ફરી મુંબઈ આવ્યાં; પરંતુ અમારી ગ્રહદશા પણ સાથેજ આવી. સંસારમાં પ્રત્યેક વસ્તુનો નાશ છે; પરંતુ અમારી એ વિપદાવસ્થાનો નાશ નહોતો, સંકટ કદી પણ એકલું આવતું નથી, તે પોતાની સાથે અનેક ઉપાધિઓને લઇને આવે છે. એ સત્ય મારા સંબંધમાં સાચું પડેલું છે. અમે મુંબઇ આવ્યાં તે રાત્રે મારી શાંતિને તાવ ચડયો અને બીજા દિવસથી તે વધવા લાગ્યો. ધીમે ધીમે તેણે મંદવાડનું સ્વરૂપ પકડયું. મારા સ્વામીએ ખર્ચની સામે બિલકુલ જોયા વિના સારા સારા ડાકટરો લાવી ઉપચાર શરૂ કરવા માંડયા. હું અને કૃષ્ણા એક પગે ઉભાં રહી શાંતિની સારવાર કરવા લાગ્યા પણ રોગ વધતો જ ગયો. એક વખત હું તેના દુઃખથી દુઃખી બની ખૂણામાં રડતી ઉભી રહી; તે વખતે ઘોડીયામાં સુતેલી શાંતિએ મને જોઇ લીધાં. તેણે પોતાની તોતડી ભાષામાં મને કહ્યું—' બા, રડીશ નહિ. ' હાય ! મારી શાંતિના—મારી પ્રાણુપ્રિય શાંતિના તે શબ્દો હું કદી પણ વિસરી શકીશ ? તેના તે બોલોથી મારૂં હૃદય ભરાઇ આવ્યું. એ વખતે મને જે ઓછું આવ્યું હતું તે હુંજ જાણું છું. જેમ જેમ સમય જવા લાગ્યો, તેમ તેમ દર્દ વધવા લાગ્યું. ડાકટરોએ આશા છોડી દીધી. તેને છાતીમાં કફ બાઝી ગયો હતો.

તે બહુ મુંઝાતી હતી. હું કાળ કરતાં પણ અધિક નિર્દય થઇને તેનું દુઃખ જોતી હતી. આખરે તેણે પોતાની દૃષ્ટિ ચારે તરફ ફેરવી આંખો બંધ કરી દીધી. ક્રુર કાળને મુદ્દલ દયા આવી નહિ. શાંતિના પ્રાણ ખેંચવાની તેની ક્રિયા એક સરખી ચાલતી હતી, મારાથી તેની એ યમયાતના જોઇ શકતી નહોતી; પણ હું શું કરૂં? અશ્રુ પાડવા સિવાય મારા હાથમાં બીજી શી સત્તા હતી? થોડીવાર ગયા પછી તેને એક આંચકો લાગ્યો. નાડીઓ તૂટી ગઇ. શ્વાસ બંધ પડયો. શરીર ઠંડું થઇ ગયું અને મારી શાંતિ સદાને માટે ચાલી ગઇ!!

તેના ગયા પછી મને મારૂં ઘર શૂન્ય દેખાવા લાગ્યું. ઘર જ શા માટે? સઘળું જગત્ મને શૂન્ય ભાસવા માંડયું! મારી શાંતિ જતાંની સાથે ઘરની સઘળી રમણીયતા, સઘળું સૌન્દર્ય, સઘળું મનોહારિત્વ એકાએક ચાલ્યું ગયું. દુર્દૈવે એક વખત મોરચો ફેરવ્યો, એટલે તે મનુષ્યની કેટલી વિટંબના કરશે અને કેટલી નહિ કરે તેનો કાંઇ નિયમ નથી. ભાસ્કરભાઇનું તુરંગમાં જવું. સાસુજીનું પરલોક પ્રયાણ કરવું અને શાંતિનું આ દુનિયાં છોડી જવું એ સઘળું માત્ર એક પખવાડીઆમાં બની ગયું. અમે એવા દુઃખના પ્રસંગોથી અત્યંત કંટાળી ગયાં હતાં; પણ ભવિષ્યતાનો જૂલ્મ સહન કર્યા સિવાય બીજો ઇલાજ નહોતો. કૃષ્ણા બિચારી રડી રડીને માથું કૂટતી; પણ જે બાજી બગડી હતી તે સુધરે તેમ નહોતું. મારા સ્વામીને પણ ખાતાં, પીતાં, ઉઠતાં. બેસતાં, બહાર કોર્ટમાં જતાં અને પાછાં ઘેર આવતાં આંખોમાં આંસુ ચાલ્યાં જતાં. શાંતિની બાળક્રિડાઓ સંભારી તેઓ રડતા; પણ હું તેમને હિંમત આપતી. એમને અર્થે મેં મારા કોમળ હૃદયને પત્થર જેવું કઠીન બનાવ્યું હતું. આ અશુભ વર્ત્તમાન જ્યારે મારા પિતા અને ભાઇના જાણવામાં આવ્યા ત્યારે તેમનાએ

દુઃખનો પાર રહ્યો નહોતો. તેઓ મુંબઇ આવ્યા ત્યારે તો તેમને જોઇ હું બાળકની પેઠે હૃદયફાટ રડી હતી. મારી માનસિક વ્યથા એટલી બધી વધી પડી હતી કે તેને લીધે મારૂં સૌન્દર્ય, મારૂં તેજ, મારી રમણીયતા, મારી શક્તિ સર્વ હળવે હળવે નાશ પામવા લાગ્યાં હતાં. મને એ વખતે પાંચમો મહિનો જતો હતો; પણ શાંતિના શોકમાં તેના મરણ પછી બેજ મહિને મને કસુવાવડ થઇ ગઇ. મારો ભાઇ એલ. એમ. એન્ડ. એસ. ની પરીક્ષામાં પાસ થયો હતો અને હવે તે મુંબઇમાં સ્વતંત્ર દવાખાનું કાઢનાર હતો.

અમારી આર્થિક સ્થિતિ હજુ ઘણી નબળી હતી. મારા પતિનું શરીર એ ચિંતામાં દિવસે દિવસે ઘસાતું જતું હતું. હું તેમને વારંવાર કહેતી કે તમે પૈસા સંબંધી જરા પણ ચિંતા કરશો નહિ. મારા અંગ ઉપર એક ખોટું મોટી રહે ત્યાં સુધી તમારે બેફીકર રહેવું; છતાં તેમની ચિંતા ઓછી થતી નહિ. ધીમે ધીમે તેમને ક્ષયનું ચિહ્ન જણાવા લાગ્યું અને થોડા વખતમાં એ વ્યાધિએ ભયંકર રૂપ લેવા માંડયું. ડાક્ટરોની સલાહથી હવા ફેર માટે અમે દેવલાલી ગયાં અને ત્યાં ઘણી મહેનત કરી; પણ તેનું કાંઇ સારૂં પરિણામ આવ્યું નહિ. મારી અભાગિનીની કર્મરેખા વિલક્ષણ હતી. કર્મની ગતિ એક વખત વક્ર થવા લાગી, એટલે તે કેટલી વક્ર થશે એનો કાંઇ નિયમ નથી. હું મારા પાતના દુઃખની ચિંતાથી અત્યંત વ્યાકુળ થઇ હતી, તેમાં એક નવું દુઃખ આવ્યું. મારાં માતપિતાને વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થઇ હતી. સાધારણ મંદવાડથી પ્રથમ માતાએ અને પછી બે મહિને પિતાએ આ લોકની યાત્રા પૂરી કરી. મારા હૃદયનો એ પણ એક પણ આધાર ગયો; છતાં હું હિંમતથી મારા સ્વામીને ક્યારે આરામ થાય એનીજ એક ચિંતામાં નિમગ્ન રહી. કૃષ્ણા મારા દુઃખમાં ઘણો

ભાગ લેતી હતી; પણ તેની પાસે હું મારો માનસિક ક્લેશ પ્રકટ કરી શકતી નહિ. મારા પતિની પ્રકૃતિ એક સરખી બગડતી ચાલી હતી તેમની સલાહથી અમે અમારે ગામ આવવાનાં હતાં ત્યાં તો મારો ભાઈ અને મારા દિયર રસિક ત્યાં આવી પહોંચ્યા. મારા સ્વામીએ તેમને કહ્યું–'મારો હવે કાંઇ વિશ્વાસ નથી, આ કૃષ્ણાની સારવાર કરો.' કૃષ્ણાને બે દિવસથી સખ્ત તાવ લાગુ પડયો હતો. તેના ભાઈની ચિંતાથી તેનું હૃદય હતાશ થઇ ગયું હતું મારા સ્વામીના એ શબ્દોથી અમારી સૌની આંખોમાં આંસુ આવી ગયાં. મારા દિયરે નિરાશ થઇ પૂછ્યું–'પણ ભાઇ! મારી હવે કોણ સંભાળ લેશે?"

"ઇશ્વર લેશે. તેના ઉપર વિશ્વાસ રાખજે અને સારા માર્ગે ચાલજે' પછી તેઓ મને પાસે બોલાવીને કહેવા લાગ્યા–' જગતમાં રસિકને હવે તારા સિવાય કોઈ નથી. તું તેને માતા સમાન છે. પતિ તરીકે મારો તારા અંગપર ગમે તેટલો હક હોવા છતાં, તેની સંભાળ લેવાની હું તારી પાસે ભિક્ષા માગું છું. ને સુજ્ઞ છે તારી સાથે તે પુત્ર ધર્મે વર્ત્તશે.' તેમના તે ઉદ્‌ગાર સાંભળી મારૂં હૈયું ભરાઇ આવ્યું પતિની પવિત્ર આજ્ઞા મેં શિરસામાન્ય કરી. તેમના ચહેરા ઉપર તેથી એક પ્રકારનું સમાધાન દેખાવા લાગ્યું. મારો ભાઇ કૃષ્ણાને અને તેના બનેવીને ઘડીએ ઘડીએ નવાં નવાં ઔષધો આપ્યે જતો હતો; પણ તેના હૃદયમાં આશાનો બિલકુલ ઉત્સાહ જણાતો નહોતો. કૃષ્ણાએ રસિકભાઇને બોલાવી કહ્યું–' ભાઇ! મને હવે ઔષધ ન આપો, મારા પ્રાણ છેલ્લી તૈયારી કરી રહ્યા છે. મારા મોટા ભાઇને બચાવો એટલે થયું.'

તેના એ શબ્દોથી મને કેટલું ઓછું આવ્યું હશે તે હુંજ જાણું છું. કૃષ્ણાનો અંતકાળ અત્યંત નજીક આવ્યો હતો. તેણે મને બોલાવી

કહ્યું–' ભાભી, મારી પાસે બેસો; તમારી હું બહુ ઋણી છું. તમે સર્વની સંભાળ રાખજો.'

કૃષ્ણાના તે શબ્દો સાંભળી મારૂં હૃદય ભરાઇ આવ્યું. હું ગદ્ ગદ્ સ્વરે બોલી–' અને શું તું અમને છોડીને જાય છે?'

થયું. તેના પંચપ્રાણ વ્યાકુળ થવા લાગ્યા. નાડી મંદ પડી. દૃષ્ટિ ઉર્ધ્વ થઇ તે મોટા કષ્ટે બોલી–' ભાઇ! ભાભી! હું શાંતિ પાસે જાઉંછું!' બસ, એજ કૃષ્ણાના છેવટના શબ્દો. તેણે તત્કાળ પ્રાણ છોડયા તે વખતની મારી ક્લેશકારક માનસિક સ્થિતિ લખવી અશકય છે. કૃષ્ણાને બાળપણથી મેં મારી પાસે નાની બ્હેન પ્રમાણે રાખી હતી. તેના વિના મને કયાંઇ ઘડી પણ ગમતું નહોતું. કૃષ્ણાને ભણાવવી, તેને દાગીના ઘડાવવા, તેને લુગડાં લઇ આપવાં વગેરે અનેક ભાર મારે માથે હતો; પણ હવે હું એ સઘળું કોને લઇ આપીશ? મને ભાભી, ભાભી કહી મીઠા સ્વરે કોણ બોલાવશે? તેનો તે પ્રેમાળ સ્વભાવ, તેની વિનયશીલતા, તેનું સૌન્દર્ય, અરેરે, હું કોને માટે રડું અને કોને માટે ન રડું? છતાં મારા સ્વામીના હૃદય ઉપર અનિષ્ટ પરિણામ થશે એમ ધારી હું સઘળું દુઃખ પેટમાં શમાવી તેમની પથારી પાસે જઇ બેઠી. કૃષ્ણાએ પ્રાણ છોડયા પછી તેમના પ્રાણ પણ તરફડવા લાગ્યા. તે ક્ષીણ સ્વરે બોલ્યાં–' કૃષ્ણા મારી વ્યવસ્થા કરવા માટે આગળ ગઇ છે!'

વળી થોડીવાર સ્તબ્ધ રહી તેમણે મોટા કષ્ટે કહ્યું–' મારા રસિકને સંભાળ; ઇશ્વરનું સ્મરણ કર.'

એટલા શબ્દો એમના મોઢામાંથી નીકળ્યા ન નીકળ્યા ત્યાંતો તેમણે આ લોકને ત્યાગ કર્યો! શું. મારા સૌભાગ્યમંદિર ઉપર વજ્રપાત થયો! આકાશ તૂટી પડયું! વજ્રપાત કરતાં પણ વધારે

આઘાત મારા મસ્તક ઉપર થઇ આવ્યો. હાય! તે સૌભાગ્યરત્ન જો મને મળ્યું મળ્યું હોત અને મારા દુર્દૈવે મને કઠીનમાં કઠીન દરિદ્રતા આપી હોત, તોપણ હું મને પોતાને મહા ઐશ્વર્યશાલિની સમજી સુખેથી રહેત; પણ તે સૌભાગ્યસુર્ય આથમ્યા સાથે જ હું એકલી, દીન અને આધાર વિનાની થઇ ગઇ. મારી આશા, મારો વિશ્વાસ, મારૂં સુખ સર્વ કાંઇ નાશ પામી ગયું. મારી જીંદગી કિંમત વિનાની થઇ ગઇ. એ વખતે મારી સ્થિતિ કેટલી અનુકંપનીય થઇ હતી, એની કલ્પના કોઇને પણ આવી શકે એમ નથી. તેવો પ્રસંગ શત્રુ ઉપર પણ ન આવો! મારા પતિ ઉપર સર્વની વિલક્ષણ પ્રીતિ હતી; તેમનું પ્રાણોત્ક્રમણ થતાંની સાથે સર્વનાં અંતઃકરણ શતશઃ વિદીર્ણ થયાં અને પ્રત્યેક જણ આંસુ પાડવા લાગ્યાં. સર્વના આર્તનાદથી તે ઘર ભરાઇ ગયું હતું. વાચક! મને ક્ષમા કરો તે શોક પ્રસંગનું શબ્દચિત્ર આલેખવા આ મંદભાગિની અબળાની લેખિની તદ્દન અસમર્થ છે. તે પ્રસંગના સ્મરણથી મારી સ્થિતિ અત્યંત ચમત્કારિક થઇ જાય છે. મારો હાથ કંપવા લાગે છે. હાથમાંથી કલમ પડી જાય છે અને આંસુઓથી કાગળ ભીંજાઇ જાય છે. ગમે તેમ તોપણ હું એક સ્ત્રી! ભવિતવ્યતાનો જૂલ્મ અને કાળલહરીનો પ્રભાવ મારે મુંગે મોઢે સહન કરવો જોઇએ. દુઃખોથી કંટાળ્યા સિવાય સ્હાવા અને સ્હેવાના મહામંત્રથી સ્ત્રીઓએ પોતાની જીવિતયાત્રા પૂરી કરવી જોઇએ એમ મારૂં માનવું છે, સ્ત્રીનો જન્મ કર્તવ્યના પાલન માટે જ નિર્માણ થ- એલો છે. એની જવાબદારી અને એના ધર્મો આ સંસારમાં વિશેષ છે. તેઓ જો પોતાની ફરજ વિચારી સંસારમાં તર્ત્તે તો તેની કીર્તિ અમર વધે છે અને જો તેથી ઉલટું આચરણ કરે તો સંસારને નરક સમાન બનાવી પોતે મહા અપકીર્તિ વ્હોરી લે છે. મારા અદૃષ્ટમાં

જે જે બન્યું તે મેં બહુજ સંક્ષેપમાં લખ્યું છે. તેમાંનું કશું છૂપાવવાની મને પરમેશ્વરે બુદ્ધિ આપી નથી, તેમજ કાંઇ પ્રસંગ પણ મારા આયુષ્યમાં તેવો ઘડાઇ આવ્યો નથી. હું એક સાધારણ સ્ત્રી છું, એટલે મારૂં આ આત્મચરિત્ર શ્રીમંતની સ્ત્રીઓને ગમશે કે નહિ તેની મને શંકા છે; પણ આ પ્રયત્ન મેં સહૃદયગૃહિણીઓ માટે કરેલો છે. તેમને સંસારના સુખદુ:ખની ગુરુકુંચી આ વાર્તાના વાંચનથી જો જરાપણ હાથ લાગશે તો મને સંતોષ થશે. દુર્દૈવે કહો અગર સુદૈવે કહો; પણ જે જગન્નિયંતાએ મને આ ભવસાગરથી દૂર કરી છે, તેનાજ સ્મરણમાં આયુષ્યનો ઉપયોગ કરવાનો મેં સંકલ્પ કરેલો હોઇ હાલ તેજ વ્યવસાયથી હું સુખી છું.

૧૦—રૂપાળીની આત્મકથા.

મારામાં એટલું બધું રૂપ છે. કે જેથી મારા સ્વામી, સસરા, સાસુ, નણંદ વગેરે સર્વ મારા માટે હંમેશ ચિંતાતુર રહે છે. હું મારા વાડાના કુવા ઉપર કપડું ધોવા જાઉં છું તો મારી સાસુ સાથે આવે છે. સાંજે અગાસીમાં ઘડીવાર ફરૂં તો નણંદ મને અટકાવે છે. બહાર જવાની પરવાનગી મને કદી મળતી નથી. મેં કોઇ દિવસ નાટક પણ જોયું નથી. મારા સ્વામી તો હંમેશ આતુર નયને મારા રૂપને જોયા કરે છે, તેઓ મારા હાથની આંગળીઓ લઇ રમે છે. મારા કેશની લટો પોતાની આંગળીઓ ઉપર ગુંથે છે. મારાં કંકણો ખખડાવી સુંદર ધ્વનિ સાંભળે છે. સુગંધી પુષ્પોની વેણી ગુંથી મારા અંબોડામાં બાંધે છે. રાત દિવસ મારી સાથે જુદા જુદા પ્રકારની રમતો કરવા છતાં તેઓ સંતોષ પામતા નથી. મારા રૂપની જવાળાથી તેમનું ભણવાનું બંધ થયું છે. તેઓ નોકરી માટે કાંઇ પ્રવાસ પણ કરતા નથી. ઘર બહાર નીકળવું તેમને ગમતું નથી. તેઓ મંત્રમુગ્ધ સર્પની પેઠે કેવળ મારા તરફ જોયા કરે છે. મારૂં રૂપ તેમનો કાળ છે.

મારૂં રૂપ મારો પણ કાળ છે. પાંજરામાં પુરાએલા પક્ષીની પેઠે હંમેશ ઘરમાં પડી રહેવાથી માણસ શું કંટાળી જતું નથી? રસોઇઓ મને જોઇ લે, એથી રસોડામાં જવાની મને રજા નથી. ઘરના નોકરો મારૂં રૂપ જોઇ જાય તેથી મને ઘરનું નાનું કામ કરવા દેવામાં પણ આવતું નથી! સ્વામીની સેવા તો હું કરી શકતી જ નથી.

સ્વામી મારી સેવા કરે છે, એ કહેતાં મને ઘણી શરમ થાય છે. એક ચાકર પણ જેવી સેવા ન કરી શકે, તેવી સેવા મારા સ્વામી હંમેશ હર્ષથી કર્યા કરે છે. સાસુ સસરાની સેવા હું શી રીતે કરૂં? સસરાની સામે ઉભા રહેવું અયોગ્ય છે અને સાસુની સેવા માટે સ્વામી મને પળવાર છૂટી મૂકતા નથી. કોઇ વખત હું સાસુની પાસે જાઉં છું તો તેઓ મારા માથા ઉપર પ્રેમથી હાથ ફેરવતાં કહે છે કે-'મારી પુત્રવધુ ભુવનમોહિની છે. તેની આ પુષ્પલતા સેવા કરવા માટે નથી. વખત આવશે ત્યારે આ વહુ સેવા કરશે' હમણાં તે ભલે તેના પતિની જ સેવા કરે. સાસુના શબ્દો સાંભળી મને હસવું આવે છે. તેઓ બિચારાં જાણતાં નથી કે હું સ્વામીની સેવા કરતી નથી, પણ સ્વામી મારી સેવા કરે છે!

મને આ રૂપથી શો લાભ મળ્યો છે? ખાવા પીવાની મને સ્વતંત્રતા નથી. મારી કાંઇ પ્રચ્છા પણ પૂરી થતી નથી! કયાંઇ કશું નવું જોવા જવાની પરવાનગી મળતી નથી. બન્ને વખત થોડો ભાત જમું છું; પણ તે પચતો નથી. અન્ન પચવા માટે મહેનતનું કામ કરવું જોઇએ અને તે મને કરવા દેવામાં આવતું નથી. સ્વામીની સેવા કરવાનું સુખ તો મારા નસીબમાં છેજ નહિ. સઘળી સ્ત્રીઓ સ્વામીની સેવાથી સુખી થાય છે; પણ મારે તેમાંનું કાંઇ નથી. મારા સ્વામી કેવળ મને જોયા કરે છે. નિત્ય નવી નવી સાડીઓ પહેરાવી ચંદ્રની શુભ્ર જ્યોત્સ્નામાં રાત્રે અને દિવસે સઘળો સમય મારી રૂપ-પ્રભાનું અવલોકન કર્યા કરે છે. તેઓ જ્યારે આ પ્રમાણે કરે ત્યારે મને તેમની સેવાનો સમય કયાંથી મળે? હાય! આ રૂપની જવાળાએ મારી જીંદગી અને યુવાવસ્થા બન્નેનો નાશ કર્યો છે.

હું ઘણીવાર મારૂં રૂપ દર્પણમાં જોઉંછું. મારા રૂમમાં એક મોટો અરીસો છે, તેમાં મારા શરીરનું પ્રતિબિંબ રાતદિવસ બેઠી બેઠી હું જોયા કરૂંછું. મારે જેમ નાક, કાન, આંખ વગેરે અવયવો છે, તેમ સર્વ સ્ત્રીઓને હોય છે. હું કાંઇ એકલી જ રૂપાળી નથી. અમારી બ્રહ્મક્ષત્રિય કોમમાં ઘણી સ્ત્રીઓ રૂપવંતી છે, તો પછી હું આ બંધન કયા પાપથી ભોગવું છું? મારા સ્વામી મારા રૂપમાં તદ્દ‌ન મુગ્ધ છે. સાસુ હંમેશ ચિંતાતુર છે. મારૂં રૂપ મને ભાર રૂપ છે. રાત દિવસ હું વિચાર કરૂં છું કે ક્યારે હું આ દુઃખમાંથી છૂટીશ? ખરૂં કહું તો મારામાં હું કાંઇ રૂપ જોતી નથી. તેમની આંખોએ તેઓ મને રૂપવંતી જુએ છે. રૂપ, દેહની સામગ્રી હોત તો હું પણ મારા રૂપ ઉપર મોહ પામત; પણ તે નયનની સામગ્રી છે. એક વ્યક્તિને જોઇ સર્વના હૃદયમાં રૂપની જ્યોતિ એક સરખી ઉત્પન્ન થતી નથી. મારી દેરાણી થોડી રૂપવંતી છે, પણ મારા દિયરની ચરણસેવા કરી તે પોતાના નારી જન્મનું સાર્થક કરે છે. હું રૂપાળી છું; છતાં મને એ સુખ મળતું નથી.

મારા સસરા ડેપ્યુટી કલેક્ટર છે. તેમની બદલી અમદાવાદ થવાથી અમે સૌ અમદાવાદ આવ્યાં. અમારી સાથે એક અધ્યાપક જયકૃષ્ણ શાસ્ત્રી પણ અમદાવાદ આવ્યા હતા. આ શહેરમાં અમે કાંઇક વધારે સુખી થયાં; પણ મારા સ્વામીનો મોહ હજુ પહેલાંની પેઠે વધારે પ્રબળ રહ્યો. મેં અહીં એક કન્યાને જન્મ આપ્યો અને કન્યાની માતા થવાને લીધે મને કાંઇક સ્વતંત્રતા પણ મળવા લાગી.

અમારી સાથે આવેલા શાસ્ત્રીના શરીરનો વર્ણ છેક કાળો હતો. તેમની આંખો ગોળ અને શરીર વજ્ર જેવું પુષ્ટ હતું. તેમના મોમાં જરાયે કોમળતા નહોતી. હું તેમનાથી બહુ ડરતી હતી. તેમને જોતાંજ મારામાં ભયનો સંચાર થતો હતો.

અમને અમદાવાદ આવ્યાં સાંભળી મારી નણંદ નડિયાદથી અમને મળવા આવ્યાં. તેમના સ્વામી નડિયાદના મુનસફ છે. મારી આ નણંદ આવી ત્યારથી જ મને ઝેરરૂપ જોવા લાગી. વાત વાતમાં તે મને ધમકાવવા માંડી. મેં હજુ સુધી કોઇનો તિરસ્કારયુક્ત શબ્દ સાંભળ્યો નહોતો. મારા પિયરમાં હું બહુ માનથી ઉછરી હતી; પણ મારી આ નિર્દય નણંદે મારા જીવનમાં અશાંતિનું ઝેર નાંખી મારૂં સર્વ કાંઇ નષ્ટ કર્યું.

અમે પતિપત્ની જે ઓરડામાં સુતાં, તેની પાછળ એક ન્હાવાની ઓરડી હતી અને તેની ઉગમણી તરફ શાસ્ત્રીને સુવાનું સ્થાન હતું. આજે મારા સ્વામી કાંઇ કામસર સુરત ગયા છે અને હું તથા મારી નણંદ બન્ને મારા ઓરડામાં સુતાં હતાં. મધરાત થઇ હતી. બહાર ઝરમર ઝરમર વરસાદ વરસતો હતો. હું ટાઢથી બહુજ ધ્રુજતી હતી, તેથી તાપના માટે કોલસા લેવા ન્હાવાની ઓરડીમાં ગઇ. જેવી હું કોલસા લઇને પાછી ફરી કે તરતજ મેં મારી નણંદને જોયાં તેઓ એકદમ પાછાં વળ્યાં અને મારા તરફ તીવ્ર નજર કરી બોલ્યાં ' ભાભી ! જયકૃષ્ણ શાસ્ત્રી પણ ન્હાવાની ઓરડીમાં હતા ને ! અત્યારે રાતને વખતે તમે ત્યાં શા માટે ગયાં હતાં ? '

મેં પણ ક્રોધથી જવાબ આપ્યો કે:—' શાસ્ત્રી ક્યાં છે તે તમે જાણો; કારણ કે તમે ત્યાં ગયાં હતાં. હું તો તાપ કરવા સારૂ કોલસા લેવા ગઇ હતી; છતાં તમને વિશ્વાસ ન આવતો હોય તો વધારે ખાત્રી કરો. '

મારા એ શબ્દોથી તે સળગી ઉઠી. છંછેડાએલી સિંહણ પેઠે એકદમ ક્રોધના ફુંફાડા નાંખતી તે મારી સાસુના ઓરડા તરફ ગઇ અને મોટા ઘાંટા પાડીને મારા કલંકની ખોટી હકીકત કહેવા

લાગી. મારી સાસુએ મને પૂછ્યું, એટલે મેં કહ્યું કે–' શ્રાસીને મેં જોયા નથી.' પણ મારી એ વાત ઉપર કોઇએ વિશ્વાસ કર્યો નહિ. સવારે જયકૃષ્ણને ઘરમાં કોઇએ જોયા નહિ. તેઓ ગુમ થએલા જણાયા એટલે વહેમને વધારે પુષ્ટી મળી. સુરતથી મારા સ્વામી પણ આવી પહોંચ્યા. મારા સસરાએ તેમનો તિરસ્કાર કર્યો. મારી સાસુએ પણ ચોખ્ખું સંભળાવી દીધું કે–' તારી વહુનો જલ્દી ત્યાગ કર. એ કુલટાને હું મારા ઘરમાં રાખવાની નથી.' સસરાજીએ એ વાતમાં ઉમેર્યું કે, 'જો તું મારી સાથે રહેવા ઇચ્છતો હોય તો એ દુષ્ટાનો ત્યાગ કર અને એને રાખવી હોય તો તમે બન્ને આ ઘરમાંથી ચાલ્યાં જાઓ.'

મારી નણંદે કહ્યું–' એ અભાગિનીને કાઢી મૂકો. મારા ભાઇને બીજી સ્ત્રી જોડે પરણાવીશું.'

મારા રૂપનું કુસુમ સુકાઇને ખરી પડ્યું. જયકૃષ્ણના મનમાં પાપ હતું કે નહિ તે હું જાણતી નથી. મેં તેમને ન્હાવાની ઓરડી આગળ જોયા નહોતા. તેમના ઉપર મારો સ્નેહ નથી. મારા મનમાં પણ પાપ નહોતું કિન્તુ મારા ભાગ્યમાં કલંક લખાએલું તે કોણ ટાળી શકે? મારા આ ખોટા પાપની ચર્ચા ચારેય તરફ ચાલી રહી. સ્વામી મારી પાસે આવ્યા. તેઓ મને જોઇ ગદ્‌ગદ્ સ્વરે કહેવા લાગ્યા–' આજે તને તારા પિતાને ઘેર મોકલવાની છે. તારો ભાઇ સ્ટેશનપર હાજર રહેશે.'

મેં રડતાં રડતાં કહ્યું–' મારો શો અપરાધ છે કે તમે મારી યુવાવસ્થામાં મારો ત્યાગ કરો છો? તમારી આ કન્યા સુશીલા તરફ જોઇને તો જરા દયા આણો. હું મારા ભાઇને ઘેર કદી જવાની નથી.'

'પણ અત્યારે તને ત્યાં મોકલ્યા સિવાય ચાલે તેમ પણ નથી. મારી મરજી પ્રમાણે ચાલવાથી તારૂં માન સચવાશે. નોકર સાથે બળાત્કારે મોકલવાથી તારી પ્રતિષ્ઠા ઘટી જશે, માટે વિચાર કરી તૈયારી કર અને સર્વ સામાન બાંધ.'

'સંસારનું સઘળું સુખ તજીને જાઉં છું તો પછી સામાન લઇ જવાની શી જરૂર છે?'

'નહિ, તારૂં જે કાંઇ હોય તે લઇનેજ તારે જવાનું છે.'

'નાથ! લગ્ન થયાં છ વર્ષ થયાં, પણ આપના ચરણની સેવા કરવાનો મને સમય આપે આપ્યો નથી. આજે તે બન્ને ચરણો પકડીને હું પૂછું છું કે એકવાર મારા તરફ દષ્ટિ કરી—મારી આ બાળા કન્યાની સામે જોઈ કહો કે તમારી દષ્ટિમાં હું નિરપરાધિની છું કે નહિ? તમે એક વખત મને કહો એટલે મારી સઘળી જવાળા શાંત જશે. મારૂં બધુંય દુઃખ નાશ પામશે.'

સ્વામીના બન્ને ચરણ પકડી મેં આક્રંદ કર્યું. મારી સામે જોતાંજ તેઓ એકદમ નીચે બેસી ગયા અને બન્ને હાથ મારા ગાલ ઉપર ફેરવી, મને ગાઢ આલિંગન આપી, મારાં આંસુને લ્હોતા લ્હોતા તેઓ બોલવા લાગ્યા—'પ્રિય! તું રડ નહિ. તારો રડતો ચહેરો જોઇ મારી આંખો સ્થિર રહી શકતી નથી. તારી વાત સાંભળી હું ભ્રમમાં પડી ગયો છું. તું મારૂં સર્વસ્વ—સુખ—વૈભવ—હૃદયનું વિશ્રાંતિ સ્થાન છે. તું સતી, સાધ્વી છે. મારી નજરે તું શાંતિ, શ્રદ્ધા, નીતિ અને ધર્મની સાક્ષાત્ પ્રતિમા છે. તારો ત્યાગ કરવાથી મને ઘણું દુઃખ થાય છે. તું મારા તરફ જો. હું એક દિવસમાં તદ્દન નિસ્તેજ બની ગયો છું.'

તો પછી તમો મારો ત્યાગ શા સારૂ કરો છો? સ્વામી! ચાલો, બીજા દેશમાં ચાલ્યાં જઇએ. ભીખ માગીને ત્યાં આપણું દિવસો પૂરા કરીશું.



' મારા જીવનના સુખનું એક અવલંબન મારી કન્યા સુબાલા છે...તેને રમાડતાં, ખેલાવતાં, શાંત ચાંદનીમાં હાસ્ય કરાવતાં અને ભણાવતાં દિવસો વીતે છે."

Krishna Press, Bombay 2. (અબળાની આત્મકથાઓ પાનું ૧૩૯)

' છટ્! એવી સલાહ ન આપ. ઇશ્વર નિરાકાર છે પણ માતા-પિતા આ દુનિયામાં સાકાર દેવતા છે. તેઓ તને કાઢી મૂકવાનું કહે છે. તેમની આજ્ઞા ન પાળવી એ ઘોર પાપ છે. તું સતી છે; પણ મારાં માતપિતાનો તિરસ્કાર પામેલી છે. તને ઘરમાં રાખી હું કેવી રીતે સુખી થઇ શકું ? તું હવે જા. તારો પ્રભુ મરણ પામ્યો છે. તું વિધવા થઇ છે. મારા શરીર ઉપર મારાં માબાપનો અધિકાર છે. તેમની ઇચ્છા પ્રમાણે મારે ફરીને પરણવું પડશે."

આ પ્રમાણે કહી તેઓ ઓરડા બહાર ચાલ્યા ગયા. હું એકદમ મુર્છિત થઈ જમીન ઉપર પડી ગઇ.

* * * *

હવે હું મારાં માતાપિતાને ઘેર રહું છું. મારા પતિએ ફરીને લગ્ન કર્યું છે. તેમને સંતતિમાં પુત્રરત્નનો લાભ મળ્યો છે. તેઓ હવે નોકરી પણ કરે છે. પુરૂષ જાતિ નિર્દય અને સ્વાર્થી છે અને સ્ત્રીજાતિ પ્રેમના તત્ત્વ—આત્મત્યાગને પ્રકટ કરવા સરજાએલી છે. મારા પતિએ નિષ્ઠુર બની મને પગથી ઠોકર મારી; પણ તેથી શું ? હું તો હજુ પણ તેમના સુખે સુખી છું. પ્રભુ દર્શન ન આપે તોપણ ભક્ત તો તેમના ગુણ ગાયાજ કરે છે !

હું સધવા હોવા છતાં સ્વામી સેવાથી દૂર છું. મારા જીવનના સુખનું એક અવલંબન મારી કન્યા સુબાલા છે. મારી બાલિકા સુબાલા મારી પાસે રહે છે. તેને રમાડતાં, ખેલાવતાં, શાંત ચાંદનીમા હાસ્ય કરાવતાં અને ભણાવતાં દિવસો વીતે છે. પૂર્વકાળની એ સુખ સ્વપ્નની સ્મૃતિ હજુ મને યાદ આવ્યા કરે છે આ જગતમાં મારૂં સ્થાન વર્તમાન તેમજ ભવિષ્યમાં મને ક્યાંઈ જણાતું નથી !

આગ લાગો એ રૂપમાં ! રૂપથી મારે બહુ સહન કરવું પડયું છે. જે રૂપને લીધે હું માન અને સત્કારમાં મોટી થઇ મંગળકારી લક્ષ્મી સમાન ગણાતી, તે રૂપને લીધેજ હવે હું વેદનાની ભૂમિમાં ભટકું છું. સ્વર્ગનાં દ્વાર કયારે ખુલશે તેની રાહ જોઈ મારા આયુષ્યના દિવસો પૂરા કરૂં છું. બળ્યું એ રૂપ !

જો મને એટલા રૂપની પ્રાપ્તિ ન થઇ હોત તો મારે આ દુઃખ વેઠવું પડત નહિ ! પ્રથમ મારા સ્વામી મારા રૂપની પૂજા કરતા હતા અને હું રાતદિવસ તેમની શ્રદ્ધા જોઇ મનમાં વૈરાગ્ય પામતી હતી. શું આ તેનું પ્રાયશ્ચિત નથી ? રૂપનો આ તુષાનલ રાવણની ચિતા પેઠે મરણ પર્યંત મારા આ શરીર ઉપર સળગ્યા કરશે. હું મરણ પામી નથી; પણ શું હવે હું જીવી શકીશ ?"

૧૧ એક કચ્છી બાઈની આત્મકથા.

અફસોસ! સમાજના જૂલ્મની હું શી વાત કરૂં? આ દેશમાં ધર્મી કસાઇઓને હાથે મનુષ્ય વેચવાનો ધંધો એવો ધમધોકાર ચાલી રહ્યો છે કે તેને લીધે મારા જેવી અનેક દુઃખી અબળાઓ બાળપણમાં વિધવા બની સદાને માટે રખડતી થઈ જાય છે. કોઈ પણ ઉંચા હેતુ વગર કજોડાનાં લગ્ન કરવાં અને છોકરાં જન્માવ્યા જવાં, પછી તે છોકરાં બાળવયે વેચવાં અને રંડાય એટલે રખડતાં મૂકવાં. શું આ ધર્મ છે? શું આ સમાજની નીતિ છે? પરમાર્થના લેબાસમાં છૂપાએલા સ્વાર્થી કીડાઓ બડી બડી વાતો કરે છે; પણ ઉંડું અને ખરૂં કારણ કોઇ તપાસતું નથી. સમાજે સ્ત્રીને આત્મા માનવાને બદલે ભોજ્ય પદાર્થ માન્યો છે અને એકનો ભોગવેલો પદાર્થ બીજા કોઇના ભોગવવામાં આવે એ ખ્યાલથી ઈર્ષ્યા ઉત્પન્ન કરી તેને ધર્મનું નામ આપ્યું છે. આ ધર્મની દીવાલો પાછળ વિધવાઓના મોટા સમૂહોની ભયંકર ચીસોનો પડઘો સમાજથી સાંભળી શકાતો નથી. જે બાલિકાને પત્ની બનવાની ઇચ્છા ઉત્પન્ન થઇ નથી, તેને પત્ની બનાવી–સ્મશાનને પૂર્ણ રસ્તે પહોંચેલા વૃદ્ધની વૈરી બનાવી સમાજ કોઇ દિવસ સારૂં ફળ કાઢી શકે નહિ. શું કોઇ કન્યા પોતાના દાદા થવા યોગ્ય બુઢ્ઢા–બુઝર્ગની પત્ની થવાનું પસંદ કરી શકે? અને તેની ઇચ્છા વિરૂદ્ધ પરાણે પરણાવી દીધા પછી તેને તત્કાળ વિધવાપણું આવે તો તેમાં તેનો દોષ ગ-

ણાઇ શકે ? એ સમાજનો દોષ છે. અને સમાજના દોષને માટે તને દંડવા તૈયાર થવું એ નિર્દયતા અને અધર્મ છે. ઈર્ષ્યાનાં રમકડાં-ઓએ રચેલો વ્યવહાર શું સર્વને માટે ફરજ્યાત હોઈ શકે ? મારા આ પ્રશ્નથી વાચક, તું ભડકી ઉઠીશ નહિ. તને વિચાર કરી યોગ્ય નિર્ણય બાંધવા માટે આ રહી મારી જીવતી જાગતી કર્મકથા ! ઘડી-ભર લાગણીને કાબુમાં રાખી તે વાંચજે અને જો તેથી કાંઇપણ તને અસર થાય તો ધર્મને અને વ્યવહારને જુદા પાડવાનું શીખજે.

દુર્ભાગ્યની પ્રબળતાથી મને ઘણા કડવા અનુભવો થયા છે. અને તેને લીધે સમાજ ઉપર એક પ્રકારની અશ્રદ્ધા ઉત્પન્ન થઇ ગઇ છે. હિન્દની પેટા જ્ઞાતિઓનાં બંધારણ એવાં વિચિત્ર છે કે તેની વિચિત્રતાનો ભોગ સ્ત્રીઓજ થઇ પડે છે. સોનારૂપાના મુડદા સાથે જે સમાજ કન્યાઓને વેચી શકે, તે સમાજને પંઢરપુર જેવાં તીર્થ સ્થળોમાં થતા ગર્ભપાતો અને બાળહિંસાઓ જોવાનો વખત આવેજ. હાથે કરીને અધઃ પતનનો રસ્તો શરૂ કરવો અને પછી એ રસ્તે ઉતરી પડતી અબળાઓને નીંદવી એ ક્યાંનો ન્યાય ? હું જન્મથીજ દરિદ્ર છું અને જન્મ પહેલાંથીજ અભાગિની છું. મારી માતા સગર્ભા હતી ત્યારે મારા પિતા મૃત્યુ પામ્યા. ગર્ભાવસ્થામાં-થીજ મેં મારા પિતાને કાળના મોઢામાં મોકલેલા હોવાથી મારી માતાને મારા સંબંધમાં ખરાબ ભાસ થયો. સાધારણ સ્થિતિનાં કુટુંબોમાં બહુધા એવું જણાય છે કે તે કુટુંબનો આગેવાન મરણ પામતાની સાથે કુટુંબને દૈન્યાવસ્થા પ્રાપ્ત થઇ જાય છે. આ અનુ-ભવ મારી માતાને પણ થયો. બિચારી પતિના મરણની સાથેજ દીના બની જઈ બીજે દિવસે પેટનો ખાડો શી રીતે ભરવો તેની ચિંતામાં

પડીગઈ. કાંઇ કામધંધો કરીને ગુજરાન ચલાવી શકાય; પણ સગર્ભા હોવાને લીધે તે બની શકે તેમ નહોતું. મારા પિતાએ પોતાના આયુષ્યનો વિમો ઉતરાવ્યો હોત, કિંવા કુટુંબ પોષણની બીજી કાંઇ વ્યવસ્થા કરી રાખી હોત તો મારી માતાને આટલી ચિંતા આવી પડી હોત નહિ; પરંતુ પોતાની પાછળ કુટુંબનું શું થશે એ વિચાર કદી મારા પિતાને નહિ આવેલો હોવાથી તેમણે તે સંબંધી કાંઇ વ્યવસ્થા કરી નહોતી. આથી મારી માતા પતિના મરણને બીજે દિવસથીજ ગરીબ દશામાં આવી પડી. તેને મોટી આશા હતી કે પોતાને પુત્ર થશે અને તે મોટો થયા પછી પોતાનું પોષણ કરશે; પરંતુ દિવસો પૂર્ણ થયા પછી પુત્રને બદલે હું અભાગિની અવતરી અને મેં તે બિચારીને નિરાશ કરી.

મારા જન્મથી મારી માતા નિરાશ થઈ; છતાં પણ સ્ત્રીઓના પ્રાકૃતિક ધર્મ પ્રમાણે તેના હૃદયમાં મારા માટે વાત્સલ્ય ઉત્પન્ન થયું અને તે મારૂં સારી રીતે સંગોપન કરવા લાગી. તેણે મને બહુ ઉંચા પ્રકારે ઉછેરી હોત; પરંતુ દરિદ્રાવસ્થાને લીધે તે નિરાશ થઇ ગઇ હતી. હું પાંચ, છ વર્ષની થઇ નહિ ત્યાંતો વૃદ્ધ, લુલા, લંગડા, આંધળા પણ શ્રીમંત ઉમેદવારો મારી માગણી કરવા મારી માતાની પાસે આવવા લાગ્યા. આટલી નાની ઉમ્મરમાં મારૂં લગ્ન કરવાનો તે બિચારીને વિચાર નહોતો; પરંતુ ગરીબ દશાને લીધે પૈસાના લોભને તે અટકાવી શકી નહિ. કચ્છના એક ૫૦ વર્ષની વયના ઘરડા જૈન ખચ્ચર સાથે કેવળ સાત વર્ષની ઉમ્મરે તેણે મારૂં લગ્ન કરી દીધું. હું મારા સ્વામીને સાટે શરૂઆતમાંજ 'ખચ્ચર' શબ્દ વાપરૂં છું તેથી મારી કેટલીક ધર્મઘેલી બ્હેનો ચમકી ઉઠશે; પણ

હું કહેવાની રજા લઇશ કે એક કાચી ઉમ્મરની હસતી ખેલતી છોકરીને તેનાથી સાત ગણી ઉમ્મરના કલપ લગાડી ધોળા વાળને કાળા બનાવી આવેલા વરરાજા સાથે ફેરા ફેરવવામાં આવે ત્યાં તે કન્યાના મનમાં ક્યાંથી સદ્‌ભાવ હોય ? મારાં લગ્ન અટકાવવા મુંબઇનાઃ અમારી જ્ઞાતિના મુઠ્ઠીભર પરોપકારી પુરુષોએ કોશીશ કરી હતી; પણ તે વ્યર્થ ગઇ હતી જ્યાં કન્યાની માતાજ આંખ આડા કાન કરી છોડીને કૂવામાં ધકેલે ત્યાં થોડીક વ્યક્તિઓના પોકારથી શું વળે ? અમારા કચ્છીભાઇઓએ એકઠા થઇ ધારા ઘડયા હતા અને કન્યાવિક્રય તદ્દન બંધ કર્યો હતો. વળી સાંભળવા પ્રમાણે કન્યાવિક્રય નહિ કરવા ત્રણ ત્રણ વખત તીર્થંકરના સોગાન લીધા હતાં; પણ તેનું પરિણામ શૂન્યમાંજ આવ્યું હતું. લગ્ન વખતે મારૂં લગ્ન થયું કે શું થયું તે હું કાંઇ સમજી નહોતી. અત્યારે મને તે કાંઇ યાદ પણ નથી; પરંતુ વાજીંત્રા વાગતાં હતાં અને હું સારૂં સારૂં ખાતી હતી એટલુંજ મને સ્મરણમાં છે. મારી માતાએ જે બુઢ્ઢાજી સાથે મને પરણાવી હતી, તે બુઢ્ઢાજીએ પરણ્યા પછી ત્રીજેજ વર્ષે નિર્વાણપદ પ્રાપ્ત કર્યું હતું હું તરતજ સધવાની વિધવા થઇ ગઇ હતી. કૌમાર્ય, સૌભાગ્ય અને વૈધવ્ય એ ત્રણ અવસ્થા એક પછી એક એટલી ઉતાવળે મને પ્રાપ્ત થઇ હતી કે તેવી રીતે બીજી સ્ત્રીઓને ભાગ્યેજ પ્રાપ્ત થતી હશે. હું જે દિવસે વિધવા થઈ તે દિવસે આનંદમાં ખેલતી હતી; કારણકે મને વૈધવ્ય એટલે શું ? અને જે મરી ગએલ છે તેનો અને મારો સંબંધ શું છે ? તેનું મુદ્દલ જ્ઞાન નહોતું. આડોશીપાડોશીની સ્ત્રીઓ મારી માતાને આશ્વાસન આપવા આવતી; પણ હું આનંદમાં રમ્યા કરતી મારી માતા મને કહેતી કે

કોઈ આવે છે તોપણ રડતી નથી; પરંતુ એ અજ્ઞાન અવસ્થામાં મને રડવું ન આવે તેમાં મારો શો દોષ? વખતસર ખાવા ન મળે, માતા રમવા જવા ન દે, કિંવા કાંઈ અણગમતું થાય તોજ રડવું આવતું. પતિને માટે મેં કદી પણ આંસુનું ટીપુંયે પાડયું નથી!

મારા વૈધવ્યને લીધે મારી માતાને સ્વાભાવિક દુઃખ થયું; પરંતુ તેની પાછળ હવે દારિદ્યની ચિંતા નહોતી; કારણકે વૃદ્ધના હાથમાં મારૂં વેચાણ કરવાને લીધે તેને ખૂબ પૈસા મળ્યા હતા તથાપિ મારી વખતે બેજીવવાળી હોવા છતાં તેના પતિનું થએલું મૃત્યુ, પ્રસવ વખતે તેને થએલું વિલક્ષણ કષ્ટ અને લગ્ન પછી તરતજ શ્રીમંત જમાઇનો તૂટેલો આશ્રયતંતુ, એ સર્વ ઉપરથી તેની એવી ખાત્રી થઇ હતી કે છોકરી ઘણા ખરાબ પગલાની છે. મને જન્મ આપનારી માતાનોજ મારા વિષે ખરાબ ભાવ હતો તો પછી બીજા લોકોનો મારી ઉપર કેટલો તિરસ્કાર હશે એનો વાચકોએજ વિચાર કરી લેવાનો છે. ઇશ્વરની યદૃચ્છાથી થનારા બનાવમાં મારો જરા જેટલો પણ દોષ નહોતો; તથાપિ લોકોની એવી દૃઢ માન્યતા થઇ હતીકે છોકરી મોટી અભદ્ર છે, તેનું મોઢું પણ સવારમાં જોવું નહિ. સમાજમાં કેટલાક લોકો એવી ક્ષુદ્ર બુદ્ધિના છે તો કેટલાક ઉદાર અંતઃકરણના પણ છે. અમારા ઘરની પાસે એવા એક ઉત્તમ વિચારના ગૃહસ્થ રહેતા હતા. મારી વૈધવ્યાવસ્થાથી તેમને ઘણું દુઃખ થતું હતું. તે હંમેશ દયાર્દ્ર અંતઃકરણથી મારી પૂછપરછ કરતા હતા. મારા અભદ્રપણાની ચર્ચા લોકોમાં ચાલેલી હોવાથી મારી સાથે રમવા સારૂ તેઓ પોતાની કન્યાઓને મોકલતા નહોતા; અને મને પણ તેમને ઘેર આવવા દેતા નહોતા; પરંતુ અમારી પાડોશના ભલા

ગૃહસ્થે એવો તિરસ્કાર કદી પણ દર્શાવ્યો નથી. હું તેમને ઘેર હંમેશ જતી અને તેમનાં બાળકો સાથે રમતી. તેઓ મને પોતાની પુત્રી પ્રમાણેજ ગણતા હતા. શાળામાં મારો અભ્યાસક્રમ જોઇને તેઓ ઘણા ખુશી થતા. અને હું મારી હોંશિયારીથી તેમની કૃપાને પૂર્ણ પાત્ર થઈ હતી. રાંડ્યા પછી પણ મેં ભણવાનું જારી રાખ્યું હતું. બીજી છોકરીઓ કરતાં હું ચપળ હતી અને મહેતીજીને યશ અપાવવામાં મારો નંબર પહેલો હતો. શિક્ષિકાની આજ્ઞા ઉઠાવવામાં પણ હું તૈયાર રહેતી એટલે સર્વ કરતાં મારા ઉપર તેનો સ્નેહ અધિક હતો; પણ હાય ! એ સ્નેહેજ મને વિપત્તિના સાગરમાં ધકેલી દીધી છે. મારી શિક્ષિકા એક બાળવિધવા હતી. ધર્મના કે નીતિના સંસ્કારનો તેનામાં છાંટોયે નહોતો. પેટને અર્થે તે નોકરી કરવા નીકળી હતી. જીવનની શરૂઆતથીજ તેણે સ્વચ્છંદતાનું સૂત્ર સ્વીકાર્યું હતું. સુધરેલી ઢબની પત્ર લખવાની પદ્ધતિ અને વાતચીતથી અનેક મોહાંધોના પૈસાનું ધોળે દહાડે તે પાણી કરી રહી હતી. અમદાવાદ ની ફીમેલ ટ્રેનિંગ કોલેજના ત્રીજા વર્ષમાં તે પાસ થએલી હતી અને પોતાની મીઠી જીભથી તથા અધિકારીઓને આડકતરી રીતે ખુશ કરવાની રીતથી દરવર્ષે પ્રમોશન મેળવી રહી હતી. તે પૂર્ણ વ્યભિચારિણી હતી. મોટી ઉમ્મરની કન્યાઓને તે અનીતિને રસ્તે ઉતારી દલાલીના દામ મેળવતી હતી. આ વીસમીસદીની એ પણ એક વિચિત્રતા છે કે બહારના આડંબર અને ટાપટીપથી શિષ્ટ સમાજની આંખમાં ધૂળ નાંખીને એવી બાઇઓ કેળવણી આપવાના ધંધામાં નભે જાય છે; પણ આવી વિલક્ષણ વર્ત્તનવાળી બાઇઓ દેશના સ્ત્રી શિક્ષણમાં શું સુધારો કરી શકે તેમ છે ? ઉપદેશ કરતાં જે ધંધામાં

અનુકરણનો આશય વધારે પ્રમાણમાં રહેલો છે, એવા શિક્ષકના ધંધામાં તો ઉત્તમ ચારિત્ર્યવાળી શિક્ષિકાઓ રાખવી જોઇએ. હું ચૌદ વર્ષની થઇ ત્યાં સુધી શાળામાં ભણતી હતી અને હજુ એકાદ વર્ષ વધારે ભણવાનો મારો વિચાર હતો; પણ એવામાં મારી શિક્ષિકાની નીચતાને લીધે મારે શાળા છોડવી પડી. એક દિવસ તેણે મને અવળે રસ્તે ઉતરવાનો ઉપદેશ આપ્યો અને અનેક લાલચો બતાવી મોટી મોટી વાતો કરી. મારૂં મન તેની લાલચોથી લલચાયું અને બીજે દિવસ તેની ઇચ્છા પ્રમાણે વર્ત્તવાનું કબુલ કર્યું; પણ એવામાં હું એક આકસ્મિક રીતે એ પાપથી બચી ગઇ. મારો સ્વભાવ બહુ ભોળો હતો. મને સારા માઠાનો વિચાર નહોતો. મેં સંસાર જોયો નહોતો પરણ્યા પછી હું સાસરે બહુ થોડું ગઇ હતી. મારી ઉમ્મર ન્હાની હતી એટલે મારા વૃદ્ધ પતિદેવે મારા માટે કાંઇક ધીરજ ધારી હતી. જો કે એક વખત રાત્રીને વખતે મને કુદરતના ધર્મોનું ભાન કરાવવા તેમણે કોશીશ કરી હતી; પણ હું ભયથી ચીસ નાંખીને બીજા ઓરડામાં દોડી ગઈ હતી અને અંદરથી સાંકળ વાસીને આખી રાત તેમાં સુઇ રહી હતી. એ પ્રસંગ બન્યા પછી કદી પણ તેમણે મને છંછેડી નહોતી; પરંતુ હાય ! મારી સાથેનાં તેમનાં લગ્નથી તેમની મુરાદ બર આવે તે પહેલાં તો ક્રૂર કાળે તેમને પોતાના પંઝામાં લઇ લીધા અને મારા સ્ત્રીત્વનો ઉપભોગ તેઓ કરી શક્યા નહિ !

મારી શિક્ષિકાએ મને જે લાલચ દેખાડી લાભ આપવાની વાત કરી હતી તે વાત ઘેર આવી મેં મારી બાને કહી દીધી અને એનું પરિણામ એ આવ્યું કે બીજા દિવસથી મને શાળામાં તેમજ ઘર બહાર જતી અટકાવવામાં આવી. યૌવન અને સૌન્દર્ય નારી જા-

તિનાં પ્રબળ વૈરી હોવાથી ઘણીકવાર નારીના શિરઉપર તે એવી તો અનિવાર્ય આપત્તિને ખેંચી લાવે છે કે જો તે આપત્તિના વખતમાં સ્ત્રી પોતાના ધર્મ તથા નીતિના શસ્ત્રથી એ શત્રુઓને ન હરાવે તો પોતે એ વૈરીથી પરાજય પામી હંમેશને માટે નિર્બળ બની જાય છે. વિધાતાએ મને થોડું સૌન્દર્ય આપેલું હોવાથી તારૂણ્યની સાથેજ મારે માથે લોઢાની પનોતી બેઠી. હું જો કુરૂપ હોત, મારી તરફ જોતાંજ લોકોને કંટાળો આવે એવા પ્રકારનું રૂપ જો મને ઇશ્વરે આપ્યું હોત, તો હું તેની અત્યંત ઋણી થઇ હોત; પરંતુ મને મોહક સૌન્દર્ય આપી તેણે પુષ્કળ ભૂલ કરી એમ મને લાગે છે. હું પંદરમે વર્ષે ખીલતી યુવાનીને લીધે અધિક સુસ્વરૂપ દેખાવા લાગી. આ જગત્માં સારા માણસો કરતાં દુષ્ટ માણસો અધિક દૃષ્ટિએ પડે છે સમાજમાં દુષ્ટ, નિંદક, મદાંધ, વ્યસની અને દુરાચારી વધારે મળી આવે છે. તે લોકોના ત્રાસથી મારે ઘર બહાર નીકળવું પણ ભારી થઇ પડયું. કાંઇ કાંઈ કામ નિમિત્ત બહાર જાઉં કે તેઓ મારી તરફ જોયા કરે, ખડખડ હસી મારી મજાક કરે અને કેટલાક તો હું સ્પષ્ટ સાંભળી શકું તે રીતે બીભત્સ શબ્દો પોતાના સ્નેહીઓ પાસે ઉચ્ચારે અરે, તે વખતની તે મર્માંતિક વેદનાનું સ્મરણ થતાં અત્યારે પણ હૃદય કંપી ઉઠે છે. સમાજનું અનાથ વિધવાઓના સંબંધમાં કેવું વિલક્ષણ વર્તન છે! અમારી ઉપર ઇશ્વર કોપ્યો, એટલે શું તે અગ્નિમાં ઘી હોમવું? એક સ્ત્રી વિધવા થઇ એટલે તેનો તિરસ્કાર કરવો એ શું સમાજનું કર્તવ્ય છે? અમે અબળાઓ હોવાથી સમાજના મર્માઘાત મુંગે મોઢે સહન કરીએ છીએ, અમને એક વખત વૈધવ્ય પ્રાપ્ત થયું, એટલે ગમે તેણે ગમે તેમ બોલવું,

પ્રભાતના પહોરમાં અમારૂં વિધવાનું મોઢું જોતાં અપશુકન થયા એમ કહેવું, અમને ગાળો દેવી, અમારા માટે ખરાબ બીભત્સ શબ્દો વાપરવા, અમારે માથે ખોટાં આળ ચડાવવાં, ડગલે ડગલે અમારી અવગણના કરવી—આ શું સમાજનો ન્યાય છે ? અમે વિધવા થઇએ એમાં અમારો શો અપરાધ ? ઉલટાં અમે સર્વની દયા અને સહાનુભૂતિને પાત્ર થયાં ગણાઇએ; પણ સમાજમાં એટલી ઉદારતા કયાં છે ? ગમે તેવાં ખરાબ કૃત્યો કરીને પુરુષો સમાજમાં ઉજળા બની ફરી શકે છે; પરંતુ દુર્દૈવથી વૈધવ્ય પ્રાપ્ત થતાં અમે અબળાએ ઘરના એક અંધકારમય ખૂણામાં બેસી અમારા દિવસો પૂરા કરીએ છીએ. લોકો જે મારી પાછળ હાથ ધોઇને લાગ્યા હતા, તેનું મને કાંઈ વિશેષ લાગતું નહોતું: કારણકે લોકોના બોલવા તરફ લક્ષ્ય આપવું, એવો મારો સ્વભાવજ નથી; પણ મને ખરાબ લાગે છે, તે એટલા માટે કે મારા જેવી અનેક તરૂણ વિધવાઓનાં મર્મસ્થળો આ કુટિલ સમાજના મર્માઘાત શી રીતે સહન કરતાં હશે ? જ્યાં સુધી હું અજ્ઞાન હતી ત્યાં સુધી મને એ વૃદ્ધ પતિથી નહોતો અસંતોષ કે નહોતું દુઃખ. દશમે વર્ષે વિધવાપણું પ્રાપ્ત થવા છતાં પણ મને નહોતો અફસોસ કે નહોતી ચિંતા: પરંતુ જ્યારે મને મારી દશાનું ભાન થયું, ત્યારે બાળવૈધવ્યના દુઃખથી મને બહુ લાગી આવ્યું. હું મારા કિસ્મતની કુટીલતાના વિચારમાં આયુષ્યના દિવસો પુરા કરતી હતી; એટલામાં મારા ઉપર બહુ નિરાળો પ્રસંગ ગુડાયો અને તેને લીધે લોકોના નિંદાપ્રચુર સ્વભાવને વધારે પ્રોત્સાહન મળ્યું. તે ભયંકર પ્રસંગ આવવાનું કારણ તે દુષ્ટાશિક્ષિકા હતી.

મને ભ્રષ્ટ કરી દલાલીના દામ મેળવવાની તેની મુરાદ બર

નહિ આવવાથી મારા ઉપર તેનો ક્રોધ અત્યંત વધી પડયો. તેણે ગમે તે પ્રકારે મને પતિત કરવા ધાર્યું. અધુરામાં પુરૂં અમારા ગામના ઉપાશ્રયમાં એ વખતે એક જૈન મુનિ આવીને રહ્યો હતો, તેની તેને મદદ મળી. એ મુનિ ચાતુર્માસ કરવા આવ્યો હતો. બ્રહ્મચર્ય સાચવવાની બાબતમાં તે બહુ નિર્બળ હતો. લોકોમાં તેને માટે સારૂં બોલાતું નહોતું. અમારા જૈન લોકો ગાડરીઆ પ્રવાહ જેવા છે. અંધ શ્રદ્ધાથી તેઓ એકજ માર્ગે દોરાયા જાય છે અને તેથી એવાં ભ્રષ્ટ સાધુ-સાધ્વીઓ નિરંકુશપણે શ્રાવક વર્ગમાં રહી શકે છે. મારે માથે આળ ચડાવી તે બન્નેએ મારા જીવનની વિશેષ ખરાબી કરી દીધી લોકોની આંખોમાં તો મારા યૌવને ઇર્ષ્યાનો અગ્નિ ઉત્પન્ન કર્યો હતો; એટલે જુદા જુદા સ્વરૂપે મારા હૃદય ઉપર તેમનાં વાગ્બાણ આવીને પડવા લાગ્યાં. માણસોએ પોતાના સ્વભાવ પ્રમાણે તેમાં વધઘટ કરી નિરાળા ઇતિહાસ તૈયાર કર્યા લોકો મારા તરફ આંગળી કરી નિઃશંક મને ફાવે તેમ બોલવા લાગ્યા. કોઇ મારી નિંદા કરતા તો કોઇ મને ખુલ્લી રીતે વિશ્વયોષિતા કહી વગોવતા. કેટલાક અધમ પુરુષો મને ફસાવવા પ્રયત્ન કરતા હતા; પણ હું મારા વિચારમાં અડગ હતી. એ સમય મારા યૌવનનો વસંત સમય હોવાથી મારા સૌન્દર્ય તથા લાવણ્યમાં અદ્દભુત વિકાસ થવા લાગ્યો હતો અને તેને લીધે મને અનેક પ્રલોભનો નડતાં હતાં, ગામના અનેક વિષયી પુરુષો મને સતાવતા હતા; પણ હું મારા નિશ્ચયમાં દઢ હતી. મારા ભલા પાડોશીના ભય અને ઉપદેશથી હું મારૂં મન ચલિત થવા દેતી નહોતી. મારી માતાને મારી ઉપર શ્રદ્ધા નહોતી; તેમજ ગરીબ અવસ્થાને લીધે તેનું

હૃદય શૂન્ય બની ગયું હતું એટલે કેટલાક સ્વચ્છંદી લોકોની સલાહથી તેણે મારા તારૂણ્યનો ઉપયોગ પૈસા મેળવવા તરફ કરવા ધાર્યું. તેના હૃદયની એ રાક્ષસી કલ્પનાની મને ખબર પડતાં મારા મનની બહુ ચમત્કારિક સ્થિતિ થઇ ગઇ. મને ખાવુંપીવું ગમે નહિ, રાત્રે નિદ્રા આવે નહિ. આખો દિવસ મારૂં ભવિષ્યમાં શું થશે ? એવા વિચારો આવ્યા કરે અને મન મુંઝાય. મને મારૂં તારૂણ્ય અને સૌન્દર્ય શત્રુ કરતાં ભયંકર, ઝેર કરતાં કાતિલ અને શલ્ય કરતાં તીક્ષ્ણ લાગવા માંડ્યું. મારા મનને કયાંઇ પણ ચેન પડતું નહોતું. સ્ત્રીની કાયાને સંસારમાં સંપૂર્ણ ભય છે. આખી જીંદગી અનાથ દશામાં નિરાધાર હાલતમાં શી રીતે નીકળશે ? તેની મને ચિંતા થવા લાગી. મારી માતા મને અધમ રસ્તે ઉતારશે તો મારા બન્ને ભવ બગડશે, એ બાબતનો મને વિચાર થઈ પડયો. હું એકાએક એક રાત્રે ઘરમાંથી નીકળી નાઠી અને રખડતી–રવડતી ગુજરાતની એક સ્ત્રી સંસ્થામાં આવી દાખલ થઇ. આ સ્ત્રી સંસ્થાના સંબંધમાં મેં ઘણું સારૂં સાંભળ્યું હતું, પરંતુ તેમાં દાખલ થતાં મને વિકાસ કે ઉદ્ધારનું કાંઇ ચિહ્ન જણાયું નહિ. સ્ત્રીઓની પાંજરાપોળ જેવી આ સંસ્થામાં નિરાધાર બાઇઓને અધિષ્ઠાત્રીના ઘરની વગર દામે ખરિદાએલી ગુલામડીઓ પ્રમાણે વર્તવું પડે છે; તેથી હું ત્યાંથી નીકળી મુંબઈની આર્યસમાજને આશ્રયે આવી અને અહીં આવીને મેં એક ભલા ગૃહસ્થ જોડે પુનર્લગ્ન કર્યું.

રૂઢીના રક્ષકો એથી ખળભળી ઉઠયા. તેઓ વિધવાઓને ફરજ્યાત બ્રહ્મચર્ય પાળવાની આજ્ઞા કરે છે; પણ આગળ પાછળનો કાંઇ વિચાર કરતા નથી. કામવાસના સામે યુદ્ધ કરવામાં અને વિજય

મેળવવામાં પુષ્કળ આંતરિક બળની જરૂર છે. જેનાથી ભલાભલા ઋષિઓ પણ હારી ગયા છે, તેવા પ્રબળ શત્રુ સામે લડવા માટે આત્મજ્ઞાન વિનાની અબળાઓને આજ્ઞા કરવી એ શું અજ્ઞાનતા નથી ? સ્ત્રી વર્ગ કરતાં વધારે બળવાન, વધારે અનુભવી અને વધારે જ્ઞાની ગણાતો પુરુષવર્ગ પચાસ વર્ષની વયે પણ જે શત્રુને નથી જીતી શકતો, તે શત્રુને અજ્ઞાન, નિર્બળ, ઓછા અનુભવવાળી મુગ્ધાએ જીતવોજ જોઇએ, એવી સમાજની આજ્ઞા શું અન્યાય ભરેલી અને નિર્દયતા દેખાડનારી નથી. ? સ્ત્રીઓની પાસે બળાત્કારે બ્રહ્મચર્ય પળાવનાર પુરુષ વર્ગ તો પોતે એક પછી એક એમ બે, ત્રણ, ચાર વખત લગ્ન કરે છે, સંતાન હોવા છતાં પણ પરણે છે, વૃદ્ધ બનવા છતાં પણ ઘોડે ચડે છે, અને, ઘરમાં સુઘડ, સુંદર સ્ત્રી હોવા છતાં છાની રીતે વેશ્યા ગમન કરે છે—અને તોપણ તે બાળ વયે રંડાવાથી બીજીવાર યોગ્ય પતિ વરવા ઇચ્છતી બાળ વિધવાને પાપિણી કહી તેનો તિરસ્કાર કરવા તૈયાર થાય છે ; આ શું સમાજનું ઓછું અજ્ઞાન છે ? સાઠ વર્ષના પુરુષનું પાંચમી વારનું લગ્ન ઉત્સાહથી ઉજવનાર જ્ઞાતિ એ કાર્યમાં અધમતા જોતી નથી અને પુરુષોનીજ મૂર્ખાઇને પરિણામે બાળવિધવા બનેલીની એકાદ ભૂલ થતાં જ્ઞાતિનાં તમામ હથિયાર તેના ઉપર તૂટી પડે છે. આ શું ઓછો જૂલ્મ છે ? પ્રકૃતિ વિરૂદ્ધના કે કુદરત વિરૂદ્ધના કાનુન કદી પણ ચાલ્યા નથી અને ચાલશે પણ નહિ. બ્રહ્મચર્ય પાળવા જેવું ઉંચામાં ઉંચું વર્ત્તન ફરજ્યાત ઠરાવી શકાય નહિ એમ હું મારા મનથી માનું છું. બ્રહ્મચર્ય પાળી સંયમશીલ રહેવું સૌથી ઉત્તમ છે, પણ જે વિધવાઓથી એમ ન બને, તેમણે મારી પેઠે પુનર્લગ્ન

કરવું એવો મારો મત છે. વળી મારા લગ્ન સંબંધીનો વિચાર કરવામાં આવે તો મને વિધવા માનવી એ અત્યંત ભૂલ ભરેલું છે, એટલુંજ નહિ પણ તે અશાસ્ત્ર અને અમાનુષપણું છે. હાલના કુત્કર પ્રસંગે તરૂણ વિધવાએ બ્રહ્મચર્યથી રહેવું અત્યંત વિકટ છે. મનનું દુર્બળપણું અને સ્વાભાવિક અબળાપણું એનાથી ક્ષણે ક્ષણે વિધવાને હાથે કેટલા અનાચાર થાય છે, તે તરફ આંખો બંધ કરી દુર્લક્ષ્ય કરવું, એ સમાજની દૃષ્ટિએ નહિ તો રાષ્ટ્રની દૃષ્ટિએ મહા અધોગતિનું લક્ષણ છે. મારૂં લગ્ન, મારૂં વૈધવ્ય અને મારા ઉપરના અનેક પ્રસંગો, એ ત્રણેય બાબતો ઉપરથી મારા હૃદયે નક્કી કર્યું હતું કે યોગ્ય પતિ સાથે વિવાહ કરી તેના સહવાસમાં રહ્યા સિવાય મારે બીજો માર્ગજ નથી. જો મને સુયોગ્ય, સશક્ત પુરુષ સાથે યોગ્ય વયે પરણાવવામાં આવી હોત અને થોડો વખત સંસારસુખ ભોગવ્યા પછી આવું વૈધવ્ય આવ્યું હોત તો પતિનું સ્મરણ સદાકાળ દૃષ્ટિ સમક્ષ રહેવાને લીધે બીજા પુરુષની પત્ની બનવાનો વિચાર મને દુઃખકારક લાગત; પરંતુ એવું તો મારા સંબંધમાં કાંઇ બન્યું નહોતુ એટલે મારૂં મન અસ્થિર હોય એમાં શું આશ્ચર્ય ? સમાજમાંથી કન્યાવિક્રય અને બાળલગ્નની મહા પીડાઓ હજુ બંધ થતી નથી, તે પુનર્લગ્ન શરૂ થવા લાગ્યા વિના બંધ થવાની નથી. બાળહત્યા અને દુરાચાર પણ પુનર્લગ્ન વિના બંધ થશે નહિ. જેમનાથી પોતાની પુત્રીઓને બીજો પતિ કરતાં જોઈ શકાતું ન હોય, તેમણે પ્રથમ સમાજમાંથી બીજી પત્ની કરવાનો રિવાજ બંધ કરાવવો જોઇએ અને કન્યાવિક્રય, બાળલગ્ન, કજોડાના વિવાહ અને મડા સાથે મીંઢળ બાંધવાની પ્રથાને તિલાંજલિ આપવી

જેઓએ સઘળા દેશ માટે જેમ એક રિવાજ હોઈ શકે નહિ, તેમ સઘળા સ્વભાવ માટે પણ એક નિયમ હોઈ શકે નહિ. દરેક સમાજ પોતાની જરૂરીઆતોને અનુકુળ વ્યવહાર બાંધે છે અને તેમાં આવશ્યકતાઓ પ્રમાણે ફેરફાર કરે છે. જેમનામાં ફેરફાર કરવાની હિંમત કે આવડ નથી હોતી, તેમનામાં સડો વધતો જાય છે. આપણી સમાજનું બંધારણ બંધીઆર પાણીની જગા જેવું છે. તેમાં પ્રવાહનું નવું નવું વહન બિલકુલ દીઠામાં આવતું નથી. વળી આપણા લોકો પારકી આંખે જોનાર છે. શાસ્ત્રમાં લખ્યું હોય તેને તેઓ અંધ શ્રદ્ધાથી વળગી રહે છે; પણ તેમાં વિવેક દૃષ્ટિ રાખતા નથી. સત્યયુગને માટે રચાએલા નિયમો આ કલિયુગમાં શી રીતે હિતાવહ થઈ શકે ? છતાં લગ્ન માટે જે ઉંચો આદર્શ ઠરાવવામાં આવ્યો છે, તે આદર્શ પ્રમાણે જો લગ્ન થતાં હોય તો સ્ત્રી પરણ્યા પછી જે સુખ મેળવે તે સુખનું સ્મરણ તેને એટલું મીઠું લાગે કે તે ફરી લગ્ન કરવા તૈયાર થાયજ નહિ. સ્ત્રી જાતિ પ્રેમની પુતળી છે. સ્નેહને અંગે સ્વર્પણ કરવાનો તેનો કુદરતી સ્વભાવ છે; પણ જ્યાં એ સ્વભાવનો દુરૂપયોગ થવા જેવી હાલતમાં તેને મૂકવામાં આવે ત્યાં પછી સારા ફળની આશા કયાંથી રાખી શકાય ?

મારી માતા મારા દુઃખથી દુઃખી હતી. એક દિવસ એ દુઃખમાં હૃદય એકાએક બંધ પડી જવાથી તેનો સ્વર્ગવાસ થઈ ગયો. તેના મૃત્યુથી મારા હૃદયને ઘણો આઘાત થયો. પિયર પક્ષમાં મારૂં હવે કોઇ રહ્યું નહિ. મારી દુષ્ટા શિક્ષકા પેલા શયતાન્ સાધુની સહાયિકા બનીને અનેક કુંવારી કન્યાઓના શિયળને ભ્રષ્ટ બનાવી રહી હતી એતો નિર્વિવાદ છે કે સમાજના સ્ત્રી વર્ગમાં બગાડો

થવામાં જેટલે અંશે લગ્ન પદ્ધતિ જવાબદાર છે, તેટલે અંશે કન્યા કેળવણી અને ધર્મગુરુઓનાં ધતિંગ પણ જવાબદાર છે. કચ્છમાં મારી એક બ્હેનપણી વિધવા છે. તેને થોડાં વર્ષ ઉપર એક જૈન સાધુના સમાગમથી બાળક જન્મ્યો. પોલીસે તપાસ ચલાવી, પણ સાધુના અંધશ્રદ્ધાળુ ભક્તોએ તે વાત દબાવી દીધી. બાઈને તેના સસરા તરફથી ખોરાકી મળતી હતી તે બંધ થઈ, એટલે તે દુઃખની મારી બાળકને લઈ મુનિને સોંપવા સ્થાનક તરફ ચાલી. સાધુંના શિષ્યોએ બારણાં બંધ કરી તેને અંદર આવતાં અટકાવી અને છેવટે બીજા લોકોએ તેને સમજાવી પાછી કાઢી. આ વાતની મુંદ્રા શહેરના શ્રાવકોને ખબર પડતાં તેમણે માંડવીના શ્રાવકો દ્વારા તે સાધુ વિરૂદ્ધ ગચ્છના અધિપતિને અરજ કરી; પણ તે મહાપુરુષે અમુક શ્રાવકોને આડું અવળું સમજાવી પક્ષમાં લીધા અને ગચ્છમાં બે ભાગ પડી ગયા. આ બાઈના ખરાબ પ્રેમપત્રો પકડાયા હતા અને ચારેય તરફ વાત ચર્ચાઈ હતી. સાધુ નામધારી શયતાનો સમાજમાં શું ઓછો ગંદા પેદા કરે છે? હું તો સ્પષ્ટ કહું છું કે એવા વ્યભિચારી સાધુઓને કેવળ તિરસ્કાર કરીને દૂર કરવા હવે બસ નથી, પણ તેમને મુસ્કેટાટ બાંધીને મારવા જોઈએ અને ચૌદમું રત્ન ચખાડી અનાચાર કરતા અટકાવવા જોઈએ. સાધુઓનો સમાજની સાથે ગાઢ સંબંધ છે; પણ આત્મબળ કે અધ્યાત્મબળ વિનાના સાધુ નામધારી વિષયના ગુલામોને સમાજમાં સ્થાન આપવું એ હીચકારું કાર્ય છે. ક્યાં સુધી આ બાબત તરફ હવે આંખમીચામણાં કરવામાં આવશે?

પુનર્વિવાહ જેમને સંમત નથી, એવા લોકો મારા આ કૃત્ય ઉપર ટીકા કરશે અને મને અશિક્ષિત, મૂર્ખ તથા વિષયી ગણશે;

પણ જેઓને આ દેશની વિધવાઓ ઉપર ગુજરાતાના જુલમની જરા પણ લાગણી હશે. તેઓને મારૂં કૃત્ય છેક ગેરવ્યાજબી જણાશે નહિ. હું કબુલ કરૂંછું કે પુનર્વિવાહ ગૌણ વિવાહ છે; પણ જ્યાં સુધી સમાજમાં બાળવિવાહનો રાક્ષસી રિવાજ છે, ત્યાં સુધી એ રૂઢીનું દુષ્પરિણામ ન થવા સારૂ પુનર્વિવાહને સંમતિ દેવી એ પ્રત્યેકનું કર્તવ્ય છે. વિધવાઓ માટે આ દેશમાં કોઇ ઉંચા પ્રકારની વ્યવસ્થાવાળી સંસ્થા નથી. જ્યાં જોઇએ ત્યાં વિધવાઓનો તિરસ્કાર અને છળ છે. દુષ્ટ પુરૂષો તરફથી જગતનાં એવાં પ્રલોભનો તેને દેખાડવામાં આવે છે કે તે ભાગ્યેજ પોતાના મનને કાબુમાં રાખી શકે. પતિના મરણ પછી વિધવાને પિતૃગૃહ ને શ્વસુર ગૃહનો આધાર બંધ થાય છે. શ્રીમંત કુટુંબોમાં પણ વિધવા બોજારૂપ મનાય છે અને તેને સર્વત્ર હાડ હાડ કરવામાં આવે છે. તેનું જીવન ઓશીયાળું, શુષ્ક ગુલામવત્ અને દુઃખમય બની જાય છે; માટે કાંતો સમાજે સઘળા વિધવાઓને માટે પોષણ સહવાસ અને તેથી મળતો દીલાસો પ્રાપ્ત થાય એવાં નમુનેદાર આશ્રમો ખોલવાં જોઇએ અને એમ ન બને તો બીજા કશાની ખાતર નહિ પણ છેવટ ઉદર નિર્વાહની ખાતર તેને ફરીને પરણવાની પરવાનગી આપવી જોઇએ. વિકારની ઉત્પત્તિ માનસિક છે. ઉંચી સોબત અને ઉંચા શિક્ષણ વિના તેના ઉપર કાબુ રહી શકતો નથી. પુરુષવર્ગ જો સંયમ રાખી પોતાના દાખલાથી ઉપદેશ આપે તો સ્ત્રીઓમાં માનસિક નિર્બળતા આવવાનો સંભવજ નથી. જીંદગી એ નિરંતર યુદ્ધ છે. યુદ્ધમાં વિજય મેળવનાર પક્ષપણ પ્રહાર ખાધા વિના તો વિજય નથીજ મેળવી શકતો. દરેક બાબતમાં લાભ અને ગેરલાભ સમાએલા છે;

તો પછી પુનર્લગ્નની બાબતમાં પણ તે બન્ને હોવા જોઇએ. મારા જેવી અલ્પજ્ઞ અબળાને મોઢે એ ચર્ચા લંબાય એ ઠીક નથી એટલે એ વિવાદનો વિષય બંધ કરી મારી કર્મકથા અહીંજ પૂરી કરૂં છું. અને ઇશ્વર પાસે માગુંછું કે તે સર્વ અબળાઓને સન્મતિ આપે. **अस्तुः**

૧ ૨–સુશીલાની આત્મકથા.

ચૈત્ર મહિનો હતો; પરંતુ એ ખળાંઓ કે જ્યાં અનાજના ઢગલાઓ રહેતા હતા, ત્યાં પશુઓનાં શરણસ્થળ બન્યાં હતાં. જે ઘરોમાંથી હોળીની હોરી અને વસંતના આલાપ સંભળાતા હતા. ત્યાં આજ રૂદનના ધ્વનિ હતા. એ વર્ષનું સઘળું ચોમાસું વીતી ગયું હતું; પણ પાણીનું એકેય ટીપું પડયું નહોતું! જેઠ મહિનામાં એકવાર મુશળધાર વૃષ્ટિ થઇ હતી, ખેડુતોએ હર્ષમાં આવી જઇને ખેતરમાં બીજ વાવ્યું હતું; પરંતુ ઇન્દ્ર દેવે પાછળથી બિલકુલ કૃપા કરી નહોતી. છોડવાઓ ઉગ્યા હતા, વધ્યા હતા અને પાછા સુકાઇ ગયા હતા. ગોચર ભૂમિમાં ઘાસ પણ થયું નહોતું! વાદળાંઓ ચઢી આવતાં અને અંધારૂં ફેલાઇ જતું–અનુમાન થતું હતું કે જળસ્થળ એક થઇ જશે; પરંતુ તે અંધકાર નિરાશાનો અને દુઃખનો હતો. ખેડુતોએ બહુ જપ–તપ કર્યાં, ઈંટ અને પત્થરને દેવ–દેવીના નામથી પૂજ્યાં અનેક બલિદાન આપ્યાં. વરસાદની અભિલાષામાં રક્તની પરનાળો વહાવી; પરંતુ ઇંદ્રદેવ કોઇ રીતે પ્રસન્ન થયા નહિ. ખેતરમાં ધાન્યના છોડવાઓ નહોતા, ગોચરમાં ઘાસ નહોતું અને તળાવમાં પાણી નહોતું. લોકોને ઘણી મુસીબતની સામે ટકવાનું હતું. જ્યાં જોઇએ ત્યાં ધુળ ઉડી રહી હતી. દરિદ્રતા અને ક્ષુધાપીડાનું દારૂણ દૃશ્ય દેખાઈ રહ્યું હતું. લોકોએ પ્રથમતો ઘરાણાં

અને વાસણો ગીરો મૂક્યાં; પરંતુ પાછળથી વેચી દીધાં. છેવટે જનાવરોનો વારો આવ્યો; જ્યારે જીવિકાનો અન્ય કોઇ ઉપાય ન રહ્યો; ત્યારે જન્મભૂમિપર જાન દેનારા ખેડુતો બાળબચ્ચાંઓને લઇ મજુરી કરવા નીકળી પડયા ! દુષ્કાળપીડિતોની સહાયતાને માટે કોઇ કોઈ સ્થળે સરકારે કામ ઉઘાડયાં હતાં, જ્યાં જેને ફાવ્યું ત્યાં તે લોકો જવા લાગ્યા.

સંધ્યાનો સમય હતો. મારા પિતા બહારથી થાકયાપાક્યા આવીને બેસી ગયા અને મારી માતાને ઉદાસ બની કહેવા લાગ્યા ' દરખાસ્ત ના મંજુર થઇ ગઈ. " બોલતાં બોલતાં તેમનાં નેત્રો આંસુથી ભરાઇ આવ્યાં. એમનું મોઢું ઉતરી ગયું હતું અને પેટ ઉંડુ ચોટી ગયું હતું. આજ બે દિવસથી તેમણે અનાજનું દર્શન સરખુંયે કર્યું નહોતું. ઘરમાં જે કાંઇ–ઘરાણાં, કપડાં, વાસણ વગેરે હતાં તે સર્વ પેટમાં સમાઇ ગયાં હતાં. ગામના શાહૂકારો પણ પતિવ્રતા સ્ત્રીઓની પેઠે મુખ સંતાડવા લાગ્યા હતા. કેવળ તગાવીનો આધાર હતો અને તેને માટે અરજ કરી હતી; પરંતુ આજ તેપણ નામંજુર થઇ ગઇ. આશાનો ઝગઝગતો દીવો બુઝાઈ ગયો ! '

મારી માતાએ તેના પતિ તરફ કરૂણ દૃષ્ટિથી જોયું. તેની આંખોમાં આંસુ ભરાઇ આવ્યાં. પતિ આખા દિવસના થાકયાપાકયા ઘેર આવ્યા છે, તેને શું ખવડાવવું ? લજ્જાથી હાથપગ ધોવા માટે તે પાણી પણ ન લાવી શકી. જો હાથપગ ધોઇને આશાભરી નજરથી તેઓ તેના સામે જુએ તો તે તેમને શું ખાવા આપે ? તેણે પણ ત્રણચાર દિવસથી કાંઇ ખાધું નહોતું; , છતાં આ વખતે તેને

આ જે દુઃખ થયું, તે ક્ષુધાતુરતાના દુઃખથી કેટલાયે ગણું અધિક હતું. સ્ત્રી ઘરની લક્ષ્મી છે. ઘરનાં માણસોને ખવડાવવાપીવડાવવામાં તે પોતાનું કર્તવ્ય સમજે છે. તેને પોતાની દીન દશા ઉપર જે માનસિક વેદના થાય છે, તે પુરુષોને કદી પણ થતી નથી!

થોડીવારે હું ઉંઘમાંથી ઉઠી અને મીઠાઇની લાલચમાં જઇને મારા પિતાના ખોળામાં પડી, મેં તે દિવસ સવારમાં બાજરાના રોટલાનો એક કકડો ખાધો હતો અને પછી વિશેષ નહિ મળવાથી રડતી રડતી સુઈ ગઇ હતી. મને એ વખતે દશમું વર્ષ જતું હતું; એટલે દુકાળના દુઃખની મને શી કલ્પના હોય? પિતાએ મને ગોદમાં લીધી અને દુઃખભરી દૃષ્ટિથી મારી સામે જોયું. તેમની ગર્દન નીચી નમી ગઇ અને હૃદયની પીડા આંખોમાં સમાઈ શકી નહિ.

બીજે દિવસ અમે ઘરથી બહાર નીકળ્યાં. જેવી રીતે પુરુષના ચિત્તમાંથી અભિમાન અને સ્ત્રીની આંખમાંથી લજ્જા નીકળતાં નથી; તેવીજ રીતે પોતાની મહેનતથી રોટલો પેદા કરનારા ખેડુતો પણ મજુરીની શોધમાં ઘરથી બહાર કદી નીકળતા નથી; પણ હાય પાપી પેટ, તું સર્વ કાંઈ કરાવી શકે છે! માન અને પ્રતિષ્ઠા, ગ્લાનિ અને લજ્જા એ સર્વ ચળકતા તારાઓ પેટના કાળી ઘટાઓની પાછળ છૂપાઇ જાય છે!!

પ્રભાતનો સમય હતો. વિપત્તિના સતાવવાથી અમે ઘરની બહાર નીકળ્યાં. મારા પિતાએ મને તેડી લીધી. મારી માતાએ ફાટેલાં તૂટેલાં જૂનાં કપડાંની પોટલી માથા ઉપર રાખી લીધી. બન્નેનાં નેત્રો આંસુઓથી ભરાએલાં હતાં. મારી માતા અપાર રોતી હતી. ગામના બે–ચાર માણસો રસ્તામાં સામા મળ્યા; કિન્તુ

કોઇએ એટલું પણ ન પૂછ્યું કે ક્યાં જાઓ છો ? કોઈના હૃદયમાં સહાનુભૂતિનો વાસ નહોતો. દયાનું ઝરણ દુષ્કાળને લીધે માનવહૃદયમાંથી સુકાઇ ગયું હતું !

ઉનાળાનો સખ્ત તાપ પડતો હતો. પૃથ્વી એ તાપથી સંપૂર્ણ તપી રહી હતી. આવા સમયમાં અગણિત શુષ્ક હાડપિંજરો—કે જેમના ઉપર કોઈ પ્રકારનું કપડું પણ નહોતું તેઓ—માટી ખોદવાના કામમાં લાગ્યાં હતાં. એ ભૂમિ તે વખતે સ્મશાનભૂમિ બની રહી હતી કે જ્યાં મડદાંઓ પોતાના હાથથી પોતાની કબરો ખોદતાં હતાં!

વૃદ્ધ અને યુવાન, સ્ત્રી અને પુરુષ, મર્દ અને બાળક સર્વ કોઇ એવાં નિરાશ અને વિવશ બની કામમાં લાગી ગયાં હતાં કે જાણે મૃત્યુ અને ભૂખ તેમની સામે બેસી ઘુરકી રહ્યાં છે. એ આફતમાં કોઇ કોઇનો મિત્ર નહોતો કે કોઇ કોઇનો શુભચિંતક નહોતો. દયા સહૃદયતા અને પ્રેમ એ સર્વ માનવીય ભાવો છે કે જેનો કર્તા મનુષ્ય છે. પ્રકૃતિએ આપણને કેવળ એકજ ભાવનું દાન કર્યું છે અને તે સ્વાર્થ છે. માનવીય ભાવો બહુધા કપટી મિત્રોની પેઠે આપણો સાથ છોડી દે છે; પણ એ ઇશ્વરપ્રદત્તગુણ કદી આપણું ગળું છોડતો નથી!

આઠ દિવસ વીતી ચૂકયા હતા સંધ્યા વખતે કામ પુરૂં થઇ ગયું હતું. એક ઝાડ નીચે મારા પિતાએ અમારો મુકામ નાંખ્યો હતો. મારાં માતાપિતા એવાં કૃશ થઇ ગયાં હતાં કે તેઓ ઓળખાતાં પણ નહોતાં! અત્યારે તેઓ સ્વતંત્ર ખેડુત રહ્યાં નહોતાં. સમયના પરિવર્તનથી આજ બન્ને મજુર બની બેઠાં હતાં!!

મને કેટલાક દિવસથી તાવ આવતો હતો. કમળના જેવો

ચહેરો કરમાઈ ગયો હતો. મારી માતાએ એ વખતે મને ધીરેથી કહ્યું–' પુત્રી! આંખો ઉઘાડ. જો સાંજ પડી ગઇ.'

મેં આંખો ઉઘાડી. તાવનું જોર નરમ પડયું હતું. તત્કાળ મારી માતાને મેં પૂછ્યું–' મા, શું આપણે પાછાં ઘેર આવી પહોંચ્યાં?'

મારા એ પ્રશ્નથી મારી માતાને ઘરનું સ્મરણ થયું. તેની આંખો પાણીથી ભરાઇ આવી. તેણે કહ્યું–' ના, દીકરી! તું સાજી થઇ જઇશ; પછી આપણે ઘેર જઇશું."

મને એ દિવસો બરાબર યાદ છે. મારી માતા સાથે હું જ્યાં આ પ્રમાણે વાત કરતી હતી ત્યાં એક માણસ હાથમાં ફાનસ લઇને આવ્યો અને મારી માતા સાથે થોડી વાત કરી અમને બન્નેને તે પોતાની સાથે લઈ ઉતાવળે પગલે ચાલ્યો. મારા પિતા હજુ ઘેર આવ્યા નહોતા અને અમે તો કોઇ અજાણી દિશામાં આગળ વધવા લાગ્યાં. મારી માતા અમારી ગરીબ હાલતથી બહુ કંટાળી ગઇ હતી અને તેમાંથી છૂટવા તે નિરંતર વિચાર કર્યા કરતી હતી, પણ તેને કોઇ ઈલાજ જડતો નહોતો. આજે અચાનક તેને પોતાના ઉદ્ધારનો રસ્તો મળી ગયો.

અમને તે ગૃહસ્થ ટ્રેનમાં બેસાડી પોતાને ઘેર તેડી ગયો. એનું ઘર અમદાવાદ શહેરમાં હતું. વાતચીત ઉપરથી માલમ પડયું કે તે અમારી નાતનો અને પૈસેટકે સુખી હતો. બાલ્યાવસ્થામાંથી માતપિતા રહિત થઇ જવાને લીધે તે આજ સુધી કુંવારો હતો. કન્યાની શોધમાં ફરતાં મારી માતા સાથે તેને વાત કરવાનો પ્રસંગ મળી ગયો અને મારૂં ચોકઠું તેની સાથે ગોઠવાઈ ગયું. અમે અમદાવાદમાં આઠ દિવસ રહ્યાં તે પછી મારી માતા થોડા પૈસા લઈ મારા

બાપને તેડવા માટે ગઇ; પણ ચોથે દિવસે તેણે પાછા આવી પોતાને વૈધવ્ય પ્રાપ્ત થયાના દુઃખજનક સમાચાર સંભળાવ્યા. ભૂખના દુઃખથી મારા પિતા બિચારા પગ ઘસીને મરી ગયા હતા ! મારી માતા તેમની પાસે પહોંચી તે વખતે તેમના પ્રાણ પ્રયાણ કરવાની અણી ઉપર હતા. એક ક્ષણમાં તેઓ સ્વર્ગે સિધાવ્યા. તેમના શબને અગ્નિસંસ્કાર વગેરે કરી મારી માતા પાછી અમદાવાદ આવી પહોંચી. મને એ શોકસમાચારથી ઘણું દુઃખ થયું. મારી માતાએ પણ બે માસ સુધી શોક પાળ્યો.

પરંતુ દુઃખનું ઓસડ દિવસો છે. જેમ જેમ સમય જવા લાગ્યો, તેમ તેમ અમારૂં દુઃખ ઓછું થવા લાગ્યું. શહેરના સારા ખાનપાન અને સુખચેનથી મારા અને મારી માતાના શરીરમાં ફેરફાર થવા લાગ્યો. મને એ વખતે દશમું વર્ષ જતું હતું અને મારી માતા ચોવીસ વર્ષની ઉમ્મરની હતી. મારા જન્મ પછી તેને બે વખત પ્રસુતા થવાનો સમય આવ્યો હતો; પણ તે બાળકો જીવતાં રહ્યાં નહોતાં. અમારા ઘરની સ્થિતિ ગરીબ હતી; છતાં મારી માતા બહુ રૂપાળી અને સૌન્દર્યવતી હતી. અહીં તેને ખેતીનું કામ કરવાનું નહોતું કે ઢોરઢાંખરની જંજાળ નહોતી. માત્ર બે વખત રસોઇ કરીને બેસી રહેવાનું હતું. અમે જે માણસને ત્યાં રહેતાં હતાં તે માણસ સારો ભણેલોગણેલો અને હોંશિયાર હતો. તેની ઉમ્મર પણ પચ્ચીસ–છવ્વીસથી વધારે નહોતી. મારા ઉપર તે બહુ વહાલ રાખતો હતો. મને પોતાની ભાવી પત્ની તરીકે યોગ્ય કેળવણી આપવા તેણે અત્યારથીજ પ્રયાસ આરંભ્યો હતો હું પાસેની એક કન્યાશાળામાં

ભણવા જતી હતી. તે ઉપરાંત ખાનગી ટાઇમમાં ઘેર મને ભણાવવા સારૂ તેણે એક મહેતીજી પણ રાખી હતી.

દેવતા અને દારૂનો સંયોગ જેમ ભયંકર છે, તેમ સ્ત્રી–પુરુષનો એકાંત સહવાસ પણ ભયાનક છે. અમારા ઘરમાં અમે ત્રણ માણસ હતાં; તેમાં હું તો નાની અને અજ્ઞાન હતી એટલે ખરી રીતે મારી માતાને અને પોતાના ભાવી જમાઇને બધો વખત એકાંતવાસ જેવુંજ હતું. આ એકાંતવાસનું પરિણામ થોડાજ સમયમાં બહુ બુરૂં આવ્યું. કેટલાક દિવસ સુધીતો મારા જાણવામાં એ વાત ન આવી; પણ પછી શૃંગારચેષ્ટાઓ અને હાસ્યવિનોદોનો એવો અતિરેક થયો કે તેઓને મારી હાજરી પણ કાંઈ હિસાબમાં જણાવા લાગી નહિ! હું જેમ જેમ મોટી થવા લાગી તેમ તેમ મને તેમનો એ વ્યવહાર સાલવા માંડ્યો. સ્ત્રી હૃદયનો એક અબાધિત નિયમ છે કે તે પોતાના પતિને પરકીયાના પ્રેમમાં લપટાએલો કદી પણ જોઈ શકતી નથી! હું બાળક હતી; પણ એ ગૃહસ્થ મારો ભાવી પતિ છે એવું મને ભાન થએલું હતું. મને મારી માતા ઉપર ઈર્ષ્યા આવવા લાગી. હું મનમાં ઘણુંયે બળી જતી; પણ શું કરવું? બે વર્ષ એને એ સ્થિતિમાં વીતી ગયાં. મને અગીઆરમું વર્ષ બેઠું. હવે મારા લગ્નની તૈયારીઓ થવા લાગી.

સારા ખાનપાનથી મારૂં શરીર આ વખતે ચૌદ–પંદર વર્ષની કન્યા જેવું લાગતું હતું. મારા શરીરનો બાંધો બેવડો અને મજબુત હતો. મારા અંગ પ્રત્યંગમાં હમણાં સુન્દર વિકાસ થવા લાગ્યો હતો. જે રીતે મારૂં શરીર ખીલતું જતું હતું, તે રીતે મારી માનસિક ચંચળતા પણ વધતી જતી હતી. વિકારનું સૂક્ષ્મ અને અદૃશ્ય બીજ

મારા હૃદયમાં ક્યારનુંએ રોપાઈ ચૂક્યું હતું. સમય આવતાં માત્ર તેને અંકુરિત થવાનોજ અવકાશ હતો. કુદરતનો એક અચળ કાનુન છે કે જેવું ક્ષેત્ર હોય છે, તેવો પાક ઉત્પન્ન થાય છે. વ્યભિચારિણી અને ભ્રષ્ટચરિતા માતાની પુત્રી ભાગ્યેજ પવિત્ર રહી શકે છે. મારા જીવનને હંમેશને માટે કલંકિત કરનારી અને મારી જીવનનૌકાને ભયંકર તોફાનમાં ઘસડી જનારી એક વિલક્ષણ ઘટના શી રીતે બની તેનો અહીં પ્રથમ ઉલ્લેખ કરી હું મારી આત્મકથાના લેખન વ્યવસાયમાં આગળ વધીશ.

મારી માતાની એવી ઇચ્છા હતી કે લગ્ન પહેલાં મારા કૌમાર્યનો ભંગ ન થાય તો સારૂં અને તેથી મારૂં લગ્ન જલ્દી કરી દેવાનો તેનો વિચાર હતો; પણ જે પુરુષ સાથે મારૂં લગ્ન કરવાનો તેણે નિશ્ચય કર્યો હતો, તે પુરુષ સાથે દૈવયોગથી તેનો આડો વ્યવહાર બંધાઇ જવાથી લગ્નના કાર્યને તેણે વિલંબમાં નાંખી દીધું હતું. મારી માતાની તો એવી પણ ઇચ્છા હતી કે મારૂં લગ્ન કોઈ બીજા પુરુષ સાથે કરી પોતે પોતાના પ્રેમભાજન સાથે ખુલ્લું ઘર માંડી બેસવું પરંતુ તેમ કરવાથી તે પુરૂષની પ્રતિષ્ઠામાં હરકત આવે એવું હતું એટલે તેનો તે વિચાર પણ અમલમાં આવી શકયો નહિ. આખરે મારે મારી માતાની શોકય થવાનોજ પ્રસંગ આવ્યો અને તેને માટે વૈશાખ સુદ બીજનું મુહૂર્ત નક્કી થયું. આ મુહૂર્ત એવી ખરાબ પળે લેવામાં આવ્યું હતું કે જેથી મારી કૌમાર નૌકા આખા સમુદ્રને નિર્વિઘ્ન ઓળંગી કિનારા પાસે આવતાંજ ડૂબી ગઇ ! મને શુદ્ધ કન્યકાના રૂપમાં મારા પરિણિત પતિની શય્યાભાગિની બનાવવાનો મારી માતાનો વિચાર નિષ્ફળ ગયો. !!

વાત એવી બનીકે અમારી પડોશમાં કાઠીઆવાડનો એક બ્રાહ્મણ પોતાની વિધવા બ્હેન સાથે રહેતો હતો. ગુજરાતની એક નાટક કંપનીમાં એક્ટરનું કામ કરી તે પચ્ચીસ રૂપિયાનો પગાર લાવતો હતો. તેની ઉમ્મર સત્તર અઢાર વર્ષની હતી. દેખાવમાં તે ફુટડો હોવાથી પ્રયોગોમાં બહુધા રાણીની ભૂમિકા ભજવતો હતો. તેના માથા ઉપર બૈરાંના જેવો વાળોનો મોટો ચોટલો હતો, છતાં તેના સૌન્દર્યમાં એક પ્રકારનું એવું આકર્ષણ હતું કે તેને જોતાંજ કામવિકારથી પીડાતી રમણીઓ સહસા તેમાં અંજાઈ જાય! એ બ્રાહ્મણનું નામ હરિશંકર હતું. તેની બ્હેન વીસ વર્ષની વિધવા યુવતી હતી. દેશમાંથી વખાનાં માર્યાં તેઓ અહીં આવી રહ્યાં હતાં. બન્ને ભાઈબ્હેનનાં આચરણ ખરાબ છે, એવું લોકો બોલતા હતા અને તેમને ઘેર નિરંતર પાડોશી ધર્મે જવા-આવવાના પરિચયને પ્રતાપે સ્વચ્છંદતાના માર્ગમાં મારો પદસંચાર થઈ ગયો. પ્રથમ તે ભાઈ સાથે સાધારણ વાતચીતનો વ્યવહાર હતો; પણ પાછળથી એક બીજાંની મનોવેદનાની છૂટથી વાતો થતાં દૃઢમૈત્રી સંબંધ બંધાઈ ગયો. આ મૈત્રીથી મને ઘણી વખત રાત્રે મફત નાટક જોવા જવાનો લાભ મળવા લાગ્યો અને તેમાં મારી માતાએ કદી વાંધો દેખાડયો નહિ. કારણકે રાતના બે વાગ્યા સુધીની ઘરમાંની મારી ગેરહાજરી તેને પોતાના રતિરસપાનની પરિતૃપ્તિમાં અનુકુળ થતી હતી.

હરિશંકરની બ્હેન પૂર્ણ વંઠેલી અને જમાનાની ખાધેલી હતી. હંમેશ તે બપોરના બાર વાગે ઘરમાંથી નીકળતી, તે સાંજે સાત વાગે પાછી ઘરમાં આવતી. કોઈ કોઈ વખત રાત્રિના વખતે તેનો ભાઈ નાટકની નોકરી ઉપર ગયો હોય ત્યારે પણ તે ઘર બહાર

જતી અને પાછી મધરાત વખતે ઘરમાં આવી રહેતી. તેની ગોઠવણથી એક દિવસ બપોરના બે વાગે તેનાજ ઘરમાં તેના તે નાટકી ભાઇના હાથથી મારા શિયળનું ખંડન થઈ ગયું અને એ વાત અમારા ત્રણ સિવાય કોઇના જાણવામાં આવી નહિ. ધીમે ધીમે મારા લગ્નનો દિવસ પાસે આવવા લાગ્યો. મારી માતાએ વિશેષ ધામધુમ કાંઇ નહિ કરતાં ચાર ફેરા મને ફેરવી દીધી અને મારો કુંવારઘડો ઉતાર્યો.

હું પરણીતો ખરી; પણ પરણ્યા પછી પતિની શય્યાભાગિની થવાનો જે સ્વાભાવિક અધિકાર પત્નીને હોય છે, તે અધિકાર હું પ્રાપ્ત કરી શકી નહિ! મારી માતાએ પ્રથમની માફકજ મારી પથારી જુદી કરી. તેને મન હજુ હું બાળક હતી. મારી માનસિક વેદનાએથી વધી પડી. વગર હથિયારે વધ કર્યા જેવી મારી હાલત થવા લાગી. હરિશંકર સાથેના છૂટાછવાયા મેળાપથી પતિસહવાસની પ્રબળ લાલસા મને થઇ આવતી હતી; પણ માતાની ભીતિ તથા શર્મ એ લાલસાને દબાવતી હતી. ધીમે ધીમે મારા પતિ ઉપર એક પ્રકારના વૈરની લાગણી મારા મનમાં ઉત્પન્ન થઇ અને હું તેની બેવફાઇનો કીનો લેવા તત્પર બની ગઈ. અબળા અસહ્ય આઘાતોને ધૈર્ય તથા મૌનથી સહન કરે છે; કિન્તુ તે પોતના પ્રણયભંગનો આઘાત સહન કરી શકતી નથી અને તેથીજ વિદ્વાનોએ કદાચ સ્ત્રીની બુદ્ધિ પ્રલય કરનારી કહી હશે.

હું મારી આત્મકથાના વાંચકો આગળ મહાસતી તરીકે રજુ થવા માગતી નથી. હું એક વખત જેવી સ્વૈરિણી અને સ્વચ્છંદ સ્વભાવની હતી, તેવાજ રૂપમાં આજે સર્વની સમક્ષ રજુ થાઉં છું.

ચેસ્ટરફિલ્ડની પેઠે ઉપદેશ આપવાનો મારો ઉદ્દેશ નથી; પણ સ્વૈર-વર્તનના સ્વીકારથી અને સ્વચ્છંદ જીવનના આચરણથી મારા સ્ત્રી તરીકેના અવતારની કેવી ખરાબી થઈ ગઈ છે, એ પ્રત્યક્ષ દેખાડીને એવા ભયાનક માર્ગમાં ભૂલેચુકે મારી આર્યભગિનીઓ ન ફસાઇ જાય, એ આ કથાલેખનમાં મારો ઉદ્દેશ છે. મારા જેવી સ્વૈરિણીની ભયંકર આત્મકથાથી કેટલાક ધર્મ—નીતિના ઇજારદારો દૂર રહેવાના પણ મારી પોતાની તો એવી માન્યતા છે કે વ્યભિચારાદિ દુર્ગુણોની ભયાનકતા લોકોના પ્રત્યક્ષ જાણવામાં આવ્યા વિના સદાચાર અને સદ્ગુણની ઉત્તમતા દૃઢ થઇ શકતી નથી. સંસારમાં સારા અને ખોટાનું દ્વંદ્વ પરાપૂર્વથી ચાલ્યું આવે છે. પાપી ન હોય તો પુણ્ય-શાલીની કિંમત અંકાતીજ નથી. વેશ્યાઓના અસ્તિત્વથીજ સતી શબ્દની મહત્તા મનાય છે. ચોર ન હોય તો શાહૂકાર શી રીતે ઓળખાય? સૃષ્ટિમાં સામટે મેળે જોતાં સારા કરતાં નઠારાની સંખ્યા અધિક છે. મને મારી સંસારયાત્રામાં મનુષ્યસ્વભાવનાં કલંકિત ચિત્રો જોવાના અને અનુભવવાના જે અનેક પ્રસંગો મળ્યા છે, તે મારા સંગદોષનું પરિણામ છે; પણ સમાજની રૂઢીઓ અને અંધ પરંપરાઓ પણ એને માટે ઓછાં જવાબદાર નથી. જનહિતની ખાતર મારૂં કલંકિત પણ સત્યજીવન હું જેમનું તેમ આપું છું. ઝેરનો ઉતાર જેમ ઝેર છે, તેમ દુર્ગુણને દૂર કરવાનો ઉપાય દુર્ગુણની ભયાનકતા દેખાડવી એજ છે.

હું બાળપણથી ભ્રષ્ટતાના ભયાનક ખાડામાં પડેલી છું. મેં મારાં બુરાં કર્મોનો છેવટનો અંજામ અનુભવ્યો છે. કેટલાંક પાપી માણસો એમ સમજે છે કે પોતાનાં પાપકર્મોની શિક્ષા તેમને કદી

મળવાનીજ નથી; પરંતુ આ તેમની મોટી ભૂલ છે. કરેલાં કર્મોનું ફળ અવશ્ય ભોગવવુંજ પડે છે. ઇન્સાન એવું બેઇમાન પ્રાણી છે કે જો ગુનાહોની શિક્ષા ન મળતી હોય તો તે ઇશ્વરના અસ્તિત્વને પણ ભૂલી જાય અને તદ્દન બેદરકાર બની રહે !

મારૂં નામ સુશીલા છે; પણ સંસારમાં મારા જેવી દુઃશીલા સ્ત્રી બીજી ભાગ્યેજ હશે ! નામનો મહિમા આજ કોણ રાખી શકે છે ? જ્યાં જોઇએ ત્યાં સર્વત્ર માણસોમાં પોતાના નામથી ઉલટાજ ગુણો દૃષ્ટિએ પડે છે. મારૂં ચારિત્ર્ય ભવિષ્યમાં અધમ થવાનું છે, એવું જો મારાં માતાપિતાએ પ્રથમથી જાણ્યું હોત તો શું તેઓ મારૂં નામ સુશીલા પાડત ? હું શોંગની સળેલી છું : અને બાળકના ચારિત્ર્યમાં માતપિતાના સ્વભાવની અસર આવે છે, એ વાત જો સત્ય હોય તો હું બેધડક કહું છું કે મારી માતાની વ્યભિચાર વૃત્તિએજ મારામાં બાળપણથી વિકારની જાગૃતિ કરી છે.

આપણા સમાજનું એક મોટું દૂષણ એ છે કે તેમાં ગુણ, કર્મ, સ્વભાવનાં સમાન જોડાં બહુ ઓછાં હોય છે. ઘરમાં સંતોષ હોય નહિ, એટલે સુખ માટે તેઓ આડાં અવળાં ફાંફાં મારે છે. જો ખરૂં કહું તો હુંતો એવા સુખને ધુમાડાના બાચકા જેવુંજ ગણું છું. જેમ પુરુષને પારકી સ્ત્રી પાસેથી સત્યસુખ મળી શકતું નથી, એજ પ્રમાણે સ્ત્રીને પરાયા પુરુષ પાસેથી પણ સત્યસુખ તો નથીજ મળી શકતું. હવસ પુરી કરવા આબરૂદાર કુટુંબની સ્ત્રીઓ એ રસ્તે ઉતરી પડે છે, તે તેમની મોટી ભૂલ છે. મારા સંસારમાં જો મને સંતોષનાં ચિહ્ન જણાયાં હોત તો શું હું એ નાટકવાળાના પ્રેમમાં પડી શકત ? દિવસે દિવસે મારા હૃદયની વેદના વધવા લાગી. પતિ પ્રત્યેના મારા પ્રેમ અને આદરનો તદ્દન લોપ થઈ ગયો.

અમદાવાદમાં એ વખતે પ્લેગની પધરામણી થઇ. ભલાં ભલાં આશાવંત યુવક-યુવતીઓ એ કાળના મોઢામાં પડવા લાગ્યાં. મારા પતિદેવ પણ એ દૈત્યના પંઝામાં સપડાઈ પોતાની કરણીનો જવાબ આપવા ચાલ્યા ગયા. મને એથી જેટલું દુઃખ થયું તેના કરતાં મારી માતાને અનેકગણું અધિક દુઃખ થયું. ખરૂં પૂછો તો મને તો એ પતિના મૃત્યુથી કાંઇ દુઃખજ નહોતું, પરંતુ મારી માતાનો સઘળો આધાર તૂટી પડયો હતો. અમારા વતનમાં હવે એનાથી જવાય એવું નહોતું અને મારા સ્વામીની બાર-તેર હજારની મિલકતની હું કાયદેસર હકદાર હતી. જો હું મારી માતાને ઘરમાંથી કાઢી મુકું તો તે રસ્તાની ભીખારણ બની જાય એમ હતું. તેને હવે પોતાની નિરાધાર હાલતનું બરાબર ભાન થયું. એક મહિના સુધી તેણે તે બાબતનો સંપૂર્ણ વિચાર કરી કાંઇક નિશ્ચય કરી દીધો અને પછી એક દિવસ મને પાસે બોલાવી કહ્યું—' સુશીલા ! તારા માટે મેં વતન છોડયું, ઘરબાર છોડયાં અને અહીં કેટલાંક સુખદુઃખ વેઠી રહી; પરંતુ તારૂં નસીબજ કુંડું ત્યાં હું શું કરૂં ? મારી એકેય મહેનત મજરે આવી નહિ. હવે આ રંડાપો નાની ઉમ્મરમાંથી તારાથી શી રીતે વેઠાશે ? આપણી ન્યાતમાં નાતરૂં થાય છે અને તારા જેવી બાળવિધવાએ નાતરે જવું એ કોઇ રીતે ગેરવ્યાજબી નથી; માટે તને સારૂં ઘર જોઇ નાતરે વળાવવાનો મેં નિશ્ચય કર્યો છે. આપણે અહીં રહીશું તોપણ તારા ધણીના પિત્રાઇ ભાઇઓ આપણને આ મિલકતનો ભોગવટો કરવા દેશે નહિ ! કારણકે તારો પતિ કાયદેસરનું કોઇ વીલ કરી ગયા નથી. માટે ઘરેણાંગાંઠાં અને રોકડ રકમ લેવાય તેટલી લઇ આપણે અહીંથી ચાલ્યાં જઇએ. આ છાપરૂં

ભલે તેના પિત્રાઈઓ પોતાને હસ્તક કરે. મુંબઈમાં આપણી ન્યાતના ઘણા શ્રીમંત વિધુરો કે વાંઢાઓ છે, તેમાંના કોઈનું સારૂં ઘર જોઈ તને હું ઠેકાણે પાડી દઈશ.'

મને પણ તેનો આ વિચાર પસંદ પડયો; કારણ કે મારાથી આવી નિરાધાર હાલતમાં એકલાં રહેવાય તેમ નહોતું. મેં સ્વામીનું સુખ જોયું નહોતું. હરિશંકરની કંપની હમણાં મુંબઈ ગએલી હોવાથી તેની પણ ગેરહાજરી હતી. આખી જીંદગી કોઈપણ જાતના અવલંબન વિના કાઢવા જેટલું મારામાં મનોબળ નહોતું. છાને ખૂણે વ્યભિચાર સેવી કુતરીયા જીંદગી ગાળવા કરતાં એક લાયક પતિનું ઘર માંડી બેસવું હજાર દરજ્જે મેં ઉત્તમ માન્યું અને તત્કાળ મારી માતાના પ્રસ્તાવને મેં અનુમોદન આપ્યું. બે દિવસમાં અમે સઘળી તૈયારી કરી લીધી અને લેવાય તેટલું ઘરેણું તથા રોકડ રકમ લઈ અમે મુંબઈ જવા ઉપડયાં.

કેટલાક લેખકોએ હાલની મુંબઈ નગરીને ઈંદ્રમહારાજની દિવ્ય નગરી સાથે સરખાવી છે; પણ મારા જીવનનો મોટો ભાગ એ શહેરમાં વીતેલો હોવાથી હું તો સ્પષ્ટ કહું છું કે બહારથી સ્વર્ગસમાન જણાતી અને વિદ્વાનો તથા પ્રવાસીઓની કલમથી સ્વર્ગની ઉપમા પામતી મુંબઈ નગરીમાં કેટલાંક એવાં નરકસ્થાનો છે કે જેની ભયંકરતાનું વર્ણન કરતાં લેખિની કંપે છે. મુંબઈમાં ગગનચુંબિત ભવ્ય મકાનો અને બાહ્ય શૃંગારનાં અનેક સાધનો જેમ અસ્તિત્વ ધરાવે છે; તેમ ભયંકર દુર્ગંધવાળી મોટી મોટી ગટરો પણ તેની સાથેજ નજરે પડે છે. ત્યાંનો જનસમાજ બહારથી જેટલો સુંદર લાગે છે, તેટલોજ તેના મધ્યભાગમાં મોટો સડો છે. ગાય

વાડી, વિઠ્ઠલવાડી, કાંદાવાડી અને ગીરગાંવના કેટલાક લત્તાઓ કે જ્યાં બહુધા પ્રતિષ્ઠિત શ્રીમંત કુટુંબોની વચ્ચેજ છુપા વ્યભિચાર માટેનાં કુટ્ટીની સ્ત્રીઓનાં દલાલખાનાં હયાતી ધરાવે છે. ગોળપીઠા, કામાટીપુરા, વાઇટલેન, અરબગલી, તારદેવ, ફૉકલૅન્ડરોડ, તેલગલી, ફણસવાડી, ગ્રાંટરોડ કૉર્નર, બેલાસિસરોડ વગેરે જાણીતાં નઠારાં સ્થાનો ઉપરાંત બીજી આડીઅવળી ચાલીઓ અને માળાઓ એટલી બધી સંખ્યામાં અસ્તિત્વ ધરાવે છે કે ત્યાં ખુલ્લી રીતે મનુષ્યનાં ચામડાં ચુંથવાનાં ધીકતાં કારખાનાં નિરંતર ચાલ્યા કરે છે. મારી યુવાવસ્થાનો સઘળો સમય એવાં કારખાનાંઓમાં ગયેલો હોવાથી તેની ભયાનકતાનો મને એક અજબ ખ્યાલ આવેલો છે. અમે અમદાવાદથી અમારો સરસામાન લઇ મુંબઇ આવી પ્રથમ માધવ-બાગમાં ઉતર્યાં હતાં. અને ત્રણ દિવસ ત્યાં રહ્યા પછી કાલબાદેવી રોડપરની વિઠ્ઠલવાડીની તેલીગલીમાં માસિક સાત રૂપિયાના ભાડાની ઓરડી લીધી હતી. મને અને મારી માતાને વિધવા વેશમાં જોઇ ત્યાં દરરોજ અમારા અનેક ઉમેદવારો આવતા હતા. એક દિવસ અમારી ન્યાતના એક માણસ સાથે ચોકઠું બરાબર ગોઠવી દઈ ન્યાતના રિવાજ મુજબ મારી માતાએ મને પરણાવી દીધી અને પોતે સાપનો ભારો સાચવવાની પીડામાંથી મુક્ત થઇ.

મારા એ નવા ધણીની ઉમ્મર લગભગ ચાલીસ વરસની હતી. બહારનો પુષ્કળ આડંબર બતાવીને અને બારસો રૂપિયા રોકડા મારી માતાને ખાવા આપીને તેણે મારૂં પાણીગ્રહણ કર્યું હતું. વાચાળતામાં અને ખોટી ગપ મારી મિથ્યા બણગાં ફુંકવામાં તે એક્કો હતો. તેણે પોતાને એ માળાનો માલિક અને પાંચ લાખનો આસામી જણાવ્યો હતો. મારી માતાએ એથી ફસાઇ જઇને લાકડે

આંકડું વળગાડયું હતું; પણ હું જ્યાં તેને ઘેર ગઇ ત્યાં તરતજ એનું જુઠાણું પકડાઇ ગયું. એ માણસ પૂરો જુગારી અને દારૂડિયો હતો. મારી સાથે નાતરૂં કર્યું તે દિવસ સટ્ટામાં પાંચ પૈસા કમાયો હતો; તેથી મારી બાને તે પોતાની કબુલાત પ્રમાણે અવેજ આપી શકયો; બાકી ઘરમાં હાંલ્લાં કુસ્તી કરે એવી હાલત હતી. હું તેની દશા જોઈ મનમાં ભય પામી ગઇ. મારા પહેલા ઘરના ત્રણેક હજારના દાગીનાઓ મારી પાસે હતા, તેની સલામતીમાં હવે મને શંકા થવા લાગી. એક દિવસ હું તે મારી માતાને સોંપી આવી ત્યારથીજ મને એ પતિદેવ તરફથી મણુ મણુ માર પડવા લાગ્યો. તેની જુગારી દૃષ્ટિ મારા દાગીનાઓ તરફ હતી; પણ તેમાં તે નહિ ફાવવાથી મને માર મારીને તેનો વ્યાજ સાથે બદલો લેવા લાગ્યો. મારાં પાડોશી આડોશીના કહેવાથી જાણ્યું કે તેની પ્રથમ પત્ની પણ હંમેશ આવા પ્રકારનો મેથીપાક જમી જમીને તેનુ અજીર્ણ થતાં મરણ શરણ થએલી છે.

મારા નસીબમાં આવા જુલ્મી પુરુષનું સૌભાગ્ય પણ વધારે મુદ્દત લખેલું નહોતું. હું આવા પતિથી કંટાળી ગઇ હતી ખરી; પણ મારો ચાંદલો-ચુડલો અખંડ હતો. ઇશ્વરને મારૂં એટલું સુખ પણ ગમ્યું નહિ. એક દિવસ મારા સ્વામીનું હૃદય એકાએક બંધ થઇ ગયું અને તે પોતાની કરણીનો જવાબ દેવા પરલોકમાં ચાલ્યો ગયો. મારે એક ભવમાંથી બે ભવ થયા; પણ મને ઠરી ઠામ બેસવાનો વખત ન મળ્યો. ઘરમાં એક પાઇની પણ સિલક નહોતી. તેના મૃતદેહને સોનાપુરમાં લઇ જઇ અગ્નિદાહ કરવાનો સઘળો ખર્ચ ધર્માદા ઉઘરાણામાંથી થયો. મારી માતાએ એક પૈસો પણ મને આપ્યો નહિ. હું બહુજ મુંઝાઈ ગઇ હતી, મારી પાસે એક દિવ–

સનું અનાજ પણ નહોતું. રડીરડીને મારી આંખોનાં આંસુ પણ ખૂટી ગયાં હતાં. મારાં દયાળુ પાડોશીઓ પોતાને ઘેરથી કાંઇક ખાવાનું કરીને આપી જતાં ત્યારે હું અન્ન ભેગી થઈ શકતી. બાકી કોઇ કોઇ વખત તો ભૂખે પેટે પડયા રહેવું પડતું. પંદર દિવસ એ રીતે જેમ તેમ કરી પુરા કર્યા. પછી હું ઘરમાં જે કાંઇ વાસણ, ગોદડાં વગેરે સરસામાન હતો તે લઇને મારી માતા પાસે ગઈ. તેને તો એટલુંજ જોઇતું હતું. છ મહિના પહેલાં રૂપિયા બારસો આવ્યા હતા અને ફરી મને નાતરે વળાવતાં તેના હાથમાં પાછી કોઇ સારી જેવી રકમ આવવાની હતી. મને તેણે આશ્વાસન આપ્યું. ગમે તેમ તોય હું એક બાળક હતી. એકભવમાં બેભવ મારે થયા હતા ખરા; પણ મારી ઉમ્મર કાંઇ મોટી નહોતી કે મારો અનુભવ કાંઇ વધારે નહોતો. આ વખતે તેણે બહુ સારૂં ઘર જોઇને મને ઘરગાવવાનો નિશ્ચય કર્યો. હું મારી માતાને ઘેર રહેવા લાગી. મુંબઇનાં વિધવિધ દેવમંદિરોનાં દર્શનમાં અને માળામાંની બપોરની બેઠક પાર્લામેન્ટમાં મારા દિવસો પાણીના પ્રવાહ પેઠે પસાર થવા લાગ્યા. મને કોઇ કોઈ વખત હરિશંકરનું સ્મરણ થતું હતું; પણ તપાસ કરાવતાં માલમ પડયું કે તેની કંપની મુંબઈ આવવાને બદલે સુરતમાંજ રોકાઈ ગઇ છે. અને તે ત્રણ મહિના પછી જો મુંબઇમાં થિયેટર ભાડે મળે તો આવવાની છે, નહિતો ત્યાંથી બીજે કોઈ સ્થળે ચાલી જવાની છે. અહીં મારે જણાવવું જોઇએ કે મુંબઇમાં થિયેટરો ઉર્ફે નાટકશાળાઓનો કાંઇ તોટો નથી; પરંતુ ત્યાંની રંગીલી, શોખિલી પ્રજાના મનોરંજન માટે તેમાં કોઈ ને કોઇ નાટકકંપનીઓનો પડાવ કાયમ રહ્યાજ કરે છે. એકલા પ્લેહા-

ઉસ ઉપરજ કોરોનેશન, બાલીવાલા ગ્રાંડ, વિક્ટોરિયા, રૉયલ, રીપન, બૉમ્બે, અને એલ્ફીન્સ્ટન એ સાત નાટકશાળાઓ આવેલી છે. આ સિવાય ભાંગવાડી પ્રિન્સેસ થિયેટર અને કોટ-ગેઇટી થિએટર પણ કંપનીઓના નાટય વ્યવસાય માટે હયાતી ધરાવે છે. એક દિવસ હું એ બધી નાટકશાળાઓમાં જઇને તપાસ કરી આવી; પણ હરિશંકરનો મને પત્તો લાગ્યો નહિ. આખરે તેની કંપની ત્રણ મહિના પછી સુરતથી આવશે એ આશામાં હું મારી માતાના સહવાસમાં દિવસો પુરા કરવા લાગી.

અમારી ન્યાતમાં કન્યાઓની ઘણી અછત છે અને તેથી કન્યાઓનાં માબાપને લોભમાં પડવાનો પ્રસંગ સ્વાભાવિક આવે છે. નાતરાનો યાને ઘરઘરણાનો રિવાજ પણ એ અછતનેજ આભારી છે. કન્યાનાં માબાપ સારો વર શોધવાને બદલે સારૂં શ્રીમંત ઘર શોધે છે. પુત્રીના ભવિષ્યના સુખનો તેઓ બિલકુલ વિચાર કરતાં નથી. આથી બાળલગ્ન તથા વૃદ્ધલગ્નનો પ્રચાર વધી પડયો છે. જેની ગાંઠે પૈસા હોય તે માણસ ગમે તેટલો વ્યસની, લંપટ, દારૂડિયો અને જુગારી હોય છતાં ધનના બળથી બાઇડી પરણી શકે છે અને સુશિક્ષિત, હોંશિયાર, પુખ્તવયના નવ યુવકો દ્રવ્યના અભાવે રખડી પડે છે. અત્યાર સુધી મેં મારા વાચકોને મારી ન્યાતનું કે મારા ગામનું નામ જણાવ્યું નથી; પણ હવે તેનો ઉલ્લેખ કરવાની મને અગત્ય જણાય છે. આ આત્મકથાનો શરૂઆતનો થોડો ભાગ વાંચ્યા પછી હું એક ખેડુતની પુત્રી છું, એટલો તો સર્વ કોઇને બોધ થએલો છે; પણ ગુજરાત-કાઠીઆવાડમાં ખેતીનો ધંધો કરનારી અમુક એકજ જાત છે એવો કાંઇ નિયમ નથી. આજ-

કાલના આ નવા સુધરેલા જમાનામાં ધંધા ઉપરથી જાતની કલ્પના કરવી અશકય થઇ પડી છે. કેટલાક બ્રાહ્મણો ખેતીનો ધંધો કરે છે, તો કેટલાક બેડુતો વ્યાપાર–રોજગાર ચલાવે છે. એક સુતાર કે સોનીનો છોકરો નિશાળ માસ્તર બની વિદ્યાગુરુનું કામ કરે છે, તો એક બ્રાહ્મણનો છોકરો ચામડાની કે હાડકાંની દુકાન ચલાવી પોતાની આજીવિકા નિભાવે છે. એક વાણીઆનો છોકરો દરજીનું કે મોચીનું કામ શીખે છે તો એક દરજી કે મોચી આર્ય-સમાજમાં દિક્ષા લઇ ઉપદેશનું કામ કરવા નીકળી પડે છે. આર્યન બધરહુડ વાળાએ સહભોજન વગેરેથી ન્યાત–જાતનો ભેદજ કયાં રહેવા દીધો છે ? હાલનાં રેલ્વે જેવાં મુસાફરીનાં સાધનોએ, વિલ-ક્ષણ પ્રકારના ખાદ્ય–પેયાદિ પદાર્થોએ, હોટેલો યાને વિશ્રાંતિ ગૃહોએ અને ખોટા ઉપદેશોએ પ્રજામાં એક પ્રકારની એવી ભેળસેળ કરી દીધી છે કે ન્યાતજાતનું તો માત્ર દેશમાં નામજ રહ્યું છે ! ફેશનની રીશીયારી એટલી બધી વધી પડી છે કે સૌને એકદમ સાહેબલોક બની બેસવાનું મન થઇ જાય છે ! દેશના પુરુષ વર્ગમાંજ આવો મોહ છે એમ નથી; પરંતુ સ્ત્રી વર્ગમાં પણ ફેશનનો એક વિલક્ષણ મોહ પ્રસરી રહ્યો છે. પશ્ચિમની સ્ત્રીઓના અંધ અનુકરણ રૂપે સુ-ધરેલી બાઈડીઓનો એક એવો પ્રકાર ચાલ્યો છે કે જેમાં ન્યાત, જાત, ધર્મ કે સ્ત્રીત્વનો લોપ થતો મેં નજરે જોયો છે. વ્યભિચા-રની બદીએ તો દેશમાં આડો આંક વાળ્યો છે ! કોઇ બ્રાહ્મણી મુસલમાનને છાની રીતે રાખી રહી છે તો કોઇ મુસલમાન વાણીય-ણના વિલાસમાં પડેલો છે. જ્યાં જોઇએ ત્યાં એવો ભયંકર સડો છે કે ન પૂછો વાત ! અત્યાર સુધી કોળીની કોમ માટે એમ

કહેવાતું હતું કે કાળા બાપનો કૂબો, એક મરે ને બીજો ઊભો; પરંતુ અત્યારે સુધરેલી બાઇડીઓ એક ધણી સાથે જીવતો હોય; છતાં બીજા બાર ધણી છાની રીતે કરે છે. અને દંભ કિંવા આડંબરથી સતી સીતા થઇને સમાજમાં યથેચ્છ ફરી શકે છે. જમાનાની એ વિશિષ્ટતા છે કે એવી વિકારવશ વનિતાઓનાં પાપમય પોકળ કોઈ ખરા સ્વરૂપમાં પ્રકટ કરતું નથી. હું સારી રીતે જાણું છું કે દુરાચારના અધમ પંથને ભ્રમથી સુખકર માની તેમાં ગમન કરનારી પતિત પ્રમદાઓના જીવનનું અંતે અનિષ્ટ પરિણામજ આવે છે; છતાં વિલક્ષણ સંજોગોમાં ઉદ્ભવેલા કુદરતી વિકારના વેગને અટકાવવાનું સામર્થ્ય એ વખતે મારામાં નહોતું. અત્યારે મને એ ભૂલ સમજાય છે; પરંતુ રાંડયા પછીનું ડહાપણ હવે શા કામનું?

હું સાહસિક અને સખાવતેબહાદૂર લોહાણા કોમમાં જન્મી છું, એ જણાવતાં પણ મને શર્મ થાય છે. ઘોઘા બારામાં ભાવનગરથી ચાર ગાઉ દૂરના એક ગામડામાં મારો જન્મ થયો હતો. મારા પિતા ત્યાં ખેતીનો ધંધો ચલાવતા હતા. સંવત ૧૯૫૬ ના દુકાળની વાત કોણ નથી જાણતું? અમારા કુટુંબની પાયમાલી એજ દુષ્કાળમાં થઇ ગઈ. અત્યારના જેવાં એ વખતે દુષ્કાળનિવારણ ફંડો નહોતાં અને હોત તોપણ મારા પિતા એનો આશ્રય લેત કે કેમ? એ એક સવાલ હતો; કારણ કે તેઓ પોતાના કુળની ક્ષત્રિયોચિત અભિમાનિતાથી ભરેલા હતા. હું તો કહું છું કે તેમના મરણની સાથેજ મારૂં મરણ થઈ ગયું હોત તો જે અપ્રતિષ્ઠા, તિરસ્કાર, કલંક અને પાપ મારે કર્મે ચોટયાં તે ચોંટી શકત નહિ; પરંતુ વિધાતાનું વિધાનજ એવું હશે તે કોણ ફેરવી શકે?

હું એક અધમ સ્ત્રી છું, એટલે બીજી અધમ સ્ત્રીઓના નિંદ્ય વર્ત્તનની ટીકા કરવાનો મને કાંઈ અધિકાર નથી. પરંતુ સમાજના ગંધાતા સડાને દૂર કરવાની જે એક અનિવાર્ય આવશ્યકતા મને લાગે છે, તે આવશ્યકતાને યોગે મારે બહારથી હંસણીના રૂપને ધારણ કરી રહેલી છૂપી કાગડીઓનાં કાળાં કૃત્ય પ્રકટ કરવાંજ જોઇએ. છાની વેશ્યાઓ પોતાનાં ખરાબ આચરણોને છૂપાવવાની કળામાં બહુ બાહોશ હોય છે અને તેથી તેઓ પોતાની ટોળી વધારવા સારૂ કુલીન સ્ત્રીઓને તેવા માર્ગમાં દોરી જાય છે. મારો આ પ્રત્યક્ષ અનુભવ હોવાથી એવી સ્વચ્છંદી સ્ત્રીઓથી બચવા સારૂં એક મારો અંગત હેવાલ અહીં આપવો પ્રાસંગિક માનું છું.

અમારા માળાને ત્રીજે મજલે એક બ્રાહ્મણ કુટુંબ રહેતું હતું. પુરુષ શેર બજારમાં દલાલી કરતો હતો અને બાઇ સાહેબ ઘર આગળ એક ધીકતો ધંધો ચલાવતાં હતાં. બન્નેનાં આચરણ ખરાબ હતાં. સ્ત્રી પોતાના ધણીને માટે તેમજ બીજા પુરુષોને માટે બાઈડીઓને કપટજાળમાં ફસાવવાનું કુટ્ટણીનું કામ કરતી હતી અને ધણી બહાર જાય ત્યારે પોતે ઘરમાં પરાયા પુરુષો ઘાલીને મોજ માણતી હતી. કેટલાકનાં ઘર ભાંગવાનો અને કેટલાંકનાં ઘર સાંધવાનો એમનો ખાસ વ્યવસાય હતો. કોઇ નાતરૂં કરવા ઇચ્છતી અબળાઓ એ સ્ત્રી-પુરૂષનો આશ્રય લેતી તો કોઇ વાંઢા અથવા વિધુરો બાઇડીવાળા બનવા સારૂ એ દંપતીની મદદ મેળવવાં. અઢારસો ને ચાલીસની સાલના સિક્કા તુલ્ય ગણાતી હિન્દુ સમાજની અનેક વિધવાઓ પોતાના ઉદ્ધારના માટે એ પરોપકારી દંપતીનો આશ્રય લીધા સિવાય રહેતી નહિ. મુંબઇમાં એ સ્ત્રી-પુરૂષ વખાનાં

માર્ગે આવ્યાં હતાં; પણ અહીં આવતાંજ તેમને એ ઉમદા ધંધો જડી ગએલો હોવાથી પાંચ પૈસા પ્રાપ્ત કરી શકયાં હતાં. નાતરાની દલ્લાલીથી તેમણે પોતાની આર્થિક સ્થિતિમાં એક સારો જેવો ફેરફાર કરી દીધો હતો. આ માટી-બૈયરના હાથમાં હું પણ સપડાઈ ગઈ અને તેમણે હંમેશના ઉત્તેજક વાર્તાલાપથી મારા વિચારને સતેજ બનાવ્યો. એક દિવસ તે બલાએ મને પોતાના ઘરમાં બોલાવી તેના ધણીના હાથથી મારૂં શિયળ લુંટાવ્યું અને એનું છેવટનું પરિણામ એ આવ્યું કે હું એ હરામચસ્કાના નાદમાં ત્રણ મહિના પછી સગર્ભા થઇ. કેટલાક વખત સુધી એ વાત મારી માતાના જાણવામાં આવી નહિ; પણ જ્યારે તેણે સઘળી હકીકત જાણી ત્યારે મારા શરીરમાંનો એ વળગાડ દૂર કરી દેવામાં પણ તેણે વિલંબ લગાડયો નહિ. મારા જીવનનું આ બનાવથી એક વિશેષ પરિવર્ત્તન થઇ ગયું. મારૂં નાતરૂં કરી દેવામાં મારી માતાનો પૈસા સંબંધી-લાભ સમાએલો હતો; પણ મને હવે એક ધણીનું ઘર માંડી પરતંત્ર જીવન ગાળવું પસંદ પડયું નહિ. યુવાવસ્થાના સ્વાભાવિક વિકારને સંગદોષનો પાશ લાગતાં મારૂં સર્વ રીતે અધઃપતન થઈ ગયું. મારાં બુરાં કર્મો અવર્ણનીય છે. એનો સવિસ્તર ઉલ્લેખ કરવો અનુચિત છે. ટુંકામાં એટલુંજ કે રમણી રૂપે પૃથ્વી ઉપર અવતરી એક રાક્ષસિણીને પણ શર્માવે એવી રીતનું નિંદનીય અને તિરસ્કરણીય જીવન મેં લાંબા કાળ સુધી ગાળ્યું છે. આવું જીવન ગાળવામાં હું અહિંસા ધર્મના તત્ત્વવાળા વૈષ્ણવ ધર્મને પાળનારી હોવા છતાં મેં બાળહત્યા જેવાં ભયંકર કર્મો કર્યાં છે! એક બે વખત એવા કુકર્મમાં સપડાઇ જવાને યોગે પંઢરપુરની ફાઉન્ડલિંગ

હોસ્પીટલમાં મારાં બાળકોને મારે જીવતાં છોડવાં પડયાં છે. મુંબા-ઇના જુદાજુદા લત્તાઓમાં ઘર બદલીને આર્ય સ્ત્રી જાતિના નામને કલંકિત કરનારા ધંધા મેં ચલાવ્યા છે. કોઈ વખત મારા શરીરનું લીલામ કરી મેં પાંચ પૈસા પેદા કર્યા છે તો કોઇ વખત કોઇ તરૂણ વિધવાને તેના ઘરમાંથી કઢાવી તેનાં ઘરેણાં હું હજમ કરી ગઇ છું. કોઇને ગર્ભપાત કરાવવામાં હું મદદગાર બની છું. તો કોઈ શ્રીમંત વિધવાને લુંટી—ઠગી—નીચોવી દેખતી દુનિયાંની આંખમાં ધૂળ નાંખવા સમર્થ થઈછું. જેમ કોઇ લૂગડાં બદલાવે તેમ મેં નિત્ય નવાં નવા ધણી બદલાવ્યા છે. સંગદોષના પ્રભાવથી મેં અનેક કાળાં કામ કર્યાં છે. અને તેથી સમાજના અનેક સડાઓ મેં મારી નજરે પ્રત્યક્ષ નીહાળ્યા છે. મને એના ઉપરથી સાર રૂપે એટલું સમ-જાયું છે કે વ્યભિચારી પતિની પત્ની પોતાના પાતિવ્રત્યનું પાલનપ્રાયઃ કરી શકતી નથી; નીચ માણસોનો પાડોશ કે સંગદોષ અજ્ઞાન અબળાઓને અનીતિના માર્ગમાં ઘસડી જાય છે, મુંબઈની માળા-ઓનું આંતરિકજીવન ઘણે સ્થળે વ્યભિચારને પોષણ આપનારૂં હોઈ ભયંકર પરિણામને નિપજાવનારૂં પ્રતિદિન થતું જાય છે; નાતરાનો હદ બહારનો રિવાજ સ્ત્રીઓને ચલિત બનાવી ભાવી સુખની ખોટી આશામાં ભ્રમણ કરાવે છે, એક ભવમાં અનેક ભવ થતાં સ્ત્રીઓનું સ્વાભાવિક શીલ ચાલ્યું જાય છે, એક પાપમાંથી અનેક પાપ જન્મે છે, વિવેક ભ્રષ્ટનો હજાર રીતે વિનિપાત થાય છે. સમાન વયનાં સ્ત્રી પુરુષનો એકાંત્ત સમાગમ વ્યભિચારના અધોગતિ દાયક માર્ગમાં દોરી જનારૂં સાધન થઇ પડે છે અને સમાજની પરંપરા-ગત અંધ રૂઢીઓ તેમાં મદદગાર થાય છે. મારા જીવન ઉપરથી

મેં આ પ્રમાણે સાર ખેંચ્યો છે. મારા વાચકોને તેમાંથી પોતાની બુદ્ધિ અનુસાર નિષ્કર્ષ કાઢવાની છૂટ છે.

પાપનું પરિણામ હમેશ માઠું આવે છે. પરપુરુષના સંગથી આમ થતું સુખ સ્ત્રીઓના સંબંધમાં પરિણામે વિઘાતક પરિણામ લાવે છે. મારી માતાની એવીજ હાલત થઇ. જે માળામાં તે રહેતી હતી, તે માળામાં એકાએક આગ લાગવાથી તેનું સર્વસ્વ બળી ગયું અને તે રસ્તાની ભટકતી ભિખારણ બની ગઇ. જે લક્ષ્મીની લાલસામાં તેણે પોતાના પાતિવ્રત્યનો નાશ કર્યો હતો અને પોતાનીજ પુત્રીના ભરથાર સાથે કુવ્યવહારમાં ઉતરી હતી તે લક્ષ્મીનો એકાએક નાશ થતાં તે ગાંડી–દીવાની બની ગઇ અને એક ધર્માદા હોસ્પિટલમાં સન્નિપાત જ્વરથી તેનું મોત થઇ ગયું. જેવી તે ખાલી હાથે આવી હતી, તેવીજ તે ખાલી હાથે આ દુનિયાંમાંથી ચાલી ગઈ માત્ર પરલોકને સારૂં પાપનું ભાથું બાંધતી ગઇ. આ જીંદગી ચાર દિવસનાં ચાંદરણા જેવી છે. પાપનું પરિણાંમ નજરે જોવા છતાં જેઓની આંખ ઉઘડતી નથી અને છેવટ સુધી પાપકર્મોને જેઓ ત્યાગતા નથી; તેઓની પરમેશ્વરના દરબારમાં કેવી ગતિ થશે તે હું કહી શકતી નથી. ઇશ્વરે આ સંસાર ક્ષણભંગુર તથા નશ્વર હોવા છતાં તેમાં એક એવી તો આકર્ષણ શક્તિ મૂકી છે કે તેનાથી ડાહ્યા અને શાણાં માણસો પણ આખરની ઘડી સુધી ભૂલાવામાંજ રહી જાય છે. મારો એક વખતનો સ્નેહી હરિશંકર એના પ્રત્યક્ષ ઉદાહરણ રૂપ છે નાટકીયા જીંદગીને લીધે તે માંસભક્ષણ; મંદિરાપાન; પરસ્ત્રીસેવનના નાદમાં એટલો તો વધી ગયો કે તેને એક ભયંકર રોગ વળગ્યો અને ત્રણમાસ સુધી સખ્ત પીડા પામી તે

પણ નરકનો નિવાસી થઇ ગયો. તેની વિધવા બ્હેન તેના મરણ પહેલાંજ એક મુસલમાનને લઈ ઉત્તર હિન્દુસ્તાનના કોઈ શહેરમાં ચાલી ગઇ હતી, એટલે મૃત્યું વખતે એ વિષયના ગુલામ પાસે બે અશ્રુબિંન્દુ પાડનાર કોઇ આપ્તજન પણ નહોતુ. જે સૌન્દર્ય તેના ભોગવિલાસનું સાધન થયું હતું, તેજ સૌન્દર્યે તેની દુર્દશા કરી અકાળે મરણની ઘટિકા નજીક આણી હતી. એના શરીરમાં કીડા પડયા હતા અને પ્રાણ ગયા પછી મુડદું બે દિવસ સુધી રખડયું હતું. એના મૃત્યુના સમાચાર એના મોહમાં લપટાએલી એક કામાંધ કામિનીએ મને કહી સંભળાવ્યા હતા. હું મહાપાપિની અને અપરાધિની છું; પણ મારી માતાની મરણદશાથી અને હરિશંકરની છેલ્લીઘટિકાની દુર્દશાના શ્રવણથી મારી આંખ ઉઘડી ગઇ. મારી માતાના ઘરને આગ લાગવાથી મારો દરદાગીનો વગેરે જે કાંઇ હતું તે તેમાં ભસ્મ થઇ ગયું હતું અને હું પણ રસ્તાની ભિખારણ બની ગઇ હતી. મેં તત્કાળ મુંબઈનો ત્યાગ કર્યો અને મારા બાપના જુના ગામમાં હું આવી. ઉંચે આભ અને નીચે ધરતી સિવાય આ સંસામાં મારૂં કોઈ હવે હતું નહિ; એટલે મેં મારી જીંદગીનો બાકીનો ભાગ ધર્મમાર્ગમાં વિચરીને પૂરો કરવાનો નિશ્ચય કર્યો. લાંબો વિચાર કરવાની બુદ્ધિ નહિ હોવાથી મારો આખો જન્મારો મેં જે મારા હાથેજ રદ કરી નાંખ્યો હતો, તેનો મને પસ્તાવો થવા લાગ્યો, મુંબઇ છોડતી વખતે મારા જીવનની પાયમાલી કરનાર એ બ્રાહ્મણ-બ્રાહ્મણી વિષે મેં સાંભળ્યું હતું કે તેની એક છોકરી બાર વર્ષની ઉમ્મરે વિધવા થઇ મુંબાઈમાં યથેચ્છ ચરી ખાતી હતી અને માતા પ્લેગના રોગમાં મરી ગઇ હતી. પુરુષ જુગાર અને મદ્યનો વ્યસની થયો હતો. કોઇ-

વાર તે મમ્માદેવી કે ભૂલેશ્વરના તળાવની પાળઉપર પડયો રહેતો અને જ્યાં ત્યાં રખડી આયુષ્ય પુરૂં કરતો. કુદરતનો એક નિયમજ છે કે જેવું બીજ વાવીએ છીએ, તેવું ફળ લણવું પડે છે. બાવળનું બીજ વાવીને આમ્રફળની આશા કોઇએ પણ રાખવી નહિ. હું મારી કરણીનું ફળ અત્યારે ભોગવું છું અને ઇશ્વરનો આભાર માનું છું કે તેણે મને વખતસર ચેતાવી છે. મારી ભોગવિલાસની વૃત્તિઓ ચાલી ગઇ છે અને સાદાઈમાંજ સંપૂર્ણ સુખ માની રહી છું. દરણાં ખાંડણાનું અને બીજી સાધારણ મજુરીનું કામ કરૂં છું અને બાકીના ટાઇમમાં દુઃખિયાના વિસામા રૂપ રેંટીયો ફેરવી જીવનનિર્વાહ ચલાવું છું.

૧૩–કોકીલાની આત્મકથા.

“અરે, આ મને શું સુઝયું ? દુઃખથી મારૂં મગજ ભ્રમિત થઈ ગયું હતું એ ખરૂં; પણ મારે આવું સાહસ કરતાં પહેલાં કાંઈક વિચાર કરવો જોઈતો હતો ! ‘ અબળા બુદ્ધિ પાનીએ ’ કહેવાય છે એ લેશ પણ ખોટું નથી. મેં મહા મૂર્ખતા કરી છે. મારા જેવી અભાગિની વિધવાએ આવા અજાણ્યા પુરૂષ સાથે ચાલી નીકળવું એ મૂર્ખતા નહિ તો બીજું શું ? લોકો લીલાધરના સંબંધમાં જે કહેતા હતા તે આજ મને સત્ય સમજાય છે. કેવો લુચ્ચો માણસ ! મોટો શુભેચ્છક હોય તેમ મારી સાથે મળી જઈ મને આ માર્ગે ચડાવી લાવ્યો ! પણ હજુ કાંઈ બગડી ગયું નથી. લોકો ભલે રાંડયા પછીનું ડહાપણ ગણશે; પરંતુ આ દુષ્ટના પંઝામ થી મારે છૂટી જવું જોઈએ. ” એકાએક ગાડીનો વેગ ધીમો પડવાથી હું વિચાર નિદ્રામાંથી જાગી ગઈ અને બારીમાંથી બહાર જોયું તો કોઇ સ્ટેશન આવ્યું હોય તેમ માલમ પડયું. તરત પાસેના ડબામાંથી ‘ રણછોડરાયની જય ’ એવો ધ્વનિ આવ્યો. મેં જાણી લીધું કે આજ ડાકોરનું સ્ટેશન છે. પ્લૅટફૉર્મ પર ગાડી સ્થિર થયા પછી લીલાધરે નીચે ઉતરી મજુરને બોલાવી તેના માથા ઉપર સામાન મૂકી દીધો. હું નીચે ઉતરી. સ્ટેશન બહાર જતાંજ ગાડી વાળાઓએ અમને ઘેરી લીધાં. બે ચાર ગોર મહારાજો પણ ત્યાં આવી પહોંચ્યા. તેઓ લીલાધરને પકડી નાના પ્રકારની દુકાનદારી કરવા

લાગ્યા. કેટલીક વાર પછી લીલાધરે એક ગોરને પસંદ કર્યો. અને એક ભાડાની ગાડી બોલાવી તેમાં બેસવાનું મને કહ્યું. હું મસ્તક નીચું રાખી ઉભીજ રહી. તેણે મને ઘણી ઘણી રીતે સમજાવી; પણ મેં તેને સ્પષ્ટ કહી દીધું કે—" હું તમારી સાથે શહેરમાં આવવાની નથી."

લીલાધરે આશ્ચર્યથી પૂછ્યું–' તું ગાંડી તો નથી બની ગઈ ? '

મેં કહ્યું—ના

તેણે આવેશમાં આવી જઇ પૂછ્યું–' કમનસિબ કોકિલા ' તું જાણે છે કે આ કયું સ્થળ છે ? આ ઠેકાણે તારૂં મારા સિવાય કોણ છે ? સમજીજા અને શહેરમાં ચાલ. લોકો આપણી ચેષ્ટા જુએ છે. તારી ઇચ્છા હશે તો બે ચાર દિવસ દેવદર્શન કરી આપણે પાછાં ભાવનગર ચાલ્યાં જઇશું. '

" ભાવનગર હવે શું મોઢું લઇને જવું ? મારૂં ભાગ્ય જ્યારે મને અહીં ઘસડી લાવ્યું છે, ત્યારે મારી ફરજ છે કે મારે તેને આધીન થવું. જો હું પ્રથમથી આવું જાણતી હોત તો આ રસ્તો ન લેત અને તમારાં વચનોમાં ન ફસાત. એટલું સ્મરણમાં રાખજો કે જેનું કોઇ નથી તેનો ઇશ્વર છે. ભગવાન રણછોડરાય મને આશ્રય આપશે. જ્યાં સુધી હું તેમને નહોતી ઓળખતી, ત્યાં સુધી તમારો આશ્રય લીધો હતો, હવે મારે કોઇની જરૂર નથી. મેં નિશ્ચય કર્યો છે કે ભાગ્યમાં લખ્યું હોય તેટલું સઘળું અહીં રહી ભોગવવું અને આ કાળું—કલંકિત વદન કોઇને પણ ન દેખાડવું. તમારે જ્યાં જવું હોય ત્યાં ચાલ્યા જાઓ. જ્યાં સુધી તમે અહીં ઉભા રહેશો ત્યાં સુધી હું એક ડગલું પણ આગળ વધવાની નથી." મેં મારો નિશ્ચય જણાવ્યો.

લીલાધર મને ભય દેખાડતો કહેવા લાગ્યો-" કોકિલ ! તું શું બકે છે ! આ ડાકોર-મહા વિચિત્ર સ્થાન છે. અહીં તારાથી આધાર વિના એક ક્ષણ પણ રહી શકાશે નહિ ! મને લાગે છે કે પાસે કાંઈક પૈસા લઇને નીકળી આવી છે, તેથી આટલું જોર કરે છે; પણ યાદ રાખજે કે અહીં ચારે તરફથી દુઃખ આવી પડતાં તારૂં સર્વસ્વ ચાલ્યું જશે અને પછી જ્યાં ત્યાં તારે ભીખ માગવી પડશે."

તેના એ શબ્દોનો મેં રોકડોજ જવાબ આપ્યો-" લીલાધર ! તમારી સાથે જ્યારે ડાકોર આવીછું-તમારાં વચનોમાં ફસાઇને જ્યારે ઘર છોડી અહીં નીકળી આવી છું; ત્યારે ભીખ માગીને ખાવું પડશે એ તો જાણું છુજ. મારી પાસે આ એક લુગડા સિવાય બીજો એક પૈસો પણ નથી. મારી આવી અવદશા થવાની છે એવું પહેલાં જાણતી હોત તો આવું વગર વિચાર્યું કામ ન કરત. હું તમને વિનવું છું કે તમે જ્યાં જવું હોય ત્યાં જાઓ. હું ભીખ માગીને ખાઈશ. મારે હવે તમારી કૃપા નથી જોઇતી.

લીલાધર મારા દાંતતોડ જવાબથી નિરાશ થઈ શહેર તરફ વિદાય થયો. ગાડીમાંથી ઉતરેલાં લગભગ બધાં યાત્રાળુઓ ચાલ્યાં ગયાં હતાં. આશરે અર્ધોએક કલાક મારા કમનસીબ ઉપર વિચાર કર્યા પછી હું પણ શહેર તરફ ચાલવા લાગી. એકાએક સામેથી કોઇ ભલા માણસે આવી મને સ્નેહપૂર્ણ સ્વરથી પૂછયું—" પુત્રી ! તને જોતાં મને અનુમાન થાય છે કે તું ડાકોરમાં પહેલાં કદી આવી નથી. બાઇ ! શું તું એકલીજ આવી છે ? માલુમ પડે છે કે તું રસ્તો ભૂલી ગઇ છે. તારી સાથેનાં માણુસોથી છૂટી પડી ગઈ છે. હું ગરીબ બ્રાહ્મણ છું, અહીં ડાકોરમાં રહું છું. ભગવાન રણછોડ

રાયનું નામ લીધા કરૂં છું અને કોઈ ગરીબ અનાથ જોઇ તેની યથાશક્તિ સેવા કરૂં છું. બ્હેન ! તારી ઉમ્મર થોડી જણાય છે. તને આમ એટલી ચાલી જતી જોઈ મને પ્રભુ રણછોડરાયે બોલાવીને કહ્યું કે—" જા બેટા, આ નિરાશ્રિત બાઇને આશ્રય આપ. હું પ્રભુની આજ્ઞા માથે ચડાવી તારી પાસે આવ્યો છું."

બે દિવસથી આવા સ્નેહપૂર્ણ સ્વરે મને કોઇએ બોલાવી નહોતી. એ આધેડ વયના બ્રાહ્મણનાં આશ્વાસક વચનોએ મને કાંઈક શાંતિ પ્રેરી. પ્રભુએ મારી પ્રાર્થના સાંભળી મને અસહાયા જોઇ સહાયતા માટે આ બ્રાહ્મણને મોકલ્યો છે; એમ મેં માની લીધું. બે હાથ જોડી મેં તેને પ્રણામ કર્યા અને પછી ધીમેથી કહ્યું—" પિતા ! હું બહુ દુઃખિની છું. અત્યંત આપત્તિમાં પડવાને લીધે હું ભગવાન રણછોડજીના ચરણ શરણમાં આવી છું. મારી સાથે કોઇ નથી, તેમ મારી પાસે કાંઇ નથી. કેવળ એક ઇશ્વર ઉપર મારો આધાર છે. કાલે આખી રાત ગાડીમાં પડ્યાં પડ્યાં મેં રણછોડરાયનું સ્મરણ કર્યું છે; મને લાગે છે કે તેમણેજ મારી ઉપર દયા કરીને આપને અહીં મોકલ્યા છે. આપ બ્રાહ્મણ છો, હું પણ બ્રાહ્મણની પુત્રી છું. આપ મને આશ્રય આપશો તો હું આપને ઘેર દાસીનું કામ કરીશ."

એ વૃદ્ધનું હૃદય વધારે પીગળ્યું હોય તેમ મને લાગ્યું. તેણે મને કહેવા માંડયું–' પુત્રી ! રસ્તામાં આટલા બધા લોકો ચાલ્યા જાય છે; મારી દૃષ્ટિ કોઈના ઉપર પડી નથી. ભગવાન રણછોડરાયે મારા હૃદયની અંદર પ્રવેશીને તને સહાયતા કરવાની આજ્ઞા આપી છે. તને હું જાણુતો નથી, ઓળખતો નથી; કેવળ પ્રભુની આજ્ઞાથીજ તારી પાસે આવ્યો છું. તારે કોઈ જાતનો ડર રાખવો નહિ;

તું મ્હારી સાથે ચાલ. મારે ઘેર રહેજે. તારે દાસીનું કામ નહિ કરવું પડે અને ભીખ પણ નહિ માગવી પડે. આ ગરીબ બ્રાહ્મણ ઉપર પ્રભુની મહેરબાની છે. રણછોડરાયની આ પવિત્ર નગરીમાં આવ્યા પછી કોઇ ભૂખે મરતું નથી; માત્ર શ્રદ્ધા ને ભક્તિ જોઇએ."

તેના એ શબ્દોથી મારૂં હૃદય વધારે શાંત થયું. મેં દીનતાથી તેને કહ્યું–"આપને હું પિતાતુલ્ય લેખું છું. મેં જાણી જોઇને કોઇ પાપ કર્યું નથી. હું વિધવા છું. મોટા કષ્ટમાં પડીને અહીં આવી ચડી છું. જો કોઇ વખત સમય મળશે તો મારા કમનસીબની કરૂણ કહાણી તેમને કહી સંભળાવીશ. તમે તમારી પુત્રી પ્રમાણે મને ગણજો. મારી પાસે એક પૈસો પણ નથી. બીજું કપડુંએ નથી..."

મારી વાતને વચ્ચેથીજ કાપી નાંખી તે બોલ્યો–" પુત્રી ! તું બિલકુલ ચિંતા કરીશ નહિ. મેં તને કહ્યું છે કે પ્રભુની આજ્ઞાથીજ હું તને આશ્રય આપવા તૈયાર થયો છું. તું મારી પુત્રી સમાન છે. તારા જેવી એક અનાથ બાલિકાને આશ્રય આપવાની શક્તિ આ રામનાથને ઈશ્વર આપીજ રહ્યો છે !" મહારાજે વાત વાતમાં પોતાના નામનો પરિચય મને કરાવી દીધો.

હું તેના ઉપર વિશ્વાસ મૂકી તેની સાથે ચાલી. રસ્તામાં જતાં જતાં તે મને કેટલાંએ સ્થાનોનો પરિચય કરાવતો ગયો. આખરે કેટલીક ગલીઓ વટાવ્યા પછી અમે નિયત સ્થાનપર જઇ પહોંચ્યાં. એક બે મજલાના ઘરમાં લઇ જઇ મને રામનાથે કહ્યું–"પુત્રી ! આ ઘરમાં તારે રહેવાનું છે. મેં એક બ્રાહ્મણી રાખી છે, તે રાંધવાનું કામ કરે છે. તું વિધવા છે, તારા માટે તે સાત્વિક આહાર બનાવી આપશે. તારી સાથે ગોમતીસ્નાન કરવા અને દેવદર્શનાર્થે

ફરવા તે નિયમિત આવ્યા કરે એવો હું બંદોબસ્ત કરી આપીશ. તને અહીં કોઇ જાતની અડચણ આવશે નહિ." આ પ્રમાણે કહી તે સર્વ પ્રબંધ કરવા માટે બીજા ઓરડામાં ચાલ્યો ગયો. હું એ ઓરડામાં પડેલી એક ચટાઇ ઉપર બેસી આમતેમ જોવા લાગી. થોડીવારે રામનાથની બ્રાહ્મણી-ગૃહસંગિની એ ઓરડામાં આવી. બ્રાહ્મણીની ઉમ્મર ૨૫-૨૬ વર્ષની હતી. દેખવામાં તે જેમ કુત્સિતા નહોતી જણાતી, તેમ બહુ ખાનદાન પણ નહોતી લાગતી. મારી પાસે આવી તેણે કહ્યું-"બ્હેન! શાંત કેમ બેઠી છે? બહુવાર થઈ ગઇ-મારી રસોઇ કરી જાય છે. પંડ્યાજીએ તને ગોમતીસ્નાન કરાવવાનું મને કહ્યું છે; ચાલ જલ્દી ઉભી થા. તારૂં નામ શું છે બ્હેન!?" તેના હાવભાવ, રીતભાત, બોલચાલ વગેરે મને ઠીક લાગ્યાં નહિ. મારા મનમાં જે કાંઇક શાંતિ હતી તે એ બ્રાહ્મણીને જોતાં એકદમ ચાલી ગઇ. એ સ્થાન, એ ઘર અને એ સ્ત્રી મને જરા પણ સારાં લાગ્યાં નહિ. મેં મનમાં કહ્યું-"હું અહીં ક્યાં આવી ચડી?" કિન્તુ હું એકલી નિરાશ્રયા ત્યાં કરૂં પણ શું? મારા મનમાં ભિન્ન ભિન્ન વિચારો આવવા લાગ્યા અને હૃદયમાં કાંઇક ભયનો પણ સંચાર થઇ ગયો. મને એવી સ્થિતિમાં બેઠેલી જોઇ તે સ્ત્રી પુનઃ બોલી-'ચાલ, બ્હેન! શું વિચાર કરે છે? નાહી ધોઇ જમી લે. પછી આખો દિવસ અને રાત પડ્યાં છે-તું ઇચ્છામાં આવે એટલા વિચાર કર્યા કરજે તારૂં નામ શું?" મેં નીચું મસ્તક રાખી જવાબ આપ્યો-મારૂં નામ કોકિલા છે. હું બ્રાહ્મણની પુત્રી છું અને વિધવા છું."

બ્રાહ્મણી કાંઇક વિરક્ત થઇને બોલી-"અત્યારે આટલા બધા

પરિચયની આવશ્યકતા નહોતી; ચાલ, ઉઠ હવે આપણે સ્નાન કરી આવીએ. તારૂં બીજું છાયલ ક્યાં છે? ઉપર તારા શેઠ પાસે હોય તો હું લઇ આવું."

"કેંઠ! શેઠ કોણ? મારી સાથે તો કોઇ નથી!"

"મેં જાણ્યું કે બીજા માળ ઉપર ઉતરેલો ગૃહસ્થ તારો સંબંધી હશે-તું તેની સાથે આવી હશે."

"ના હું. કોઇની સાથે નથી આવી. રસ્તામાં મને એકલી જોઇ ગોરમહારાજ અહીં તેડી લાવ્યા છે. હું બહુ દુઃખિની છું-બહુ અભાગિની છું."

મારી વાતથી ઉદાસ થઇ તે સ્ત્રી કાંઇક બબડતી ચાલી ગઇ. મારા મનમાં વિચારમાળા ઉપડી. "બીજા માળ ઉપર ઉતરેલો ગૃહસ્થ લીલાધર તો નહિ હોય? ડાકોર તીર્થસ્નાન છે. તીર્થના ગોર લોકો બહુ વિચિત્ર હોય છે. મને અહીં રામનાથ ફસાવીને તો નહિ લાવ્યો હોય? મારી મનોદેવતા કહે છે કે "અવશ્ય આમાં કાંઇક દગો છે. પ્રભો! એવું હશે તો મારી શી દશા થશે?" મગજ ભમી જવાથી હું ઓરડીનાં બારણાં બંધ કરી ચટાઇ ઉપર સુઇ ગઇ.

કેટલીકવાર પછી રામનાથે જ્યારે ઘેર આવી સાંભળ્યું કે અનાથ વિધવા કાંઇ ખાધા પીધા વિના ઓરડીનાં બારણાં બંધ કરી પડી છે; ત્યારે તેણે પોતાની રાખેલી બ્રાહ્મણી ઉપર ગુસ્સે થઇ કહ્યું "રંડા! જરૂર તેં તેને કાંઇક કહ્યું હશે!"

"મેં તો તેને કાંઇ કહ્યું નથી. એની સાથે ઝગડો કરવાની કે બોલવાની મારે શી મતલબ હોય? વાત વાતમાં ઉદાસ થઇ તે

દ્વાર બંધ કરી પડી રહી છે. એ કાંઈ મારી મા કે માસી નથી જે હું તેને મનાવા જાઉં ! તમારે ગરજ હોય તો પગે પડી એને મનાવી લ્યો. ”

“ જો શ્યામા ! મારી સામે આંખ કાઢીને બોલવું તને યોગ્ય નથી. હું કોના માટે શું કરૂં છું, તે તારા સમજવામાં નથી આવ્યું માટેજ તું આ પ્રમાણે બોલે છે. સ્ત્રીઓનાં રૂપ જોઇને મોહાન્ધ થઈ જવાના અમારા દિવસો ગયા છે. હવે તો કેવળ ફરતો ફરૂં છું પૈસાનીજ ફિકરમાં. મામલો સાંભળીશ ? આપણા ઘરમાં જે ગૃહસ્થ ઉતર્યો છે તે આ બાઇને ફસાવી–જૂઠી વાતો કહી અહીં ડાક્ટરમાં ઉપાડી લાવ્યો છે. બાઇ રસ્તામાં એ પુરુષની મતલબ સમજી ગઈ અને તેની સાથે લડી પડી. ટ્રેનમાંથી ઉતર્યાં પછી બન્ને જુદા જુદા માર્ગે ચાલવા લાગ્યાં એ જોઇ મેં એ કામમાં માથું માર્યું. બાઇ ઘણી રૂપાળી છે જો તેની પાસેથી તને બરાબર કામ લેતાં આવડશે તો પૈસાનો ઘણો સારો તડાકો પડશે. તે નથી જાણતી કે તેની સાથેનો ગૃહસ્થ અહીં છે. જો જાણતી હોત તો શું તે અહીં આવત ? મને લાગે છે કે તારા બોલવા ઉપરથી તે કાંઇક વહેમાઇ ગઈ છે અને તેથીજ બારણું બંધ કરીને પડી રહી છે. ”

‘ ત્યારે આ વાત પહેલાંજ ભસી નાંખવી હતી ને ! તમે પણ પુરા અક્કલના બારદાન છો. મેં તો જાણ્યું કે જાતિ–કુળનો સંબંધ તોડી જેવી રીતે અનેક બાઇઓ અહીં ડાક્ટરમાં આવે છે, તેવી રીતે આ બાઈ પણ આવી હશે. દૂર ક્યાં જાઓ છો–સારીજ વાત કરોને ! હું કેવી રીતે આવી હતી ! મને શી ખબર કે આ બાઈમાં હજુ પણ સતીપણાનો દંભ હશે. વળી એ કાંઇ મારી નાતજાતની નહોતી કે હું તેની સાથે વાતો કરવા ગઇ હોઈશ !

'મને તો સ્પષ્ટ સમજાય છે કે તારી સાથે કાંઇપણ વાત ન થઇ હોય તો એ બાઇ આટલો ગુસ્સો કરેજ નહિ !'

'ત્યારે વાત થઈ હશે હ્યો, હવે કાંઇ બીજું કહેવું છે. નકામી મારી સામે આંખો ન કાઢશો. સારા માણસની છોકરીઓને ફસાવી લાવી તેનું સત્યાનાશ કરો છો, તેના જાતિ-કુળને ભ્રષ્ટ કરો છો અને પાછા બીજાની ઉપર લાલ આંખો કાઢો છો ? જાઓ, જાઓ, તમારા જેવા ઘણાએ ગોર જોયા છે; હવે હું તમારી અધિક ધમકી સહન કરી શકતી નથી. જો આ પ્રમાણે કરવું હોય તો હું અત્યારેજ ચાલી જાઉં. કેટલાએ લોકો મને રાખવા માગે છે.'

રામનાથ એ સાંભળી અગ્નિશર્મા થઇ ગયો, તે ક્રોધ કરીને બોલ્યો-' કુલટા ! નીકળ મારા ઘરમાંથી ! બદમાશ, બદજાત, ભીખારણ, નાને મોઢે મોટી વાત કરે છે ! ચાલી જા, અહીંથી !!'

શ્યામા એ તિરસ્કાર સાંભળી રહે તેવી નહોતી; તે પણ બોલી ઉઠી ' દુષ્ટ, શયતાન્ મોહું સંભાળીને વાત કર. તારા જેવા પાપીના ઘરમાં આગ લાગો. હું મારે આ ચાલી !' એમ કહી તે બહાર નીકળી ગઈ.

હું આ બન્નેની વાત ઓરડીમાંથી સાંભળતી હતી. મારા ભવિષ્યના મને અનેક વિચારો આવતા હતા. જ્યારે શ્યામા ઘરબહાર નીકળી, ત્યારે મેં પાછળની બારીએથી તેના તરફ દયાર્દ્ર દૃષ્ટિએ જોયું. એ બાઇ મારા મનનો ભાવ સમજી બારીની નજીક આવી મેં તેને કહ્યું-' શ્યામા, તારે પગે પડું છું. તું મારી રક્ષા કર, મને આ પાપમાંથી બચાવ.'

તેણે કહ્યું-' બ્હેન ! ધીમેથી બોલ, હું તને બચાવીશ. આજ

રાતના આઠ વાગે આ રસ્તા ઉપર હું ઉભી રહીશ. તું હરકોઇ પ્રકારે ઘરમાંથી નીકળી ત્યાં આવજે.'

વિપત્તિમાં પડવાથી મોટા મોટા બુદ્ધિમાનોની અક્કલ મારી જાય છે. મારી પણ એજ દશા થઇ; છતાં મને ત્યાંથી છૂટવાનો ઉપાય જડી આવ્યો. હું તરત બારણાં ઉઘાડી બહાર આવી. રામનાથ ઓશરીમાં બેઠો હતો, તેણે મને પૂછ્યું–' પુત્રી! તું ખાધા પીધા વિના કેમ સુઈ રહી હતી?' મેં કહ્યું–'રસ્તાના પરિશ્રમથી મારૂં માથું દુઃખતું હતું; એટલે બે ઘડી નિરાંતે સુઇ રહી હતી. હમણાં બહાર કાંઇક બોલાચાલી સાંભળી જાગી ઉઠી છું.' રામનાથે અનુમાન કર્યું કે તેમની વાત મેં કાંઇ સાંભળી નથી. તેના ચેહેરા ઉપર સંતોષનાં ચિન્હ જણાયાં. તેણે કહ્યું–' બ્હેન! તારે લીધે એ બ્રાહ્મણી સાથે મારે ઝગડો થયો. મેં એને ઘરમાંથી કાઢી મૂકી છે. યજમાનોની સેવા ચાકરી ન કરે એવાં માણસનું શું કામ હોય? હું હમણાં બીજી બ્રાહ્મણી લાવું છું. નોકરનો અહીં ક્યાં તોટો છે? તું સવારની ભૂખી છે; માટે કાંઇક બનાવી લે.' મેં કહ્યું–' અત્યારે રસોઇ કરવાનો સમય નથી–બહુ મોડું થઇ ગયું છે. હું વિધવા છું. એક બે ઉપવાસ કરીશ તેથી મને કાંઇ દુઃખ થવાનું નથી.' રામનાથ બોલ્યો. 'ત્યારે દુકાનેથી હું કાંઇક ખાવાનું લઇ આવું, અત્યારે એનાથી ચલાવી લે, રાત્રે રસોઇની વ્યવસ્થા કરી લઇશું.' મેં કહ્યું–'બજારની ચીજ હું ખાતી નથી. સંધ્યા વખતે હું રણછોડજીની આરતીનાં દર્શન કરવા જઇશ, ત્યારે કાંઇક ફળાહાર લેતી આવીશ.' ગોર મહારાજને તેથી સંતોષ થયો અને તે કાંઇક કામ નિમિત્તે બહાર ચાલ્યો ગયો.

ધીમે ધીમે સાંજ પડવા આવી. સૂર્યનારાયણ અસ્તાચળમાં ચાલ્યા ગયા. પૃથ્વીપટ ઉપર અંધારૂં વિસ્તરવા લાગ્યું. હું દેવદર્શન નિમિત્તે ઘરબહાર નીકળી. રામનાથને મારી નિષ્કપટતાનો વિશ્વાસ આવ્યો હતો, એટલે તેણે તેમાં વાંધો લીધો નહિ. થોડે દૂર જતાં મેં જોયું કે શ્યામા ઉભેલી છે. તેણે હાથના સંકેતથી મને પોતાની પાછળ આવવા કહ્યું. હું ઉતાવળે પગલે ચાલવા લાગી. થોડીએક ગલીઓ વટાવ્યા પછી એક બે મજલાના ઘર આગળ અમે આવી પહોંચ્યાં. શ્યામા વિજળીના વેગે તે ઘરમાં પેસી ગઇ અને મારે પણ તેની પાછળ તેમાં પ્રવેશ કરવાની ફરજ પડી. એ ઘરની વ્યવસ્થા કાંઈક વિલક્ષણ હતી. તેમાં સરસામાન બહુ થોડો હતો. બન્ને માળ ઉપર એક એક પલંગ, પાણીની ડોલો અને દીવાબત્તીની સગવડ હતી. મને એ ઘર જોઇને ભયંકર કંપ છૂટયો. શ્યામા મારી એ હાલત સમજી જઈ બોલી-' બ્હેન ! આ ઘર મારૂં ખાનગી છે. રામનાથને તેની માહિતી નથી. તારે અહીં કોઇ વાતે ડરવાનું કારણ નથી. વરસોનાં વરસ સુધી તું અહીં રહીશ તોપણ તારો કોઇને પત્તો લાગશે નહિ.'

હું બે દિવસની તદ્દન નિરાહાર હતી. આગલો દિવસ ટ્રેનમાં વીત્યો હતો અને આજનો દિવસ ગોરને ઘેર અન્ન વિના કાઢયો હતો. મને ભૂખનું દુઃખ તો કાંઇ નહોતું; પણ મારૂં શું થશે, એજ ચિંતા મને દુઃખ ઉપજાવતી હતી. મેં શ્યામાને કહ્યું-' બ્હેન ! મને બહુ તૃષા લાગી છે, થોડું શુદ્ધ પાણી લાવી આપે તો સારૂં.' તેણે કહ્યું-' હું એજ વિચારમાં છું. તેં આજ બિલકુલ ખાધું નથી માટે પ્રથમ ખાવાની વ્યવસ્થા કરૂં છું; પછી પાણી આપીશ. અત્યારે

ગરમ રસોઇ બને તેમ નથી. બજારમાં જઇને થોડી મીઠાઇ લઇ આવું છું. '

મેં કહ્યું–' મીઠાઇ લાવવા માટે મારી પાસે એક ફૂટી બદામ પણ નથી. હું રસ્તાની ભીખારણ છું. મારી પાસે બીજું વસ્ત્ર પણ નથી. ' તેણે મને હિંમત આપી–' બ્હેન ! તું પૈસાની વાત ન કરીશ. શું પ્રભુએ મને તારા જેવી એક અનાથ વિધવાને નિભાવવા જેટલી શક્તિ નથી આપી ? તારા જેવી તરૂણ સુંદરીને આ તીર્થ-સ્થાનમાં પૈસાની શી ખોટ છે ? બે ચાર દહાડામાં તને એક સારો શેઠ શોધી આપીશ. એક શેઠને છોડી આવી છે, તો બીજા દશ શેઠ મળી રહેશે. '

હું તેની એ વાત સાંભળી ભયથી ધ્રુજવા લાગી. શ્યામા આ શું કહે છે ? મેં તેને કરૂણ સ્વરે કહ્યું–' શ્યામા ! તું મારી મા છે. મારે તો કોઇ શેઠ નથી. હું ઘર છોડી આવી છું; પણ મેં હજુ સુધી ધર્મ છોડયો નથી. '

મારી એ વાત તેને સાચી લાગી નહિ. તે તત્કાળ બારણાં બંધ કરી મીઠાઇ લેવા ઘરબહાર ચાલી ગઈ. હું મારી મૂર્ખતા ઉપર વિચાર કરવા લાગી. સાથે સાથે મને શ્યામાના સંબંધમાં પણ કલ્પનાઓ થવા માંડી. શું આ ઘર શ્યામાનું હશે ? જો તે આવા મકાનની સ્વામિની હોય તો રામનાથને ત્યાં રસોયણ તરીકે શા માટે રહે ? શ્યામા ખરાબ ચાલની સ્ત્રી છે. તે ... ઠી અન્નને માટે બીજાને ઘેર નોકરી કરે તેવી જણાતી નથી. અવશ્ય આ ઘર કોઇ બીજાનું હોવું જોઇએ. એના રંગ ઢંગ એક કુટ્ટણખાના જેવા જણાય છે. મેં સાંભળ્યું છે કે તીર્થનાં સ્થળોમાં એવાં અનેક કુટ્ટણખાનાં હોય

છે. ડાકોર પુણ્યભૂમિ છે, પવિત્ર સ્થાન છે; એ વાત તદ્દન અસત્ય છે. ડાકોરના જેવું ગુજરાતમાં બીજું એકેય અપવિત્ર સ્થાન નથી. ભગવાન રણછોડરાયના ચરણ કમળમાં આશ્રયને માટે, ગોમતીતીર ઉપર અંતિમ દેહત્યાગને અર્થે અનેક ધર્મપિપાસુ નરનારીઓ પોતાના જીવનનો શેષ ભાગ વીતાડવા અહીં આવે છે; દુનિયાના પાપનો બોજો ઉતારવા, ધર્મના નામ ઉપર ભયંકર કાર્યો કરવા સેંકડો નરનારીઓ અહીં આવે છે અને ખુલ્લી રીતે તેઓ બીભત્સ કાર્યો કરે છે. તીર્થસ્થાનોમાં જે કુત્સિત કાર્યો થાય છે તેનું વર્ણન તો દૂર રહ્યું, પરંતુ તેનો વિચાર કરવાથી પણ શરીર કંપી ઉઠે છે! મારા હૃદયમાં ભયંકર ચિંતા થવા લાગી. શ્યામાએ મારો ઉદ્ધાર નહોતો કર્યો; પણ મને દુઃખની ગર્ત્તામાં નાંખી હતી. એ સ્ત્રી પાપની પ્રત્યક્ષ પ્રતિમા સમાન હતી, તે નારીદેહધારિણી પિશાચિની હતી. તે ઘણીવાર ગઈ તોપણ પાછી ફરી નહિ; એટલે મને વધારે ચિંતા થવા લાગી. નીચેનું બારણું ઉઘાડું હતું, ઘરમાં બીજું કોઈ માણસ નહોતું, અજાણ્યું સ્થળ હતું અને હું નિરાધાર એકલી હતી; મને એ વખતે શું થયું હશે તે વાચકોએ કલ્પનાથીજ જાણી લેવું. શ્યામાને ગયાને જેમ જેમ વાર થવા લાગી, તેમ તેમ મારી ઉદાસિનતા વધવા લાગી. પાંજરામાં પુરાએલા પક્ષીની પેઠે હું તરફડવા માંડી, મારૂં હૈયું ધડકવા લાગ્યું; પણ ત્યાંથી છૂટવાનો કોઈ ઇલાજ નહોતો. ઘણો સમય એ પ્રમાણે વીત્યા પછી તે ચાલાક ચતુરા પાછી આવી અને પોતાની સાથે આણેલી ચીજો એક ખૂણામાં રાખી મને કહેવા લાગી—' બ્હેન ! આજ તો મને અહીંથી જતાંજ અપશુકન થએલા. હું સુખડીઆની દુકાને ગઇ અને મીઠાઇ

પાછી લઇ લેવા કહ્યું; ત્યારે તે બોલ્યો કે-'તું મોચી હશે કે મુસલમાન હશે-નાત જાત ઓળખ્યા વિના હું મીઠાઈ પાછી નહિ લઉં.' મેં કહ્યું-'હું બ્રાહ્મણની સ્ત્રી છું.' પણ તેણે તે માન્યું નહિ. મારી પાસે બીજો રૂપિયો નહોતો; એટલે તે જોખાવેલી મીઠાઇ એક તરફ મૂકી હું મારી બ્હેનપણીને ત્યાં જઇ રૂપિયો લઇ આવી; અને એવા દ્રાવિડી પ્રાણાયામથી મને આવતાં મોડું થયું.'

અમે જ્યાં આ પ્રમાણે વાત કરતાં હતાં ત્યાં નીચેથી કોઇએ બારણાં ખખડાવ્યાં. શ્યામા એકદમ નીચે ચાલી ગઈ. તત્કાળ ઉપર એક નૌજવાન રંગીલો પુરુષ ચડી આવ્યો. આટલી મોડી રાત્રે શ્યામા તેને શામાટે આ ઘરમાં તેડી લાવી હશે તે સમજી જતાં મને વાર લાગી નહિ. મારૂં આખું શરીર ભયથી કંપવા લાગ્યું. શ્યામાએ નીચેનાં દ્વાર બંધ કરી ઉપર આવી તે પુરુષને જે વાત કરી તે હું અહીં લખી શકતી નથી. તે બન્નેની વચ્ચે મદિરાપાન વગેરેની જે લીલાનો આરંભ થયો, તેનું પુરૂં વિવરણ કરવું એ મર્યાદા બહારનું કામ છે. તે નારકી વાતોનું, એ પિશાચી દૃશ્યનું અને તે મારા સતીત્વ રક્ષણના પ્રકારનું સંપૂર્ણ વર્ણન કરવું એ મને અશક્ય લાગે છે; પાપિણી શ્યામાએ બતાવેલી લાલચો તથા ધમકીઓનો હું સવિસ્તર ઉલ્લેખ કરી શકતી નથી. એ દુષ્ટાનો હેવાલ લખી મારી આ આત્મકથાનાં પૃષ્ઠો શા સારૂ કલંકિત કરૂં ? મેં એ નરપિશાચના હાથમાંથી મારા સતીત્વ રત્નનો શી રીતે બચાવ કર્યો એનોજ સંક્ષેપમાં ઉલ્લેખ કરી એ પાપદૃશ્ય ઉપર પરદો નાંખી દઈશ.

રાતના દશ વાગ્યા હતા. જે ગલીમાં તે ઘર હતું તે ગલી

બહુ અંધકારમયી હતી; માત્ર પાછળની બારી એક સરિયામ રસ્તા ઉપર પડતી હતી. હું એ બારી પાસે બેઠી હતી. જ્યાં એ દુષ્ટા તથા દુષ્ટે મારા ઉપર બળાત્કારનો આરંભ કર્યો; ત્યાં મેં એક ભયંકર ચીસ પાડી. મારા સદ્‌ભાગ્યે બારીની નીચે એક ભલો માણસ જતો હતો. તત્કાળ તેણે ઘર આગળ આવી શોરબકોર મચાવ્યો. પોલીસ ચોકી ત્યાંથી બહુ દૂર નહોતી. એકદમ ત્રણ પોલીસો આવી પહોંચ્યા. જે વિપદ્‌ભંજન મધુસૂદને સભાની મધ્યમાં દ્રૌપદીની લાજ રાખી હતી, તેણે મારા સતીત્વની રક્ષા કરી. સિપાઇઓએ નીચેથી કહ્યું–' દરવાજા ખોલો. ' સહસા વજ્રપાત થવાથી જેવી રીતે મનમાં ભયનો સંચાર થાય છે; તેવી રીતે એ પોલિસ લોકોનો હુકમ સાંભળતાંજ તે દુષ્ટ અને દુષ્ટા થરથરવા લાગ્યાં. તેમની બુદ્ધિ બહેર મારી ગઇ. ફરી શબ્દ થયો–' બારણાં ખોલો.' પણ તેનો કાંઇ ઉત્તર મળ્યો નહિ. સિપાઇઓએ જોરથી બારણાંને લાત મારી. કમાડ જુનાં હતાં. બેત્રણ ધક્કા લાગતાં તે તૂટી પડયાં. માણસોએ ઘરમાં પ્રવેશ કર્યો. શ્યામાએ દીવો બુઝાવી અંધારૂં કરી દીધું હતું; પણ આવનારાઓ પૈકી એક જણે પોતાની પાસેની મીણબત્તી સળગાવી અંધકારને દૂર હડાવ્યો. મારા હૃદયમાં કાંઇક હિમ્મત આવી. શ્યામાનું મોઢું ઉતરી ગયું. પેલો શયતાન્ પણ ધ્રુજવા લાગ્યો, પોલિસના નાયકે પિસ્તોલ કાઢી શ્યામા સામે ધરી, શ્યામા મોતને નજીક આવેલું જોઇ રડી પડી. તે નાયકના પગ પકડી કહેવા લાગી–' સાહેબ! મારો કાંઈ વાંક નથી- આ શેઠ અમને અહીં બોલાવી લાવ્યા છે. હું રામનાથ ગોરને ત્યાં રસોયણ છું. કૃપા કરીને છોડી મૂકો. ફરી આવા કામમાં હું

કદી પણ નહિ ઉભી રહું."

નાયકે કહ્યું-' શું રામનાથ ગોર પણ આ મામલામાં છે કે ! ઠીક. આ કાઠીઆવાડી છોકરી કોણ છે ?'

' હું એને નથી ઓળખતી. આ શેઠ એને લાવ્યા છે; જો હું આવું જાણતી હોત તો આ શેઠની સાથે આવતજ નહિ !'

' તું જુઠું બોલે છે; તેંજ આ સર્વ કાંઇ પ્રપંચ રચ્યો છે. ખબરદાર ! એક ડગલું પણ આગળ વધીશ નહિ; હું આ છોકરીને પૂછું છું.'

હું બારી પાસે બેઠી બેઠી રડતી હતી. મારૂં ઓઢવાનું છાયલ તાણાતાણમાં ફાટી ગયું હતું. નાયકે મારી આગળ આવી મને પુછ્યું-શી હકીકત છે ?' મેં કહ્યું-' સાહેબ, આપ ન આવ્યા હોત તો મારી દશા શી થાત, એ ભગવાન્ રણછોડરાયજ જાણે છે. હું દુઃખની મારી અહીં આવી ચડી છું. મારી જીવનકથા બહુ વિલક્ષણ છે. મારા પાપકર્મનો હજુ છેડો નથી આવ્યો; તેથીજ આવી સજા ભોગવી રહીછું. આપ મને આ દુષ્ટોના હાથમાંથી બચાવો, ભગવાન તમારૂં ભલું કરશે.'

મારા એ શબ્દોથી તે નાયકનું હૃદય દ્રવી ગયું. તેણે મને ધીમેથી કહ્યું-' બ્હેન ! તારી સઘળી હકીકત મને કહે તો એ ઉપરથી તારા હવે પછીના પ્રબંધની ગોઠવણ હું કરી શકું. આ મામલો કોર્ટમાં ચડે તો આ અપરાધીઓને ભયંકર સજા થયા વિના રહે નહિ; પણ તેમાં તારે કોર્ટમાં સાક્ષી આપવા આવવું પડે, તું દેખવામાં ખાનદાનની કન્યા લાગે છે અને કોઇ અજબ ભૂલના પરિણામે અહીં આવી ચડી જણાય છે. તારૂં જીવન મને રહસ્યમય

ક્ષાસે છે, માટે હરકત ન હોય તો સઘળી હકીકત પ્રથમથી આરંભીને કહે; એટલે આગળ મારે કેમ કરવું તે મને સુઝી આવે.'

પોલિસ અધિકારીના એ શબ્દોથી મને કાંઇક શાંતિ મળી. મેં આંખોના આંસુ લુછી નાંખી નીચું મોઢું રાખી મારી કર્મ કથા શરૂ કરી–"

"ભાવનગરમાં એક કુલીન બ્રાહ્મણને ઘેર મારો જન્મ થયો છે. મારા પિતાને બાલ્યાવસ્થામાંથી જુગારનું એક બુરૂં વ્યસન લાગ્યું હતું. ઘરમાં પ્રથમ પૈસો ટકો ઘણો હતો; પણ તેમની એ ખરાબ આદતને લીધે ધીમે ધીમે તે ઓછો થવા લાગ્યો હતો. સ્ટેટની દરબારી બેંકમાં મારા પિતા નોકર હતા અને દરમહિને પચ્ચીસ રૂપિયા પગારના મેળવતા હતા. મારી માતા ઘણી શાંત અને સહનશીલ હતી અને તેથી મારા પિતાને પૈસા ઉડાવતાં તે અટકાવી શકતી નહિ. ધીમે ધીમે તેમને જુગારમાંથી એના વડિલભાઇ સટ્ટાનું વ્યસન વળગ્યું અને ઘર તદ્દન ખાલી થઇ ગયું. હાર્યો જુગારી બમણું રમે એ કહેવત મુજબ તેમણે હવે વધારે રમવા માંડયું. કરજનો બોજો માથા ઉપર વધવા લાગ્યો. આવકનું કોઇ સ્થળ નહિ જોવાથી આખરે મારૂં લીલામ કર્યું. ત્રણ હજાર રૂપિયા લઇ મને એક બુઢ્ઢા પતિ સાથે પરણાવી. પરણ્યા પછી હું ત્રીજેજ મહિને રાંડી પણ મારા જુગારી બાપની આંખ ઉઘડી નહિ. તેમણે બેંકમાંથી પાંચ હજાર રૂપિયા ઉચાપત કર્યા અને તે વાત પકડાતાં તેમને બે વર્ષની સખ્ત કેદની સજા થઇ. હું અને મારી માતા તદ્દન નિરાધાર થઇ ગયાં. મારા પિતાને એક અન્ય મિત્ર હતા અને તેમનું નામ સુન્દરલાલ હતું. તેઓ ભાવનગરમાં એક વર્તમાન પત્ર કાઢતા

હતા. અમારી ગરીબ હાલત જોઇ તે અમને પોતાને ઘેર તેડી ગયા. સુંદરલાલના ઘરમાં માણસોની સારી ભરતી હતી. તેમની એક મોટી સાળી પોતાના ૧૮ વર્ષની ઉમ્મરના એક પુત્રને લઇ ત્યાં અગ્રેજી ભણાવ્યા આવી રહી હતી સુંદરલાલની આમદાનીસારી હતી. તેમતે ઘણા ઉદાર હતા. અમે મા-દીકરી ત્યાં સુખચેનમાં રહેવા લાગ્યા. મારી બાનો મલતાવડો સ્વભાવ, અને કામની આવડત સર્વના પ્રીતિનાં પાત્ર થઇ પડયાં. સુંદરલાલને હું કાકા કહેતી. તેમનો મોટો દીકરો રમણલાલ બહુ ડાહ્યો અને કહ્યાગરો હતો. મારા ઉપર તે ઘણું હેત રાખતો હતો. સંગીતનો તેને પૂરો શોખ હતો. રોજ સાંજે સ્કૂલમાંથી આવ્યા પછી મિત્રોને જમાવી તે પેટી બજાવતો અને મોટી રાત સુધી નાટકનાં ગાયનો લલકારતો. તેની માસીનો દીકરો લીલાધર પણ ખૂબ શોખીન હતો. 'રાંડી પુત્ર શાહજાદા' જેવો તેનો ખેલ હતો. રમણલાલ કરતાં એનો સ્વભાવ તદ્દન નીરાળો હતો. પારકે પૈસે એ ખૂબ પરમાનંદ ઉડાવતો અને મિત્રોની ટોળી એકઠી કરી યથેચ્છ મહાલતો દરરોજ સાંજે એ મંડળીને ચાહ બનાવી આપવાનું કામ મને સોંપવામાં આવ્યું હતું. સ્ત્રીઓ સ્વભાવિક રીતે જેમ સંગીતપ્રિય હોય છે, તેમ હું પણ સંગીત તરફ અનુરાગવાળી હતી એ કન્સર્ટપાર્ટીને દરરોજ ચાહ બનાવી દઇ હું તે મહેનતના બદલામાં સુન્દર સુન્દર ગાયનો સાંભળતી. ધીમે ધીમે એ પાર્ટીમાં બીડી, સીગારેટ, સોડા. કોલ્ડીંક વગેરેનો પ્રવેશ થયો અને પછી અશ્લીલ સંગીત તથા અશ્રાવ્ય રસિકતા દાખલ થયાં. હું અજ્ઞાન હતી, મેં સંસાર જોયો નહોતો, એટલે સારાસારનો વિચાર હું કરી શકી નહિ. વળી માનવ હૃદયનો એક અબાધિત નિયમ છે કે તેનું

મન સારી વાત કરતાં નઠારી વાત તરફ વધારે ખેંચાય છે ધીમે ધીમે એ કન્સર્ટપાર્ટીમાં મેમ્બરોનો વધારો થવા લાગ્યો. લીલાધર મારા ઉપર બહુજ સદ્ભાવ દેખાડવા માંડયો. મારા માટે તેણે કપડાંલત્તાંનું અને બીજું પુષ્કળ ખર્ચ કરવાનું આરંભ્યું. તે મોઢાનો બહુ મીઠો છે. અને જેવી તેની વાચાલતા મોહક છે, તેવુંજ તેનું રૂપ પણ આકર્ષક છે. ક્રમે ક્રમે હું એ રૂપ તરફ ખેંચાવા લાગી. એક દિવસ તેણે મને કહ્યું– 'કોકિલા! આપણે થોડા દિવસ ક્યાંઇ બહારગામ જઇ આવીએ તો હૃદયને સંતોષ થાય, અહીં માણસોનાં સમુદાયમાં આપણાથી છૂટથી વાતચીત થઇ શકતી નથી અને હૃદયની એકતા કરી શકતી નથી.' હું તેના બોલવાનો હેતુ સમજી શકી નહિ. લીલાધરની વાતો સાંભળવામાં અને લીલાધરના સહવાસમાં રહેવામાં મને અપાર આનંદ થતો હતો; એટલે મેં તેના વિચારને અનુમોદન આપ્યું. અમે એક દિવસ પ્રયાણને માટે નક્કી કર્યો અને સંકેત પ્રમાણે પાછલી રાત્રે અમે ઘરમાંથી નીકળ્યાં. હું છેક બુદ્ધિહિના બની ગઇ હતી એટલે મેં બીજું કપડું પણ લીધું નહિ. સ્ત્રીઓ સાહસિક અને અવિચારિણી હોય છે, એમ જે ડાહ્યા પુરૂષોએ કહ્યું છે તે અક્ષરશઃ સત્ય છે. મારા જેવી બાળવિધવાને કેવું શિક્ષણ આપવું જોઇએ, અને કેવી રીતે બ્રહ્મચર્યનું પાલન કરતાં તેને શીખવવું જોઇએ; તે તરફ ઘણાં માબાપો દુર્લક્ષ કરે છે. પોતાની એકની એક દીકરી બાલવિધવા થતાં ઘણાં માબાપો તે 'બિચારી એકલી છે' એમ ગણી તેણે યથેચ્છ છૂટ આપે છે અને તેનું પરિણામ પાછળથી ઘણું ભયંકર આવે છે. મને સ્ત્રીધર્મનું કે વૈધવ્ય ધર્મનું કદીપણ શિક્ષણ મળ્યું નહોતું. મારી ગરીબ માતાએ મને કદાપણ

ઉઘડતે શબ્દે બોલાવી નહોતી. હું લાડકોડમાં ઉછરી હતી અને સમણાં તો વળી તરૂણ પુરુષોની બિભત્સ વાર્તાઓમાં અને સંગીતના સુરોમાં મારો સઘળો સમય વીતતો હતો. આવી પરિસ્થિતિમાં મૂર્ખ યુવતી એવાં પાપ પ્રલોભનથી મુગ્ધ બની કુપથમા પડે અને અમુલ્ય સતીત્વરત્નને નષ્ટ કરે; તો એમાં આશ્ચર્ય પામવાની કાંઇ આવશ્યકતા નથી. સારું શિક્ષણ મેલવવા છતાં કેટલાક યુવકો ચરિત્ર હીન બની જાય છે, તો પછી મારા જેવી અશિક્ષિતા, બાળવિધવા એ પ્રલોભનોનું સંવરણ ન કરી શકે તો એમાં શું નવાઇ છે? હું મારાં માતપિતાના કુલમાં કલંક લગાવી, રાત્રીના ગાઢ અંધકારમાં પાપથી ઘેરાએલું કાળું હૃદય લઇ ઘર બહાર નીકળી; પણ ટ્રેનમાં બેસતાંજ મને મારી કરણીનું ભાન થયું, લીલાધરની વાગ્જાળમાં ફસાઇ હું કેવું અઘોર, નિંદનીય કર્મ કરવા નીકળી છું; તેનો મને વિચાર આવ્યો અને તત્કાળ મેં મારા હૃદયમાં એક નિશ્ચય કરી લીધો. સ્ટેશને ઉતર્યા પછી એ નિશ્ચયને વળગી રહી મેં લીલાધરનો તિરસ્કાર કર્યો, પરંતુ મારૂં ભાગ્ય મને રામનાથ ગોરદ્વારા પાછું તેની પાસે ધસડી ગયું. આ શ્યામા એ ગોરને ત્યાં રસોયણ છે. કોઇક વિશિષ્ટ કારણથી આજે રામનાથ અને શ્યામ લડી પડયાં અને મને એ ભયાનક સ્થળની માહિતી મળી ગઇ. શ્યામાને કાલાવાલા કરતાં તેણે મારો એ નરકમાંથી ઉદ્ધાર તો કર્યો; પણ મારા ભયંકર ભાગ્યાકાશમાં દુઃખનુંજ નિર્માણ થએલું હોવાથી અહીંપણ એજ પીડા આવીને મારી સામે ઉભી રહી. જો આજે તમે વખતસર ન આવી પહોંચ્યા હોત; તો જરૂર મારી જીંદગીને કલંકનો ડાઘ લાગી જાત; પણ ભગવાન રણછોડરાયે આજ મારી રક્ષા કરી છે. આટલું કહેતાં કહેતાં મારી આંખો આંસુથી ભરાઇ આવી.

પોલીસને નાયક દયાળુ હતો, તેણે મારી ઉપર અત્યાચાર કરવા આ-વેલા શ્યામાના સહચરને બે તમાચા મારી ખૂબ તિરસ્કાર કરી મકાન બહાર કાઢી મૂક્યો. તેને બહાર જતો જોઈ શ્યામા દાદર ઉતરવા લાગી; પણ નાયકે તેનો હાથ પકડી અટકાવી રાખી અને કહ્યું–" તું કયાં જાયછે ? તને અમે છોડીશું નહિ. ચાલ, રામનાથ ગોરનું ઘર બતાવ. ત્યાં ગયા પછી તારા સંબંધમાં જે શિક્ષા કરવા જેવી હશે તે કરીશું.' તત્કાળ અમે એ મકાન છોડી આગળ ચાલ્યાં. બેદિવસના ઉપવાસ અને ઉજાગરાથી મારૂં શરીર બિલકુલ સુસ્ત બની ગયું હતું; છતાં સૌની સાથે હુંપણ ચાલી.

કેટલીક ગલીઓ વટાવ્યા પછી રામનાથ ગોરના ઘર આગળ અમે આવી પહોંચ્યાં. પોલીસ લોકોના બોલાવવાથી ગોરે આવીને બા-રણું ઉઘાડયું. સિપાઈઓ સાથે મને અને શ્યામાને જોઇને તેના હોશ ઉડી ગયા. તેણે નાયકને સલામ કરીને કહ્યુ–" સાહેબ ! આટલી મોડી રાત્રે આપ આ ગરીબને ઘેર કેમ પધાર્યા છો ?'

નાયકે પૂછયું–" તમારા ઘરમાં આ છોકરી હતી ?"

"જી હા, આ છોકરી સ્ટેશન ઉપર એકલી ઉભી હતી. હું તેને નિરાધાર સમજી મારે ઘેર લાવ્યો હતો. સાહેબ ! આ છોકરી બહુ લુચ્ચી છે રણછોડરાયનાં દર્શન કરવાને બહાને રસ્તામાં પોતાના યારની સાથે કયાંઇક નાસી ગઇ હતી !'

"બસ કરો, તે બધું અમે જાણીએ છીએ. આ તમારા ઘરની રસોયણ કેવી છે ? તમારા ત્રીજા મજલા ઉપર જે પુરુષ છે, તેને બોલાવો. આજ તમને; આ તમારી રસોયણને અને એ પુરુષને અમે સારી રીતે સુધારી દઈશું !"

રામનાથ ગદ્‌ગદ્ સ્વરે બોલ્યો-'. દયા કરો, દયા કરો, ધર્માવ-તાર ! હું કાંઇ નથી જાણતો. મારો કાંઈ અપરાધ નથી. હું ગરીબ બ્રાહ્મણ છું." પણ પોલીસનાં માણસોએ એ વાત કબુલ રાખી નહિ. આખરે રામનાથને ઉપર જઇ લીલાધરને બોલાવી લાવવાની ફરજ પડી. લીલાધર ભયથી કંપવા લાગ્યો. શું થયું છે ? કેમ મને જગાડયો ? વગેરે પૂછવા મંડયો. રામનાથે કહ્યું-" તમે સારા માણસ જણાઓ છો; તોપછી આ છોકરી કોની કયાંથી ઉપાડી લાવ્યા છો ? તમારા જેવા યજમાનને તો નમસ્કાર કરવા જોઇએ મને ગરીબ બ્રાહ્મણને ફસાવી દીધો. ચાલો જલદી. પોલિસના નાયક સાથે એ કોકિલા પણ આવી છે અને મામલો ઘણો ગંભીર બન્યો છે.'

ત્યારે તો હું તમારે પગે પડું છું, મને બચાવો, તમે જે કહેશો તે આપીશ; પણ મારી આબરૂનું રક્ષણ કરો. લીલાધરે હતાશ થઇ કહ્યું. રામનાથ બોલ્યો-" અરે ભાઇ ! પ્રથમ હું તો બચું, પછી તમને બચાવીશ. અહીંના નાયક બીજા પોલિસો જેવા નથી કે પૈસાની લાલચમાં લપટાઇ જાય ! એમના હાથમાંથી છૂટવું બહુ મુશ્કેલ છે. નીચે આવીને એમના પગમાં પડવાથી કદાચ દયા આવશે તો છોડી મૂકશે. "

લીલાધર કદી આવી વિપત્તિમાં પડયો નહોતો. ભાવનગર હોત તો તેને અનેક માણસોની મદદ મળત; પણ અહીં ડાકોરમાં કોણ તેને મદદ કરે ? એના પગ ધ્રુજવા લાગ્યા. તેણે કાતર સ્વરથી સઘળી હકીકત કહી દીધી. નાયકે તે સાંભળીને કહ્યું:-' જે થવાનું હતું તે થઇ ગયું છે. કોકિલાની એક સામાન્ય ભૂલનું આ બધું પરિણામ છે. એ ભૂલનું પ્રાયશ્ચિત્ત તેને મળી ચૂકયું છે. તમારે આજે રાત્રેજ ભાવનગર પાછા ચાલ્યા જવું, આ મામલો કોર્ટમાં લઇ

જઇને કોકિલાને કોર્ટમાં ઉભી રાખવી ઠીક નથી. રામનાથ ! તમારે આવો ધંધો ચલાવવો ઉચિત નથી. આ શ્યામા બહુ ખરાબ સ્ત્રી છે. તેને પુરેપુરી શિક્ષા કરાવવી જોઇએ.'

શ્યામા હાથ જોડી ભયથી રડવા લાગી. તેણે ગદ્‌ગદ્‌ સ્વરે નાયકની માફી માગી અને છૂટકારાનો રસ્તો મેળવ્યો. મને પણ ભાવનગર જવા એ ભલા અધિકારીઓએ સલાહ આપી; પણ મે તેમને કહ્યું કે–' હું હવે શું મોઢું લઇને ત્યાં જાઉં ? મારી માતા મને ઘરમાં રાખશે નહિ. મારા માટે હવે બીજું કોઈ પણ સ્થાન નથી. હું અહીંજ ભગવાન્ રણછોડરાયના ચરણ શરણમાં રહીને મારા આયુષ્યના દિવસો પુરા કરીશ !' મારા માટે એ નાયકે તત્કાળ એક પ્રતિષ્ઠિત કુલીન બ્રાહ્મણનું ઘર પસંદ કર્યું અને ત્યાં દાસી તરીકે રહેવાની મને ગોઠવણ કરી આપી.

એ બ્રાહ્મણનું નામ હરિમોહન હતું. તેઓ નડીઆદના વતની હતા; પણ વૃદ્ધાવસ્થાને લીધે સરકારી નોકરીમાંથી પેન્શન લઇ સપત્નીક ડાકોરવાસ કરવા રહ્યા હતા. તેમણે ઘરનો બધો ભાર પુત્રને સોંપી દીધો હતો. તેમને માસિક સો રૂપિયા પેન્શન મળતું હતું. તેમણે યુવાન્ અવસ્થામાં સારી સંપત્તિ એકઠી કરી હતી; એટલે વૃદ્ધાવસ્થામાં નિશ્ચંતપણે પ્રભુભજનનો વ્યવસાય આરંભી દીધો હતો. તેઓ બહુ ભલા અને માયાળુ સદ્‌ગૃહસ્થ હતા. ગરીબ લોકોને છૂટે હાથે તેઓ દાન આપતા હતા. મને આશ્રય આપવામાં તેમણે જરા પણ સંકોચ કર્યો નહિ; પરંતુ તેમનાં પત્ની શ્રી તેથી પ્રસન્ન થયાં નહિ. હું મુંગે મોઢે દાસીનું કામ કરવા લાગી. વીસ વીસ કલાક મેં ઘરના કામમાં વીતાડવા માંડયા. મારા જેવી આશ્ર-

ચહીના વિધવા યુવતીને આવો આશ્રય પણ કેટલો સુન્દર લાગ્યો હશે તે વાચકોએજ વિચારી લેવું. પરિચારિકાનું કામ મેળવીને પણ હું કૃતાર્થ થઈ! સ્ત્રીહૃદયનો મદિરા સમાન મોહ કેવું વિલક્ષણ પરિણામ નીપજાવે છે!!

મેં એ બ્રાહ્મણના આશ્રયમાં એક વર્ષ વીતાડયું. દુ:ખથી દાસીવૃત્તિ કરી જીવનના બાર મહિના પુરા કર્યા; પણ ભગવાને મારા ભાગ્યમાં સુખ લખ્યું નહોતું. જો સુખ લખ્યું હોત તો બાલ્યાવસ્થામાં શા માટે વિધવા થાત? મારા પિતા શા માટે કેદમાં પડત? હું ઘર છોડીને શા માટે બહાર નીકળત? લીલાધરના ક્ષણિક મોહમાં પડી માતાનો પવિત્ર આશ્રય શામાટે છોડી દેત? મારી બુદ્ધિમાં એવો વિલક્ષણ ફેરફાર શામાટે થાત? અને મારી પવિત્રતાના રક્ષણ માટે હંમેશ શા માટે મને ચિંતા રહ્યા કરત? મારા હૃદયમાં જે પાપનો સંચાર થયો હતો, તેનેજ પરિણામે મારી એ અધોગતિ થઇ હતી. એક વિધવા તરીકેનો મારો એ અપરાધ અમાર્જનીય હતો. એ અપરાધના પ્રાયશ્ચિત રૂપે મેં એ કઠોર દંડ ભોગવવાનું શરૂ કર્યું હતું અને જીવનના અંત સુધી તે ભોગવવાનો નિશ્ચય કર્યો હતો. મારા મનમાં એક સામાન્ય પાપનો ઉદય થયો હતો અને વાસનાની એક ન્હાની ચિનગારી સળગી હતી; પણ તેને પરિણામે હું રાતદિવસ ચિંતાના તુષાનલમાં બળતી હતી. ક્ષણિક મોહની ઉત્તેજનામાં પડીને પરપુરુષ સાથે સંકેત કરી ગૃહત્યાગ કરવો એ હિન્દુ વિધવાને માટે અક્ષમ્ય અપરાધ છે! મહા પાપ છે!! એ પાપનું પ્રાયશ્ચિત્ત શું અલ્પ હોઇ શકે? મારા નસીબમાં હજુ પણ કાંઇક વધારે ભોગવવાનું બાકી હતું! હું જે પેન્શનર ગૃહસ્થને ઘેર

રહેતી હતી, તેમણે ત્રણજ દિવસના મંદવાડમાં સ્વર્ગવાસ કર્યો. તેમનો મોટો પુત્ર ત્યાં શ્રાદ્ધાદિક ક્રિયા કરવા આવી પહોંચ્યો. દ્વાદશાહ, ત્રયોદશાહ વગેરે થઇ ગયા પછી એક બે દિવસ રહી તે પોતાને ગામ જનાર હતો; પણ તે પહેલાંજ મારા રૂપની જ્વાળાએ તેને ઉન્મત્ત બનાવ્યો. એ ઘણો વિલાસી અને અયશઆરામી હતો. શરાબ પીવાની તેને બુરી આદત હતી. હું તેનાં આચરણ જોઇ ડરવા લાગી. પણ મારે બીજે કોઇપણ સ્થળે જવાનું સ્થાન નહોતું; એટલે મુંગે મોઢે તેના અત્યાચાર સહન કરવાની ફરજ પડી. તેણે ભિન્ન ભિન્ન પ્રકારની ચેષ્ટાઓથી મને સતાવવા માંડી. મારે કેટલાં પ્રલોભનોની સામે સંગ્રામ કરવો પડયો, મનની થોડી ચંચળતા—થોડી ભૂલને પરિણામે કેટલા જુલમ સહન કરવા પડયા; તેનું સંપૂર્ણ વિવરણ હું આપી શકતી નથી. મારા જેવી વિધવા યુવતીએ એવા પ્રકારનું નગ્નચિત્ર–બિભત્સ દૃશ્ય દેખાડવું ઉચિત નથી. ટુંકામાં એટલુંજ કહેવું યોગ્ય છે કે જે દિવસ તેણે મારી ઉપર બળાત્કારનો પ્રયોગ કર્યો; તે દિવસ મધરાતને વખતે એ દુષ્ટને એક તમાચો લગાવી હું ઘોર અંધકારમાં એકલી એકજ કપડાભેર એ ઘર છોડીને નીકળી પડી.

મારે હવે બીજે કયાં જવાનું હતું? હું સીધી ગોમતીતટ ઉપર ગઇ. મારા જેવી અભાગિની, પરિત્યકતા, કુળકલંકિની પતિત પ્રમદાને માટે એ પતિતોદ્ધારિણી, કલુષનાશિની ગોમતી મૈયાજ એક અંતિમ આશ્રય રૂપ હતી. મેં આ દુનિયાના સઘળા અત્યાચારો અને સંતાપોથી છૂટવા સારૂ એ નિષ્કલંક, નિર્મળ જળરાશિમાં ઝંપલાવ્યું. સઘળા પાપના પરિતાપને ધોઇ નાંખવાનું મને બીજું એવું ઉત્તમ સ્થળ કયાં મળે તેમ હતું? સઘળી માનસિક

વેદનાઓ દુર કરી, ભગવાન રણછોડરાયનું નામ લઇ મારા ચિર પ્રાયશ્ચિતને માટે મેં એ જળમાં પડતું મુકયું. ઘાટ ઉપર એ વખતે કોઇ મનુષ્ય નહોતું; એટલે મને કાંઇ બાધા નડી નહિ. સહસા મારા દુર્ભાગ્ય દેહ ઉપર પવિત્ર પાણી ફરી વળ્યું અને હું મને સર્વ રીતે મુક્ત થએલી માની સુખિની થઈ.

પણ મારા ભાગ્યમાં સુખ કયાં હતું? અનાથ હિન્દુ વિધવા ઉપર મોતપણ દયા કરતું નથી! આઠ દિવસે જ્યારે મારી આંખ ઉઘડી ત્યારે હું એક સંન્યાસીઓના આશ્રમમાં શય્યા ઉપર સુતેલી છું; એવું મને ભાન થયું. મારી આસપાસ ભગવી ચીંથરી વાળા આઠદશ સાધુઓ બેઠા હતા. એ સાધુઓમાં એક મહંત હતો, તેની ઉમ્મર ચાળીશેક વર્ષની હતી. બીજા સાધુઓ તેના ચેલાઓ હતા. આઠ દિવસ પછી મારો તાવ મોળો પડયો; પણ અશક્તિ હજુ જેવી ને તેવી હતી. એક સંન્યાસી ચોવીસે કલાક મારી પાસે બેસી રહી મારી સેવા કર્યા કરતો હતો. તેનું નામ આત્માનંદ હતું. તેની ઉમ્મર ૨૨-૨૩ વર્ષની હતી. તે પ્રભુનો પૂર્ણ અનુગામી હતો. આશ્રમમાં જેટલા સાધુઓ હતા, તેમાં આત્માનંદ મોટો ધર્માત્મા હતો. તે બીજા સાધુઓની પેઠે ગાંજો-ચલમ પીતો નહોતો. હંમેશાં વેદાંતનો પાઠ કરવામાં તે પોતાનો સમય ગાળતો હતો. હું જ્યારે જ્યારે આંખ ઉઘાડીને જોતી હતી, ત્યારે ત્યારે આત્માનંદ મારી પાસે જુદા આસન ઉપર બેઠેલો જણાતો હતો. ધીમે ધીમે મારામાં શક્તિનો સંચાર થવા લાગ્યો. મને મહંતે આવીને કહ્યું કે-' તું હવે સંસારમાં પ્રસાદેશ નહિ. અમે તને દિક્ષા આપીશું. તું આ આશ્રમમાંજ રહેજે.' એક દિવસ આત્માનંદ મારી પાસે આવીને કહેવા

લાગ્યો–'બાઈ! તું હવે સારી થઇ ગઈ છે. તારે હવે તારા ભવિષ્યનો રસ્તો શોધી લેવો જોઇએ. હું લગભગ એક માસથી તારી સેવા કરૂં છું. તારી પ્રાણરક્ષામાં મેં આટલા દિવસ વીતાડ્યા છે. તારા શ્રેયને માટે હું તને કહું છું કે તારે આ આશ્રમમાં રહેવું યોગ્ય નથી. આ સ્થાન તારા જેવી બાળવિધવાને માટે ભયંકર છે. સાધુના રૂપમાં સર્વ શયતાનો અહીં વસે છે. હું એમનાં કુકર્મથી કંટાળી ચાલ્યો જવાનો હતો; પણ તું અસ્વસ્થ થઇને મરણની હાલતમાં અહીં આવી, તેથી તારી સારવાર કરવા રોકાઇ ગયો. પ્રભુ કૃપાએ તને આરામ થયો છે; પણ તું અહીં રહી પાપની ગર્તામાં પડે એ મને ઠીક લાગતું નથી. અમારા સંન્યાસીદલમાં ચોર, લંપટ, અસાધુ અને દુષ્ટ માણસો એટલા બધા છે કે તેનું વર્ણન હું કરી શકતો નથી. પરમહંસ, સ્વામી, સરસ્વતી વગેરે નામો ધારણ કરી લોકો ઉપર પોતાનું પ્રભુત્વ નાંખે છે અને અહંકારનો આડંબર બતાવી પાછળથી દુનિયાને ઠગે છે. તારી પણ એજ દશા થવાની છે. જો તારા નારીધર્મની તારે રક્ષા કરવી હોય તો અહીંથી બીજે કોઇપણ સ્થળે ચાલ્યા જવું ઉચિત છે!'

હું બહુ દુઃખિની હતી. મને આત્માનંદનો ઉપદેશ રૂચ્યો નહિ. સંસારમાં મારે માટે કોઈ સ્થાન નહોતું. હું ત્યાંથી ક્યાં જાઉં? મેં તેને કહ્યું–'ક્ષમા કરો, હું અહીંજ રહેવા ઇચ્છું છું. મારા ભાગ્યમાં જે લખ્યું હશે તે થશે.' આત્માનંદ બીજે દિવસે ચાલ્યો ગયો. તેના ગયા પછી બે ત્રણ દિવસ તો મને કોઇએ કાંઇ કહ્યું નહિ; પરંતુ તે પછી એ દુષ્ટ મહંતે પોતાનું પોત પ્રકાશવા માંડ્યું. મને આત્માનંદના ભાખેલા ભવિષ્યની પ્રતિતિ થવા લાગી. લોકો

બદમાશોના હાથમાંથી પોતાનું રક્ષણ કરી શકે છે; પરંતુ સાધુઓના હાથમાંથી તેઓ બચી શકતા નથી. ભગવાં વસ્ત્ર, સફેદ ભસ્મ, લાંબું તિલક અને મોટી જટા વગેરે કૃત્રિમ સાધનોથી તેઓ જે પ્રપંચની જાળ પાથરે છે, તે મોટા અભેદ્ય દુર્ગ જેવી હોય છે. મારા મનમાં ભયનો સંચાર થવા લાગ્યો. એક દિવસ સાયંકાળે હું મારા આસન ઉપર બેઠી હતી, ત્યાં તે મહંતે આવી પૂછ્યું–'કોકિલા! મારી પાસેથી મંત્રદિક્ષા ક્યારે લઈશ?'

મેં કહ્યું–'ભગવાન્ રણછોડરાયે મને મંત્રનું દાન કર્યું છે. મારે બીજા મંત્રની જરૂર નથી. તમારાં આચરણ મને સારાં લાગતાં નથી; માટે કૃપા કરી મને એકાંતમાં મળવાનું બંધ કરશો.'

મારા એ શબ્દોથી તે ગુસ્સે થઈ બોલ્યો–'સાવધાન! તું કોની સાથે વાત કરે છે? મોઢું સંભાળીને બોલ. તારૂં અહીં કોઈ નથી.'

'મારૂં અહીં કોઈ નથી તો એક પ્રભુ તો છેજ. તારા જેવા લંપટ, વેશધારી સાધુનો મને જરા પણ ડર નથી!'

તે મારા મોઢા સામે ક્રોધ અને મોહથી જોવા લાગ્યો. તેનો ઇરાદો મારી ઉપર બળાત્કાર કરવાનો હોય એમ લાગ્યું. મારૂં હૃદય ભયથી ધડકવા લાગ્યું. હું સાહસ કરી એકદમ એ આશ્રમ બહાર નીકળી પડી. મહંત આંખો ફાડી જોતોજ રહ્યો. રાત અંધારી હતી. મારા જેવી અનાથ વિધવાને માટે ડાકોરમાં કોઇ નિર્ભય સ્થાન નહોતું. મારૂં હૃદય રડવા લાગ્યું. હું ફરી આપઘાત કરવા ગોમતી તટભણી ચાલી. એક દુકાનના ઓટલા ઉપર આત્માનંદને બેઠેલો મેં જોયો. મને તેણે બોલાવી, પરંતુ તે પણ એક સાધુ

હતો. મહંતના જેવાં દુરાચરણો તેનામાં નહિ હોય એની શી ખાત્રી ! હું કાંઇક ભયશંકિતા થઇ. મારા હૃદયનો ભાવ તે સમજી ગયો હોય એમ જણાયું. તે મધુર સ્વરે બોલ્યો–'કોકિલા ! દૂધથી દાઝેલાં છાશ ફુંકીને પીએ છે અને સર્પથી ભય પામેલાં રજ્જુથી ડરે છે; પણ સૌ માણસો એક સરખાં હોતાં નથી. સઘળી વિધવાઓ જેમ તારા જેવી આદર્શ નથી હોતી, તેમ સઘળા સાધુઓ મહંત જેવા લંપટ પણ નથી હોતા ! કોકિલા ! તારે હવે ભાવનગર જવું જોઇએ. તેં પાપ કર્યું નથી. પરમેશ્વરે તારૂં ચરિત્ર ભ્રષ્ટ કરી તને નીચે પડવા દીધી નથી. અણસમજમાં તેં એક ભૂલ કરી હતી, તેનું પ્રાયશ્ચિત તું ભોગવી ચૂકી છે. પશ્ચાત્તાપના પુનિત જળથી તારાં સઘળાં પાપ ધોવાઈ ગયાં છે–તું નિષ્કલંક છે. હિન્દુ વિધવાનું શું કર્તવ્ય છે તે તું સમજી ગઇ છે. તુચ્છ લાલસાઓને મનમાં સ્થાન આપવાથી કેટલીકષ્ટ પરંપરા ઉભી થાય છે, તેનો તને સારો અનુભવ થઇ ગયો છે. તારા સદ્‌ભાગ્યથીજ તું વ્યભિચારના કલંકથી બચી ગઇ છે. હવે તારે તારી માતાને મળી આયુષ્યના દિવસો ત્યાંજ પૂરા કરવા જોઇએ.'

'પણ હું ત્યાં શું મોઢું લઇને જાઉં ? હું વિધવા છું. મારી માતાની પાસેથી મધરાત વખતે નીકળી આવેલી છું. મેં આવું કલંકિત સાહસ કર્યું છે. જો કે ઘર છોડતાંજ મારી ભૂલ મને સમજાઇ છે અને તેથી હું ભયંકર પાપમાંથી બચી છું; પણ મારાં સ્વજનો મારા માટે શું ધારતાં હશે ? કુટુંબમાં મારી માતાની કુખ વગોવાતી હશે અને મારા નામ ઉપર લોકો થુંકતા હશે. ભાવનગરમાં પુનઃ નહિ જવાના નિશ્ચયથીજ હું ગોમતીજીમાં ડૂબીને મરી

ગઇ હતી; પણ મારા અભાગિનીના નસિબમાં મૃત્યુનું સુખ પણ નહોતું! ડૂબી મરવા છતાં મારા પ્રાણ નીકળ્યા નહિ અને ફરીને હું શિયળની કસોટીએ ચડી.'

'અને તેથીજ તારી કિંમત બમણી વધી. તેં મોટી ભૂલ કરી હતી; પરંતુ તેની સજા પણ મોટી ભોગવી છે. તારી માતા તને રાત દિવસ યાદ કરે છે. પુત્રી કુમાર્ગમાં ગઇ હોય, તેણે પોતાનો ધર્મ નષ્ટ કર્યો હોય; છતાં માતાનું હૃદય તેનો અસ્વીકાર કરવા જેટલું કઠોર થઇ શકતું નથી! તારી સઘળી વાત હું જાણું છું. તેં તારા સતિત્વના રક્ષણને માટે જે કષ્ટ વેઠયું છે; તેવું કષ્ટ બીજી થોડીજ સ્ત્રીઓ વેઠે છે! તું બિલકુલ ચિંતા કરીશ નહિ. તારી માતા તારા માટે હંમેશ રડયા કરે છે. તે તારી સઘળી વાત સાંભળીને તારો અવશ્ય સ્વીકાર કરશે. તેં કાંઇ અપરાધ કર્યો નથી. તું કુમાર્ગમાં ગઈ નથી. તેં તારા સધર્મની રક્ષા કરી છે અને એક નજીવી ભુલનું કઠોર પ્રાયશ્ચિત્ત પણ કર્યું છે!''

'પરંતુ એકવાર પરપુરુષ સાથે નીકળી આવ્યા પછી ઘેર શું મોઢું લઇને જવું? મારા શિયળસંરક્ષણની વાત ત્યાં કોણ માનશે? હું કોઇપણ રીતે ત્યાં જઈ શકીશ નહિ. મને અહીંજ મરવા દો. હું શર્મની મારી સ્વજનોનાં મોઢાં સામે નહિ જોઈ શકું! હું તેમને છોડીને નાસી આવેલી છું. તેઓ મારૂં કલંકિત વદન જોશે નહિ. તમને મારી કાંઇ પણ દયા હોય તો મને સુખેથી મરવા દો.''

'પણ કોકિલા! આપઘાત મહાપાપ છે. આ જન્મમાં એવું પાપ વહોરી બીજા જન્મનું સુખ શા સારૂ ગુમાવે છે? હું તારી સાથે આવીશ. તારા કલંકનો ત્યાં બચાવ કરીશ.'

' હું ભીખારણ છું. મારી પાસે એક પાઇ પણ નથી. ભાવનગર શી રીતે પહોચવું ?'

' તેની ચિંતા તું બિલકુલ કરીશ નહિ. ટ્રેનભાડાનો સઘળો બંદોબસ્ત હું કરી લઇશ.'

બીજો એકેય ઇલાજ નહિ હોવાથી નિરૂપાયે હું આત્માનંદ સાથે જવા તૈયાર થઇ. અમે સ્ટેશને આવી ટ્રેનમાં બેઠાં અને નિયત સમયે ભાવનગર આવી પહોચ્યાં. ઘર આગળ જતાં મારા પગ અહુજ ધ્રુજવા લાગ્યા. મારા પિતા જેલમાંથી છૂટીને આવ્યા હતા અને તેઓ રાતદિવસ મારી ઝંખના કર્યા કરતા હતા; પણ મારી માતાના સ્વભાવમાં આત્માનંદના કહેવા પ્રમાણે મૃદુતા આવી નહોતી. મારા આગમનની વાત સાંભળી તે કહેવા લાગી–' મારે કોકિલા નામની કોઇ પુત્રીજ નથી. જે વિધવા હોવા છતાં ધર્મની રક્ષા કરી શકે નહિ, જે ચોરની પેઠે મધરાત વખતે ઘરમાંથી નાસી જાય. અને જે કુળને કલંક લગાવે–તે કદી મારી પુત્રી હોઇ શકે નહિ. મારી કોકિલા તો બે વર્ષ પહેલાં મરી ગઇ છે !'

' ના, કોકિલા હજુ મરી ગઇ નથી, આજ તે મરવા માટે આવી છે. હું આજ તેને આ સ્મશાનમાં લાવ્યો છું.' એમ કહેતાં કહેતાં આત્માનંદે પોતાનો વેશ ઉતારીને દૂર ફેંકી દીધો. અહા, કેવું આશ્ચર્ય ! આત્માનંદ બીજો કોઇજ નહિ, પણ સુન્દરલાલ કાકાનો રમણુજ હતો. બાળસ્નેહની ખૂબી ન્યારી છે. મારા ગુમ થયા પછી તેણે મારો શોધ કરવા સાધુનો સ્વાંગ લીધો હતો અને

તેમાં તે આ પ્રમાણે વિજયા થયો હતો. ઘરમાં એકાએક સૌ માણસો એકઠાં થઈ ગયાં. રમણે સઘળી વાર્તા સહુને વિસ્તારથી કહી સંભળાવી. મારા પિતાએ મને જોઇ કપાળ ઉપર હાથ મૂક્યો અને પોતાની કરણીને વાસ્તે પશ્ચાત્તાપનાં આંસુ પાડયાં. મારી માતાએ મને ગોદમાં ઘાલી અને પોતાની અસાવધતાને માટે ખેદ કર્યો. થયું મારી કર્મકથા આ પ્રમાણે પૂરી થઇ. કઠોર વૈધવ્યના મારા બાકીના દિવસો હું શી રીતે પૂરા કરૂં છું એ કહેવાની હવે જરૂર નથી. ઘરમાં અને સ્વજનમાં હું જે આદર પામું છું. તે બીજી વિધવાઓ નથી પામતી; પણ મેં એને માટે ઓછું સહ્યું નથી. મારા હાથે ભૂલ થઈ હતી ખરી; પણ શું એ ભૂલને માટે હું એકલીજ જવાબદાર છું? મારા પિતાએ જુગારના છંદમાં પડી મારૂં વૃદ્ધ પતિ સાથે વેચાણ કર્યું નહોત, મને બાળપણમાં મારી માતાએ ધર્મ–નીતિનું શિક્ષણ આપ્યું હોત અને તરૂણ યુવકોના સહવાસમાં આવવાની તક ન આપી હોત તો શું મારાથી એવી ભૂલ થઇ શકત? અમને વિધવાઓને સંસારમાં અનેક પ્રલોભનો નડે છે. જગતની દૃષ્ટિએ હું દોષિત ઠરી હતી, અઘોર પાતકી બની હતી; પણ મારી વિવેક દૃષ્ટિને હું નિષ્કલંક લાગતી હતી. જગન્નિયંતા મારૂં એ કૃત્ય દયાની નજરે જોશે એવો મને વિશ્વાસ હતો, પૂર્વનાં પુણ્યસંચયથી હું પાપ પ્રવૃત્તિમાં પડી નહોતી અને હવે તો અનુભવથી મારૂં જીવન ઘડાઇ ગયું છે. મારી આર્ય બ્હેનોને હું એટલીજ પ્રાર્થના કરૂં છું કે ઇશ્વરી યોગથી સારા, માઠા જે જે પ્રસંગો આવે તે દરેકમાં મનને વશ રાખી વિવેક દૃષ્ટિથી પગલું ભરજો અને તમારા ઉચ્ચ સતિત્વથી ઉભય કુળને દીપાવજો. મને મારા ભાગ્યમાં જે અનુભવ થયો

છે, તેજ અહીં મેં પ્રકટ કર્યો છે. તેમાં અતિશયોક્તિ અંશ બિલકુલ નથી. મારી થએલી ભૂલને પશ્ચાતાપના પાણીથી ધોઇ નાંખી હું વધારે શુદ્ધ થવા મથું છું અને આ દેશની વિધવાઓને ઇશ્વર સદ્બુદ્ધિ આપે એવા એ દયાધનને પ્રાર્થના કરૂં છું. **અસ્તુ.**

૨૪ મુક્તાગૌરીની આત્મકથા.

ગુજરાત પ્રાંતમાં આનંદપુર નામના નાના ગામડામાં એક બ્રાહ્મણને ઘેર હું જન્મી હતી. મારા પિતાનો ધંધો ગોરપણાનો હતો. એ ગામમાં તથા તેની આસપાસનાં ગામડાંઓમાં મારા પિતાના એટલા ય માન હતા કે કોઈ વાતની ખામિ નહોતી. અમારો નિર્વાહ એથી સારી રીતે થયા કરતો હતો. જો કે અમે બહુ મોટાં શ્રીમંત તો નહોતાં; પરંતુ છેક નિર્ધન પણ નહોતાં. અમારે રહેવા માટે જેમ નાનીશી ઓરડી નહોતી; તેમ બહુ મોટો બંગલો પણ નહોતો. જે ઘરમાં મારાં માતા-પિતા રહેતાં હતાં તે એક સાધારણ સુંદર મકાન હતું. ઘરમાં ગાયો વગેરે બેચાર ઢોર હતાં. બહાર ખેતર-વાડીની જમીન પણ હતી. હું મારા પિતાને એકની એક પુત્રી હતી, તેથી પિતાજીની જે કાંઈ સંપત્તિ હતી, તેની હું જ એક અધિકારિણી હતી; પરંતુ જે જેના ભાગ્યમાં હોય છે, તેજ થયા કરે છે. ખરૂં છે કે લલાટમાં લખ્યું હોય તે કોઈ મિથ્યા કરતું નથી. નામ તો મારૂં મુક્તાગૌરી હતું; પણ મારા માતપિતા લાડમાં અને કાત્યાયની કહી બોલાવતાં હતાં.

જ્યારે મારી નવ વર્ષની ઉમ્મર થઇ ત્યારે સમાજપ્રથા પ્રમાણે મારા પિતાજીએ મારૂં લગ્ન તો કરી દીધું; પરંતુ મારા ભાગ્યમાં તેનું કાંઇ પણ સુખ લખાએલું નહોતું, તેથી એક વર્ષની

અંદરજ હું વિધવા થઇ ગઇ. મારા સાસરામાં જે કાંઇ રડવા કૂટવાનું થયું હશે, તે તો હું નથી જાણતી; પણ મારા પિતા તો રડીને છાતી કૂટતા બેહોશ બની ગયા હતા ! માતા વારંવાર મને પોતાના હૃદય સાથે લગાવતી અને પોતાની છાતી કુટી પછાડો ખાતી વળી ભિન્ન ભિન્ન પ્રકારના કરૂણામય શબ્દોથી તે વિલાપ કરતી; હતી કે જેનાથી સાંભળનારાઓનાં હૃદય પણ દ્રવી જતાં હતાં. હું માને રોતી જોઇ રડતી હતી; પરંતુ એ નહોતી જાણતી કે હું શા માટે રડું છું ! મને મારા પતિનું કાંઈ પણ ધ્યાન નહોતું; કેમકે હું એ પણ નહોતી જાણતી કે પતિની સાથે મારો શો સંબંધ હતો. ! !

ત્રણ ચાર વર્ષ એ પ્રમાણે વીતી ગયાં. કાળના પ્રવાહને વહેતાં શી વાર લાગે ? ગુજરાતનો રિવાજ છે કે વિધવા સ્ત્રીઓ આખા દિવસમાં એકજ વખત જમે છે. ઘી-દૂધ જેવા પૌષ્ટિક પદાર્થો તે ખાતી નથી, સારી સારી કિનારીવાળી સાડીઓ તે પહેરતી નથી, માથા ઉપર વાળ રાખતી અને કોઇ રીતે શરીરને શણગારતી નથી. એકાદશીનો નિર્જલ ઉપવાસ તેને કરવો પડે છે અને અનેક રીતે દેહદમનના પ્રયોગ સાધવા પડે છે. મારાં માતા પિતાને હું ખોટની હોવાથી મારે એવો રંડાપો ગાળવો પડયો નહિ- જે રીતે હું કુમારિકા અવસ્થામાં તથા પરિણિતાવસ્થામાં રહેતી હતી, તેજ રીતે હું વિધવા થવા છતાં માતા મને રાખતી હતી અને આડોશીપાડોશીની સ્ત્રીઓને સંભળાવવા માટે તે કહ્યા કરતી હતી કે હજુ મારી દીકરીને દૂધના દાંત પણ પડયા નથી ! તેણે સંસારનું હજુ શું સુખ જોયું છે ? નથી કાંઇ ખાધું પીધું, નથી

કાંઈ પહેર્યું ઓઢયું જ્યાંસુધી હું જીવું છું ત્યાંસુધી તો ખાય-પહેરે પછી જે એના ભાગ્યમાં લખ્યું હશે તે ભોગવશે !

પરંતુ જેમ જેમ મારી ઉમ્મર વધવા લાગી અને જેમ જેમ હૃદયચક્ષુ ઉઘડવા લાગ્યા; તેમ તેમ હું સૌભાગ્યવતી સ્ત્રીઓ પ્રમાણે પહેરવા ઓઢવાનું છોડીને વિધવાનો વેષ ધારણ કરવા લાગી. દિવસ દિવસે બીજના ચંદ્રમા પ્રમાણે મારૂં યૌવન વધતું જતું હતું. પડોશના સ્ત્રીઓ એ જોઇને ઇર્ષ્યાની નજર કરતી હતી; અને વૃદ્ધાઓ કરૂણાની દૃષ્ટિથી મારી અવસ્થા ઉપર ખેદ કરતી હતી. જ્યારે હું ઘરથી બહાર નીકળતી હતી, ત્યારે શું પુરુષો કે શું સ્ત્રીઓ સર્વ કોઈ ચકિત થઇ મારી તરફ જોયા કરતાં હતાં. કોઇ કહેતું હતું કે આવી સુંદર સ્ત્રી આખા ગુજરાતમાં કોઈ નથી ! પરંતુ હું મારા મનમાં વિચાર કરતી કે શું હું ખરેખર એટલી બધી સુંદર છું ? દેશમાં ન જાણે મારાથી કેટલીએ સુંદર યુવતીઓ પડી હશે; પરંતુ જ્યારે મારી બાર વર્ષની ઉમ્મર થઇ, જ્યારે મારા અંગમાંથી યૌવનની છટા ફુટી નીકળવા લાગી, ત્યારે મેં વિચાર્યું કે ખરેખર મારામાં ઘણું સૌન્દર્ય છે. ત્યારથી પ્રત્યેક સ્ત્રી, પુરુષ, વૃદ્ધ-યુવાન મને ન જોઇને અટકતાં નહોતાં. જ્યારે મેં જોયું કે ગામના અનેક લોકો મને જોવા માટે તથા મારી સાથે બોલવા માટે વ્યાકુળ રહે છે, ત્યારે મને સમજણ આવી કે ખરેખર હું બહુ સુન્દર છું. એ વખતે હું શણુગાર સજી, બણીઠણી બહાર નીકળી બીજાઓને મારૂં સૌન્દર્ય દેખાડવા ચાહતી હતી. ઇચ્છા ન હોય તોપણ કેટલીક વખત દેવદર્શન નિમિત્તે બહાર જતી હતી. મારાં માતપિતા મારા હૃદયનો એ ભાવ ધીમે ધીમે સમજી ગયાં અને પરસ્પર વિચાર કરવા લા-

જ્યાં કે છોકરીને હવે બહાર ફરતી અટકાવવી જોઇએ. જો કે ક્યારે દિવસ તેની આવી વર્ત્તણુંક રહેશે, તો કોઈ પણ દિવસે તે આપણા કુળમાં કલંક લગાડશે; પરંતુ શું કહીને તેના શરીર ઉપરથી ઘરેણાં ઉતરાવવાં ? તેમણે લાંબો વિચાર કરી નિશ્ચય કર્યો કે મને સાથે લઇ તીર્થયાત્રા કરવા જવું. કોઇ તીર્થમાં જઇ મારૂં શિર મુંડાવી ધોળું બ્લાયલ પહેરાવવું. એક દિવસ અમે સૌ ઘર બહાર નીકળ્યાં. એ વખતે કાશી બે દિવસનો રસ્તો નહોતો, તે વખતે એવી સગવડ નહોતી કે સ્ટેશન ઉપર જઇ ટિકિટ લઈ એક દિવસમાં કાશી પહોંચી જવાય ! એ વખતે જો કોઇ કાશી જવા ઇચ્છતું તો તેને મહિના અગાઉથી તૈયારીઓ કરવી પડતી હતી. ગામનાં કેટલાંક માણસો ભેગાં થઇ એક મહિના સુધી, અથવા કોઇ વખત તેથી પણ અધિક દિવસો સુધી રસ્તાનાં અનેક કષ્ટો સહન કરતાં કરતાં બહુ દિવસે કાશી પહોંચતાં હતાં.

અમારો સાથ લગભગ ૫૦૦ યાત્રાળુઓનો હતો. મેં જોયું કે એ સર્વ યાત્રાળુઓમાં તરૂણ પુરુષ એક પણ નહોતો. જે કોઇ હતા તે સર્વ વૃદ્ધ અને આધેડ હતાં, પરંતુ સર્વની નજર મારા ઉપરજ રહ્યા કરતી હતી અને સર્વના મોઢામાંથી શબ્દો નીકળતા હતા—કે: અરે, રામરામ ! આવી સુંદર છોકરી વિધવા થઈ ગઈ. !' હું મારા મનમાં ને મનમાં કહેતી કે ખરેખર મારા જેવી સુંદર સ્ત્રી કોઇ પણ નથી ! ધીમે ધીમે એવા વિચારોથી મને મારા સૌન્દર્યનું ઘણું અભિમાન ઉત્પન્ન થયું. હું મારા ઘમંડથી કોઈની સાથે વાત પણ કરતી નહોતી. સર્વને મારાથી નીચાં સમજતી હતી. મારા મનમાં ગમે તેમ હતું; પરંતુ જેઓ વૃદ્ધ કે

ઉતરતી તરૂણાવસ્થાના પુરુષો હતા, તેઓ મારી સાથે વાતચીત કરવા ચહાતા હતા. હું એમના હૃદયનો ભાવ સમજતી હતી; પરંતુ મારા રૂપના અભિમાનમાં હું કોઇની સાથે આંખ ઉંચી કરીને બોલતી પણ નહોતી ! મારાં માતપિતાની નજર પણ હંમેશ મારી તરફજ રહેતી હતી. તેઓ મને કોઇની સાથે બોલવા દેતાં નહોતાં. ધીમે ધીમે અનેક દેશ અને નગર જોતાં જોતાં અમે કાશીજીમાં પહોંચ્યાં. મારાં દુર્ભાગ્યનો એ સ્થાનથી જ આરંભ થયો.

એક દિવસ સાંજને વખતે હું મણિકર્ણિકાઘાટ ઉપર સ્નાન કરતી હતી. મારી માતા નાહીને ઉપર બેઠી બેઠી માળા ફેરવતી હતી. હું સ્નાન કરીને ઉપર જવા ચાહતી હતી. જ્યાં હું જળબહાર નીકળવા તૈયાર થઇ ત્યાંજ માલમ પડયું કે પાણીની અંદરથી કોઈ માણસ મારો પગ પકડીને મને પાણીની અંદર ખેંચી જવા માગે છે. હું બૂમ પાડવા જાઉં એટલામાં તો એકાએક પાણીમાં ખેંચાઈ ગઇ. મેં મનમાં હવે જાણી લીધું કે કોઇએ મારો પગ પાણીમાં ખેંચ્યો છે; કેમકે એ પહેલાં કેટલાક માણસો પાસેથી હું સાંભળી ચુકી હતી કે કાશીજીમાં કેટલાક દુષ્ટ માણસો સ્નાન કરતી સ્ત્રીઓને તથા છોકરાંઓને ઘરેણાંના લોભથી પાણીમાં ઘસડી જાય છે અને પછી થોડીવારમાં તેનાં સગાંવહાલાં પાસેથી મનમાન્યા રૂપિયા લઇ ખેંચનારાઓમાંનો કોઇ એક તેને બહાર પણ કાઢી આપે છે. જેઓ મોઢે માગ્યા રૂપિયા નથી આપતા તેમનાં સ્ત્રી-બાળકને ઘસડી જાય છે અને જો તેમાં સુન્દર સ્ત્રી હોયતો તેના ઉપર મનમાન્યો અત્યાચાર પણ કરે છે. આ સઘળી વાતોનો વિચાર કરતાં કરતાં હું

બેભાન થઇ ગઈ; પરંતુ એટલું મને યાદ છે કે બે ત્રણ મિનિટ હું જળની અંદર રહી. જેણે મને ઘસડી હતી તેને તેના સોબતી સાથે કાંઇક તકરાર થઇ અને તેથી તે મને છોડી કોઇ બીજાને પકડવા માટે ચાલ્યો ગયો. હું પાણીની ઉપર તો આવી ગઈ; પણ જ્યાં ફરી ડુબવા જતી હતી ત્યાંજ એક યુવક તરતો તરતો આવ્યો અને મને પકડીને મહા મહેનતે બહાર ઘાટ ઉપર લઇ આવ્યો. ઉપર આવીને મેં જોયું તો મારી માતા બેઠી બેઠી રડતી હતી, પિતાજી માથા ઉપર હાથ મૂકી આંખોમાંથી આંસુ વહાવી રહ્યા હતા. હું દોડીને મારી માતાને ગળે વળગી પડી રડવા લાગી. જ્યારે અમારાં હૃદય કાંઈક શાંત થયાં, ત્યારે જેણે મારા પ્રાણ બચાવ્યા હતા તેને અમે બહુજ ખોળ્યો; પણ કયાંઇ પત્તો લાગ્યો નહિ. જો કે મેં તેને એકજ વાર જોયો હતો; પરંતુ કોણ જાણે શાથી તે મોહનમૂર્તિએ મારા હૃદયમાં ઘર કરી લીધું. તે મૂર્તિને હું મારા ચિત્તમાંથી દૂર કરી શકી નહિ!

બીજે દિવસ અમે સર્વેએ પ્રયાગની યાત્રા કરી. મેં અમારી સાથેનાં સઘળાં માણસોને એકે એકે ધારીને જોઇ લીધાં; પરંતુ તે ચિત્તચોર કયાંઇ દેખાયો નહિ. હા, વચ્ચે એક દિવસ દૂરથી તેનું દર્શન થયું હતું; પણ ફરીને દેખાયો નહિ. લગભગ પંદર દિવસ પછી અમે પ્રયાગ પહોંચ્યાં. એ સાલ કુંભનો મેળો હતો. લોકોની એટલી ભીડ થઇ હતી કે હું જનસમૂહ જોઇને ગભરાઇ ગઇ. નગરભરમાં જ્યાં જાઓ ત્યાં માણસોની મેદની જણાતી હતી. હું હમેશ મારી માતાનો હાથ પકડીને ચાલતી હતી. ભયને લીધે તેને ઘડીવાર પણ છોડતી નહોતી. પર્વને દિવસ એટલી ભીડ

હતી કે ગંગા યમુનાના સંગમ ઉપર જઇ સ્નાન કરવું બહુ કઠીન હતું; પરંતુ આટલે દૂર આવી, આટલું કષ્ટ વેઠી સ્નાન કર્યા સિવાય પાછાં જવું એ પણ ઠીક નહોતું. અમે ત્રણે જણાં પરસ્પર હાથ પકડી મહા મહેનતે એ ભીડમાં ધસ્યાં. મને અધિક કષ્ટ થવા લાગ્યું. હું સમજી ગઇ કે તીર્થમાં સ્નાન કરવા જેટલા લોકો આવે છે, તેમાંના એવા બહુજ થોડા હોય છે કે જેને ધર્મનો ભય છે! વિશેષે કરીને તો ચોર, લુંટારા, ઠગારા અને લુચ્ચાઓ જ ત્યાં એકઠા થાય છે. મેં એ પણ જાણી લીધું કે ઘણા કામાંધોની ખોટી નજર મારા ઉપર છે; કેમકે મારા ઉપર ઘણાઓનો અત્યાચાર થવા લાગ્યો. કોઇ આગળથી કોઇ પાછળથી, કોઈ પડખેથી–જેને જ્યાંથી લાગ ભળતો હતો ત્યાંથી પોતાનો દાવ અજમાવતા હતા; પણ હું નહોતી સમજતી કે એ ઉપદ્રવોથી સ્પર્શ સુખ સિવાય કોઇ બીજો પણ આનંદ મળે છે અને તેથી કહ્યું છે કે **कामातुराणां न भयं न लज्जा.** હું ભીડમાં પડીને એવી ગભરાઈ ગઈ કે મને પાછા જવાનું મન થયું; પરંતુ તે જનસમૂહમાંથી પાછા જવું એ પણ મારા જેવી અબળાને માટે બહુ મુશ્કેલ હતું. એકવાર ૭ સાત માણસોએ મને એવી ઘેરી લીધી કે જાણે તેઓ મારાં માતપિતાથી મને અલગ કરવા ચાહે છે. થોડીવારમાંજ તેમની ઇચ્છા પૂર્ણ થવાનો સમય આવ્યો. એક જગ્યાએ એવી ધક્કાધક્કી થઇ કે હું મારી માતાનો હાથ કાબુમાં રાખી શકી નહિ. વિવશ થઇ મારે તે હાથ છોડી દેવો પડ્યો. જોતાં જોતાંમાં મારી માતાથી હું બસો કદમ દૂર થઇ ગઇ. ચારે તરફથી મારા ઉપર નીચ માણસોનો એવો અત્યાચાર થવા લાગ્યો કે તેનાથી ગભરાઇને હું રડી પડી અને વિકળ થઇ ચારે તરફ જોવા લાગી કે કોઇ મને આ સંકટમાંથી બચાવે છે!

આખરે મારા ભલાને માટે અથવા બૂરાને માટે મારી બે આંખો બીજી બે આંખો ઉપર પડી. પડતાંજ હું સમજી ગઇ કે તે એ માણસ છે કે જેણે કાશીજીમાં મારો જીવ બચાવ્યો હતો. તે પણ મારી અવસ્થા સમજી ગયો. તરત આવીને તેણે મારો હાથ પકડી લીધો અને એ આપત્તિમાંથી તે મને બહાર ખેંચી લાવ્યો. એક હાથથી તેણે મને મજબુત રીતે પકડી હતી અને બીજા હાથથી લોકોને દૂર કરવાનું કામ તેણે ચલાવ્યું હતું. મારો હાથ પકડીને તેણે મને કેવળ માણસોમાંથી અલગ જ ન કરી દીધી; કિન્તુ પોતાના હૃદયમાં ખેંચી લીધી. જ્યારે ભીડમાંથી હું બહાર આવી ત્યારે મેં જાણ્યું કે એ માણસ એકલોજ નથી; પરંતુ તેની સાથે બીજા પણ થોડાએક માણસો છે અને તેથીજ મને બહાર લાવવામાં તેને અધિક કષ્ટ પડયું નહોતું. અમે એક મોટા બંગલામાં આવી પહોંચ્યાં. ત્યાંની વ્યવસ્થાથી હું સમજી ગઈ કે તે કોઈ મોટો માણસ છે. મને તેથી ક્ષોભ થવા માંડયો. તેની સાથે રહેવામાં મને ઘણી પ્રસન્નતા હતી, તેની વાણી મારા કર્ણપ્રદેશમાં ઘણી પ્રિય લાગતી હતી; છતાં મારૂં હૃદય કંપતું હતું. મેં તેને વિનતિ કરી કે તે દયા કરીને મને મારાં માબાપની પાસે પહોંચાડે તો હું તેનો ઘણો ઉપકાર માનું. એ વખતે તેણે આઠ દશ માણસોને મારાં માતાપિતાની શોધ કરવા મોકલ્યાં; પરંતુ તેમનો પત્તો કયાંઇ લાગ્યો નહિ. આખું શહેર ફરવા છતાં જ્યારે કાંઈ લાભ થયો નહિ ત્યારે તેણે મને સમજાવીને કહ્યું કે-' તું ગભરાઇશ નહિ. અહીં જેટલી બની શકે તેટલી તેમની તપાસ કરી છે; પણ પત્તો નથી લાગતો તેથી હું લાચાર છું; કિન્તુ એટલું સમજી રાખજે કે હું તને તારે ઘેર પહોંચાડી દઇશ.' વિવશ બની મેં એનું કહેવું માની લીધું.

એ ત્રણ દિવસમાંજ અમે પ્રવાસ આરંભ્યો. પંદર દિવસ વીતી ગયા. એટલા વખતમાં એક પણ દિવસ તેણે મારા સંબંધમાં કાંઇ પણ પૂછ્યું નહોતું અને મારી પણ હિંમત ન થઈ કે હું તેને તેનો કાંઇ ઇતિહાસ પૂછી શકું; પરંતુ એક દિવસ સાંજને વખતે વાતચીત કરતાં કરતાં મારાં માબાપની વાત નીકળી, એના જવાબમાં મેં સઘળી વાત કહી સંભળાવી. તેણે પણ પોતાની હકીકત મારા પૂછ્યા વિનાજ કહી બતાવી. તેના કહેવાથી માલૂમ પડયું કે તે મુંબઇના એક શ્રીમંત વ્યાપારીનો પુત્ર છે. નામ તેનું પ્રમોદરાય છે. હમણાં થોડા વખતથી તેના પિતા સ્વર્ગવાસી થઇ ગયા છે. પિતાના અતુલ ધનનો તે એકલો માલિક બન્યો છે. પિતાને પિંડદાન આપવા-શ્રાદ્ધ કરવા તે ગયાજી ગયો હતો; ત્યાંથી પાછો ફરી ભિન્ન ભિન્ન તીર્થ કરતો ઘર તરફ તે જાય છે. તેનું લગ્ન થઇ ગયું છે, તેને એક પુત્ર પણ થઈ ચૂક્યો છે. તે બહુ સુન્દર સ્વભાવનો છે. તેની ઉમ્મર હજુ બાવીસ ત્રેવીસ વર્ષની છે. મારો વધારે પરિચય મેળવવા તે મને ભિન્ન ભિન્ન પ્રશ્નો પૂછતો હતો, પણ હું તેને જવાબ આપી શકતી નહિ. આથી તે મારો વધારે સત્કાર કરવા લાગ્યો.

(૨)

હવે અમે અમદાવાદ આવી પહોંચ્યાં. પ્રમોદરાય પોતાનાં માણસોને ત્યાં રાખી પોતે એકલો મને મારા પિતાને ઘેર પહોંચાડવા આવ્યો. અમારા આવતાં પહેલાં પંદર દિવસ અગાઉ મારાં માતાપિતા ઘેર આવી પહોંચ્યાં હતાં. મને જોઇને પિતાજીનું હૃદય

અહુજ પ્રસન્ન થયું. પ્રમોદરાયની વાત સાંભળીને તેમનાં હૈયાં ભરાઈ આવ્યાં. પિતાજીએ પ્રમોદને થોડા દિવસ રહેવાનો આગ્રહ કર્યો: પણ તે રહ્યો નહિ.

અહા ! પ્રમોદરાય જેવા સુંદર સ્વભાવના માણસો જગતમાં કેટલા હોય છે ? જેમ જેમ દિવસો વીતવા લાગ્યા, તેમ તેમ તેનો વિયોગ મને સાલવા લાગ્યો. હવે હું સમજી ગઇ કે પ્રમોદ સિવાય આ સૃષ્ટિમાં મારૂં બીજું કોઇ નથી. એના ગયા પછી સઘળો સંસાર મને શૂન્ય દેખાવા લાગ્યો. મારા હૃદયમાં અકલ્પિત દુઃખ થવા લાગ્યું. કોઇની સાથે બોલવાનું મને ગમતું નહોતું, તેમજ કોઇ કામમાં મારૂં હૃદય ચોંટતું નહોતું. જ્યારે સમય મળતો ત્યારે એકાંતમાં બેસી એ માધુરી મૂર્તિનું અને એના સ્નેહનું ધ્યાન ધર્યાં કરતી. દિવસ અને રાત ઉદાસિનતા મને ઘેરી રહેતી; પણ હું એનું કારણ સમજી શકતી નહિ. છ મહિના એ રીતે વીતી ગયા. પ્રમોદને જોવા માટે હું બહુ અધીર બની ગઇ. ખાવું, પીવું, સુવું, બેસવું, બોલવું, હરવું, ફરવું એ સર્વ ભૂલી ગઇ. મનમાં માત્ર એકજ વિચાર થયા કરતો અને તે એકે પાંખો હોત તો ઉડીને ત્યાં પહોંચત !

એક દિવસ બપોરને વખતે મારી પાડોશણ રામીની માતા મારે ઘેર આવી અને મારી માને સુતેલી જોઇ મારી પાસે બેસી વાતચીત કરવા લાગી. આમ તેમની વાતો કરતી કરતી તે બોલી– 'જો મુક્તા ! તું ગુસ્સે ન થા તો એક વાત કહું.' મેં કહ્યું–'એમાં ગુસ્સે શા માટે થાઉં ? જે કહેવું હોય તે કહો.' તે બોલી–'આજ કેટલાક દિવસથી કોઇ એક ગૃહસ્થ તને મળવા માટે ફર્યા કરે છે, શું તું તેને ઓળખે છે ?' એનો એ પ્રશ્ન સાંભળી મારૂં હૃદય

સ્તબ્ધ થઇ ગયું. હું વિચાર કરવા લાગી કે કદાચ પ્રમોદ તો મને મળવા નહિ આવ્યો હોય! મેં પૂછ્યું-' એ કોણ છે?'

' તેણે પોતાનું નામ પ્રમોદરાય બતાવ્યું છે. મારા ધારવા પ્રમાણે એ કોઇક મોટો માણસ જણાય છે. તેણે કહ્યું છે કે મારૂં નામ લેવાથી મુક્તા મને ઓળખી જશે.' હું તે સાંભળીને વિવશ બની ગઇ. મારા મોઢામાંથી એક પણ શબ્દ નીકળ્યો નહિ, તે બાઇએ બીજી વાર પૂછ્યું-' તો હું તેને શું કહું?' હું જેમ તેમ મનને સંભાળી બોલી-' તેમણે શું કહ્યું છે?'

' તે તને મળવા ચાહે છે. જો તું કહે તો આજ રાત્રે ગામ બહાર મહાદેવની જગ્યામાં તમારા બન્નેના મેળાપનો સંકેત રચું અથવા મારે ઘેર તેને બોલાવું. તારી ઇચ્છા હોય તો તે તારે ઘેર પણ આવે; પરંતુ તું વિધવા છે અને તે યુવાન્ છે. કયું કારણ દેખાડી તે તારે ઘેર આવે? છતાં પણ ધાર કે તે આવે તો આસપાસનાં માણસો તેને શું કહે?'

મેં પણ મારા મનમાં વિચાર કર્યો કે એ વાત સાચી છે. કયું નિમિત્ત કાઢી તે મારે ઘેર આવે? જ્યારે તે મને મળવા ચાહે છે, ત્યારે શું તેનો મારા ઉપર પ્રેમ હશે? હું તે જાણતી નથી. મારી તરૂણાવસ્થા છે, હું વિધવા છું, રાત્રે ઘર બહાર નીકળી કોઇ પરપુરુષની સાથે વાત કરવી એ મારા સંબંધમાં બહુ ખુરૂં કામ છે. આગળ પાછળનો વિચાર કર્યા સિવાય કોઇ કામ કરવું ઠીક નથી. મેં તત્કાળ તે બાઇને કહી દીધું કે એ પરાયા પુરૂષને હું મળવા માગતી નથી.'

મારા મોઢાનો નકાર સાંભળી તે બાઈ તરત ચાલી ગઇ. હું

સમજી કે તેને મારા બોલવા ઉપર રીસ ચડી છે, તેથી તેના મનનું સાંત્વન કરવા તેને મેં પાછી બોલાવી; પણ તે તો ચાલી ગઈ હતી. મારા હૃદયમાં એક જાતનો નવો પરિતાપ જન્મ્યો અને દિવસે દિવસે તે વધવા લાગ્યો. ત્રણચાર મહિના એવી દશામાં વીતી ગયા. હું બહુજ માનસિક વેદના પામવા લાગી. મારા ઘરની નજીક એક કુસુમ નામની મારી બહેનપણી રહેતી હતી. એનો પતિ ક્યાંઇ પરદેશમાં નોકરી કરતો હતો. તેના ઘરમાં બીજું કાંઇ રહેતું નહોતું. આંખની આંધળી અને કાનની બહેરી તેની એક સાસુ હતી; પણ તેને તે કોઇ કામમાં અટકાવતી નહોતી. બપોરે જયારે ઘરમાં કોઈ કામ ન રહેતું, ત્યારે હું કુસુમને ઘેર બેસવા જતી અને જીવને બે ઘડી આનંદ પમાડવા આમનેમની વાતો કરતી. કુસુમના સંબંધમાં લોકોની માન્યતા ગમે તેવી હોય; પણ હું થોડા દિવસના સહવાસમાંજ સમજી ગઈ કે તે ઘણી વિચિત્ર સ્ત્રી હતી. મને બુરા રસ્તા ઉપર લઇ જનાર કુસુમજ હતી. જ્યારે હું તેની પાસે જતી ત્યારે તે નઠારી નઠારી વાતો કરતી. એક તો પ્રથમથીજ મારા હૃદયમાં નઠારી ભાવનાનો અંકૂર ફૂટી ચુકયો હતો, તેમાં કુસુમની સોબતથી વધારો થયો. મારા હૃદયનો સંતાપ એની વાતોથી કાંઇક ઓછો થવા લાગ્યો. કલાકોના કલાકો સુધી તેની સાથે રસપૂર્વક હું બિભત્સ વાર્તાઓ કરવા લાગી. પાપ તરફ મારી વૃત્તિઓ વળવા માંડી. યૌવનના સ્વાભાવિક વિકારે તેમાં ઉમેરો કર્યો.

" એક દિવસ બપોરને વખતે જ્યાં મેં કુસુમના ઘરમાં પગ મૂકયો ત્યાંજ જોયું કે અમારા ગામના મોટા દેસાઇનો દીકરો છોટુ ખાટ ઉપર બેઠો બેઠો કુસુમની સાથે હસીને વાતો કરી રહ્યો છે.

હું પાછે પગલે જ્યાં નાસવા જાઉંછું ત્યાં કુસુમે આવી મારો પાલવ પકડયો અને છોટુએ પણ મારી પાસે આવીને કહ્યું કે–' શું હું કોઇ ભૂત પ્રેત છું કે તું મારાથી ડરીને નાસી જાય છે ? ' શર્મને લીધે હું એ પ્રશ્નનો તેને કાંઇ જવાબ આપી શકી નહિ. કુસુમ મને ખેંચીને અંદર લઇ ગઈ અને તે દિવસ અમે ત્રણેય જણાંએ ચોપાટ ખેલી. પ્રથમ તો મને ક્ષોભ થયો; પણ તત્કાળ મારા મનમાં પ્રશ્ન ઉઠયો કે ચોપાટ ખેલવામાં શી હરકત છે ? બીજે દિવસ હું કુસુમને ઘેર ગઇ ત્યારે પણ જોયું કે છોટુ ત્યાં બેઠેલો છે. તે દિવસ પણ અમે ચોપાટ રમીને વીતાડયો. આ પ્રમાણે પંદર દિવસ સુધી અમે રમત ગમત કરી. ધીરે ધીરે મારી શર્મ ઓછી થઈ ગઇ. છોટુની સાથે હસવા–બોલવામાં હવે મને સંકોચ થતો નહોતો. મારી બાળકબુદ્ધિમાં વિચાર આવતો હતો કે જો હું જાતિ–કુળની મર્યાદા છોડી દઉં તો પ્રમોદને મેળવી શકું, એ સિવાય એને મેળવવાનો બીજો કોઇ ઇલાજ નથી અને કલંકની વાત તો શી કહું ? ખોટી સોબતમાં પડવાથી બાળવિધવાઓનું હૃદય જેવું થાય છે, તેવું મારૂં પણ થયું. મને માલૂમ પડયું કે બહુ દિવસોથી છોટુ મને ભ્રષ્ટ કરવાના ઉદ્યમમાં લાગેલો હતો અને તેણેજ પોતાનું નામ પ્રમોદ બતાવી મારી પાડોશણને કુટ્ટણીનું કામ કરવા માટે ઘેર મોકલી હતી. મેં એ સઘળું જાણવા છતાં કાંઇ વિચાર કર્યો નહિ; કેમકે તરૂણાવસ્થાના મદમાં હું એવી અંધ બની ગઇ હતી અને ખોટાં કામોમાં હું એવી ડૂબી ગઇ હતી કે પ્રમોદને પણ હું વિસરી ગઈ ! મારૂં અધઃપતન થઇ ગયું ! ! હું નરકની અધિકારિણી બની ગઇ ! !

એ તો નિર્વિવાદ છે કે મોહ અને મધુપાન બહુ દિવસ સુધી છૂપાં રહી શકતાં નથી. જેમ જેમ તેનાં વ્યસનીઓ તેને છૂપાવવા

જાયછે, તેમ તેમ તેની વાસ હવામાં ફેલાય છે. મારા પાપની વાત પણ એજ પ્રમાણે ધીરે ધીરે આખા ગામમાં ઘેર ઘેર ફેલાઇ ગઇ. જ્યાં ચાર સ્ત્રીઓ એકઠી થતી, ત્યાં અકારણ મારીજ ચર્ચા નીકળવા લાગતી અને જ્યારે હું મારા ઘરમાંથી બહાર નીકળતી ત્યારે લોકો મારી તરફ આંગળી કરતા. સર્વ કોઇ મારી રીતભાતને ખોટી કહી વિક્કારતા. મારાં માબાપે એ સઘળું જાણવાથી એક દિવસ મને ખૂબ મારી. મારા હૃદયને એથી જે દુઃખ તથા ઘૃણા થઇ, તેની હું શી વાત કરૂં ? મારા મનમાં વિચાર આવ્યો કે હું મુંબઈ ચાલી જાઉં તો કોઇપણ દિવસે પ્રમોદનો મેળાપ થશે, પરંતુ શું તે મારી સાથે બોલશે ? નહિ બોલે તો હું બોલાવીશ. જ્યાં સુધી મારી તરૂણાવસ્થા છે, જ્યાં સુધી મારામાં રૂપ છે, ત્યાં સુધી એવું કામ કેમ ન કરૂં કે જેથી મારા હૃદયને સુખ મળે !? જ્યારે બદનામી થઇ છે, ત્યારે તો મનમાન્યા એશ એેલી લઉં; પણ હું એકલી મુંબઇ શી રીતે જાઉં ? જો કે એ ગામમાં એવા બહુ માણસો હતા કે જે મારે અર્થે પોતાનો જીવ પણ આપવા તૈયાર હતા તો પછી મારી સાથે મુંબઇ આવવું એ કાંઇ કોઇને માટે મોટી વાત નહોતી; પરંતુ મારૂં મન કોઇની ઉપર ઠરતું નહોતું. મારા મહોલ્લામાં રમેશ નામનો એક તરૂણ રહેતો હતો. તેની ઉમ્મર ૧૭-૧૮ વર્ષની હતી; પણ તે સ્વભાવનો બહુ સારો હતો. તેની રીતભાત ખરાબ નહોતી. મેં વિચાર્યું કે એ મારી સાથે આવવા લાયક છે. મેં તેને તત્કાળ વશ કરવાનો ઇલાજ અજમાવવા માંડયો. અને કોનું સામર્થ્ય છે કે તે એક કામિનીને આધિન ન થાય ?

જ્યારે ઘરમાં અને બહાર મારો સંપૂર્ણ તિરસ્કાર થવા લાગ્યો; ત્યારે હું છેક કંટાળી ગઇ. ઘરમાં રહેતી તો રાતદિવસ ઉઠતાં બેસતાં

માતા પિતા મ્હેણાંટુણાં અને ગાળોની વૃષ્ટિ વરસાવતાં અને બહાર નીકળતી તો ચારે તરફથી મશ્કરીઓ અને છેડછાડ થતી. જો કદી એકલી હું એકાંતમાં કોઈના હાથમાં સપડાઇ જતી, તો મારા ઉપર બળાત્કાર પણ થતો. જ્યારથી મેં મારૂં સતિત્વરત્ન ખોયું હતું; ત્યારથી હું સર્વના અત્યાચારનું પાત્ર બની ગઇ હતી. હવે તો લોકો મારા મોઢા ઉપર મને હલકી કહી ઉપહાસ કરવા લાગ્યા હતા. મુંબઈ જવા માટે મારૂં હૈયું અધીર બની રહ્યું હતું. મને પૂરો વિશ્વાસ હતો કે પ્રમોદની પાસે જવાથી હું સર્વ સંકટથી છૂટી જઇશ; પણ રમેશ એવો ભીરુ પ્રકૃતિનો હતો કે તેને હું મારો વિચાર જણાવી શકતી નહોતી. સૌન્દર્યવતી યુવતીની પાસે અનેક અસ્ત્ર હોય છે. મેં રમેશ ઉપર તે ક્રમે ક્રમે ચલાવવા માંડયાં. જ્યારે હું મારાં સર્વ અસ્ત્ર ચલાવી ચુકી અને કોઈનાથી કશો ફાયદો ન થયો, ત્યારે ધીરે ધીરે હું હતાશ થવા લાગી પ્રથમ તો હું સ્ત્રી, તે ઉપરાંત સતીત્વરૂપી અમૂલ્ય રત્ન ગુમાવી ઘર ઘરની ભિખારણ થઈ રહેલી; તે સિવાય મારા રૂપ અને યૌવનનાં જેટલાં અમોઘ અસ્ત્ર હતાં તે સઘળાં મેં તેના ઉપર ચલાવેલાં; પરંતુ તેણે સચ્ચરિત્ર રૂપી ઢાલથી પોતાનો એવો બચાવ કર્યો કે હું ખસીયાણી પડી ગઇ. મને અપાર ક્રોધ ચડયો. સિંહના મોઢા આગળથી શિકાર નાસી જતાં તેની જેવી સ્થિતિ થાય, નાગણીના મોઢા આગળથી દેડકું દૂર નતાં તેની જેવી સ્થિતિ થાય, તેવીજ મારી પણ દશા થઇ. મેં મનમાં નિશ્ચય કર્યો કે બે ત્રણ દિવસની અંદર જો મારાથી મુંબઈ ન જવાય તો આપઘાત કરી શરીરનો ત્યાગ કરી દેવો.

બરાબર મધ્યાહ્નનો સમય હતો. તાપ સખત પડતો હતો. ગાયો અને ભેંસો વગેરે વૃક્ષોની છાયામાં બેસી વાગોળતાં હતાં. કોઇ

માણસ બહાર રસ્તા ઉપર જણાતું નહોતું. રમેશ એ વખતે એકલો આવ્યો આવતો હતો. આજ તેને એકાંતમાં મળી સઘળી વાતનો નિશ્ચય કરી દેવાનો મેં દઢ સંકલ્પ કર્યો હતો; પણ મારાં માબાપની એવી સખ્ત આજ્ઞા હતી કે ઘર બહાર હું એક પગલું પણ મૂકી શકતી નહોતી. જ્યારે તેઓ બધાં સુઇ ગયાં, ત્યારે હું ધીમેથી મારા મકાનની પાછળની બારીએ જઈ ઉભી રહી. રમેશ ત્યાં મારી વાટ જોઇ રહ્યો હતો. મેં તે ન દેખે એ રીતે એકાએક અરરર શબ્દનો ઉચ્ચાર કર્યો. તેણે પૂછ્યું –' શુંથયું ? મેં કહ્યું –' મને કોઇએ ડંખ દીધો. પકડી રાખો નહિતો હું પડી જઇશ. તેણે મને પોતાના બે બાહુમાં ઝીલી લીધી અને પૂછ્યું–'શું કરડયું છે ? કયાં કરડયું છે ? જલદી મને બાતાવો, હું ઝેર ઉતારવાનો ઉપાય કરૂં છું ગભરાશો નહિ. મેં તરત મારા હાથના સંકેતથી કહ્યું કે–" ડંખમારી છાતીમાં છે એટલે તે આશ્ચર્યચકિત થઇ ગયો. તેની બુદ્ધિ પલાયન કરી ગઈ. સમય અનુકુળ જોઇ મેં તેના ઉપર મોહાસ્ત્ર ચલાવ્યું. સ્ત્રીના કટાક્ષથી મોટા મોટા ઋષિ –મુનીઓ ફસાઈ ચૂકયા છે, તો પછી બિચારા રમેશનો શો હિસાબ હતો ? મારી પ્રતિજ્ઞા સિદ્ધ થઇ. જ્યાં કોઇ પુરુષે કોઇ સુંદરીના જીવનરૂપી મદિરાનું પાન કર્યું; ત્યાં તે પુરુષનું પુરુષત્વ ચાલ્યું જાય છે અને એ તે સુન્દરીનો ગુલામ બની જાય છે. એકજ દિવસમાં રમેશની પણ એવીજ દશા થઇ ગઇ ! તે મારો દાસાનુદાસ બની ગયો. મને પ્રસન્ન કરવાને માટે તેણે પોતાની લાજ માન મર્યાદા સર્વ ગુમાવી દીધાં. એક દિવસ અર્ધ રાત્રીની નિસ્તબ્ધતામાં અમે બન્ને ઘરથી બહાર નીકળી પડયાં.

૩

મુંબાઇના ગાયવાડી નામક લતામાં અમે એક નાની ઓરડી

ભાડે લીધી. રમેશની પાસે દશ રૂપિઆ હતા. મારી પાસે એક પૈસો પણ નહોતો. હું તો એક કપડાભેર ઘરમાંથી નીકળી આવી હતી. રમેશ બીજે દિવસ કેટલાક રૂપિયા ખર્ચ કરીને કપડાં વગેરે જોઈતી ચીજો લઇ આવ્યો મેં રસોઇ બનાવી અને અમે જમી પરવારીને હવે શું કરવું, તેનો વિચાર કરવા લાગ્યાં. રમેશે કહ્યું કે મારી પાસે પાંચ રૂપિયા વધ્યા છે, તે ખલાસ થયા પછી શું થશે? મેં જરા વિચાર કરી કહ્યું–' અહીં એક પ્રમોદરાય નામનો ગર્ભશ્રીમંત માણસ રહે છે, જો એનો પત્તો લાગી જાય તો આશા છે કે આપણને તે સારી મદદ આપશે.'

'તે ક્યાં રહે છે?'

'એ તો હું નથી જાણતી.'

'ત્યારે મુંબઇ જેવા શહેરમાં એનો શી રીતે પત્તો લાગશે?'

'તે મોટો શ્રીમંત માણસ છે એને ઘણા લોકો ઓળખતા હશે.'

'તો હું તેની તપાસ કરી આવું.' એમ કહી રમેશ ચાલ્યો ગયો. બે ત્રણ દિવસ ખોળવા છતાં પ્રમોદનો પત્તો લાગ્યો નહિ. અમારી પાસે જે કાંઈ પૈસા હતા તે લગભગ પુરા થઇ રહ્યા. રમેશ ચિંતાને લીધે ગાંડા જેવો બની ગયો. અમારી પાડોશમાં રહેતાં માણસોને અમારી સ્થિતિ માલમ પડી ગઇ. તેમાં એક વૃદ્ધ સ્ત્રી હતી, તે મારા ઉપર ઘણો સ્નેહ રાખતી હતી. અમારી દશા તેના જાણવામાં આવતાં અમને વિનામાગ્યે તેણે રૂપિયા પાંચ આપ્યા અને કહ્યું કે હમણાં આટલા ઉપર નિર્વાહ ચલાવો, પછી જોઈ લેવાશે. મેં પરમેશ્વરને ધન્યવાદ આપી રૂપિયા લઇ લીધા અને પાંચસાત દિવસ તેનાથી કાઢ્યા. એક દિવસ રમેશે મને કહ્યું–' ભલા,

આ પ્રમાણે હવે કેટલા દિવસ ચાલશે? આનું અંતિમ પરિણામ તો એ જણાય છે કે એક એવો દિવસ આવશે કે આપણે ભૂખથી પગ ઘસીને મરી જઈશું; માટે મારા સમજમાં એમ આવે છે કે હું બેચાર દિવસને માટે ઘેર જઇ આવું. આશા છે કે ત્યાં જવાથી પાંચ દશ રૂપિયા મારા હાથમાં આવી જશે, તે લઇને તરત પાછો ચાલ્યો આવીશ.' પહેલાં તો મને એ વાત ગમી નહિ. મેં કહ્યું કે 'અહીં પરદેશમાં હું એકલી નહિ રહી શકું. ભાગ્યમાં જે લખ્યું હશે તે ભોગવીશું; પરંતુ તે વૃદ્ધ સ્ત્રીએ મને બહુજ સમજાવી રાજી કરી અને પુષ્કળ હિંમત આપી. અમે બન્ને બાળકબુદ્ધિનાં હતાં. હું સોળ વર્ષની હતી અને રમેશ સત્તર વર્ષનો હતો. અમને બન્નેને એ વૃદ્ધનાં વચનો ઉપર વિશ્વાસ આવી ગયો. રમેશ બીજે દિવસ ઘેર ચાલ્યો ગયો. અમે અમારાં સાચાં નામઠામ કોઇને બતાવ્યાં નહોતાં; પણ એ ધૂર્તા વૃદ્ધાએ ધીમે ધીમે મને સઘળી વાત પૂછી લીધી. મેં પ્રમોદની વાત જ્યારે તેને કરી ત્યારે તેણે કહ્યું કે–' આ મકાનમાં તું જ્યાં સુધી રહેશે, ત્યાં સુધી તેનો કદાપણ મેળાપ થશે નહિ. હું તેને સારી રીતે ઓળખું છું. જો તારે એને મળવું હોય તો પ્રથમ આ મકાન છોડી દે. હું એક સારૂં મકાન તને ભાડે લઇ આપું. જે લત્તામાં હું એ મકાન લેવાની છું, ત્યાં તે રોજ આવે છે. જો ખબર રાખવામાં આવશે તો તરત મેળાપ થઇ જશે.'

હું એની મતલબ કાંઇક સમજી ગઇ અને બોલી–' જુઓ, રસ્તા ઉપર બેસીને રૂપ વેચવાનું કામ મારાથી થઇ શકશે નહિ. ગમે તો મારૂં કાળું મોઢું લઇ મારે ઘેર પાછી જઇશ અને માતા-પિતાનો તિરસ્કાર તથા શિક્ષા સહન કરી લઇશ; પણ એવું કામ તો મારાથી થઇ શકશે નહિ.'

તે બોલી-' અરે, શું હું તને એવું કામ કરવાનું કહું છું? કોણ જાણે કેમ તને મેં જ્યારથી દેખી છે, ત્યારથી તારા ઉપર એવી મમતા બંધાઇ ગઇ છે કે તારૂં કષ્ટ મારાથી જોઇ શકાતું નથી અને તેથીજ તને પ્રમોદદાયક જલદી મળે એવો રસ્તો દેખાડું છું: છતાં તને ગુસ્સો થયો હોય તો નહિ બોલું.'

મેં કહ્યું-' ના, ના, ગુસ્સો એમાં શાસારૂ આવે? તમે મારા ઉપર આટલો પ્યાર કરો છો, આટલી માયા દેખાડો છો, તેનો બદલો શું હું તમને આવો આપું? પણ વાત હજુ એટલી છે કે હું બાળક છું, મારા બોલવા સામે તમે ન જોશો.'

' બહુ સારૂં. હમણાં અહીં ખુશીથી રહે. તારો શેઠ આવશે ત્યારે તેને સઘળી વાત સમજાવીશ.'

' તારો શેઠ. એ શબ્દ મારા હૃદયમાં તીરની પેઠે વાગ્યો. હું મુંબઇમાં આવીને સુખી ન થઇ. હવે હું કયાં જાઉં અને શું કરૂં? મારૂં કાળું મોઢું લઇ પાછી ઘેર પણ જઇ શકું તેમ નહોતી. મેં વિચાર કર્યો હતો કે સુખચેનમાં મારા દિવસો વીતશે; પણ ધાર્યું હતું એક અને થઇ ગયું બીજાું! હવે તો ચારે તરફની સળગતી આગ મને ઘેરી લેવા લાગી. આટલા મોટા શહેરમાં હું એકલી દુર્ભાગિની હતી. મારા ભાગ્યમાં કોણજાણે શું લખ્યું હશે?

એક અઠવાડીયું વીતી ગયું; પણ રમેશ પાછો આવ્યો નહિ. હું સમજી કે મને અહીં એકલી છોડીને તે ચાલ્યો ગયો છે. હવે મને કોણ આશ્રય આપશે? હું શું કરીશ? શું વિધાતાએ અધમ કુત્સિત વૃત્તિ કરવાનુંજ મારા નસીબમાં લખેલું છે? હાય! શું હું એવી પાપકમાણી કરવાને માટેજ જન્મી છું? અને દેવદેવી જેવાં

પિતામાતાને છોડી ઘરથી નીકળી આવી છું ? જે રમેશના વિશ્વાસ ઉપર ઘરથી નીકળી હતી, તે તો દગો દઇને ચાલ્યો ગયો. હવે હું કયાં જાઉં અને શું કરૂં ? એક પખવાડીયું વીતી ગયું. પાડોશણના કરજથી હું પરતંત્ર બની ગઇ. તેનું કરજ હું શી રીતે ચૂકાવીશ ? શું મારે ઘેર ઘેર ભીખ માગવી પડશે ? અંતે એક દિવસ તે વૃદ્ધા મોઢું ગંભીર રાખી કહેવા લાગી–' દીકરી, મારે કાંઇ મોટી જાગીર નથી કે કાંઇ એક નથી. સ્વામી કે પુત્ર કમાઇ લાવનાર પણ કયાં છે ? મેં તને ધર્મનો વિચાર કરીને પંદર રૂપિયા આપ્યા છે, તે હવે મને પાછા આપી દે. મારે એનું વ્યાજ નથી લેવું. હું ગરીબ છું. મારા તે રૂપિયા ખરા પરસેવાના છે.' એના આ શબ્દો સાંભળતાંજ મારી આંખો આંસુથી ભરાઈ આવી હૃદયના ચુરેચુરા થવા લાગ્યા. તે પ્રૌઢાએ પ્યારથી મારો હાથ પકડી મને પાસે બેસાડી કહ્યું–' દીકરી, ગભરાઇશ નહિ. આ મુંબઇમાં એક બહુજ મોટો ધનવાન છે. તેને એક રૂપયૌવનવતી સ્ત્રીની જરૂર છે. ધારૂં છું કે જો તું તેની પાસે રહે તો પરમેશ્વરે તને જે રૂપ દીધું છે, તેના પ્રમાણમાં તને તે દરમહિને સો રૂપિયાથી ઓછું નહિ આપે. વળી તે ઉપરાંત મનમાન્યાં ઘરેણાં, લુગડાં, દાસ, દાસીઓ વગેરે સર્વ કાંઇ મળશે; અર્થાત્ તું એક રીતે રાણી બની જશે.' હું તેની એ સર્વ વાતો આશ્ચર્યભાવે સાંભળી રહી.

જ્યારે તે ત્યાંથી ઉઠી ગઇ ત્યારે મેં મનને સ્થિર કરી વિચાર કર્યો. 'શા માટે હું આટલું કષ્ટ વ્યર્થ સહન કરૂં છું ? જ્યાં મારામાં રૂપ છે, યૌવન છે, જ્યારે લોકો મને જોઇ પાગલ બની જાય છે, મારા ગુલામ થવાને માટે લલચાય છે, ત્યારે હું એકલી–

ગૌરીની આત્મકથા.



" બંગલાની આગળ સુંદર બગીચો હતો.........એ દાસીઓએ આવી મને સઘળું દેખાડવા માંડ્યું."

Krishna Press, Bombay 2.

(અબળાની આત્મકથાઓ ૧ નું ૨૩૭.)

અટુલી ભૂખી શામાટે મરી જાઉં ? સતીત્વરૂપી રત્ન તો હું ગુમાવી બેઠી છું, તોપછી મારે શામાટે દુઃખી થવું ? હવે આ કષ્ટ સહન કરી શકાતું નથી. જ્યારે એક વખત પાપમાં પડી ચૂકી છું, ત્યારે હું જોઉં કે તે પાપ મને કયાંસુધી ડૂબાવી શકે છે ?' બીજે દીવસ તે વૃદ્ધાને મેં કહી દાધું કે તમારી વાત મારે કબુલમંજુર છે,'

તે દિવસ સંધ્યાસમય પહેલાં એ બાઈ એક ભાડાની ગાડી લઇ આવી અને મને તેમાં બેસાડી થોડે દૂર એક સુંદર મકાન આગળ તેડી ગઇ. ગાડી ઉભી રહી અને અમે તેમાંથી નીચે ઉતરી મકાનની અંદર ગયાં. એ મકાન ઘણું સુન્દર હતું. મોટાં મોટાં દિવાનખાનાં ઓની શોભા અવર્ણનીય હતી. સારી સારી તસ્વીરો, હાંડીઓ, અરીસાઓ, તથા ફરનીચરોથી સઘળા ખંડો ભરેલા હતા. બંગલાની આગળ સુંદર બગીચો હતો. તેમાં સંગેમરમરના હોજ પાણીથી ભરેલા હતા. મેં આજ સુધીમાં કદી આવો બંગલો જોયો નહોતો. બે દાસીઓએ આવીને મને સઘળું દેખાડવા માંડયું. તે પછી એ વૃદ્ધા મને ઉપરના ખંડમાં તેડી ગઇ કે જ્યાં એક ઓરડી સ્નાનગૃહ માટે નિયત કરવામાં આવેલી હતી. દાસીઓએ મને એ ઓરડીમાં લગભગ અર્ધકલાક સુધી સુગંધી સાબુ ચોળીને સ્નાન કરાવ્યું. પછી સુન્દર આછા શણગાર સજાવ્યા. એ વખતે રાત પડી ગઈ હતી. મકાનમાં સેંકડો બત્તીઓ ચારે તરફ ઝગમગવા લાગી. આ તરફ તે ડોશીએ મને એક ઓરડામાં લઈ જઈ હીરા, માણેકનાં જડાઉ ઘરેણાં પહેરાવ્યાં. જ્યારે સર્વ શણગાર થઈ ચુકયા ત્યારે તેણે મને એક મોટા અરીસા સામે જઇને ઉભી રાખી. એ દર્પણની ચારે તરફ જે દીવાઓ ઝગઝગી રહ્યા હતા, તેનું પ્રતિબિંબ તેમાં

પડતું હતું. મને તેણે એવી ચકિત કરી દીધી કે મારું રૂપ તેમાં જોઇને હું આશ્ચર્ય પામી ગઇ. વારંવાર હું મારા મનને પૂછ્યા કરતી હતી કે શું હું આટલી બધી સુન્દર છું? આજ મારો નિશ્ચય થયો કે હું ખરેખર સુંન્દર છું. આજ હું મારી સુન્દરતા ઉપર પોતેજ મોહિત થઇ ગઈ. ક્યાં સુધી એ દર્પણની સામે ઉભી રહી. એનું મને ભાન રહ્યું નહિ, પણ એટલામાં ગાડીના આવવાનો અવાજ સંભળાયો. કોઇ તેમાંથી ઉતરીને દાદરનાં પગથીઆં પણ ચડવા લાગ્યું. મારું હૃદય એ સાંભળી કંપવા લાગ્યું. હું વિચાર કરવા લાગી કે કોઇ રાજામહારાજા કે રાજકુમાર હશે! હું એમની સામે શીરીતે બોલી શકીશ? હૈયું વધારે ને વધારે ધડકવા લાગ્યું. એટલામાં તે ઓરડાનાં દ્વાર ઉઘડયાં. જે સ્ત્રી મને લાવી હતી તે અંદર આવી. એને જોઈ મને કાંઇક શાંતિ થઇ; પણ તેની પાછળ એક માણસ આવ્યો કે જેને જોતાંજ મેં મારાં નેત્રો બંધ કરી દીધાં. તે સ્ત્રીએ મારા કાનમાં કહ્યું કે –' આ પુરુષ તને બહુજ ચાહે છે. મુંબઇમાં એના જેવો શ્રીમંત માણસ બીજો કોઈ નથી.

૪

મેં આંખો ઉઘાડી જોયું તો એક એંસી વર્ષનો વૃદ્ધ મારી સામે ઉભેલો જણાયો. એના માથા ઉપર જે વાળ હતા તે તદ્દન સફેદ થઇ ગયાં હતા. દાઢી મૂછ તો તેને હતાંજ નહિ. તે અતિ દુર્બળ લાંબા કદનો હતો. તે ઉમ્મરે વૃદ્ધ થયો હતો, પણ તેનું મન હજી વૃદ્ધ થયું નહોતું; કારણ કે તેણે સુંદર રેશમી કિનારીનું ઝીણું ધોતીયું, ખમીસ વગેરે કપડાં પહેર્યાં હતાં. હાથે સોનાની ઘડીઆળ બાંધી હતી. આંગળીઓમાં હીરાની વીંટીઓ અને ગળામાં

સોનાનો છેડો હતો. તેનાં કપડાંમાં એવું ઉંચું અત્તર હતું કે આખો ઓરડો સુગંધથી મધમધી રહ્યો હતો.

ઇશ્વરે કદાચ દ્રવ્ય કે સામર્થ્ય ન આપ્યું હોય; છતાં યૌવન ધનગર્વિતા લલના એ ધનને તુચ્છ માને છે. ક્યાં મારી ખીલતી જુવાની અને ક્યાં કબરમાં એક પગ રાખી રહેલો તે વૃદ્ધ! એને જોતાંજ મને ઘૃણામિશ્રિત એવું દુઃખ થયું કે મારૂં હૃદય તેથી કંપવા લાગ્યું. જેમ જેમ તે મારી ખુશામદ કરતો હતો, તેમ તેમ હું પાછી હઠતી હતી. એ વૃદ્ધ ઓરડામાં આવ્યો, ત્યારથી પેલી સ્ત્રી બહાર ચાલી ગઇ હતી. હું એ બુઢ્ઢાના હાથમાં ફસાઇ ચૂકી હતી. છૂટવાનો મને એકેય રસ્તો નહિ મળવાથી આખરે હું રડી પડી. તે પુરૂષે મારો હાથ છોડી દીધો અને તે ઉદાસ થઇ બહાર ચાલ્યો ગયો. હું અગાસીમાં જઇ જોવા લાગી તો જે ગાડીમાં તે આવ્યો હતો, તે ગાડીમાં બેસી પાછો ચાલ્યો ગયો હતો. પાછી ફરી હું દર્પણ સામે જઈ ઉભી રહી અને મારૂં રૂપ જોઇ મનમાં ને મનમાં ઘણીવાર સુધી કલ્પનાઓ કરતી રહી. આખરે એક દીર્ઘ નિશ્વાસ મૂક્યો. તત્કાળ પ્રમોદનું સ્મરણ થયું. હાય! પ્રમોદ! તું ક્યાં છે? હજુ પણ દર્શન આપ અને આ નરકમાંથી મારો ઉદ્ધાર કર. હે વિધાતા! મને તારી લખેલી ભાગ્યલિપિની માહિતી હોત તો હું શા માટે સતીત્વ રત્ન ગુમાવી હાથે કરીને નર્કમાં પડત! જો ઘર છોડીને ન આવી હોત તો શું મારી આટલી દુર્ગતિ થાત? હવે તો હું ન રહી ઘરની કે ન રહી ઘાટની. ધોબીના કુતરા જેવી મારી દશા થઈ. હાય! હું ક્યાં જાઊં? તે દિવસ તો એ વૃદ્ધ ચાલ્યો ગયો, પણ બીજે દિવસ તે બાઇને લઇને પાછો આવ્યો. પ્રથમ તે

સ્ત્રીએ મને કાંઇક પેય પીવરાવીને બેહોશ બનાવી દીધી; જ્યારે હું ભાનમાં આવી ત્યારે માલમ પડયું કે તે વૃદ્ધે મારા શરીર દ્વારા પોતાની ઇચ્છા તૃપ્ત કરી છે ! પછી તો તે હંમેશ આવવા લાગ્યો અને હું પણ ધીમે ધીમે માની ગઇ. મને નાચ ગાન શીખવવા માટે તેણે એક ઉસ્તાદ રાખ્યો હતો; જેણે મને સારૂં શિક્ષણ આપી થોડા વખતમાંજ નાચવા ગાવામાં નિપુણ કરી દીધી.

મને એ વૃદ્ધ સંપૂર્ણ સુખમાં રાખતો હતો; પણ હું તેનાથી સંતોષ પામતી નહોતી. મારે ત્યાં એક તરૂણ નોકર હતો. મનના ઉદ્વેગથી કદી કદી તેની સાથે આંખ લડાવી લેતી હતી. સિંહનો ભાગ શિયાળ ખાઇ જતું હતું; પરંતુ ભાગ્ય બહુ પ્રબળ છે. મારા દુર્ભાગ્યમાં તે નીચ નોકરજ લખાએલો હતો. એક દિવસ નહિ બનવા યોગ્ય વાત મારા દુર્ભાગ્યથી બની ગઇ. સંધ્યા સમયે તે વૃદ્ધ આવ્યો. તેની સાથે મોડી રાત સુધી હાસ્ય વિનોદ કરી શરાબ પીવાનો આરંભ કર્યો. અમે બન્નેએ ખૂબ મદિરાપાન કર્યું. હુંતો તેનાથી બેહોશ ન બની ગઇ; પણ વૃદ્ધ પોતાના અંગનું ભાન ભૂલી ગયો જ્યારે તે તદ્દન જ્ઞાનશૂન્ય બની ગયો, ત્યારે હું વિશ્વાસઘાત કરવા તૈયાર થઇ. પાપ રૂપી નરકમાં હું એટલો બધી ઉતરી ગઇ હતી કે સારાસારનો કાંઇ વિચાર મને રહ્યો નહિ. હું એ નોકર સાથે ઘર બહાર નીકળી ગઈ. પરિણામે મારી એવી દુર્ગતિ થઇ કે મારા જેવી અન્ય પાપિનીઓની થયા કરે છે. ચાલતી વખતે હું થોડાં ઘરેણાં લઇને નીકળી હતી તેના ઉપર અમે નિર્વાહ ચલાવવા માંડયો. એક વખત મેં ખૂબ શરાબ પીધો હતો. મને મારા શરીરનું બિલકુલ ભાન રહ્યું નહોતું. એ નીચ દગાખોર નોકર બરાબર

લાગ સાધી મારા શરીર ઉપરનાં ઘરેણાં ઉતારી કોણ જાણે કયાંઇ ચાલ્યો ગયો. મેં પાછળથી એની ઘણી તપાસ કરી; પણ પત્તો લાગ્યો નહિ. હવે હું શું મોઢું લઇને વૃદ્ધને ઘેર જાઉં ? મેં કાંદા-વાડીમાં એક ઓરડી ભાડે લીધી. એ વખતે મારા હૃદયની જે બૂરી અવસ્થા હતી તેનું હું શું વર્ણન કરૂં ? એક દિવસ સંધ્યા વખતે ખૂબ શરાબ પી શણગાર સજી બેઠી. આજ દુર્ભાગ્યે પોતાનું પુરૂં જોર દેખાડયું હતું. મનમાં આજ સુધી એવો નિશ્ચય હતો કે બજા-રમાં બેસીને પાપની કમાણી નહિ કરૂં; પરંતુ મને એ માલમ નહોતું કે ઇશ્વર ગર્વાપહારી છે. જે કાર્યની માણસ ઘૃણા કરે છે, તે કાર્ય માઠા દિવસોમાં તેને કરવું પડે છે. હું છેક પતિત થઇ ગઇ. હવે તો નિત્યનો એ ધંધો થઇ ગયો કે સંધ્યા સમયથી શરીરને શણ-ગારીને બેસવું અને કોઇ ને કોઇ દુર્ભાગીને જાળમાં ફસાવવો. ૭ મહિના એવી સ્થિતિમાં વીતી ગયા પછી માલમ પડયું કે વેશ્યાવૃત્તિથી અધિક આ સંસારમાં બીજી કોઇ નીચ વૃત્તિ નથી. હમેશ આખી રાત જાગવું, શરીર ઉપર અસહનીય અત્યાચાર સહન કરવા, અનિ-ચ્છા હોવા છતાં પણ હસવું બોલવું, કોઇ માણસ ઉપર ગમે તેટલો તિરસ્કાર છૂટે તોપણ તેને બનાવટી પ્રેમથી રીઝાવી ધન કમાવું, હૃદય ગમે તેટલું રડતું હોય પણ ઉપરથી આનંદીત રહેવું અને રાતદિવસ પાપમાં સબડયા કરવું શું આ ઓછી યંત્રણા છે ? મારે એ અધમતાનું છેવટનું પરિણામ ભોગવવાનો સમય આવ્યો. મને એક મહા ભયાનક ઘૃણિત રોગ ઉત્પન્ન થયો. દિવસે દિવસે તેની પિડા વધવા લાગી. ખાટલા ઉપર પડી પડી હું હમેશ તરફડવા માંડી. અને કોઇ એમ પણ નહોતું પૂછતું કે તું ભૂખી છે કે તરસી છે !

મને એ વખતે મારાં માતાપિતાનું સ્મરણ થઇ આવતું ત્યારે જે દુઃખ અને પસ્તાવો થતાં હતાં; તેનું વર્ણન કરવું અશક્ય છે. હાય! મેં શું ધાર્યું હતું અને ઇશ્વરે શું કરી દીધું? કહેતાં પણ મને લજ્જા આવે છે!

રોગના દુઃખથી હું પિડાતી હતી, એ ઉપરાંત બીજું મોટું દુઃખ એ હતું કે મારી પાસે એક પૈસો પણ નહોતો. જે મકાનમાં હું રહેતી હતી, તેમાં એક બીજી આધેડ સ્ત્રી પણ રહેતી હતી. હું તેને માતા સમાન ગણતી હતી અને તે મને પુત્રી સમાન માનતી હતી. હું જે કાંઇ પૈસા કમાતી હતી તે તેને સાચવવા આપતી હતી; પણ જ્યારથી મને રોગ લાગુ પડયો હતો, ત્યારથી તે ચુડેલ મારી સાથ બોલતી નહોતી. જ્યારે મારી પાસે એક પાઇ પણ ન રહી, ત્યારે લાચાર બની રોગ છૂપાવી, કામાંધ પુરુષોને દગો દઇ ખુલ્લા નરકમાં નાંખવા લાગી. કોઇ દિવસ જ્યારે બહુજ કષ્ટ થતું હતું, ત્યારે તકીયામાં મોઢું છૂપાવી રડતી હતી અને મારી જનનીને પોકારી કરેલાં કર્મો ઉપર પસ્તાવો કરી રડતી હતી ભયંકર બિમારી અને તે ઉપર હંમેશ અત્યાચાર; આથી દિવસે દિવસે રોગ વધવા લાગ્યો. મારૂં શરીર છેક કૃશ બની ગયું. ધીમે ધીમે અંગ સડવા લાગ્યું. રાત અને દિવસ હું રડી રડીને વીતાડતી હતી. મારી પાસે કોઇ ઉભું પણ રહેતું નહોતું. જો કદી કોઇ કારણવશાત્ પાસે આવતું તો નાક દબાવી તરત ચાલ્યું જતું. હાય હાય! જે શરીરના રૂપ ઉપર એટલું અભિમાન હતું અને જેના ઘમંડથી જગતને હું તુચ્છ માનતી હતી; એ શરીર ઉપર આજ લોકો થુંકવા લાગ્યા!! વ્યાધિના જોરથી દુર્બળતા અને ક્ષીણતા વધવા લાગી. અનુમાન

થવા લાગ્યું કે મારા મોતના દિવસો હવે પાસે આવ્યા છે. એ તો નક્કી છે કે જે જેટલું પાપી હોય છે, તે તેટલું મોતથી અધિક ડરે છે. પુણ્યશાળીને અને પાપીને ઓળખવાની એ એક મોટી પરીક્ષા છે. ધીરે ધીરે મારી વેદના એવી વધી ગઇ કે હું મુશકે મુશકે રડવા લાગી અને પ્રમોદનું નામ લઇને બેભાન બની જવા માંડી. એક દિવસ એવી રીતે હું ઘણીવાર સુધી બેભાન પડી રહી. જ્યારે જાગી ત્યારે મને માલમ પડયું કે હું લોઢાના પલંગ ઉપર સુતેલી છું, અને મારા જેવી અભાગિનીઓ ચારે તરફ એવા પલંગોમાં તરફડી રહેલી છે. પ્રથમ તો મેં જાણ્યું કે હું ખરેખર નરકમાં આવી પડી છું. મેં હોસ્પિટલનું નામ સાંભળ્યું હતું-મારૂં એવું અનુમાન હતું કે આ જગત્માં હોસ્પિટલજ નરક છે. એ કોણ જાણતું હતું કે આટલું રૂપ યૌવન હોવા છતાં મારે આટલી ઉતાવળે આ નરકમાં આવવું પડશે ? હું હૃદયફાટ રડવા લાગી. મારી બન્ને આંખોમાંથી એટલી આંસુની ધારાઓ વહી કે તેનાથી શય્યા ભીંજાઈ ગઇ. આખરે મારામાં રડવાની પણ શક્તિ રહી નહિ.

થોડીવાર પછી મારી પાસે એક સાહેબ આવ્યો અને યંત્રવ્યવહારથી મને ઉપચાર શરૂ કરવા લાગ્યો. હું શર્મથી મરવા જેવી થઇ ગઇ. તરત મારી પાસે બીજા બે તરૂણ ડાકટરો આવ્યા, તેમાંના એક જણે મારી આગળ બેસી મારા મોઢામાં કાંઇક નાંખી દીધું અને બીજાએ મારા પીડાસ્થાનમાં ઔષધી લગાવી. આ વખતના મારા દુઃખની વાત હું લખી શકતી નથી. શરીર વેદનાથી પીડાવા લાગ્યું એ જોઇ તે ડાકટરોમાંના એકે બીજાને કહ્યું કે આ રાંડ કેવી પીડાય છે ? બીજાએ જવાબ દીધો કે બહુ દિવસ સુધી નવા નવા

પુરુષો સાથે મજા ઉડાવી છે, તેનું આખરનું પરિણામ ભોગવે છે! મને તરત મુર્છા આવી ગઇ એટલે હું તેમની વધારે વાત સાંભળી શકી નહિ. એવી ને એવી સ્થિતિમાં કયાં સુધી પડી રહી તે કહી શકતી નથી; પણ જ્યારે જાગૃત થઇ ત્યારે હું જમીન ઉપર લાંબી સુતી હતી. મનુષ્યને અંતકાળ વખતે જેવી સ્થિતિમાં સુવાડવામાં આવે છે તેવી સ્થિતિમાં મને સુવાડેલી હતી. મારી આસપાસ ચારે તરફ વિકટ દુર્ગંધી અને આર્તનાદના શબ્દ સંભળાતા હતા. જાણે હું એક ઘોર નરકકુંડમાં પડી હતી. ધણું [illegible] મે મારૂં માથું ઉંચું કર્યું. જોઉં છું તો મારી બાજુમાં [illegible] પડેલી છે. તેની આંખો ફાટી રહેલી છે અને શરીર ખોટું [illegible] લું છે. મેં જાણી લીધું કે તે મરી ગઇ છે. બીજી તરફ [illegible] એક સ્ત્રી મરેલી હાલતમાં પડી હતી. મેં એ જોઇને ભયથી મારા આંખો બંધ કરી દીધી.

આખી રાત હું એવી ને એવી અવસ્થામાં પડી રહી. કેટલીએ અભાગિનીઓ પ્રાણ નીકળવાના અંતિમ કષ્ટમાં તરફડતી પડી હતી; મને ઘણો ડર લાગતો હતો, પણ શું કરૂં? જ્યારે [illegible] થયો ત્યારે બે બળવાન્ પુરુષ આવ્યા અને મરેલી [illegible] પગે દોરડાં બાંધી મને ઘસડી જવા લાગ્યા. આ સર્વ [illegible] જોઇ મારૂં હૃદય વધારે ધડકવા લાગ્યું. મારી પણ [illegible] દશા થશે એમ મેં માની લીધું. થોડીવાર પછી કેટલાક [illegible] એક સાહેબ આવ્યો. મારી પાસેથી જતી વખતે તે [illegible] જોયું. અને ઉભો રહ્યો. પછી નીચે બેસી કાંઇક પરીક્ષા [illegible] જતાં જતાં પોતાનાં માણસોને કોણ જાણે તે કાંઇક [illegible]

થોડીવાર પછી જે બે માણસો પ્રથમ આવ્યા હતા તે મારી પાસે આવ્યા. હું સમજી કે હવે મારા મૃત્યુનો સમય નજીક આવ્યો છે. મારૂં હૃદય ધડકવા લાગ્યું. હાય, હાય; આ પ્રાણની પણ કેવી મમતા હોય છે? આવી દશા પ્રાપ્ત થવા છતાં પણ મોતનો ડર! ખરૂં છે કે પાપીઓને મોતનો બહુ ભય લાગે છે; કેમકે તે પોતાનાં કરેલા પાપકર્મોને યાદ કરી ભયભીત થાય છે. થોડીવારમાં બે જણા મારી સામે આવ્યા અને તેમણે મને જમીનપરથી ઉઠાવીને ખાટલા ઉપર સુવાડી; પછી તેઓ પ્રથમના સ્થાન ઉપર લઇ ગયા. મેં જાણ્યું કે હજુ મારે જીવવાની કંઇક આશા બાકી છે; કેમકે મેં જેજે પાપકર્મ કર્યાં છે, તેનું હજુ પ્રાયશ્ચિત પુરૂં થયું નથી.

ધીરે ધીરે મારી બીમારી ઘટવા લાગી. ખરૂં છે કે જેની જીંદગી ભાગ્યશાળી હોય છે, તેજ હૉસ્પિટલમાંથી સાજાં થઈ ઘેર આવે છે; કારણ કે એકતો ત્યાં વખતસર દવા મળતી નથી, બીજું રાતની જેમને ડયુટી હોય છે, તેઓ પોતાની મરજી પ્રમાણે આવે છે અને મરજી પ્રમાણે દવા આપે છે. હુંતો જાણું છું કે દવાને બદલે તેઓ કેવળ પાણી આપી દવાને ચોરી જાય છે. હું એમ નથી કહેતી કે દવીખાનાઓમાં દવાઓ નથી હોતી; અથવા સેવા કરનારા નથી હોતા; પરંતુ ગફલત અને બેદરકારીથી સઘળી ખરાબીઓ થાય છે. જેમ જેમ મને આરામ થવા લાગ્યો, તેમ તેમ દુષ્ટોની બુરી દૃષ્ટિ મારા ઉપર પડવા લાગી. એક તો હું ભ્રષ્ટા અને તેમાં વળી પરાધિના; આથી મારા ઉપર સર્વ લોકો મનમાન્યો અત્યાચાર કરવા લાગ્યા. હવે હું રોગીઓની પાસે રાત્રે રહેતી નહોતી. જ્યારે જ્યારે જે જે કંપાઉન્ડરોને ઇચ્છા થતી ત્યારે ત્યારે

તે તે કંપાઉન્ડરો મને પોતાને ઘેર બોલાવતા અને આખી રાત પોતાની પાસે રાખતા. આથી રોગ શાંત થતો નહિ. જ્યાં જરા આરામ થતો, ત્યાં અત્યાચારથી પાછો વ્યાધિ વધી જતો. લગભગ છ મહિના સુધી આ પ્રમાણે હું હૉસ્પિટલમાં રહી. હું જે ઠેકાણે માંદગીની અવસ્થામાં રહેતી હતી, તે ઠેકાણે એક બીજી સ્ત્રી બિમાર થઇ આવી હતી. તે પણ વેશ્યા હતી. પરંતુ મારા જેવી યુવતી નહોતી કે રૂપવતી પણ નહોતી. હું એની પાસે રહેવાને લીધે એનાથી પરિચિત થઈ ગઇ હતી; કિન્તુ ત્યાં રહેવાથી અમે એવાં કંટાળી ગયાં હતાં કે ગમે તે રીતે એ સ્થાનમાંથી નાસી છૂટવાનો અમે વિચાર કર્યા કરતાં હતાં. એક દિવસ મેં તેને કહ્યું–'બ્હેન! હવે તો અહીં બિલકુલ રહેવાય એવું નથી, કોઇ એવો ઉપાય ખોળી કાઢો કે આપણે બન્ને નાસી છૂટીએ.'

'બ્હેન, હું પણ એજ વિચાર કરૂં છું; પરંતુ મને રસ્તો જડતો નથી.'

'શું રાત્રે આપણાથી ન ચાલ્યાં જવાય?'

'ના, દરવાજા ઉપર સખ્ત ચોકી રહે છે પકડાઇ જઇએ તો જેલમાં જવા વખત આવે.'

'ત્યારે શું બીજો કોઈ ઇલાજ નથી?'

'છે, એક ઇલાજ છે. અહીં જે હલાલ–ભંગી રહે છે, તેને આપણા હાથમાં લેવો જોઇએ. જો તે રીઝશે તો આપણને બહાર કાઢી શકશે.'

'પણ એને શી રીતે હાથમાં લેવો?'

'જો નાસી છૂટવું હોય તો નિરૂપાયે તું એક વખત તેના ઉપર પ્રસન્ન થઈ જા!'

તેની આ સલાહ સાંભળતાંજ મારા શરીરમાં પગથી માથા સુધી આગ સળગી ઉઠી. હાય હાય! શું આટલે સુધી મ્હારી દુર્ગતિ થઈ ગઇ? તે સ્ત્રી મારા મોઢા સામે જોઈ મારા હૃદયના ભાવ સમજી ગઇ. મને તે ધીમે ધીમે સમજાવવા લાગી કે જો બ્હેન, આપણે કોઈપણ રીતે અહીંથી નીકળીએ તો જાણે આપણો નરકમાંથી ઉદ્ધાર થયો ગણાય. આ પાપસ્થાનમાંથી છૂટવા માટે સર્વ કાંઇ એક વખત કરવું જોઇએ. આપણે વેશ્યાઓ છીએ. ઉચ, નીચ પુરુષોનો ભેદ આપણે કયાં જોવા રહીએ?' આખરે હું તેની સલાહ પ્રમાણે વર્તી અને એક દિવસ એ હલાલની મદદથી અમારો બન્નેનો ત્યાંથી છૂટકારો થઇ ગયો. અમે ત્યાંથી નાસીને એક સાધારણ મકાન પાસે આવી પહોંચ્યાં. મારી સાથેની બાઇએ બહારથી બારણું ખડખડાવ્યું. થોડીવારમાં એક સ્ત્રી અંદરથી દીવો લઇને આવી. બારણું ઉઘાડી, દીવો ઉંચો કરી મારા મોઢા સામે જોઇ મારી સંગિનીને પૂછ્યું-'અરે, લક્ષ્મી! તું અત્યારે કયાંથી આવી? અને આ કોણ છે?'

'એ બધું હું પછી કહીશ. અત્યારે તો અમને અંદર લે.'

અમે તત્કાળ મકાનમાં ગયાં. તે આધેડ સ્ત્રી અમારી પાછળ પાછળ આવી. મેં ધાર્યું કે મારે અહીં પણ દ્વાર ઉપર ઉભાં રહી શરીર વેચવું પડશે; પરંતુ મારી તે ધારણા ખોટી પડી. સદ્ભાગ્યે લક્ષ્મીએ મને એવું કામ કરવા દીધું નહિ અને કહ્યું કે જ્યાં સુધી

તને સંપૂર્ણ આરામ ન થાય ત્યાં સુધી હું તને એ નીચ ધંધો કરવા દઈશ નહિ. ખરેખર તે મને તેના કથન પ્રમાણે રોગથી મુક્ત થવાનો પ્રયત્ન કરતી રહી. મારા નિત્યના આહારને માટે તેણે સ્વાદિષ્ટ ભોજનનો અને પહેરવાને માટે સારાં વસ્ત્રોનો પ્રબંધ કરી દીધો. સ્નેહમયી મોટી બ્હેન સહોદરા નાની બેન સાથે જેવી વર્તણુક ચલાવે, તેવીજ વર્તણુંક તેણે મારી સાથે ચલાવી હતી. હું એની સેવા તથા મમતાથી બહુજ સંતુષ્ટ અને પ્રસન્ન થઇ હતી.

(૫)

છ મહિનામાં હું લક્ષ્મીની પ્રીતિ તથા માવજતથી સારી થઈ ગઇ. પહેલાં જેવું મારૂં સૌન્દર્ય હતું, તેવુંજ ફરીને પણ પ્રાપ્ત થયું. એક દિવસ દર્પણમાં મારૂં મોઢું જોઇ મને બહુ પ્રસન્નતા થઈ. ધન્ય ઇશ્વર કે જેણે મને મહા ઘૃણિત અવસ્થામાંથી પાછી આ ઉત્તમ અવસ્થામાં લાવી મૂકી. મેં વિચાર કર્યો કે ઇશ્વિરે દયા કરી મારો નરકમાંથી ઉદ્ધાર કર્યો છે તો હવે મારે નીચ વૃત્તિ છોડી દઈ કોઇ રાજા-રજવાડાનો આશ્રય લેવો જોઇએ; કારણ કે મને પરમેશ્વરે એને લાયક રૂપયૌવન આપ્યું છે. ફરી મેં વિચાર કર્યો કે આ લક્ષ્મી મારી માવજત જે આટલા પ્રેમથી કરી રહી છે, તેની મતલબ મારા સમજવામાં એવી આવે છે કે તે મારી પાસે પાપની કમાણી કરાવશે. હવે હું ગામડીઅણ સાદી, ભોળી કાત્યાયની નથી; કિન્તુ મારા ધંધાનાં છળ, બળ, કળ સર્વમાં ખાસી પ્રૌઢા થઇ ગઈ છું. પુરુષોની બુદ્ધિ ઉપર પરદો નાંખી તેમને મૂર્ખ બનાવવાની પુરેપુરી યુક્તિઓ મને આવડી ગઈ છે; પરંતુ આ ઠેકાણે રહીને કોઈ મોટો શિકાર પકડવો સહેલ નથી. લક્ષ્મી મારા ઉપર

ચોવીસે કલાક નજર રાખ્યા કરતી હતી. તેના પંજામાંથી નાસી છૂટવું સહેલું નહોતું. વળી એકલાં નાસવાનું સાહસ પણ નહોતું.

એક દિવસ તેણે મને સ્પષ્ટ કહ્યું કે ' પરમેશ્વરે તને એવું રૂપ આપ્યું છે કે તેમાં કોઇ મોટો માણુસ ફસાઈ જશે અને થોડાજ દિવસમાં આપણું ધનાઢ્ય થઇ જઇશું. મેં એક સારૂં મકાન ભાડે લીધું છે, તેમાં હવે આપણે રહેવાનું છે.' હું તો એ સાંભળતાંજ રાજી થઇ ગઇ; કારણ કે મને આ મકાન ગમતું નહોતું. નવા મકાનમાં જઈ મેં નવા ઠાઠથી ફરી દુકાન શરૂ કરી, ફરી એજ કઠોર વૃત્તિનું અવલંબન કર્યું. હૃદયની અંદર તો અગ્નિ સળગી રહ્યો હતો પણ મોઢા ઉપર શીતળ હાસ્ય રાખવું પડતું હતું. જેના ઉપર ઘૃણા કરતી, તેનેજ નકલી પ્રેમથી હૃદય સાથે લગાવતી. શરીર અશક્ત હોય તોપણ ગાવું અને નાચવું પડતું. શરીર ચાલતું ન હોય, હૃદય આનંદિત ન હોય તોપણ તેના ઉપર અત્યાચાર કરાવતી. જે મુખથી પ્રાણપ્યારા કહી અનેક બનાવટી પ્રેમ કરતી, તેનોજ હૃદયથી તિરસ્કાર કરતી અને પાછળ નિંદા કરી કટુ વચન કહેતી. જેને જોવાનું કદી પણ મન ન થાય, તેને કહેતી કે વ્હાલા, તમારા વિના શી રીતે જીવી શકાશે? પરપુરુષને રીઝાવવા માટે આંખોમાંથી ખોટાં આંસુઓ પાડતી અને તેના ગયા પછી એની મૂર્ખતા ઉપર ખૂબ હસતી. ખરૂં છે કે વારાંગનાઓના જેવી જીવતી ચુડેલો આ જગતમાં બીજી કોઈ નહિ હોય! આટલું પાપ, આટલો પ્રપંચ અને આટલો વિશ્વાસઘાત કેવળ રૂપિયા કમાવાને માટે! પરંતુ એ વખતે એ ખ્યાલ નહોતો આવતો કે જે રૂપિયા પાપ અને વિશ્વાસઘાતથી પેદા કરવામાં આવે છે તે તત્કાળ ચાલ્યા જાય છે. જે લોકો પાપી,

વિશ્વાસઘાતી, ધમંડી થઇ પૈસા પેદા કરે છે તેમને ધનની મદાંધતાથી એવું સમજાય છે કે મારા જેવો ભાગ્યવાન્ અને ચતુર રોજગારી જગત્‌માં બીજો કોઇ નથી થયો અને જે લક્ષ્મી મારી પાસે આવી છે, તે પ્રલયકાળ સુધી મારાથી દૂર થવાની નથી! પરંતુ આ પૃથ્વી ઉપર કોઈ પણ એવો સામર્થ્યવાન્ નથી થયો કે જેના દિવસો સદા એક સરખા ગયા હોય! કદી સિંહાસન હોય છે તો કદી રાખમાં પડ્યા રહેવાનો વખત હોય છે; કિન્તુ ભેદ એટલો છે કે જે પાપને રસ્તે પૈસો પેદા કરે છે, તેને તે પૈસો નાશ પામતાં ઘણું દુઃખ અને સંતાપ થાય છે અને જેનું દ્રવ્ય સારે રસ્તે આવ્યું હોય છે, તે કદાચ નાશ પામે તોપણ તે પ્રસન્ન-ચિત્ત રહ્યા કરે છે. મને પાપસ્રોતમાં વહેતાં વહેતાં છ મહિના વીતી ગયા. એ તરૂણાવસ્થાનું જોમ છે કે એવી વૃત્તિ કરતા છતાં પણ મનુષ્ય અનેક કષ્ટોને સહન કરી જીવન ધારણ કરી રહે છે.

એક દિવસ હું દરિયે નહાવા ગઈ હતી. જ્યાં સ્નાન કરીને કપડાં પહેરી ઉભી રહી કે તરત મારી આંખો સામે એક વ્યક્તિ ઉભેલી જણાઇ. જેની મૂર્તિ મારા હૃદયપટ ઉપર અંકિત થઇ રહી હતી, જેને હું અનેક કષ્ટ પડવા છતાં એક ક્ષણવારને માટે પણ ભૂલી શકી નહોતી, જેને માટે મેં મારૂં અમૂલ્ય સતીત્વ રત્ન ગુમાવ્યું હતું અને જેને મેળવવા હું ઘર છોડી મુંબઇ આવી હતી, તેજ પ્રમોદરાયને મારી સામે એકાએક મેં જોયો. દયામય પ્રભુની મારા ઉપર સાચી દયા થઇ છે, એમ મેં માની લીધું. હવે મારા ઉપરથી દુઃખનું કાળું વાદળ વિખેરાઈ જશે એમ મારા મનને લાગવા માંડયું. તેણે મારી તરફ જોયું તો ખરૂં; પણ મને નહિ ઓળખ-

વાને લીધે તે એક ગાડીમાં બેસીને તરત ચાલ્યો ગયો. એની એવી ઉપેક્ષાથી મને ક્રોધ ચડ્યો. મેં મનમાં ને મનમાં પ્રતિજ્ઞા કરી કે એનો પૂરેપૂરો બદલો લીધા વિના છોડીશ નહિ.

વાચકોના સ્મરણમાં હશે કે હું નાચવા-ગાવામાં નિપુણ થઈ ગઈ હતી, તેથી મેં ફરીને એ વ્યવસાયનો આરંભ કરી દીધો. થોડા વખતમાં સારા શહેરમાં મારી પ્રસિદ્ધિ થઇ ગઇ. નિત્ય ક્યાંઇ ને ક્યાંઇથી આમંત્રણ આવ્યા કરતું અને દરેક મહિને અતુલ રૂપિયાઓની આમદાની થતી રહેતી. મેં એ આવકના પ્રમાણમાં હીરા, મોતીનાં અનેક ઘરેણાં બનાવરાવ્યાં હતાં. પહેરવાને માટે કિંમતી કપડાંઓ ખરિદ્યાં હતાં. લક્ષ્મી મારી સ્વામિની હવે નહોતી. હું સર્વત્ર મુક્તાબાઈના નામથી પ્રખ્યાત થઈ ગઇ હતી. મુંબઇ શહેરમાં મારૂં નામ સર્વવ્યાપી બની ગયું હતું. સર્વ કોઇ કહેતું હતું કે સઘળી તવાયફોમાં મુક્તાબાઇ જેવી રૂપવતી કે અચ્છી ગાનારી બીજી કોઇ તવાયફ નથી. હું સમજી કે હવે મારૂં ભાગ્ય ખીલ્યું છે. જ્યાં ક્યાંઇ મુજરો થતો ત્યાં હું કવચિત્ પ્રમોદને દેખતી. ગાયન સાંભળવાનો તે બહુ અનુરાગી હતો; પણ કોણ જાણે કેમ વેશ્યાઓનાં ગાનતાન તેને પસંદ નહોતાં અને તેથી તેના ઉપર મારો પ્રભાવ પડી શકતો નહોતો. હું મનમાં વિચાર કરવા લાગી કે એનાથી બદલો લેવામાં હું હારી.

એક વર્ષ એ પ્રમાણે વીતી ગયું. મારી પાસે દ્રવ્ય કાંઇ ઓછું નહોતું. છતાં હૃદયની આગ બુઝાતી નહોતી. તે તો દિવસે દિવસે વધતીજ જતી હતી. અનેક ધનવાન તથા રૂપવાન રાજા-મહારાજાઓ મારે ત્યાં રાત વીતાડવા માટે આતુર રહ્યા કરતા અને એક રાતને

મારે હજારો રૂપિયા આપવા ચહાતા, પણ હું રાજી થી નહિ. મેં મારા હૃદયની આગ હૃદયમાંજ દબાવી રાખી હતી. સંસારની સર્વ લાલસાઓને છોડી કેવળ પ્રમોદને મારા ફંદામાં ફસાવવાની ફિકરમાંજ હું લાગી રહી હતી; પરંતુ મારા દુર્ભાગ્યની પ્રબળતાથી હજુ સુધી મને તેમાં સફળતા પ્રાપ્ત થઈ નહોતી.

હવે હું મુંબઈના સમસ્ત ધનવાન્ અને સ્વરૂપવાન્ લોકોને પરિચિત થઇ ગઇ હતી. જો પ્રમોદ ઉપર મારી એવી ઇચ્છા નહોત તો સંસારમાં મારા જેવી બીજી સુખીની કોઇ ન હોત; પરંતુ શું કરૂં ? સુખી થવાનું મારા ભાગ્યમાંજ નહોતું. મને પ્રમોદ સિવાય બીજી કાંઇ પણ ઇચ્છા નહોતી. એક દિવસ લક્ષ્મી મધ્યાહ્ન વખતે મારી પાસે આવી બેઠી અને બોલી કે–" હું તને કાંઇ કહેવા ઇચ્છું છું ' મેં કહ્યું–' શું છે ? કહે. ' લક્ષ્મી જાણતી હતી કે હું બગીચાનું આમંત્રણ સ્વીકારતી નહોતી; કેમકે બગીચાનું આમંત્રણ સ્વીકારવાથી નાચવા ગાવા સિવાય બીજા પણ અનેક ઝગડાઓ કરવા પડે છે; તેથી લક્ષ્મીએ બહુ સંકોચથી એ વાત છેડી. મેં પૂછ્યું–' કયા બગીચામાં ? '

' શેઠ હરિલાલના બગીચામાં, '

હું જાણતી હતી કે તેને પ્રમોદરાય સાથે સારી મિત્રતા છે. તેથી મેં એક સરત કરી પૂછ્યું કે તે શું આપશે ? '

' જે માગીશ તે મળશે. એને ત્યાં કોઇ વાતની ખામી નથી. '

' શેઠ હરિલાલની સાથે પ્રમોદરાયને સારી મિત્રતા છે. જો તે પ્રમોદરાયને આમંત્રણ આપી પોતાને ત્યાં બોલાવે તો હું ખુશીથી

આવીશ, નહિતો એક લાખ રૂપિયા આપવા છતાં પણ હું નહિ આવું. હરિલાલ શેઠને કહેજે કે પ્રમોદરાય આવશે તો હું એક પાઇ પણ લીધા વિના સૌને ગાયન સંભળાવીશ અને જો તેને હું ત્યાં નહિ દેખું તો તરત પાછી ફરીશ. મારી આ સઘળી યોજના પ્રમોદના કાન સુધી પહોંચવી જોઇએ નહિ.'

લક્ષ્મી એ સાંભળીને ચાલી ગઇ. સંધ્યા સમયે તેણે આવીને કહ્યું કે હરિલાલ શેઠે સઘળી વાત કબુલ રાખી છે. પ્રમોદરાય પંદર મિનિટને માટે જલસામાં આવવા કબુલ થએલ છે. મેં વિચાર કર્યો કે મારા એટલા ટુંકા વખતમાંજ મારો શિકાર સાધ્ય કરવાનો છે. જો હું એટલા વખતમાં મારૂં કામ નહિ કરી શકું તો પછી પ્રમોદ ફરી ફસાવો દુઃસાધ્ય છે. એ રાત્રે એક ક્ષણને માટે પણ મને નિદ્રા આવી નહિ. ચિંતામાં ને ચિંતામાં રાત વીતી ગઇ. હું વિચાર કરવા લાગી કે કઇ રીતે પ્રમોદરાયને ફસાવી લઉં ! પુરાણોમાં સાંભળ્યું છે કે સ્વર્ગની અપ્સરાઓએ એક પળમાં મોટા મોટા યોગસિદ્ધ ઋષિ-મુનિઓએ ભ્રષ્ટ કરી દીધા છે. સ્વયં યોગિરાટ શિવજી મોહિનીને જોઇ એવા મોહિત થઇ ગયા હતા કે તેમને તન, મનનું ભાન રહ્યું નહોતું તો પછી શું હું એક સાધારણ પુરૂષને મારા રૂપના ફંદામાં નહિ ફસાવી શકું ? આવા ને આવા વિચારોમાં મારી આખી રાત વીતી ગઈ. સવાર થતાંજ શય્યામાંથી ઉઠી શરીરને સારાં વસ્ત્રોથી મોહક બનાવવાનો ઉદ્યોગ કરવા લાગી. જેમ જેમ દિવસ ચડવા લાગ્યો, તેમ તેમ ઉત્કંઠા વધવા માંડી. એક કલાક તો કેશવિન્યાસમાં લગાડયો; પછી કિંમતી કિંમતી વસ્ત્રો અને ઘરેણાંઓ ધારણ કર્યાં. જ્યારે સર્વ પ્રકારે સજ્જ થઇ ગઇ ત્યારે એક મોટા દર્પણની

સામે જઈ તેમાં મારૂં રૂપ નિહાળવા લાગી. હું એ વખતે મારા રૂપ ઉપર એવી મોહિત થઇ ગઇ કે ક્યાં સુધી ત્યાં ઉભી રહી એનું પણ મને ભાન રહ્યું નહિ. જ્યારે લક્ષ્મીએ આવીને કહ્યું કે બહાર નીચે ગાડી આવી ગઈ છે ત્યારે ચમકીને તેની સાથે જઇ તેમાં બેઠી. સંધ્યા સમય થતાંજ ગાડી એક સુંદર બગીચાવાળા બંગલામાં જઈ પહોંચી. હરિલાલે મારી પાસે આવી હસતાં હસતાં માનપૂર્વક મારી તરફ પોતાનો હાથ લંબાવ્યો. મારા મુજરાની વાત સાંભળીને અગાઉથી ઘણાં રસિકજનો આવી હાજર થઈ ગયાં હતાં. સર્વની સતૃષ્ણ દૃષ્ટિ મારીજ ઉપર હતી. હું નીચે ઉતરી એટલે હરિલાલે મને કહ્યું–' બની શકે ત્યાં સુધી દુનિયાની સુંદરમાં સુંદર વસ્તુઓ મેં આજ એકઠી કરી છે; પરંતુ આપના વિના તે સઘળી નિસ્તેજ જણાતી હતી. અત્યારે હવે આપના આવવાથી તે સર્વ સજીવ બની ગઇ છે. ધન્ય છે તે વિધાતાને કે જેણે આપને ઉત્પન્ન કર્યાં છે અને ધન્ય છે આજનો દિવસ કે જેમાં મને આપનાં દેવદુર્લભ રૂપનું દર્શન થયું છે, ' મેં એના ઉત્તરમાં કહ્યું કે–' હું તો આપ જેવા શેઠીઆ-ઓની કૃપાભિલાષિણી છું. આપ મારા ઉપર અનુગ્રહ કરો છો, તેથીજ મારી આટલી પ્રશંસા છે; બાકી મારામાં કાંઇ નથી. ' આ પ્રમાણે વાતચીત કરતાં અમે અંદર ગયાં.

અંદર જતાંજ પ્રમોદને જોવા સારૂ મેં ચારે તરફ દૃષ્ટિ કરી એક ખુણામાં તે લપાઇને બેઠો હતો. મને જોઇ તેણે શેઠની રજા માગી અને પંદર મિનિટ પૂરી થઇ ગયાનું સૂચન કર્યું. શેઠે તેને બહુ આગ્રહ કરી બેસાડયો અને મેં મારાં મોહાસ્ત્ર ફેંકવાનું શરૂ કર્યું. જેઓએ વારાંગનાઓના નાચગાનના જલસાઓ જોયા હશે

તેમને માલમ હશે કે મહફિલમાં નાચતાં નાચતાં વારાંગના ગમે તે પુરુષની પાસે બેસી ઇનામો મેળવે છે. હું પ્રમોદની પાસે બેસી ગઈ અને મધુર સ્વરે તેનો હાથ પકડી બોલી–'આ વીંટી બહુ સુન્દર છે અને આપની આંગળીમાં તે સારી શોભે છે.' મારૂં એ કથન તેના સિવાય કોઇએ સાંભળ્યું નહિ. તે ચમકીને મારી તરફ જોવા લાગ્યો. મેં મારૂં સઘળું સૌન્દર્ય, સંપૂર્ણ લલિત્ય અને સંપૂર્ણ માધુર્ય મારાં નેત્રોમાં આણી વ્યાકુળતાથી તેના તરફ કટાક્ષ ફેંક્યાં. એ કટાક્ષે તેના ઉપર જાદુની અસર કરી એ એટલો બધો નિષ્ઠુર નહોતો કે તેનો હાથ મારા હાથમાંથી છોડાવી ચાલ્યો જાય. હું અર્ધો કલાક સુધી તેની પાસે બેસીને ગાયન લલકારતી રહી. જ્યારે રાત ઠીક જામી ત્યારે સર્વ ચાહ, નાસ્તો અને મદિરાપાનને માટે ઉઠીને બીજે સ્થાને ચાલ્યા ગયા; પણ પ્રમોદ તેમાં ગયો નહિ, પ્રસંગ જોઈ મેં કહ્યું–'અહીં બહુ ઉકળાટ થાય છે, ચાલો જરા બગીચામાં હવા ખાઈ આવીએ.' હું તેનો હાથ પકડી તેને બહાર લઇ એવો કોણ સંયમી પુરુષ છે કે જે એવા પ્રસંગમાં અનંગને જીતી શકે? થોડાજ પ્રયાસમાં હું જીતી અને પ્રમોદ હારી ગયો. ઘણે દિવસે આજ મારી લાલસા પુરી થઈ. મારા સમસ્ત જીવનમાં જેવી હું આજ સંતોષ પામી તેવી કદી પણ પામી નહોતી. તે રાત મેં બહુ આનંદમાં વીતાડી. લગભગ એક વાગે હું મિજલસમાંથી ઘેર આવી.

(૬)

મેં પ્રમોદરાયને વાતવાતમાં કહી લીધું હતું કે તેણે બીજે દિવસ મારે ઘેર આવવું. તે પ્રમાણે હું બીજે દિવસ તેના આવવાની

રાહ જોવા લાગી મેં મારા ઓરડાને કામોદ્દિપક સાધનોથી ખૂબ શણગાર્યો. આ દગાબાજ દુનિયામાં અમારા જેવો દગો બીજા કોણુ કરતાં હશે? એક સચ્ચરિત્ર યુવાન પુરુષને સપડાવવા માટે હું સર્વ કાંઇ કરતી હતી. તેની પ્રિય પાત્રી બનીને તેના સર્વનાશનો ઉપાય રચતી હતી. આ મહા પાપનું ફળ મને પાછળથી મળ્યું છે અને એવુંજ ફળ મારા જેવી સર્વ હતભાગિનીઓને નિરંતર મળ્યા કરે છે.

પ્રમોદની હું રાહ જોઇને રહી હતી; પણ તે આવ્યો નહિ. આખી રાત મેં આશામાં ને આશામાં વ્યતીત કરી. સવાર થયું. બીજો દિવસ વીત્યો, પણ તેનો કાંઇ પત્તો મળે નહિ. વિરહની યંત્રણા સહેતાં સહેતાં સાત આઠ દિવસ વીતી ગયા લક્ષ્મીને હું તેની તપાસ કરી લાવવાનું કહેતી હતી; પણ તે જુદાં જુદાં બહાનાં બતાવ્યા કરતી હતી. શેઠ હરિલાલ હંમેશ મારે ત્યાં આવતો હતો; પણ હું તેની વાત કબુલ કરતી નહોતી. લક્ષ્મી મારા ઉપર નારાજ રહ્યા કરતી. અવસર જોઇને તે મને કહેતી કે આટલા વખતમાં તો પાંચ, છ હજાર રૂપિયા મળી જાત! પણ હું તેનું કહેવું લક્ષ્યમાં લેતી નહિ. એક દિવસ સાહસ કરી તેણે મને પૂછ્યું: મેં હૃદયનો ભાર હલકો કરવા તેને સઘળું કહી સંભળાવ્યું. તેણે તે સાંભળીને કહ્યું–' ઓહો, એમાં શું? એને માટે આટલી બધી ચિંતા શા સારૂ? તે સ્વયં તારી પાસે આવે એવો હું ઉપાય રચીશ.' પરંતુ તે પણુ બિચારી કાંઇ ઉપાય રચી શકી નહિ. આખરે એક મહિનો વીત્યા પછી મેં પ્રમોદનું મકાન શોધી કાઢયું. એક ગાડી ભાડે કરી હું ત્યાં ગઇ અને મેં એકદમ તેના ઓરડામાં પ્રવેશ કર્યો. વારવધુ

વેશ્યા સિવાય આવું સાહસ બીજા કોનામાં હોય છે ? મેં જોયું કે પ્રમોદ એક ખુરશી ઉપર બેઠો બેઠો પુસ્તક વાંચી રહ્યો છે. વાંચવામાં તે એવો તલ્લીન થઇ ગયો હતો કે હું આવી તેનું પણ તેને ભાન રહ્યું નહિ. ધીમે ધીમે તેની પાછળ જઇ હું ઉભી રહી. સામે એક મોટો આરિસો દિવાલમાં ટાંગેલો હતો. મારૂં અનુપમ સૌન્દર્ય તેમાં ઝળકવા લાગ્યું. મેં ધીમેથી મારા અંગનું વસ્ત્ર પણ હઠાવી દીધું હતું; એટલે મારૂં વિલક્ષણ રૂપ બમણું મનોહર થઇ રહ્યું. અચાનક તેની દૃષ્ટિ આરિસા ઉપર પડી. તે ક્ષણ ભર તેમાં જોઈ રહી પાછળ ફરી જોવા લાગ્યો. હું પ્રથમથી તૈયારજ હતી. કાનમાંનું અત્તર આંખોમાં લગાવી હું કૃત્રિમ આંસુ વહાવવા લાગી. એક સુન્દર યુવતિને રડતી જોઇ પત્થર પણ પીગળી જાય છે, તો પછી પ્રમોદરાય તો રક્ત-માંસનો બનાવેલો મનુષ્ય હતો. તેણે એકદમ ઉઠીને મારો હાથ પકડ્યો અને મારાં આંસુ લ્હોતાં લ્હોતાં પૂછ્યું ‘ તમે રડોછો શા માટે ? મને એથી બહુ દુઃખ થાય છે આટલા દિવસ હું બીમાર થઈ ગયો હતો નહિતો હું તમને અવશ્ય મળવા આવત ’ મેં રડતાં રડતાં તેની છાતી ઉપર મારૂં માથું નાંખી દીધું અને ડુસકાં ભરી કહ્યું-‘ ભલા આ દાસી આપને કયાંથી યાદ આવે? મેં બહુ દિવસ રાહ જોઇ; પણ આખરે સાહસ કરી અહીં આવવું પડ્યું. જો હૃદય ચીરી બતાવવું હોય તો આપ જોઈ શકત ! ’

તે મારા પ્રેમમાં પાગલ થઈ ગયો. હું સાત દિવસ સુધી ત્યાં રહી. મેં એટલા વખતમાં તેને મદિરાપાન કરતાં શીખવી દીધું, હું તેનો સર્વ નાશ કરવા તૈયાર થઇ. એક દિવસ એવો હતો કે જેનો હાથ પકડીને હું મને કૃતાર્થ માનતી હતી-આજ તેને હું પગથી

મારવા તૈયાર થઇ અને કુતરાની પેઠે ધુતકારવા લાગી. પિશાચિની-ઓની જાળમાં સપડાવાથી પુરુષના બન્ને ભવ બગડે છે. પ્રમોદ મારી પાછળ ગાંડો થઈ ગયો તેમને પ્રસન્ન કરવા માટે કિંમતી વસ્ત્રો અને આભૂષણો લાવવા લાગ્યો. ગાડીઓ અને ઘોડાઓ તેણે મારા માટે ખરિદ કર્યા. પોતાને ઘેર જવાનું છોડી દઇ તે રાતદિવસ મારે ત્યાં પડી રહેવા લાગ્યો. આટલા દિવસ પછી મારી પ્રતિહિં-સાની વૃત્તિ શાંત થઇ ખરૂં પૂછો તો પ્રમોદની એ પ્રિતીના બદલામાં મારા હૃદયમાં એક પ્રકારની રાક્ષસી વૃત્તિ પેદા થઇ. એનો સર્વનાશ કરવાને માટે મારા હૃદયમાં જ્વાળા ઉઠવા લાગી. પ્રમોદનો પ્રેમ જતો રહેશે તો મારી શી દશા થશે ? એ બાબતની હું ચિંતામાં પડી ગઇ. મેં એના દ્રવ્ય હરણનો રસ્તો લેવા માંડયો. વિલાસિતા મદિરા અને મોજ શોખમાં હું પૈસા પાણીની પેઠે ઉડાવવા લાગી. કોઇ કોઇ વખત તો એક રાતમાં બે ત્રણ હજાર રૂપિયાનું પાણી થઇ જતું હતું ! પ્રત્યેક શનિવારે કેટલાક રૂપિયા ખરચાતા હતા તેનો કાંઇ હિસાબ નહોતો. એ રૂપિયા ક્યાંથી આવે છે તેનો હું વિચાર કરતી નહોતી. લગભગ બે વર્ષ એ સ્થિતિમાં વીતી ગયાં. પ્રમોદના ચહેરા ઉપર હવે કાલિમાની રેખા દેખાવા લાગી. ધીમે ધીમે તે રેખા વધવા માંડી. સુરાપાન વિના તેને એક ક્ષણ પણ ચાલતું નહોતું. થોડા દિવસમાંજ તે ખુવાર થઈ ગયો. તેની સઘળી સંપત્તિ ચાલી ગઇ અને ઉલટું માથા ઉપર કરજ થઈ ગયું. મને તેથી ઘણો આનંદ થયો. હું વિચાર કરવા લાગી કે જે રીતે તેં મને રસ્તાની કંગાલિની બનાવી દીધી છે, તેજ રીત મેં આજ આટલા દિવસ પછી કરી બતાવી છે. હવે મારી પાસે પાંચ સાત

લાખનો જીવ થઈ ગયો છે. હું આ પાપપુરી મુંબઇ નગરી છોડીને કોઇ ગામડામાં સુખેથી જઈ રહી શકીશ.

એક દિવસ રાતને વખતે ચાંદનીના પ્રકાશમાં અમે બન્ને જણાં અગાશી ઉપરની શય્યામાં બેઠાં હતાં. મંદ મંદ શીતળ હવા આવતી હતી. અમે વાતોની લહેરીએ ચડયાં હતાં. મેં એ પ્રસંગ અનુકુળ જોઇ પ્રમોદને પૂછ્યું–' વ્હાલા ? તમે મને પ્રથમ કદી જોઇ હતી ? '

તેણે કાંઈક વિચાર કરી જવાબ આંપ્યો–' ના, તને મેં કદી જોઇ નથી ! '

' તમને કાત્યાયનીની વાત યાદ આવે છે ? '

અચાનક સર્પને જોઈ મનુષ્ય જેમ ચમકી ઉઠે છે, તેમ પ્રમોદ મને જોઇ આશ્ચર્ય ચકિત થઇ ગયો. તે આંખો ફાડીને મને જોવા લાગ્યો. તેના મોંહામાંથી શબ્દો નીકળી પડયા–' ભલા, એ વાત કેમ બની શકે ? એતો શાક્ષાત્ સતી લક્ષ્મી હતી ! '

મારી બન્ને આંખોમાં આંસુ ભરાઇ આવ્યાં. મેં રડતાં રડતાં કહ્યું–' મારી આ દશા કેવળ તમારે લીધેજ થઇ છે ! '

કાત્યાયિનીને પ્રમોદ હજુ ભૂલ્યો નથી એ જાણી મને ઘણો આનંદ થયો. મેં કહ્યું–' વહાલા ! કાશીજીમાં મણિકર્ણિકાના ઘાટ ઉપર તમે મારા પ્રાણ બચાવ્યા હતા તે યાદ છે ? પ્રયાગના મેળાની વાત સ્મરણમાં છે ? તમારા મોહમાંજ મારી આ દશા થઇ છે.

પ્રમોદ એક શબ્દ પણ બોલ્યો નહિ. તે ઉદાસ બની કહેવા લાગ્યો–' અત્યારે મારૂં મન ઠીક નથી. કાલે આ વાતચીત કરીશું.

મેં તેને શય્યામાં સુવાડી દીધો અને હું બીજા કોઇ કામ માટે ઉઠીને ત્યાંથી ચાલી ગઈ.

થોડીવાર પછી આવીને જોઉછું તો પ્રમોદ ન મળે. આખું મકાન ખોળી વળી, સઘળા ઓરડા તપાસ્યા પણ પત્તો લાગ્યો નહી. તેને ઘેર તપાસ કરાવી, પરંતુ ત્યાં પણ તે મળ્યો નહિ. હું હતાશ થઈ ગઇ. મારા હૃદયમાં એક તીવ્ર વેદના થવા લાગી. મેં તેની ઘણી તપાસ કરાવી તો માલમ પડયું કે તે આ સંસારથી કંટાળીને કયાંઇ તીર્થ કરવા ચાલ્યો ગયો છે. મારા હૃદયમાં તેથી એક પ્રકારની જ્વાળા સળગી. જેણે એકવાર પણ પાપ માર્ગ ઉપર પગ મૂકયો હોય તેણે કોઈ પ્રકારની સુખની આશા રાખવી નહિ મને એક વખત વિચાર આવ્યો કે ઘેર જઇ મારી માતાની ડોકે વળગી ખૂબ રડું કે જેથી હૃદયને શાંતિ મળે; પણ હાય ! હિન્દુ સંસારમાં એકવાર કુળનો ત્યાગ કર્યા પછી શું કોઈ સ્ત્રી પાછી પોતાને ઘેર જઇ શકે છે ?

મારૂં ચિત્ત કોઇ રીતે શાંત થઇ શકયું નહિ. એક અઠવાડીઆમાં ઘરનો બંદોબસ્ત કરી હું લક્ષ્મીને સાથે લઇ તીર્થયાત્રા કરવા નીકળી લોકો પોતાનાં પાપનો નાશ કરવા માટે તીર્થયાત્રા કરે છે; કિન્તુ હું પાપ વધારવા સારૂ અને મારી પાપ વૃત્તિને ચરિતાર્થ કરવા સારૂ તીર્થમાં ચાલી. બાણુવિદ્ધા હરિણી પેઠે તરફડતી વ્યાકુળ થતી અનેક તીર્થોમાં ફરી, પરંતુ કયાંઇ પણ પ્રમોદ મળી શક્યો નહિ. આ વખતે મારૂં પૂર્વનું અભિમાન ફરી જાગૃત થયું. સમગ્ર પુરુષ જાતિ ઉપર મને ક્રોધ ઉત્પન્ન થયો. હું રખડીને પાછી મુંબઇ આવી મારા હૃદયમાંથી દયા અને મમતા ચાલ્યાં ગયાં. એક

વિલક્ષણ રાક્ષસી વૃત્તિ મારામાં ઉત્પન્ન થઇ. મેં તત્કાળ હરિલાલ શેઠને એક ચિઠ્ઠી લખી અને તેમાં મારી માનસિક વ્યગ્રતાનો ઉલ્લેખ કર્યો.

ચિઠ્ઠી મળતાંજ તે મારે ઘેર આવ્યો. મેં તરત તેને મારો સિકાર બનાવી દીધો. નાચ, ગાન અને મદિરા પાનમાં તેને લુબ્ધ કરી દીધો. તેના તરફથી મને પૈસાની પ્રાપ્તિ થવા લાગી. અમારી વેશ્યાઓની જીવિકા કેવી ગૃણિત છે! જેને અમે પ્રાણ પ્યારા કહી બોલાવીએ છીએ, તેનોજ હૃદયથી તિરસ્કાર કરીએ છીએ. જેનું મોઢું જોવાથી શરીરમાં કંપ છૂટે છે, તેને અમે આદર છાતી સાથે લગાવીએ છીએ. સ્ત્રીઓના જીવનને માટે શું આથી કોઈ ગૃણિતકાર્ય હોય છે? સળગતા અગ્નિમાં રહેવું ઉત્તમ છે; કિન્તુ આ કાપટય કળા અસહ્ય છે!

અસ્તુ. આ પ્રમાણે એક વર્ષ વીતી ગયું. એટલા વખતમાં હરિલાલની સઘળી સંપત્તિ ચાલી ગઇ; એક પાઇ પણ તેની પાસે રહી નહિ. મેં તેને મારા ઘરમાંથી ચાલ્યા જવાનું કહ્યું ત્યારે તે રડતો રડતો મારા પગ પકડી કહેવા લાગ્યો-'મુક્તા તારી પાછળ મારૂં સર્વસ્વ જતું રહ્યું છે. શું તું ભૂલી ગઈ છે કે હું તારી ઉપર સંપૂર્ણ પ્યાર કરૂં છું?'

મેં ગુસ્સો આણી તેને કહ્યું-'પ્યાર કરવો હોય તો તારે ઘેર જા. તારી સ્ત્રી ઉપર પ્યાર કર.' એમ કહી મેં તેને પગની એક લાત મારી અને મારા ઘર બહાર કાઢયો હરિલાલ ગયો; પણ મારે હવે બીજા કોઇ પુરુષના સેવનની જરૂર હતી, કેમકે વિલાસનો મને હરામચસ્કો લાગ્યો હતો. માણસને જે વાતનો અભ્યાસ પડી જાય છે તેના વિના તેને એક ક્ષણ પણ ચાલતું નથી.

મુંબઇમાં અનેક દેશના લોકો આવે છે અને જાય છે. મારા જેવી રાક્ષસિણીઓ તેને ખાવા માટે હંમેશ તૈયાર રહે છે. હું તો એ વિષયમાં પૂર્ણ નિપુણ થઇ ગઈ હતી, એટલે મારે નવો શિકાર પકડવો કઠીન નહોતો. આ વાતનું સંપૂર્ણ વર્ણન કરવું અનુચિત છે. સંક્ષેપમાં એટલુંજ કે મેં એકે એકે સાત મોટા શ્રીમંતોની સંપત્તિ માટીમાં મિલાવી દીધી. આ પ્રમાણેની અમીરી, આમોદપ્રમોદ, કપટાચરણ અને શરાબખોરીમાં મેં લગભગ વીસ વર્ષ વીતાડયાં! યૌવન પણ ધીરે ધીરે હવે દૂર થવા લાગ્યું; પણ ચિત્તની લાલસા તો ઉલટી વધતી ગઈ. હવે મને પાપ પુણ્યનો કાંઇ વિચાર રહ્યો નહિ. અત્યાર સુધી હું બીજાની ઉપર આજ્ઞા ચલાવતી હતી; પરંતુ હવે બીજાની આજ્ઞા મારા ઉપર ચાલવા લાગી. ચિત્ત હંમેશ ઉદાસ રહેતું, રાતદિવસ હૃદયમાં દુઃખ વધ્યા કરતું. મનની જ્વાળા કોઈપણ રીતે શાંત થતી નહિ. આખરે મારૂં ધ્યાન મારા એક નોકર ઉપર ગયું હું તેના ઉપર મોહાંધ થઈ ગઇ! ઉતરતી અવસ્થામાં એક દાસની હું દાસી બની!! મારી સર્વ મિલ્કતનો તે માલીક બન્યો ધીમે ધીમે તે મારી ઉપર સત્તા ચલાવવા લાગ્યો. કોઇ વખત શરાબની ધુનમાં તે મને મારતો પણ ખરો! કિન્તુ હું તે સર્વ મુંગે મોઢે સહન કરતી, કારણ એ હતું કે તેની પાસે રહેવાથી મને સારા સંસારનું સુખ મળતું હતું. આ દુનિયામાં મને એના સિવાય કાંઇપણ સારૂં લાગતું નહોતું, તેથી હું તેના સર્વ જૂલ્મ વેઠતી હતી. તે એક સાધારણ નોકરમાંથી મોટો શ્રીમંત બની ગયો હતો. ધીમે ધીમે મારી સઘળી સંપત્તિ તેણે હાથ કરી લીધી હતી. જે રીતે મેં બીજાઓને ભિખારી બનાવ્યા હતા, તે રીતે મને તેણે ભિખારિણી

કરી દીધી હતી મારાથી તેની સામે એક અક્ષર પણ બોલી શકાતો નહોતો.

બે મહિના એ નરાધમનો માર ખાતાં ખાતાં વીતી ગયા. મેં કદી કોઈનો માર ખાધો નહોતો, તેથી હું બહુજ કંટાળી ગઈ. આખરે એક દિવસ તેને છોડીને નાઠી અને એને મારો ક્યાંઇ પણ પત્તો ન લાગે એ રીતે શહેરને બીજે છેડે એક ઓરડી ભાડે લઈ રહેવા લાગી. હવે મારાથી ગાઇ શકાતું નહોતું. ઉદર પોષણ માટે મારે ફરીને બજારમાં બેસવાનો સમય આવ્યો. એક એવો સમય હતો કે મારા પગ આગળ રૂપિયાના ઢગલા થતા અને અત્યારે એવો વખત આવ્યો કે એક પાઇને માટે મારે બીજાની યાચના કરવાનું રહ્યું! હું મારા ભાગ્ય ઉપર કેટલુંયે રોઇ; પણ રડવાથી શું વળે તેમ હતું? મેં જાણ્યું કે મારાં પાપના પ્રાયશ્ચિતનો આરંભ થયો છે.

(૭)

આ સંસારમાં માણસની એક અવસ્થા સદાકાળ રહેતી નથી. હું જેમ થોડા દિવસમાં સોનાના સિંહાસન ઉપર ચડી બેઠી હતી, તેમ થોડાજ દિવસમાં રસ્તાની ભિખારિણી બની ગઈ. જેની સાથે વાતચીત કરવા મોટા મોટા શ્રીમંતો આતુર રહેતા, તેને આજ એક સાધારણ ઓરડીમાં બેસી રસ્તે જનારાઓને ચાર–આઠ આના માટે લોભાવવાનો વખત આવ્યો! પૈસા જેવી ચીજને અર્થે નીચમાં નીચ પુરુષને હાથે પણ શરીર ચુંથાવવાનો સમય આવ્યો!! આ કષ્ટ કરતાં તો મરવું પણ બહેતર હતું; પરંતુ મને મોતનોય ડર લાગતો હતો. હું પાપિની છું. મારા ભાગ્યમાં નરકવાસ લખેલો છે.

પેટને અર્થે જેટલા અત્યાચાર કોઈ સહન કરી શકે તે સર્વ મેં સહન કર્યા છે. સઘળી ઇચ્છા, આશા અને વાસનાનો મેં પરિત્યાગ કરી દીધો; છતાં પેટ ભરાયું નહિ. બે વખતને બદલે એક વખત પણ મને કઠીનતાથી ખાવાનું પ્રાપ્ત થતું હતું; છતાં જીવવાનો લોભ રહેતો હતો. હું મહા મુસીબતે જે કાંઇ પૈસા મેળવતી હતી, તે શરાબમાં વપરાઇ જતા હતા. મદિરાના શરણમાં રહેવાથી હું મારાં અનેક કષ્ટ ભૂલી જતી હતી; કિન્તુ એ રીતે કેટલા દિવસ ચાલી શકે? આખરે મને કુટ્ટીની બનવાનો વિચાર થયો. આજ સુધીમાં અનેક પુરુષોનું સત્યાનાશ કરી ચુકી હતી; હવે અનેક બાલિકાઓનું સત્યાનાશ વાળવા ઉભી થઇ, મેં હિન્દુઓની વસ્તીના લતામાં ફરવા માંડયું. શુદ્ધ બ્રાહ્મણી બની બે ત્રણ શ્રીમંત બ્રાહ્મણોના ઘરમાં રસોયણ તરીકે રહી; પણ મારી ઇચ્છા સફળ થઇ નહિ. કોઈ છોકરી હાથ પડી જશે એ આશામાં હું દિવસો વીતાડવા લાગી. એક મહિનો એ પ્રમાણે વીતી ગયો; પણ માનસિક દુઃખ દૂર થયું નહિ. લાલસાવૃત્તિ અને મદ્યપાનની આદત મને એવી ખરાબ પડી ગઇ હતી કે તેના વિના એક ઘડી પણ ચાલતુ નહોતું. એ બે વસ્તુની તૃપ્તિને અર્થે અત્યંત નીચને પણ મારી શય્યામાં મારે સ્થાન આપવું પડતું! હવે કહો, પતિત થવામાં બાકી શું રહ્યું?

અચાનક મારા દિવસો ફર્યા. એક દિવસ રસ્તે જતાં મેં એક બ્રાહ્મણ વિધવાને જોઇ. છળ કરી બ્રાહ્મણી બની હું તેના ઘરમાં પેઠી. અને વાતચીત કરવા લાગી. તે ઘણી સુંદર યુવતી હતી. જે રીતે શિકારીને શિકાર જોઇ આનંદ થાય છે, તે રીતે તેને જોઇ અને પણ આનંદ થયો. મારા પાપની વાત હું ક્યાં સુધી કહું. મેં

તેની સામે હમેશ ધીમે ધીમે સંસાર સુખનાં અને સ્વચ્છંદ જીવનનાં ચીત્રો રજુ કરવા માંડયાં એક મહીના પછી મારી ઈચ્છા પૂરી થઈ. તે તરૂણ યુવતી તેના ઘરમાંથી નીકળી મારે ત્યાં આવી ગઇ અને મેં પાછી દુકાન શરૂ કરી!

હું તેને બન્ને વખત ખાવા આપતી અને દરરોજ આખી રાત તેની પાસે વેશ્યાવૃત્તિ કરાવી બની શકે એટલું દ્રવ્ય પેદા કરી લેતી તે ઘણું રડતી, કકળતી; પરંતુ હું તેના ઉપર મુદ્દલ ધ્યાન આપતી નહિ. તે મારૂં કહેવું ન માનતી ત્યારે હું તેને મારતી પણ ખરી. મારા હૃદયમાં દયાનો છાંટોયે નહોતો. દિવસે દિવસે મારો અત્યાચાર વધવા લાગ્યો અને તેણે કંટાળવા માંડયું. આખરે એક વરસ પછી એક દિવસ મારી ગેરહાજરીમાં તે કયાંઈક ચાલી ગઇ, મેં તેની ઘણી તપાસ કરી; પણ પત્તો લાગ્યો નહિ.

હું હવે બીજી બાલિકાને શોધવા લાગી. જે કાંઇ પૈસા હાથમાં હતા તે ચાર પાંચ મહિનામાં વપરાઇ ગયા. મદિરાપાનના ખર્ચમાં રાજાનાં રાજ્ય પણ ટકતાં નથી, તો પછી મારા સામાન્ય દ્રવ્યની શી વાત કરવી? જોતાં જોતાંમાં સઘળા પૈસા ચાલ્યા ગયા. અનેક ઉદ્યોગ કરવા છતાં જ્યારે બીજી બાલિકા હાથ ન ચડી, ત્યારે લાચાર થઇ ફરી મારે જુના રોજગારનો આશ્રય લેવો પડયો; પણ હવે કાંઈ તે રૂપ કે તે યૌવન નહોતું; એટલે કોઇ પુરૂષ મારી પાસે આવતો નહોતો. મકાનનું ભાડું ચડી ગયું હતું. માલિકે કેટલોક સર સામાન મારી પાસેથી ભાડા પેટે રાખી લઇ મને બહાર કાઢી મૂકી. મેં બીજા લતામાં જઈ બીજી ઓરડી ભાડે લીધી. અહીં મારી તરફ કોઇ આંખ ઉંચી કરીને જોતું પણ નહોતું. થોડા પૈસા ખર-

ચવા ઇચ્છતા કેટલાક મિલ મજુરો અને ઝાડુ વાળનારાઓ આવતા અને તેનાથી મારો નિર્વાહ મહા મુસીબતે ચાલતો. એક ગ્લાસ શરાબને માટે પરમ નીચને હાથે પણ મારૂં શરીર સ્પર્શવા દેતી. અહો ભાગ્યની કેવી વિચિત્રતા છે ! રૂપ, યૌવન, ધન, પ્રેમ, આદર, સત્કાર, સર્વ અસ્થાયી છે. એકવાર પણ જે પાપ માર્ગમાં પગ મૂકે છે, તેની અંતે પતિત અવસ્થા થયા વિના રહેતી નથી !

શરાબનું વ્યસન મને બહુજ વધી પડ્યું હતું. આ સંસારમાં મદિરા સિવાય મારી કોઇ પ્રિય વસ્તુ નહોતી. દારૂના એક ગ્લાસને માટે હું સર્વ કાંઇ કરવા તૈયાર હતી. મદિરા પાન કરીને હું ગમે ત્યારે ગમે ત્યાં પડી રહેતી. મને મારા શરીરનું ભાન રહેતું નહિ. એક વખત હું એ રીતે એક નાળામાં પડી ગઇ હતી. જ્યારે જાગી ત્યારે એક હૉસ્પિટલમાં હું પડી હોઉં એમ મને માલમ પડ્યું. આજ સુધીમાં મને કોઇએ કાંઇપણ ઉપદેશ આપ્યો નહોતો. જો મને સારૂં શિક્ષણ મળ્યું હોત તો કદાચ્ મારી આવી દશા પણ ન થઇ હોત ! મેં જેવાં દુઃખ ભોગવ્યાં છે, તેવાં દુઃખ ઇશ્વર કોઇને પણ ન આપે.

તે હૉસ્પિટલમાં એક યુરોપિયન બાઇ બહુ કાળજીથી મારી સારવાર કરતી હતી. સમય મેળવી તે મને ઉપદેશ પણ આપ્યા કરતી હતી. એની લાગણી જોઇ મને મારી સ્નેહમયી માતાનું સ્મરણ થતું હતું અને મારાં બન્ને નેત્રો અશ્રુઓથી ભરાઇ આવતાં હતાં. હું એના પરિશ્રમ અને પ્રેમથી એવી મોહિત થઇ ગઇ હતી કે તેને હંમેશ માતા કહીનેજ હું બોલાવતી હતી. એક દિવસ મેં મારા જીવની સઘળી હકીકત તેને કહી સંભળાવી, મારા મનનો

ભાર તેથી કાંઈક હલકો થઇ ગયો. આજ સુધી મેં મારાં કરેલાં પાપનો કદી પસ્તાવો કર્યો નહોતો; પણ હવે એ પશ્ચાતાપનો આરંભ થયો. મારૂં મગજ ગાંડાની પેઠે ભમવા લાગ્યું; કિન્તુ હું મોતને ઇચ્છતી નહોતી. વિપત્તિમાંથી જ્યારે માણસનો કોઈ પણ રીતે ઉદ્ધાર નથી થતો ત્યારે તે ભાગ્યનો દોષ કાઢે છે. હું પણ મારાં કિસ્મતનો દોષ કાઢવા લાગી. રોગથી મારૂં શરીર શિથિલ થઇ ગયું હતું અને વ્યગ્રતાથી હૃદયની વાસનાઓ પણ શિથિલ થઈ ગઇ હતી. મને લાગતું હતું કે મારૂં મૃત્યુ સમીપ આવ્યું છે; કિન્તુ એ વાત સાચી નહોતી. મારા હૃદયનોજ પુનર્જન્મ થઇ રહ્યો હતો.

એ ભલી બાઈના હંમેશના ઉપદેશથી મને સંતોષ થવા લાગ્યો. એક દિવસ મેં તેનો હાથ પકડી કાતર સ્વરથી પૂછ્યું–' ભગવાન શું મને ક્ષમા કરશે '?

તેણે કોમળ, સ્નેહપૂર્ણ શબ્દોમાં જવાબ આપ્યો –' પુત્રી! ઇશ્વર નિર્ગતિઓની ગતિ છે! એની પાસેથી સર્વને ક્ષમા પ્રાપ્ત થાય છે. તે કરૂણામય છે. એની કરૂણાના પાનને માટે સાચા હૃદયથી જે તેને પોકારે છે, તે એની કરૂણા મેળવે છે. તે પાપી અને તાપી સર્વનું રક્ષણ કરનાર છે.' મારા હૃદયમાં એના શબ્દોથી આશાનો સંચાર થયો. હું વિચારવા લાગી કે જો એમ છે તો આ કષ્ટથી જરૂર હું છૂટી શકીશ. ભગવાન મને અવશ્ય ક્ષમા કરશે હું રાત દિવસ દીન સ્વરથી તેને પોકારીશ. હવે એજ મારો ઉદ્ધાર કર્તા અને આશ્રયદાતા છે. બસ, એ દિવસથી મારા ખરા પ્રાયશ્ચિતનો આરંભ થયો. હું વ્યાકુળ ચિત્તથી ઇશ્વરનું નામ લેવા લાગી. જેમ જેમ

મારા હૃદયમાં શાન્તિ આવવા માંડી. તેમ તેમ પ્રતિદિન મારા શરીરમાં પણ બળ વધવા લાગ્યું. મેં હવે ત્યાંથી ક્યાંઇ તીર્થમાં જવાનો નિશ્ચય કર્યો અને એ-ભલી બાઇને તે નિશ્ચય જણાવી હું તેના પગ આગળ ખૂબ રડી. રડવાથી મારૂં હૃદય વધારે શાંત થયું. હું તે દિવસ તે બાઇની સાથે એને બંગલે ગઇ. તે વિધવા હતી. એનું નામ મિસિસ સ્મીથ હતું. એની ઉમ્મર ૫૦ વર્ષની હતી. તેણે ખ્રિસ્તિ ધર્મનું અવલબંન કરવાનો મને કદી પણ ઉપદેશ કર્યો નહોતો. હું સ્વતંત્ર રીતે મારા હાથથી રસોઈ બનાવતી અને જમતી. લગભગ ત્રણ મહિના એ રીતે મેં ત્યાં સુખપૂર્વક વીતાડયા.

એક દિવસ સંધ્યા વખતે હું બહારથી ઘર તરફ આવતી હતી. રસ્તામાં એક ઠેકાણે ગાડીઓની ખૂબ ભીડ આવી ગઇ. મેં એકાએક ચાબુકનો ફટકાર સાંભળ્યો. બાજુમાં દ્રષ્ટિ કરી જોયું તો મને બહુજ આશ્ચર્ય થયું. લોકો યૌવનમદમાં અંધ બની બીજાઓની પીઠ ઉપર ચાબુક લગાવે છે. અને મલકાય છે. પણ તેઓ પોતાના આગળ શી ગતિ થશે તેનો બીલકુલ વિચાર કરતા નથી. જે માણસની પીઠ ઉપર ચાબુક પડયો હતો. તેને જોઇ હું સ્તબ્ધ બની ગઈ. તેણે ફાટેલાં, ગંદા કપડાં પહેર્યા હતાં. પગમાં જોડા નહોતા અને માથું ઉઘાડું હતું. મને જોઇ તે કહેવા લાગ્યો-' ત્રણ દિવસથી મેં કાંઇ પણ ખાધું નથી. હું બહુ ભૂખ્યો છું. દયા કરી મને કાંઇક આપો.'

મેં મનમાં કહ્યું-'હે માતા પૃથ્વી! હવે તું ફાટીજા અને મને તારા ઉદરમાં લઇલે, આ દ્દશ્ય મારી આંખોથી જોઇ શકાતું નથી! મેં તરત તે માણસને પૂછયું-'તું કયાં રહે છે ?,

તેણે કહ્યું-રહેવાનું શું પૂછોછો? જ્યાં હોય છે ત્યાં પડયો રહું

છું. હું ઘણો ગરીબ માણસ છું. મારાથી બોલી શકાતું નથી. હું ત્રણ દિવસનો ભૂખ્યો છું.

'તારી આવી હાલત શાથી થઇ?' મેં પૂછ્યું.

'એ ઇતિહાસ બહુ લાંબો છે. દુર્ભાગ્યની વાત હું શી કહું?'

'તું તારૂં નામ કહે તો હું એક રૂપિયો આપું.

રૂપિયાનો લોભ બહુ પ્રબળ હોય છે. તેણે કોઈ એક નામ બતાવ્યું. મેં કહ્યું–'તું ખોટું બોલે છે. સાચું નામ ન બતાવે તો હું ચાલી જાઉંછું. થોડીવાર આનાકાની કરી તેણે રૂપિયાની આશાથી આખરે પોતાનું નામ બતાવ્યું. મારો સંદેહ દૂર થયો. મારી પાસે જે એક રૂપિયો હતો તે મેં તેને આપી દીધો. જો મારા પ્રાણ મેં તેને આપી દીધા હોત તોપણ મારા પાપનું પ્રાયશ્ચિત થાત નહી. રૂપિયો મળતાંજ તે કલાલની દુકાનમાં પેઠો. મેં એ જોઇને આંખો બંધ કરી લીધી. હાય? નસીબના ચમત્કાર કેવા વિચિત્ર છે? જે આજ રસ્તામાં ઉભો રહી ભીખ માગે છે. જેણે આજ બીજાની ચાબુક પીઠ ઉપર ખાધી છે. જે હમણાં મારી પાસેથી રૂપિયો મેળવી શરાબથી પોતાની યંત્રણા બુઝાવવા પીઠામાં પેઠો છે. તેણે એક દિવસ પોતાનું સર્વસ્વ મને આપી, મારા પગ પકડી રોતાં રોતાં મારાં ચરણોનો આશ્રય માગ્યો હતો અને મેં તેને પગની લાત મારી બહાર કાઢયો હતો. હાય! મારા જેવી રાક્ષસિણીને શું કદી પણ માફ મળી શકે? એ અભાગી પુરૂષ હરિલાલ શેઠ હતો!

મડમ સાહેબની પાસે એક બીજું પણ વર્ષ વીતી ગયું. મેં તેને મારા માટે એક નોકરી શોધી કાઢવાનું બહુ દિવસથી કહ્યું હતું. તે મુજબ તે એક દિવસ નોકરી ખોળી લાવી. એક શ્રીમંતને ઘેર

તેનાં બાળકોને સાચવવાનું કામ મારે કરવાનું હતું. હું એ કામથી બહુ રાજી થઈ. અને તત્કાળ એ નવી જગ્યા ઉપર જવાની તૈયારી કરવા લાગી. એક એવો સમય હતો કે હું રાજાની રાણી પેઠે સ્વતંત્ર પણે આનંદ કરતી હતી, અનેક નોકર ચાકરો મારી સેવા ઉઠાવતા હતા અને આજે એક એવો સમય છે કે હું પોતે નોકરી કરવા જાઉં છું. સમયની બલિહારી છે. એ યુરોપિયન બાઇએ મને ભલામણ પત્ર લખી આપ્યું અને નવી જગ્યાનું એડ્રેસ દેખાડયું. હું તે પ્રમાણે ત્યાં જઇ પહોંચી. બહાર પહેરેગીરો બેઠા હતા મેં પત્ર તે ઉપર શેઠની પાસે લઈ ગયા એક દાસી મને તેડવા આવી. હું તેની સાથે ઉપર ગઈ મેં ત્યાં જઇને જોયું તો એક અતિ ઉત્તમ સુસજ્જિત ઓરડામાં મખમલના કૉચ ઉપર એક સ્વર્ગીય જોડું બેઠેલું છે. સ્ત્રીના ખોળામાં એક બાળક છે, અને પુરુષ તે બાળકને હસાવે છે. મને એ જોઇને વિચાર આવ્યો કે 'કોણ કહે છે કે સંસારમાં સ્વર્ગ નથી? સાચું સ્વર્ગ અહીંજ છે!!

હું દાસીની સાથે આગળ વધી: મારી દૃષ્ટિ બરાબર એ પુરુષ ઉપર ઉડતાંજ મને આશ્ચર્ય થયું. મારી આંખો આગળ અંધકાર જણાવા લાગ્યો. મેં તેને ઓળખ્યો પણ તેણે મને ઓળખી નહિ. જે મૂર્ત્તિ નિરંતર હૃદયમાં વસી રહી હતી, તેને શું કદી પણ હું ભુલી શકું ખરી કે? એ પુરુષ પ્રમોદ હતો. તેણે પોતાની ઇચ્છાથી કોઇ પાપ કર્યું નહોતું, તેથી તે એટલો સુખી હતો અને હું પાપિષ્ઠા હોવાથી આટલી દુઃખિની હતી. જ્યારે મેં જોયું કે પ્રમોદ મને નથી ઓળખી શકયો, ત્યારે મારા હૃદયને કાંઇક શાંતિ વળી. હું

વિચાર કરવા લાગી કે બીજાને ત્યાં રહેવા કરતાં પ્રમોદની પાસે રહેવું ઉત્તમ છે. નરકમાં પણ પ્રમોદનો સહવાસ હોય તો હું સ્વર્ગ માની લેવા તૈયાર હતી. પ્રમોદની સ્ત્રીની સેવા કરવાથી મારૂં કેટલુંક પ્રાયશ્ચિત થઇ જશે, એવો મેં નિશ્ચય કર્યો.

પ્રમોદની સ્ત્રીએ દાસી પાસેથી મારો પરિચય મેળવી તેનો બાળક મારા હાથમાં આપ્યો. અહા, કેવું આશ્ચર્ય ! બાળક મારી પાસે આવી હસવા લાગ્યો. દંપતીને એ જોઇ પરમ સંતોષ થયો અને તેજ દિવસથી મારી નોકરીની શરૂઆત તેમણે ગણી લીધી. હું અજાણી હોવા છતાં બાળક મારી પાસે રહે છે એ જોઇ પ્રમોદની સ્ત્રીએ મને પૂછયું–' બાઈ ! તારે કેટલા દીકરા છે ? ' મારી આંખોમાં એકદમ આંસુ આવી ગયાં એણે પોતાના સ્વામી પાસે મારી વગર પૈસે વકીલાત કરી–' નાથ ! જણાય છે કે આ બાઈનાં સર્વ છોકરાંઓ મરી ગયાં છે. દેખો, બિચારીનું ભાગ્ય કેવું ફૂટેલું છે ! '

પ્રમોદે તેને કહ્યું–' પ્રિયે ! આ સંસારની એવી જ ગતિ છે. ધન્ય છે. પરમેશ્વરને કે જેની આટલી કૃપા આપણી ઉપરજ છે. '

મને એ વખતે જ્ઞાન થયું કે ધર્મ અને પાપમાં ભેદ છે. કુલટા અને પતિવ્રતામાં પણ ભેદ છે. સ્ત્રીઓને માટે આ સંસારમાં સતીત્વજ સર્વ કાંઇ છે. જેણે એકવાર પણ એ ધનને ગુમાવી દીધું છે, તે નરકમાં પડેલી છે અને જેણે એની રક્ષા કરી છે તે હજારો કષ્ટ પડવા છતાં પરમ સુખી છે.

હવે મારા જીવનની ઘટના એક રીતે સમાપ્ત થઇ ગઇ. એક વર્ષ સુધી મેં પ્રમોદના ઘરમાં દાસીનું કામ કર્યું. મારા જીવનમાં આટલાં વર્ષો પછી હું સુખી થઇ. પ્રમોદની સ્ત્રીના જેવી દયાશીલા અને સ્નેહમયી ગૃહિણીઓ બહુ થોડી હોય છે તે મારા ઉપર ઘણો સ્નેહ રાખતી હતી. હું લાખ પ્રકારે તેની સેવા કરૂં તોપણ મારા પાપનું પ્રાયશ્ચિત્ત થઇ શકે તેમ નહોતું, એટલે પૂર્ણ પશ્ચાત્તાપથી હું તેની સેવા ઉઠાવતી હતી. પ્રમોદની નજરે હું કદી ચડતી નહોતી. મારી ઇચ્છા થાય ત્યારે હું એને જોઇને દૃષ્ટિ ઠારી લેતી હતી. તે હજુ પણ મને ઓળખી શક્યો નહોતો.

એક દિવસ બપોરના વખતે ગૃહસ્વામિનીએ મને કહ્યું કે–' તું જરા એમના પગ દબાવ, મારે થોડું બીજું કામ છે.' આટલીવાર સુધી તે સ્વામીના ચરણ દાબતી હતી તે મને સોંપીને એ બીજા કામ માટે ચાલી ગઈ. પ્રમોદ ના કહે તે પહેલાંજ મેં એનો પગ ખોળામાં લઈ લીધો અને હું તે દબાવવા લાગી. એક દિવસ એવો હતો કે તે મારી પદસેવા કરી પ્રસન્ન થતો હતો. આજ તેથી ઉલટી સ્થિતિ આવીને ઉભી રહી. કોનું હૃદય એ સહન કરી શકે ? મારા હૃદયનો આવેગ હું રોકી શકી નહિ. આંખોમાં આંસુઓ ભરાઇ આવ્યાં. હું પાલવથી જેમ જેમ લુછવા લાગી, તેમ તેમ તે વધારે નીકળવા લાગ્યાં અને તેમાંનાં બેચાર ગરમ આંસુઓ તેના પગ ઉપર પડી ગયાં. આંસુ પડતાંજ પ્રમોદે પોતાની આંખો ઉઘાડી. મેં લજ્જિત થઇ હાથથી તે આંસુ લુછી નાંખ્યાં. પ્રમોદ બેઠો થઇ ઘણીવાર સુધી મારી સામે જોઈ બોલ્યો–' દાસી, તું

શા માટે રડે છે ?' મેં કાંઇ જવાબ ન આપ્યો, એટલે તેણે બીજીવાર પણ એજ પ્રશ્ન કર્યો. હું કાષ્ટની પુતળીસમાન સ્તબ્ધ બની ગઇ. તે મારી તરફ એકી નજરે જોવા લાગ્યો. ઘણીવાર પછી અચાનક મારો હાથ પકડી બોલ્યો–' શું તું મુક્તા છે ?' હવે મારા હૃદયનો વેગ રોકી શકાયો નહિ. હું ફરીને રડવા લાગી.

એટલામાં ઘરની સ્વામિની અંદર આવી. હું મારી એ વખતની અવસ્થાનું વર્ણન નહિ કરી શકું. પ્રમોદ ઉઠીને તેની સ્ત્રી પાસે જઇ કાંઇક વાત કરવા લાગ્યો. થોડીવારે ગૃહસ્વામિનીએ આવી હસતાં હસતાં મારો હાથ પકડી લીધો અને સાદર મારાં આંસુ લુછી કહેવા લાગી:–' આજથી તું મારી બ્હેન કરી એમણે મને બધી વાત કહી છે. જે થવાનું હતું તે થઇ ગયું છે. હવે એ સઘળો ભૂતકાલ ભૂલી જા '

હું એના શબ્દોથી વધારે રડી પડી. મેં કહ્યું–' આપ દેવી છો; હું પિશાચિની છું. મારો અપરાધ ક્ષમા કરો. '

વાંચક ! કુલટામાં અને સતીમાં જમીન આસમાનનો તફાવત છે, એ હું આજે સમજી. મારી યંત્રણા અસહ્ય થઇ ગઇ. મેં હવે કાશીમાં જઇ શેષ જીવન વીતાડવાનો નિશ્ચય કર્યો. પ્રમોદરાયે મને એ સઘળો બંદોબસ્ત કરી આપ્યો. એક દિવસ હું તે મડમને જઇ મળી આવી. તેણે મને સુંદર ઉપદેશ આપ્યો. અને પછી હું તત્કાળ કાશી જવા તૈયાર થઇ. ચાલતી વખતે પ્રમોદના બન્ને પગ પકડી મેં ગદ્ગદ્ સ્વરે કહ્યું–' હવે હું કાશી જાઉં છું. મારા જે કાંઇ અપરાધ થયા હોય તો તે ક્ષમા કરશો. જો તમે ક્ષમા નહિ કરો તો મારા હૃદયમાં શાંતિ નહિ થાય. હવે મારાં પાપનું ઉચિત પ્રાયશ્ચિત

થઇ ચૂક્યું છે. દુષ્ટ કર્મોનો યથેષ્ટ દંડ હું ભોગવી ચૂકી છું. તમે મને ક્ષમા કરો; '

પ્રમોદે મારો હાથ પકડી મને ઉઠાડી કહ્યું–' એમાં તારો કાંઇ દોષ નથી. તારા જેવી બાળવિધવાને હાથે એવી ભૂલો થવી સ્વાભાવિક છે. મેં તને ક્ષમા કરી છે અને અંતઃકરણથી પ્રાર્થના કરૂં છું કે એ મહાન પિતા જગદીશ્વર પણ તને ક્ષમા કરે. '

હું તરત તે સ્નેહાળ દંપતીની રજા લઈ રવાના થઇ. કાશીજીમાં મારા માટે તેણે અગાઉથી મકાનનો બંદોબસ્ત કર્યો હતો. દર મહિને ખર્ચને માટે તે સો રૂપિયા મોકલ્યા કરતો હતો. તેની ગુણવંતી સ્ત્રી પણ નાના પ્રકારની ચીજો કદી કદી મોકલ્યા કરતી હતી. હું એ પવિત્ર કાશીપુરીમાં શ્રીપતિતપાવની ગંગા માતામાં સ્નાન કરી શ્રીજગદુદ્ધારક વિશ્વનિયંતાનાં દર્શન કરી રાતદિવસ તેમના નામનું સ્મરણ કરતી. મણિકર્ણિકાના ઘાટ ઉપર જતી ત્યારે મને ભૂતકાળની વાત યાદ આવતી અને પ્રમોદનું સ્મરણ થઇ આવતું; પણ હવે મનની વૃત્તિઓ ધીરે ધીરે શિથિલ થવા લાગી. સાથે સાથે શરીર પણ ક્ષીણ પડવા માડ્યું. નિદ્રાનો તદ્દન નાશ થયો. મેં ધાર્યું કે હવે કાળનિદ્રાને આવવામાં વિલંબ નથી; પરંતુ મૃત્યુ પહેલાં એક વખત પ્રમોદનાં દર્શનની મને ઇચ્છા હતી પ્રભુએ એ ઇચ્છા પણ અચાનક પૂરી પાડી, એક દિવસ ટપાલમાં કાગળ આવ્યો તેમાં લખ્યું હતું કેઃ—

' વહાલી બ્હેન ! તમારા ગયા પછી ઘરમાં સઘળે શૂન્ય લાગે છે. બહુ દિવસથી તમને જોયાં નથી; માટે જોવાનું મન થયું છે. બાણુ હંમેશ તમને સંભાર્યા કરે છે, તેથી અમે કાશીજી આવવાનો

નિશ્ચય કર્યો છે. ત્યાંથી અમારે હરદ્વાર જવાનો પણ વિચાર છે. આશા છે કે થોડાજ દિવસોમાં અમે તમને આવી મળીશું. મારે તમને કેટલીક વાતો કહેવાની છે; પણ તે રૂબરૂમાં કહીશ. હાલ તો એજ.

—તમારી અનુગતા બ્હેન કમળા. '

પત્ર મળતાંજ મારા હૃદયમાં નવીન બળ આવી ગયું. હું તેઓના ઉતારા માટે ઘર સ્વચ્છ કરવા લાગી. મેં મારી દાસીને સઘળી તૈયારી કરવાની સૂચના આપી દીધી; બીજે દિવસ સમયસર હું તેમની રાહ જોવા લાગી, તેઓ મુંબઇથી કેવળ મારા માટેજ પ્રવાસનાં દુઃખ વેઠતાં આવી પહોંચ્યાં. કમળા એકદમ મારે ગળે બાઝી પડી. મેં તેને કહ્યું–' બ્હેન ! મારા જીવનનો સમસ્ત પાપાન્ધકાર તારી સતીત્વ જ્યોતિથી આજ દૂર થયો છે. તું દેવી છે. હું પિશાચિની હતી તે આજે તારા પવિત્ર સ્પર્શથી પાવન થઇ છું. ' કમળા એના ઉત્તરમાં કાંઈ બોલી નહિ. એના સદ્ભાવે મને સંપૂર્ણ ઉપકારવશ બનાવી દીધી. મેં એના બાળકને ખૂબ રમાડયો અને રાત્રે અમે સૌએ આનંદની વાતો કરી ઘણા દિવસની હૃદયની આગ બુઝાવી.

બીજે દિવસ મારૂં શરીર અસ્વસ્થ જણાયું અને બે દિવસ એવીજ હાલત રહી. આજે કાંઈક ઠીક છે; પણ હું વધારે કલાક જીવવાની નથી. પ્રભુના ઘરનો પયગામ આવી પહોંચ્યો છે. હું છેલ્લી ઘડીએ એટલું કહી લઉં છું કે મારી જીવનકથા વાંચી અનેક યુવતી –યુવક સાવધાન થશે. પાપમાર્ગનું ભયાનક પરિણામ જોઇ અનેક લોકો પુણ્યમાર્ગાવલંબી થશે એ આશાથી મેં આ આત્મકથા લખવાનો યત્ન કર્યો છે; માટે વાંચક, મારા એ યત્નની સફળતા

કરશો. હું પોકારીને કહું છું કે પાપમાં પ્રીત ન લગાવશો. શરૂઆતમાં પાપનો માર્ગ સારો લાગે છે; પરંતુ અંતે તેનું પરિણામ બહુ ભયંકર હોય છે. હું એ પરિણામ ભોગવી ચુકી છું; માટે કહું છું કે સાવધાન ! સાવધાન ! !

ઉપસંહાર-કમળાની આત્મકથા.

મુક્તાના જીવન ચરિત્રનો શેષ ભાગ લખવાનું કામ મારે માથે આવ્યું છે. વારવનિતા—વેશ્યાનું નામજ ભદ્રસમાજમાં નિંદનીય અને ઘૃણિત છે; પરંતુ એના જીવનવૃત્તાંતમાં અનેક રહસ્ય, અનેક દુઃખ અને અનેક ઉપદેશ ભરેલાં છે. આવી સ્ત્રીઓની જીવનકથાઓ નહિ જાણવાને લીધે દિવસે દિવસે લોકો અધઃપતિત થતા જાય છે. એ બ્રાહ્મણકન્યા કાત્યાયિનીની પેઠે કેટલીયે રમણીઓ દુઃખ પામી રહી છે, કેટલીયે અબળાઓ કુપથગામિની બની આ સંસારને પ્રત્યક્ષ નરકસમાન બનાવી રહી છે, અને કેટલીયે બાળવિધવાઓ અજ્ઞાનતાવશ બની પોતાનું જીવન પાપસાગરમાં ડૂબાવી રહી છે. જે વિષ ઓષધરૂપે શરીરની પીડા દૂર કરે છે, તેજ વિષ શરીરનો નાશ પણ કરે છે. જે પ્રેમ સ્ત્રીપુરૂષને દેવ તુલ્ય બનાવે છે, તેજ પ્રેમ તેમને પશુઓથી પણ અધમ કરી દે છે. મુક્તાનું જીવનચરિત્ર એનું પ્રત્યક્ષ ઉદાહરણ છે. એક ભૂલના પરિણામે માણસને હાથે કેટલી ભૂલો થાય છે અને અંતે તેનું કેવું પરિણામ આવે છે, તે આ કથા ઉપરથી સ્પષ્ટ સમજાય છે.

અમે કાશીમાં આવ્યાં અને ચોથે દિવસે રાત્રે મુક્તાની તબીયત અતિશય લથડી. એક દાસીએ અમને આવીને ખબર આપ્યા. અમે બન્ને જણાં તેના ખંડમાં જઇ પહોંચ્યાં. જોયું તો તેનો શ્વાસ

જોરથી ચાલી રહ્યો હતો. મારા સ્વામીએ તેની નાડી જોવા માંડી. તેમના હાથનો સ્પર્શ થતાંજ તે બાઇએ માથું ઉંચું કરી ચારે તરફ જોયું. તેના મલિન મુખ ઉપર થોડું હાસ્ય જણાયું. તેણે ધીમેથી કહ્યું–' બસ, હવે સમય નથી. મેં ભગવાનને પ્રાર્થના કરી હતી કે મૃત્યુ સમય પહેલાં એકવાર તમારાં દર્શન આપે. ભગવાને આ દાસીની એ પ્રાર્થના સાંભળી. હવે એકવાર આપનાં પવિત્ર ચરણોથી આ દાસીના મસ્તકને સ્પર્શ કરતાં કહો કે મને તમે ક્ષમા કરી છે, એટલું કહી તેણે મારા સ્વામીનાં ચરણોમાં પોતાનું મસ્તક નમાવી દીધું. તેની એ દીનતા જોઇ મારા નેત્રોમાં અશ્રુ આવી ગયાં. મેં તેનું મસ્તક ઉંચું કરી કહ્યું બ્હેન ! તારો અપરાધજ કાંઈ નથી, છતાં મારા સ્વામીએ તને માફી આપી છે.

કેટલીકવાર સુધી ચુપ રહી ફરી તેણે કહ્યું–' મારી ઇચ્છા પુરી થઈ છે; કિન્તુ હું તમારી પાસે એક યાચના કરૂં છું. વધારે વાત કરવાનો અત્યારે સમય નથી. મારી પ્રાર્થના એટલીજ છે કે એક લાખ રૂપિયા મારી વતી શેઠ હરિલાલને આપજો. પછી તેણે મને છેક નજીક બોલાવી કહ્યું–' બ્હેન; મેં બહુજ બુરાં કર્મ કર્યાં છે. સતીત્વ સિવાય સ્ત્રીઓને માટે બીજો કોઇ ધર્મ નથી. ઈશ્વર તમને સુખી રાખે. ' તેણે ફરી પોતાનું માથું મારા સ્વામીના ચરણમાં નાંખી દીધું. મારા સ્વામીએ શિર ઉઠાવી જોયું તો તેમાં બિલકુલ ચૈતન્ય નહોતો. તેના પ્રાણ આ સંસાર છોડી પરલોકમાં ચાલ્યા ગયા હતા.

અમે મુંબઇ આવી હરીલાલ શેઠની બહુજ તપાસ કરી તો માલમ પડયું કે આ સંસારમાં નથી. શરાબ પીતાં પીતાં ચાર માસ

પહેલાં મરી ગયો છે. હરીલાલનું એ પરિણામ સાંભળી મારા સ્વામીનું હૃદય કંપી ઉઠયું. તેમણે કહ્યું કે–' ઇશ્વરે મને સંપૂર્ણ બચાવ્યો છે નહિ તો મારી દશા પણ તેના જેવીજ થાત! વેશ્યાઓના વિલાસમાં જે ફસાઇ જાય છે, તેની દશા હરીલાલના જેવીજ થાય છે!' પછી અમે હરીલાલનાં સ્ત્રી પુત્રાદિકની તપાસ કરાવી. પત્તો લાગતાં મારા સ્વામી જાતે ત્યાં ગયા અને તેમણે જે કાંઈ ત્યાં જોયું તેથી તેમનું હૃદય ભરાઇ આવ્યું. એક સાધારણ કોટડીમાં મેલાં ફાટેલાં વસ્ત્રો પહેરી હરિલાલની માતા બેઠી હતી, તેનું નામ અન્નપૂર્ણા હતું. હરિલાલની ગરીબ સ્ત્રીને બે બાળકો ' બા, ખાવા આપ' કહી પજવતાં હતાં. અને તે બાઇ ફાટેલાં, મેલાં કપડાં પહેરી ઉભી ઉભી આંસુની ધારા વહાવી રહી હતી, ઘરમાં એક દિવસનું પણ ખાવાનું નહોતું. એ દશ્ય જોઇ એવું કોણ વજ્રહૃદયનું હોય કે જેની આંખોમાંથી આંસુની ધારા ન નીકળે? ગૃહપતિના કુમાર્ગગામી થવાનું એ પરિણામ છે. લોકો આવાં હૃદયવિદારક દશ્ય નજરે જોવા છતાં સાવધાન થતાં નથી. મારા સ્વામીએ પોતાની ઉદારતાથી તે પરિવારને બે લાખ રૂપિયા આપ્યા મુક્તાની અંતિમ લાગણીથી એ કુટુંબનું દારિદ્ર દૂર થઇ ગયું. અને તેઓ સુખચેનમાં રહેવા લાગ્યા.

મારે હવે વિશેષ કાંઈ કહેવાનું નથી. ઇશ્વરની કૃપાથી મારા સ્વામી એક વખત ફસાવા છતાં તરત ઠેકાણે આવી ગયા એ મોટું સદ્‌ભાગ્ય છે, નહિ તો મારી શી દશા થાત એ હું કલ્પી શકતી નથી! કાશીમાં ગયા પછી મુક્તા દુરાચારના માર્ગમાંથી પાછી વળીને સદાચારના માર્ગમાં આવી ગઈ અને તે ધીમે ધીમે અનીતિના

અંધનમાંથી એટલે સુધી મૂકાઈ ગઇ કે જેમ થવાની મને થોડીજ આશા હતી. સત્સંગનો મહિમા અલૌકિક છે, એમ કહેવા સાથે પશ્ચાતાપનો મહિમા પણ અલૌકિક છે એમ કહેવું જોઇએ. ઠોકરો વાગવાથી માણસમાં જેવું શાણપણ આવે છે, તેવું ઉપદેશથી કદી આવતું નથી. સદ્વર્ત્તનના ઉચ્ચશિખર ઉપરથી એક વખત અધઃપાત થતાં અને અવનતિની ઊંડી ગર્ત્તામાં પડવા છતાં પણ માણસ પશ્ચાત્તાપ કરી ભાવી અવસ્થાને સુધારવાનો પ્રયત્ન કરે તો એ વાત કાંઈ અસાધ્ય નથી. મારા સ્વામીને મેં એ થઇ ગએલી ભૂલ માટે કદી કશું કહ્યું નથી. અને કદી કહેવાની પણ નથી. તેઓ મારા પ્રભુ છે. એમની સેવાથી હું પરમ સુખિની છું. આથી વિશેષ કહેવા જેવું કાંઈ નહિ હોવાથી આ કથા આટલેથીજ પૂરી કરૂં છું.

૧૫–સુધાની આત્મકથા.

મારાં લખાણો કેવળ શુષ્ક છે. તેમાં રસ નથી, ભાવના નથી, હાસ્ય નથી, આનંદ નથી. એક કરૂણુ કહાણીમાં એવું કયાંથી હોય ભલા ? છતાં હૃદયમાં એવું દુઃખ થાય છે કે તે બહાર કહી નાંખ્યા સિવાય બીજો ઇલાજ નથી. મરી ગએલી બૈરી પાછળ પોક મૂકીને રડનારા, શોકને બહાને કાળી કે ધોળી પાઘડી પહેરનારા અને અમુક દિવસો સુધી ગળ્યું મીઠાશું નહિ ખાનારા પતિઓ એ બૈરી જીવતી હોય ત્યારે તેને 'ચપટીને ધાન' ખાવા આપતા નથી. બાઇડીના મરણ પછી લાગણીવશ થઇ કવિતાઓ કરનારા, મૃત પત્નીને ફુલતોરાં, અર્પણપત્રિકાઓ આપનારા અને મિટિંગો તથા સભાઓમાં ગમગીનીનો ઠરાવ સ્વીકારનારા; એ પત્ની જીવતી હોય ત્યારે પ્રેમનો અંશ પણ દેખાડતા નથી. આજકાલ સમાજમાં બીજી બાબતોની પેઠે સ્ત્રી–પુરૂષના સહવાસમાં પણ કૃત્રિમતા દાખલ થઇ ગઇ છે અને તેણે અનેક ભલી ભામિનીઓનાં જીવન રસ વગરનાં કરી મૂક્યાં છે. હું મારી કથા શરૂ કરૂં તે પહેલાં મારાં આ ઉપરનાં વચનો કેવળ કલ્પના ભરેલાં નથી એ દેખાડવા મારી શોકયની પેટીમાંથી મળી આવેલી એક નોંધપોથી આ નીચે જેમની તેમ આપું છું. મારા પતિએ પોતાના વડીલ સગાંસંબંધીઓના આગ્રહથી પોતાની સેવા કરવાને મને રસોયણ કે દાસી તરીકે ઘરમાં આણી

છે. તેમની ઉમર ૪૭ વર્ષની છે અને મને તો હજુ હમણાંજ તેરમું વર્ષ બેઠું છે; પણ હજાર રૂપિયા મારે નામે સેવિંગ બેંકમાં મૂકી રૂ. ૨૫૦૦ મારા બાપને ખાવા આપી મને તેઓ લાવ્યા છે. મારા પતિ એક કવિ છે. તેમણે પોતાની પ્રથમ પત્નીના સંબંધમાં થોડાં કાવ્યો વળી એક સંગ્રહ છપાવ્યો છે. વળી હમણાં એક નવલકથા પ્રકટ કરાવી તેની અર્પણપત્રિકા પણ મારી એ મરનાર બ્હેનને આપી છે; પણ આ ઉપરથી એમ સમજી લેવાનું નથી કે તેમનો પ્રેમ યથાર્થ તેવો હતો. જો તેઓ ખરેખરી રીતે તેને ચહાતા હોત તો એ બાઇ આવાં દુઃખભર્યાં સ્મરણો લખી જાત નહિ. વાંચો એનાં દિલનું દર્દ:—

* * * *

'મારા જીવનમાં સ્વામીનો સ્નેહ મેળવવા હું બહુ ઇંતેજાર હતી. મેં મારી સર્વ શક્તિઓ એને માટે વાપરી હતી; પણ તે સઘળી નિષ્ફળ ગઇ હતી. જીંદગીના પ્રથમ કાળમાં સુખ પ્રાપ્ત કરવાની લાયકાત મેળવવા મેં નથી જોયાં ભૂખ, કે તરસ, નથી ગણ્યાં માન કે અપમાન અને નથી ઇચ્છયાં સુખ કે વૈભવ; છતાં હું તે મેળવી શકી નથી. મારૂં લગ્ન જે કુટુંબમાં થયું છે તે કુટુંબમાં દીકરીઓનાં માન સૌથી વધારે છે અને જ્યાં દીકરીઓનાં માન હોય ત્યાં વહુઓને મરવાનુંજ હોય! મારે પાંચ નણંદો છે. છૂપી પોલિસના માણસો જેવી વર્ત્તણુક ચલાવવામાં અને ચાડીચુગલીના કામમાં તે સૌ હોંશિયાર છે તેમનાં ભાઇ–ભાભીની એકાંતની વાતો છાની રીતે રહી સાંભળવાનું અને તે તેમની બાને કાને પહોંચાડવાનું તેમજ ભાઇના દેખતાં ભાભીને હલકી પાડી નીચ, વેશ્યા, રાંડ કહી લેવાનું અને ઘરમાં ચોરીઓ કરી તેનું આળ

ભાભીને માથે ચડાવવાનું તેમને બાળપણથી શિક્ષણ આપવામાં આવેલું છે. તેમના એવા શિક્ષણને લીધેજ મારા જીવનની પાયમાલી થઇ છે. મારો જન્મ થયા પછી તરતજ મારાં માબાપનું સુખ મારા ભાગ્યમાંથી ચાલ્યું ગયું છે. એક મારા પિતરાઈ કાકાને ઘેર કાકીના કપરા સ્વભાવ નીચે હું ઉછરી છું. દશ વર્ષની ઉમ્મરે મારૂં લગ્ન કરવામાં આવ્યું હતું. મારા પતિની ઉંમર પણ એટલીજ હતી; એટલે અમે સંસાર બહુ નાની ઉમ્મરે શરૂ કર્યો હતો; છતાં હું સ્વામીનો સ્નેહ સંપાદન કરી શકી નથી. જે આબરૂદાર કુટુંબમાં મારૂં લગ્ન થયું છે, તે કુટુમ્બની દીકરીઓને તેમના સાસરામાં સુખ જોઇએ અને તેમના ધણી તેમનો પડતો બોલ ઝીલે એવા હોવા જોઈએ; જ્યારે દીકરાની વહુ ગાય જેવી ગરીબ જોઇએ અને સાસુ, નણંદ તેને દમે તથા ગુલામ પેઠે ગણે તેમાં હરકત ન હોવા જોઇએ: દીકરીના સાસરામાંથી તકરારો આવે તોપણ તે બિચારી ડાહી દીકરી કરે; જ્યારે દીકરાની વહુના ઝીણા ઝીણા દોષો ખોળી તેના બાપની સાત પેઢીને ગાળો દેવાય અને તેને વશ રાખવા પુત્રના કાન ભંભેરાય. મારા સ્વામીના કાન હંમેશ એવા ભંભેરાતા કે મારો અભાવ દિવસે દિવસે તેમના હૃદયમાં વધતો જ જતો. પરિણામે મારૂં યૌવન વધવા લાગ્યું, તે સાથે મારા પતિનો મારા ઉપરનો તિરસ્કાર પણ વધવા લાગ્યો. ઘટના એવી બની કે હું અઢાર વર્ષની થઇ તે વેળાએ મારા યૌવનનો વસંત સમય હોવાથી મારૂં બ્રહ્મચર્યવ્રત અખંડ હોવા છતાં પણ મારા યૌવનનો સુંદર રીતે વિકાસ થવા લાગ્યો. અન્યને જાણીને આશ્ચર્ય થશે; પણ હું સત્યજ કહું છું કે મેં સ્વામીનું શયનસ્થાન કદી પણ જોયું નહોતું. હું હંમેશ મારી સાસુની પાસે સુઇ રહેતી. રાત્રે મોડી

રાત સુધી તેમની ચરણસેવા કરવાનો અને પરોઢીએ વહેલાં ઉઠી ઘંટી દળવાનો મારે માથે ફરજિયાત કર હતો. ઘરમાંથી ઘી-ગોળ ચોરી ખાઈ મદમસ્ત બનેલી મારી નણંદો સુલક્ષણી અને ગરીબ ગણાતી; જ્યારે મને ટાઢું-શાળું પેટપૂર અન્ન પણ ન મળતું; છતાં હું ઢોંગીલી ધુતારી મનાતી. તેમનું જરા માથું દુ:ખતું કે શરીર ભારે થતું તો તરત વૈદ્ય-ડૉકટરને બોલાવી ઉપચાર શરૂ કરાવાતા; જ્યારે હું આખા ઘરના તમામ કામના બોજાને લીધે શરીરે કૃશ બની ક્ષીણ થતી જતી હતી; છતાં એદી, આળસુ, હરામ હાડકાની અને લુચ્ચી ગણાતી. હિન્દુ સંસારના સાચા નમુના જેવા આ કુટુંબમાં મારા દિવસો કેવી રીતે ગયા, તે હું વિસ્તારથી લખતી નથી. જે બ્હેનોને એવી મહાયંત્રણામાંથી પસાર થવું પડયું હશે, તેઓ આ વાત સહજમાં સમજી શકશે. મારા સંસારમાં નિષ્ફળતા લાવવામાં મારી સાસુ તથા નણદોએ કાંઇ બાકી રાખ્યું નથી અને તેથીજ સ્વામીનો પ્રેમ હું આ જીવનમાં મેળવી શકી નથી. સંસારભરમાં સ્વામી સિવાય મારૂં બીજું કોઈ આપ્તજન નહિ હોવાથી આ હૃદયનો ભાર કોની પાસે ખાલી કરૂં ? હતભાગિનીની ગંભીર મર્મવેદના અને નિરાશા કાગળની ધરતી ઉપર આજથી ચીતરી બતાવવાનો રસ્તો હું હાથ ધરૂં છું.

\+ × × × ×

તા. ૫-૨-૧૦, આજે મારાં લગ્નને આઠ વર્ષ પુરાં થયાં મારા સ્વામીએ એકવાર પણ એ બાબતનો વિચાર કર્યો નથી. મેં પૂર્વજન્મમાં કાંઇ મહાન્ પાપ કર્યું હશે કે જેના પ્રભાવથી અત્યારે આટલું દુ:ખ છે. સ્વામી ઉપર હું કેટલો સ્નેહ કરૂં છું, તે શી રીતે બતાવું ? તેઓજ મારૂં સર્વસ્વ છે. તેમનાં ચરણોમાં આશ્રય

થઈ મારો ઓજન્ન સાર્થક થયો છે. પણ અફસોસની વાત છે કે એક પણ દિવસ તેમનું હસતું મોઢું મેં જોયું નથી ! મારી સાથે લગ્ન કરી તેઓ સુખી થયા નથી. જો મને આવા દુઃખના દાવાનળમાં સળગતી રાખવી હતી તો તેઓ શા માટે પરણ્યા હશે ? પણ નહિ, એ બધો મારા નસીબનો વાંક છે. જે સુખ સંસારમાં મારા કર્મે લખાયું નથી, તેને સારૂ હૃદય આટલું બધું આતુર કેમ રહે છે ? હે પરમેશ્વર ! મારા હૃદયમાં બળ આપો.

× × × × ×

તા. ૮-૨-૧૦, આ જીવનમાં હવે કાંઇ આશા રહી નથી. હું મનુષ્યજન્મ વૃથા જન્મી છું. હે પરમેશ્વર! મારૂં હૃદય બહુ દુર્બળ છે, જો તમે બળ નહિ આપો તો તેના ટુકડા થઇ જશે. મનને વશ કરવા બહુ યત્ન કરૂં છું; પણ હૃદય ફાટી જાય છે. રક્ષા કરો ઇશ્વર રક્ષા કરો. સ્ત્રીજાતિને સંસારનાં પ્રલોભનો કેટલીક વખત બહુ વિલક્ષણ પરિસ્થિતિમાં મૂકી દે છે. પોતાની પ્રતિષ્ઠાને જે વિકારવશ વનિતાઓ ક્ષણિક મોહમાં પડી ગુમાવી બેસે છે અને પોતાનાં ઉભય કુળને માટે કલંકિત કરે છે, તેવી કુળકલંકિની કામિનીઓને ધિક્કાર છે. હું એવો ધિક્કાર મારા શિર ઉપર નહિ વહોરી લઉં ! દયાળુ ઇશ્વર ! મેં સાંભળ્યું છે કે તમે દયામય છો મારી પરીક્ષાને માટે આટલું દુઃખ, આટલી વિષમ કસોટી હોય નહિ. હું મારી ફરજ અદા કરવામાં બહુ કાળજી રાખું છું; પણ સ્વામીના મોઢા ઉપર સંતોષનું ચિન્હ જોઇ શકતી નથી, પ્રભો ! હવે તો હદ થાય છે !

× × × × ×

તા. ૪-૬-૧૦, આટલી મુદ્દતમાં ખૂબ પ્રયત્ન કર્યો; પણ મનને વશ કરી શકી નહિ. દિવસે દિવસે શરીર વધારે ક્ષીણ થતું જાય છે. નણંદનાં મ્હેણાં અને સાસુનો જુલ્મ અત્યંત વધી પડયો છે. કાલે અટકચાળી ન્હાની નણંદીએ દાળમાં વધારે મીઠું નાંખી દઇ, તેનું આળ મારે માથે ચડાવ્યું અને આખા ઘરમાં મને અકારી કરી મૂકી ! આ વર્ષે અથાણું બગડયું એમાં મારો શો અપરાધ ? સાસુજી દરરોજ એ નિમિત્ત કાઢી મારા બાપની ત્રણ પેઢીને ગાળો દે છે. આજે તો તેમણે થોડો હાથઉથલો પણ કરી લીધો. અત્યાર સુધી તે પોતાના ચિરંજીવીના હાથે મને મેથીપાક ખવરાવતાં હતાં; પરંતુ આજ તો તેમણે પોતેજ તસ્દી લીધી ! બળ્યું આ જીવતર અને બળી આ સમાજની ઘાતકી રૂઢીઓ ! જ્યાં સુધી આ દેશમાં ઘેર ઘેર મારા જેવી પુત્રવધૂઓ રીબાય છે, ત્યાં સુધી દેશનો ઉદ્ધાર ક્યાં થવાનો છે ? પ્રભો! ભારતના ભાગ્યમાંથી આ કલંક દૂર કરો.

× × × × ×

તા. ૨૦-૬-૧૦, આજે દૃઢ નિશ્ચય કરૂં છું કે મારા મનને ઉદાસ નહિં કરૂં. પત્ની તરીકે મારી ફરજ એ છે કે નિરંતર મારે મારા પતિનું કલ્યાણ ઇચ્છવું. પરમેશ્વર ! એમને લાંબુ આયુષ્ય આપજો અને સદૈવ સુખી રાખજો. મારા હૃદયની વેદના હું એમને નહિજ જણાવું. સ્વાર્થત્યાગ અને નિષ્કામસેવા એજ આ દેશની સ્ત્રીઓનું પરમ ધ્યેય મનાય છે. હું એ ધ્યેય શા માટે ચુકું ? યૌવનના દુર્દમનીય આવેગમાં જે સ્ત્રીઓ બહુધા એકજ બાબત તરફ લક્ષ આપે છે, તે સ્ત્રીઓ પરિણામે અનીતિની ઉંડી ગર્તામાં

પડે છે. બજારની મીઠાઇમાં જો સાર હોય તોજ અનીતિના માર્ગમાં સાર હોઇ શકે ! પ્રભો ! મને એ રસ્તાથી બચવાનું બળ આપજે.

× × × × ×

તા. ૧૨–૭–૧૦ આજે મારા જીવનમાં એક ભયંકર બનાવ બન્યો છે. ભયંકર જ્વાળામુખીનો બહુ બૂરી રીતે સ્ફોટ થયો છે, મારા સ્વામીના પુરૂષોચિત વિકારે અવળો પંથ પકડયો છે. હાય હાય ! એ અનાચારે શાં શાં અનિષ્ટ પરિણામો નહિ નીપજે ? મારી સાસુ હજુયે સમજતાં નથી. મારા દેવ ! મારા નાથ ! આ શું કર્યું ? તમારાં ચરણોમાં મેં શું અપરાધ કર્યો છે ? મને બળતીને વધારે બાળવાનો રસ્તો તમે શા સારૂ લીધો ? હવે મારાથી નહિ જીવાય ! હૃદયના ટુકડે ટુકડા થઇ જાય છે ! લોહીના એક એક બિંદુમાં નિરાશા ભરાઇ ગઇ છે ! સ્વામી ! હું ઈર્ષ્યા નથી કરતી. અધર્મના અનિષ્ટ પરિણામની કલ્પનાથી કંપું છું ! તમે બીજી સ્ત્રી પરણો. હું તમારી દાસી રૂપે જીવનભર બ્રહ્મચર્ય પાળી શકીશ. પ્રભો ! પરનારીનું સુખ ઝાંઝવાના જળ જેવું છે, એટલુંજ નહિ પણ પરિણામે મહા ભયંકર અને વિઘાતક-પરિણામ લાવનારૂં છે. તમે એનાથી દૂર થાઓ, માનસિક દુર્બળતા હઠાવી ઉત્તમ ભાવનાઓનું સેવન કરો. મનમાં જે ભાવના પ્રબળ હોય છે તે જીવનમાં પ્રત્યક્ષ થાય છે; કારણ કે માણસનું જીવન એના આદર્શનુંજ અનુકરણ કરે છે; આ હું કાંઇ તમને ઉપદેશ નથી કરતી પણ મારા નાથની કીર્તિને કલંક લાગે એ સહેવા જેટલી શક્તિ નહિ હોવાથી માત્ર વિનતિજ કરૂં છું.

× × × × ×

તા. ૨૫-૭-૧૦ કાલે તો મેં સ્વામીનાં ચરણ પકડી બહુજ વિનવ્યા; પણ તેમના હૃદય ઉપર તેની કાંઇ અસર થઇ નથી ! જે કુળમાં ભર્તા ભાર્યાથી અસંતુષ્ટ રહે છે, તે કુળનો વિનાશ થાય છે, એવું આર્યશાસ્ત્રો કહે છે અને તેથીજ દયામય પ્રભો ! તમને પ્રાર્થના કરૂં છું કે મારા પતિના કુળને ચિરાયુ કરજો. તે ગમે તેવા છે પણ એમનાથી મારૂં સૌભાગ્ય ઉજળું છે. આ સંસારમાં પતિ એજ સ્ત્રીનું સર્વસ્વ છે. સ્ત્રી એટલે ભર્તૃહરિના કથન પ્રમાણે **यद्भर्तुरेव हितमिच्छति तत्कलत्रम्.**-જે સ્વામીનું હિત ઇચ્છે એજ સ્ત્રી. ગમે તેવી પરિસ્થિતિમાં આર્યસ્ત્રીઓ પોતાનું ગૌરવ ઘટવા દેતી નથી અને તેથીજ નવલરામભાઇએ ગાયું છે કે—

નારી ફુલ ગુલાબનું સૂકે કે કરમાય,
કે કોહે વણકાળજી, તોયે જાતિ સુગંધી ન જાય
સંસારનું નુર છે નારી.

× × × × ×

તા. ૩૦-૭-૧૦, પ્રભો ! હું ભૂલું છું. રંકના ભાગ્યમાં રત્ન કદી પણ છાજે ? દરિદ્રિને સ્વપ્નમાં મળેલા વૈભવનું સુખ કેટલા દિવસ પહોંચે ? જીવનના આરંભકાળની મારી સર્વ આશાઓ કાળના વહેવા સાથે પાણીના રેલાની માફક ચાલી ગઇ છે. મધુરા સમયમાં કરેલા ભાવીના વિવિધ વિચારો, મનઃસૃષ્ટિમાં જોએલા સુખના ચળકતા રંગો અને હૃદયમાં પોષેલી સુખની આશાઓ ભવિષ્યના ગાઢ અંધકારમાં લય બની ગએલ છે. અત્યારે કેવળ નિરાશામય હતભાગી જીવન વ્યતિત કરૂં છું. અધિકાર વિના કરેલી સુખની આશાઓ ક્યાંથી ફળે ? દયાળુ પિતા ! આ રંક બાલિકાની

વિનતિ ધ્યાનમાં લેજો અને સંયમનું નવીન બળ આપજો. હું મારા હૃદયમાં મારા સ્વામીનું પૂજન કરું છું. ફળની આશા મને મુદ્દલ નથી.

× × × × ×

તા. ૧-૧૨-૧૦ રક્ષા કરો. સ્વામી, રક્ષા કરો, મારા તુચ્છ નારીજીવનના તમે તારણકર્ત્તા છો. શું હું તમારી સેવિકા થવાને યોગ્ય નથી ? તમારૂં ગૌરવ મારી દૃષ્ટિમાં દેવતાઓ કરતાં પણ અધિક છે. હું કુલાંગનાના પવિત્ર પદની અધિકારિણી છું. મેં યુવતીસુલભ કાપટ્ય વ્યવહાર તમારાથી કદી પણ કર્યો નથી. આપણે લગ્નના પવિત્ર બંધનથી બંધાયાં છીએ તથાપિ આપણી ઇચ્છા—અનિચ્છા, રૂચિ-પ્રવૃત્તિ આપણે એક બીજા પ્રતિ કદી જણાવી નથી- હિન્દુસમાજમાં એવી રીત પણ નથી. માતપિતાજ લગ્નની સર્વ વ્યવસ્થા કરે છે. વિવાહ પહેલાં વરકન્યા એક બીજાને શુભ દૃષ્ટિથી જોઇ પણ શકતાં નથી. જો કે તમે તો એકવાર લગ્ન પહેલાં તમારા મિત્રોની સાથે આવી છાનામાના મને જોઇ ગયા હતા અને મારા સૌન્દર્યથી પ્રસન્ન થઇ તમારા મિત્રો આગળ મલકાતા હતા. સ્વામી ! ક્યાં ગયો તમારો એ સૌન્દર્યાનુરાગ ? આઠ આઠ વર્ષ લગ્નને વીતી જવા છતાં હું હજુ અવિવાહિતાની અવસ્થામાંજ છું. મને એનો અફસોસ નથી. જીંદગીપર્યંત તમારી છાયામાં હું મનઃસંયમ રાખી શકું; પરંતુ તમારા અનીતિના વર્તનથી હું કંપું છું. મારા હૃદયમાં તમારા પ્રતિ પ્રેમનો અખંડ ધોધ વહે છે; પરંતુ કલકિની કુલટાઓ જેવા હાવભાવ અને નખરાં કરી તમને રીઝાવવાની કળા હું જાણતી નથી. નાથ ! એ બહારની

કપટીપમાં ન ફસાઓ. આ કલિયુગ છે. કુલટાઓના ફન્દમાં પડનારાઓનો સહજ વિનાશ થાય છે- પ્રભો ! બચાવો.

× × × × ×

તા. ૩-૧૨-૧૦' સાસુનો અમાનુષ છળ વધતો જાય છે. મારી સાથેનું તેમનું વર્તન કૃતાંત કરતાં પણ ભયંકર થયું છે. સમાજની એ પણ એક વિચિત્રતા છે કે સ્ત્રીને એક વખત સાસુપણું આવ્યું એટલે તે પોતાની એક વખતની વહુની દશા ભૂલી જાય છે. કેટલીક સ્ત્રીઓને સાસુપદ મળ્યું એટલે બ્રહ્મપદ મળ્યા જેવું લાગે છે. પુત્ર વધુને પીડવા સિવાય તેમને બીજો સંકલ્પજ થતો નથી ! સાસુની દૃષ્ટિમાં વહુ પશુ સમાન ભાસે છે. પશુના જેવું તેની પાસેથી કામ લે છે અને પશુ પ્રમાણે તેને ત્રાસ આપે છે. સમાજમાં સાસુ એ એક ભયપ્રદ શબ્દ થઈ ગયો છે. જુલ્મથી વર્તનારો અધિકારી, ત્રાસ દેનારો શિક્ષક અને એવાજ બીજા જુલ્મ કરનાર કોઇ બીજી વ્યક્તિ કરતાં સાસુનો ત્રાસ મહાન્ છે. પશુને જે દુઃખ ભોગવવાં પડે છે તે દૂર કરવા માટે આપણા સમાજમાં દયાળુ આગેવાનોએ 'પશુ કલેશ નિવારણી' સભાઓ સ્થાપીને તે સંસ્થાદ્વારા પશુના કલેશ નિવારણ કરવાનું કામ ઝપાટાથી શરૂ કર્યું છે, પશુને કોઇએ માર મારવો નહિ, તેમના ઉપર વધારે બોજો મૂકવો નહિ, તેમની પાસે વધારે મજલ કરાવવી નહિ—આવા પ્રકારના એ સભાએ નિયમો કરેલા હોય, તેની વિરૂદ્ધ આચરણ કરનારા ઉપર કામ ચલાવવામાં આવે છે; પરંતુ સમાજમાં ઘેર ઘેર [illegible]ઓ પીડાતી હોય તેમના કલેશ નિવારણ કરવાની જવા[illegible]ણુ શિર ઉપર લેતું નથી; આ ઉપરથી

વહુ એટલે પશુ કરતાં પણ નીચ ! પશુ કરતાં પણ દુર્દૈવી ! ! મને જોતાંજ મારાં સાસુજીને અત્યંત ક્રોધ ચડે છે. વહુને ત્રાસ દેવાના સમાજમાં જેટલા પ્રયોગો છે, તે સર્વ પ્રયોગો તેમણે મારી ઉપર અજમાવ્યા છે. કાલે સવામણ ડાંગર ખાંડાવી તેમાંના ચોખા કણકી વગેરે જુદાં પાડવાનું કામ તેમણે મારી એકલીની પાસેથી લીધું હતું. દરરોજ વીસવીસ બેડાં પાણી હું એકલી કુવા ઉપરથી ભરી લાવું છું. આજે મારૂં માથું જરા ચડયું હતું; છતાં મધ્યાહ્ને પોણોમણ ઘઉં મારી પાસે દળાવ્યા અને પછી ઘરનાં તમામ માણસોનાં કપડાં આપી મને ધોવા મોકલી. કપડાં ધોતાં સાબુ જરા વધારે વપરાયો તેમાં તો મારી માની ત્રણ પેઢીને ન દેવાય તેવી ગાળો દઈ વાળી. આ વખતે ઘરમાં ધ્યાસતેલ વહેલું ખૂટી રહ્યું તેનોય દોષ મારે માથે આવ્યો. શું હું પી જતી હોઈશ ? ! મારી કેટલીક બ્હેનોને આમાં અતિશયોક્તિ લાગશે; પરંતુ મારૂં આ આત્મકથન અક્ષરશઃ ખરૂં છે. ગુલામગીરી જેટલી કઠીન છે, પરદાસ્ય જેટલું અસહનીય છે અને પશુતા જેટલી શોચનીય છે તે કરતાં વહુપણું વધારે કઠીન, અસહનીય અને શોચનીય છે. સેંકડે નવ્વાણુ સાસુઓ પુત્રવધુને ગુલામતુલ્ય ગણે છે. સાસુપણું એટલે એક પ્રકારનું માતૃત્વ છે, એવું સમજનારી સ્ત્રી મહિલા સમાજમાં સેંકડે એકપણ મળવી દુર્લભ છે.

× × × × ×

તા. ૪-૧૨-૧૦, સમાજની વિલક્ષણતાની હું શી વાત લખું ! દંપતીમાં કેટલીક જગ્યાએ સ્વભાવ નથી મળતા આવતા તો કેટલીક જગ્યાએ દરિદ્રતાને લીધે સુખનો લોપ થઈ ગયો છે. કોઇ જગ્યાએ

પ્રતિદિન અણબનાવ રહે છે તો કોઈ જગ્યાએ સ્ત્રી-પુરૂષ એકબીજાથી નિરંતર અસંતુષ્ટ રહે છે. આ દેશની લગ્નની પ્રથાજ વિચિત્ર છે. જ્યાં યોગ્યતા વિના સર્વ કોઇને પરણવાનો અધિકાર હોય ત્યાં દુઃખની પરંપરાજ હોય ! અમારા પાડોશી રામરાવ વકીલ શક્તિહીન છે. તેમની પત્ની અત્યંત દુઃખિની છે. એ બાઈ કોઇને મોઢે વાત કહી દે એ ભયથી તેઓ તેને પિયર જવા દેતા નથી. લખતાં વાંચતાં એ બાઇને આવડતું નથી કે જેથી પત્રવ્યવહાર પણ કરી શકે ! થોડાં વર્ષો સુધી તો તેણે સતીત્વ સાચવ્યું; પણ આખરે ભંગ થઈ ગયો. એક છોકરો થયો છે, પણ વકીલને તેની પરવા નથી. તે પોતાની નિર્બળતા છૂપાવવા ચાહે છે. આવી રીતના જોડાંમાં સુખનું સ્વપ્ન કયાંથી હોય ? મારી એક બ્હેનપણીનો પતિ ઘરની કામ કરનારી ચાકરડીને રાખી રહ્યો છે. તે એને પ્યારથી ઘરમાં રાખે છે. પત્ની રાતદિવસ દુઃખથી બળીને ભસ્મ થઇ જાય છે, પણ તેની એ દરકાર કરતો નથી. આવાં દંપતી પણ દુનિયામાં પડયાં છે. હું એ સર્વ ઉપરથી ધડો લઉં છું અને મારા મનને આશ્વાસન આપું છુ. પ્રભુએ મારા અભાગિનીના નસીબમાં સુખ લખ્યું હશે તો મારા પતિ જતે દિવસે પણ સમજશે બાકી અત્યારે તો સાસુ-નણંદના જુલ્મ સહન કરી શાંતિ રાખ્યા વિના છુટકોજ નથી પ્રભો ! તું મને એવું બળ દે કે જેથી હું સુખ દુઃખ સહેલાઈથી સહન કરી શકું. તું મને એવી શક્તિ આપ કે જેથી, કુટુંબસેવા અને પતિસેવાદ્વારા તારો પ્રેમ હું સાર્થક કરી બતાવું. સ્હાવા અને સહેવાના મહામંત્ર વિના બીજી કોઈ બળવાન્ નીતિ સ્ત્રીને સદગતિ કરી અપાવી શકે તેમ છે ? હસતાંયે પરોણો અને રડતાંયે પરોણો; તો પછી રડીને દુઃખ સહ-

ન કરવા કરતાં હસીને સહન કરી તેને દૈવી તપ માનું તો અન્તઃકરણ પણ શાન્ત રહે અને તપનું ફળ પણ મળે ! પુણ્યમાર્ગનો પ્રતાપ અજબ છે. સેવાધર્મનો પ્રભાવ જ્વલંત છે. વાદળાંની પાછળનો સૂર્ય કદાચ નજરે ન પડે, તેથી તે નથી એમ શી રીતે કહેવાય ? મારી વિશુદ્ધ ભાવનાઓ મારી જીવનનૌકાને કોઇ અણુકલ્પ્યા ભાવી તરફ લઇ જશે અને પુણ્યમાર્ગને તે વધારે સુચવશે.

× × × × ×

તા. ૫–૧૨–૧૦, હૃદયનાં ઉભરાતાં આંસુ નિષ્ફળ થતાં જણાય છે. લાગણીઓના પરિપાક માટે જગતમાં સ્થાનજ નથી. પ્રેમને મૂર્તિમાન કરવાની ઘણી ઇચ્છા છે; પણ દુનિયામાં તેમ કરવાની અનુકુળતા નથી. લાગણીવશે હૃદય ખોલી શકતી નથી. ખોલું તો કોઇને તે જોવાની દરકાર નથી. મારા સ્વામીનું હૃદય મારા સ્વાધીન નથી. હું તે ગુમાવી બેઠી છું. જગત્ તેથી મને શૂન્ય ભાસે છે; કારણ કે:—

સુખી દુઃખી કરી વિશ્વમાં શકે,
હૃદય એકલું ! નાં બીજું કશું !
હૃદય જો મળ્યું તો બધું મળ્યું !
હૃદય જો નહિ તો નહિ કશું !

મારી સ્થૂળ જીંદગીને સૂક્ષ્મ જીંદગીથી જુદી પાડનાર એ હૃદયદાન મને મળ્યું નથી. જીવનપંથમાં પ્રિયતમનો સહવાસ નથી, સંસારક્ષેત્રમાં નાનાં, નિર્દોષ બાલુડાંનાં વ્હાલનો પ્રસાદ નથી. શું મારે મૃત્યુ સુધી નિરંતર આ જીવનભાર એકલાજ રહેવાનો હશે ? પતિનો પ્રેમ મને મળી શકે એમ નથી તો શું પ્રભુનો પ્રેમ મને

એના પ્રકાશમાં જીવન ગાળું એટલું બળ નહિ આપે ? અત્યારે મારો પંથ મને અંધકારથી ભરપૂર લાગે છે; પણ આશા છે કે પ્રભુજી કૃષ્ણ મને સન્માર્ગે પ્રેર્યા કરશે ! પાર્થિવ જીવનનો મોહ તજી દેવાનો હું પ્રયાસ કરૂં છું, હવે આત્મત્યાગનો છેલ્લો પાઠ મારે શીખવાનો છે. ગમે તેટલા પ્રયાસ કરીશ તોપણ સંસાર મહાસાગરમાં ખરાબે ચડી ગએલી, સુકાન કે શઢ વિનાની મારી જીવનનૌકા કદી કિનારાપર સહીસલામત પાછી આવી શકે તેમ નથી, હૃદયમાં ભડભડ સળગતી અગ્નિની જ્વાળાઓ દહન કર્યા સિવાય વિરમવાની નથી, જીવનની ઉષાનો ઉદય થવાનો નથી અને સંસારપાટે સ્વર્ગ મંડાવાનું નથી સંસારની સૌભાગ્ય કુંજોમાં કંથની વિધાત્રી બની જીવનના જયધ્વજ ઉડાડવાનો કવિઓ ભલે ગર્જના કરી પ્રબોધ કરે; પણ અહીંનાં રૂઢીનાં બંધનો ક્યાં એને સફળતા મળવા દે છે? હંમેશ મારા સ્વામીની પાસે તેમની બ્હેનો અને બા મારા અવગુણ ગાયા કરે છે અને તેને લીધે દંપતીધર્મનો પહેલો સિદ્ધાંત જે મનમેળ અથવા અંતરની એકતા તે અમારામાં મુદ્દલ નથી. ગામનાં નીચ માણસો અમારા અણબનાવની વાત જાણી ગયા છે, તેથી મારા સતીત્વનો સંહાર કરવા તેઓ મહાપ્રયાસ ચલાવી રહ્યા છે; પણ હું સાદાઇ અને સંયમનાં શસ્ત્રો સજ્જ રાખીને રહું છું એટલે મને કોઇનો ડર નથી. મારી મોટી નણંદ મને અવળા પંથમાં ઉતારવા તત્પર છે; કારણ કે તેઓ શીંગનાં સડેલાં છે; પણ હું ક્યાં એવી અજ્ઞાન છું કે એક ભવમાં બે ભવ કરૂં ! મારા સ્વામીને દુરાચારના માર્ગમાંથી ઇશ્વર બચાવશે; પણ શું તેઓ અનીતિએ ચાલે, માટે મારે પણ અનીતિએ ચાલવું ? પતિને પ્રભુ માનવાની

ભાવના આ દેશની સ્ત્રીઓનાં અંતઃકરણમાં જ્યાં સુધી ચાલુ છે, ત્યાં સુધી જ કાંઇક ઠીક છે; પછી તો હિન્દુ સ્ત્રીઓને કોઇ નરક-માંયે નહિ ટકવા દે ! ભલે મારા વહાલાનું વહાલ નથી, ભલે દુનિ-યાંની બુરાઇ અને સગાંવહાલાંની નફટાઇ મને પીડયા કરે છે; પણ હું મારા મનથી મગરૂર છું. જીવનનો જે આદર્શ મેં સ્વીકાર્યો છે, તેમાં વફાદારી અને ભક્તિ મને સબળ બનાવશે. આત્મશોધન હું પછી સરલતાથી કરી શકીશ. અને સંસારમાં આવીને આત્મશોધન સિવાય માણસને બીજું શું કર્તવ્ય કરવાનું હોય છે ?

× × × × ×

તા. ૬–૧૨–૧૦, આજે મનમાં બહુ અકળામણ થતી હતી, તેથી પાડોશીને ત્યાં ઘડીવાર જવા તૈયાર થઇ; પણ મારાં સાસુજીએ મને અટકાવી પગમાં એક લાકડી મારી. હું બારણા વચ્ચે પડી ગઈ અને કમાડનો ખીલો માથામાં વાગવાથી લોહી નીકળ્યું. તેમણે આખા મહોલાની બાઇડીઓ એકઠી કરી. મેં માથું ફોડી જાણી જોઇને લોહી કાઢયું છે, એવો આરોપ મૂકયો, પડયા ઉપર એ એક પાટુ ! સાંજે પાડોશમાં રહેતી રંભાએ આવી મને વશીકરણનો દોરો કરાવવાની સલાહ આપી; પણ આ સંસારમાં મારે સતીત્વ એજ મોટું વશીકરણ, મેસમેરિઝમ, હીપનોટીઝમ અને મંત્રબળ છે ! આ જન્મમાં તેનો સદુપયોગ નહિ થાય તો આવતા જન્મમાં પણ તે મને બહુ ઉપયોગી થશે. દુનિયાંને મારી દરકાર નથી; પણ જેનાં નયનો ભાવીનાં અંતર ભેદી શકે છે, તે નિરંતર મારી ભાવનાઓ તરફ દૃષ્ટિ રાખ્યા કરશે. મારું શોક સંગીત જે અતિ ગહન અને હૃદયસ્પર્શી ગાન જગાવે છે, તે વિશ્વવીણાના વિશુદ્ધ ગાયનના સ્વરો

સાથે સુસંવાદી બનશે. અને પરિણામે મને આત્મદર્શનની ઝાંખી થશે. કાળની દીવાલોમાં કામ કરતાં આપણે સર્વ ભાવીનાં કર્મકાર છીએ. આપણે આપણું કામ એવી ઉત્તમ રીતે કરવું કે જીંદગી અપૂર્ણ રહે નહિ; મારા પતિ ગમે તેવા છે; પણ હું તો ભવોભવ એ પતિની સેવા માગું છું. હિન્દુ આર્ય અબળા બીજું શું ઇચ્છે?

× × × × +

તા. ૭-૧૨-૧૦, જેમણે મહાસાગર ખેડયો નથી; તેમને ભરદરિયાના તોફાનનું ભાન કયાંથી હોય? હિન્દુ અવિભક્ત કુટુંબમાં જે બ્હેનો કચડાઇ નથી તેમને સાસુ-નણંદના જુલ્મની કલ્પના કયાંથી આવે? મારૂં ગુપ્ત અને પ્રસિદ્ધ દુ:ખ અકથનીય છે. કોને કહું અને કોણ સમજે? આઠ વર્ષો થયાં દુ:ખને દરિયે નાવ ચડયું છે. સુખનો કિનારો કયાંય પણ દૃષ્ટિગોચર થતો નથી. બાળપણમાં કેવી સબળ અભિલાષાઓ હતી? મનના એ હવાઇ કિલ્લાઓ હેઠા પડયા છે. રાંક ગરીબાઇમાં અવતરી-ઉછરીને દુ:ખની પથારીમાં મીઠી નિદ્રા કદી પણ લીધી નથી! મને સંસાર માટે હેત હતું, માન હતું. આશા હતી, પણ અત્યારે કાંઇ નથી. માનસિક પરિતાપ અધિક પીડા આપે છે. પતિની સાથે જીવનમાર્ગમાં ચાલી સંસારની સુન્દરતા વધારવામાં તથા તેમાં સહૃદયતા ખીલવી પ્રભુએ બક્ષેલી શક્તિઓદ્વારા પ્રભુની પ્રભુતાનો જગતને ખ્યાલ કરાવવામાં સ્ત્રીઓના જીવનની સફળતા છે, હું એ સફળતા મેળવી શકી નથી, એટલે મારૂં જીવન નકામું છે. ઠગારા સંસાર ઉપર હવે મને પ્રેમ નથી. તે દિવસ નાશિકના મેળામાં અનેક સ્વયંસેવકોએ અનાથોની સહાયતા કરી હતી, કેટલાયે લોકોએ વિ-

દેશી વસ્તુઓનો ત્યાગ કર્યો હતો, કેટલાયે યુવકોએ દક્ષિણ આફ્રિકાવાસીઓને માટે ભીખ માગી રૂપિયા એકઠા કર્યાં હતા. ઈશ્વર એ દયાળુ અને ઉદાર પુરુષોની સદા રક્ષા કરે; પરંતુ એ યુવકોનું ધ્યાન પોતાના દેશની દુર્દશા ઉપર કેમ નથી જતું ? અત્યારે સમાજમાં ઘેર ઘેર મારા જેવી અનેક દુઃખી અબળાઓ રીબાય છે, તેમના આર્ત્તનાદ કેમ કોઈ સાંભળતું નથી ? અત્યંજોની ઉન્નતિ માટે હોંસીલા પ્રયત્નો અને તીવ્ર હરીફાઈ જામી છે; પણ સ્ત્રી જીવનના પ્રશ્નો માટે કોઈ વિચાર કરતું નથી.

× × × × ×

તા. ૯-૧૨-૧૦, કાલે આખી રાત રડવામાં વિતાડી તેથી આજ સવારમાં શરીર વધારે સુસ્ત થયું હતું. હંમેશ તો સૌથી વહેલી ઉઠી ઘરમાંથી કચરો-પુંજો કાઢી, વાસી લોટા માંજું છું; પણ આજે જરા મોડું થયું અને એટલામાં તો કર્કશા, શંખણી અને ડાકણના વિશેષણો સાંભળ્યાં. મને એ વિશેષણોની કાંઇ નવાઇ નથી; પણ પાછલે પહોર કામમાંથી પરવારી ઘડીવાર આશ્વાસન મેળવવા પુસ્તક લઇ વાંચવા બેઠી તો તરતજ મારાં સાસુજી આડોશી પાડોશીને ભેગાં કરી કહેવા લાગ્યાં-' આ જુઓ મારી સુલક્ષણી વહુને કામ તો એકેય આવડતું નથી અને પુસ્તકો વાંચી મોટી પંડિતાઇ કૂટવી છે. રાંડને ભણી ભણીને વંઠી જવું લાગે છે. મારા ઘરમાં આ ઢોંગ નહિ ચાલે.' એમનો આ વાગ્પ્રવાહ એટલેથીજ અટક્યો હોત તો ધુળ નાંખી; પણ મારા હાથમાંથી એ ચોપડી ઉંચકી લઇ તેને ફાડીને તેમણે ચુરેચુરા કર્યા ! મારા હૃદયના એથી હજારો ટુકડા થઇ ગયા.

× × × × ×

તા. ૨૦-૧૨-૧૦ આજ મેં નિશ્ચય કર્યો છે કે હવે આ જીવન વધારે લંબાવવામાં સાર નથી. સંસારયાત્રા સમાપ્ત કરવા માટે અગ્નિ, જળ અથવા વિષ એ ત્રણમાંથી કોઇ પણ એક વસ્તુનું શરણ લેવું જોઇએ. મેં એ સંબંધમાં ઘણીવાર સુધી વિચાર કર્યો, અન્તે અગ્નિનુંજ શરણ લેવાનો નિશ્ચય થયો. મારા શરીરમાં હવે અગ્નિ સળગાવી દઇશ કે જેથી સમાજના વિચારશીલ પુરૂષોનાં અંતઃકરણ તપી જશે. આત્મયજ્ઞનો સમય નજીક આવ્યો છે. મારા મૃત્યુ પાછળ કોઇ અશ્રુપાત કરે તેમ નથી. હિન્દુસમાજમાં વૈરી મરી જાય તો કહેશે કે સડેલું ખાસડું ફાટયું ! એટલે હું હવે મહાન્ નિદ્રામાં નિમગ્ન થઇ જઇશ કે જ્યાંથી ફરી કદી જાગવાની નથી. પ્રભો ! શું લખું ? હવે વધારે લખી શકતી નથી. આ જીવન નોંધ મારા જેવું દુઃખ વેઠતી આર્યબ્હેનોને આશ્વાસનરૂપ થશે, તો મારો આત્મા સ્વર્ગમાં પણ સંતોષ પામશે. બસ, હરિ ॥ ૐ ॥

* * * *

થયું. મારી એ સદ્ગત શોકયની જીવનકથા આ પ્રમાણે પૂરી થાય છે. એની મર્મવેદના વાચતાં મને હંમેશ રડવું આવે છે. હું એનો નિત્ય પાઠ કરૂં છું અને એમાંથી અજબ માનસિક બળ મેળવું છું. કેવી ભલી અને સદ્ગુણી બાઇ ! પોતાના સંસારના મર્મઘાતો મુંગે મોઢે સહન કરી એ આ સંસારમાંથી ચાલી ગઇ છે. મારાં સાસુ અત્યારે આ સંસારમાં નથી, તેમજ મારી પાંચ નણંદો પૈકી બે મોટી નણંદો પણ નથી. નાની ત્રણેય નણંદો વિધવાઓ છે અને તેઓ વારાફરતી મારે ઘેર રહે છે. તેમના વિચિત્ર સ્વભાવોમાં હજુ તફાવત પડયો નથી. મારા પતિદેવની ઉદાસિનતા હજુ જેવીને તેવીજ છે; પણ મારી એ બ્હેનનું ઉજ્વળ જીવન મારા

સમીપ રહેવાને લીધે મને વધારે અફસોસ થતો નથી. જગતમાં જ્યાં જ્યાં સદ્‌ગુણ જોવામાં આવે ત્યાં ત્યાં તેનો ઉત્સાહપૂર્વક, નિખાલસપણે સ્વીકાર કરવો એ એક સમાજ પ્રત્યેનું ઋણ છે. અને તે ઋણમાંથી મુક્ત થવાના પ્રયાસ રૂપેજ આ જીવનનોંધ મેં જેમની તેમ આપી છે. તેનું સાંસારિક કર્તવ્યપાલન એટલું ઉત્તમ, આદર્શ-રૂપ અને અનુકરણીય છે કે તે ચારિત્ર્ય પ્રસિદ્ધ કરવું મને અહીં ઇષ્ટ લાગ્યું છે. હિન્દુ સમાજનું એક પરમ દુર્ભાગ્ય છે કે અનેક અંતરમાં સુવાસ ફેલાવતી અને અનેક જીવનમાં પ્રકાશ પ્રસારતી આવી દિવ્ય પુલની કળીઓ વિકાસ પામ્યા પહેલાંજ કરમાઈ જાય છે; અને તેનું કારણ રૂઢીની અંધ પરંપરાજ છે. અહીંની વિવાહ-પ્રણાલીકા એવી વિલક્ષણ છે કે તેમાં પરિણામે સ્ત્રીઓનેજ દુઃખ સહન કરવાં પડે છે. સ્ત્રી-પુરૂષની શારીરિક, માનસિક, આર્થિક અને સામાજિક અયોગ્યતાજ અનેક દુઃખોનું પ્રધાન કારણછે. જેઓ વિવાહને યોગ્ય નથી તેમના વિવાહ થવાને લીધે વિવાહનું પવિત્ર સુખ દુઃખમાં બદલાઇ જાય છે અને હર્ષની જગ્યાએ વિષાદ પ્રકટે છે.

મારા પતિ કેળવાએલા છે, રસિક છે, સુજ્ઞ છે; પણ તેમનો બધો માનસિક વિલાસ પુસ્તકો અને કાર્ય કલ્પનાઓ સાથે છે. સંસારમાં એવી કલ્પનાઓ મૂર્તિમંત થવી તેમને અશક્ય જણાય છે. તરૂણાવસ્થામાં માતા અને બ્હેનો આગળ પોતાનું કાંઇ નહિ ચાલવાથી મારા શૉક્યને તેઓ અન્યાય આપી શક્યા હશે; પણ અત્યારે મારા તરફ પણ ઉદાસિન રહે છે તેનું શું કારણ હશે ? લગ્નથી આજ સુધીમાં પતિ સાથે એકાંતમાં મને બોલવા-ચાલવાનો એક પણ પ્રસંગ પડયો નથી ! તેઓ આખો દિવસ પોતાના કામમાં તથા સાંજના ક્લબો, પાર્ટીઓ અને મિટિંગોમાં એટલા

 બધા લીન રહે છે કે તેમનો મારા હૃદયનો પ્રણય જોવાની ફુરસદજ મળતી નથી. મને ઘણીવાર પતિની સાથે પ્રેમથી વાતો કરવાનું મન થાય છે, પણ તેમને મારી કાંઈજ કિંમત લાગતી નથી. બહાર સભાઓમાં અને સમાજોમાં તેઓ સ્ત્રીકેળવણી, નારી પ્રતિષ્ઠા, ગૃહિણી ગૌરવ વગેરે વિષયો ઉપર મોટાં સુંદર વ્યાખ્યાનો આપે છે, સ્ત્રીઓની ઉન્નતિ કરવાના સંબંધમાં સારા રસિક લેખો લખે છે; પણ તે બધો માત્ર તેમનો સાહિત્યનો શોખ અને સરસ્વતીનો વિલાસ છે. તેઓ એક મહા ધુર્ત લેખક છે, હાથીના દાંત જેમ દેખાડવાના જુદા હોય છે અને ચાવવાના પણ જુદા હોય છે, તેમ તેમનાં લખાણોમાં અને વર્ત્તનમાં મોટો તફાવત છે. તેમનો પરસ્ત્રી-માંનો મોહ હજુ ઓછો થયો નથી. વ્યભિચાર ઉપરાંત મદિરા પાનનો હરામચસ્કો તેમને વળગેલો છે. તેઓ પોતાને એક પ્રખર વિદ્વાન્ માને છે અને હંમેશ બીજા લેખકોની નિંદા તેમના મોઢામાં ચાલુજ હોય છે. સાધુના રૂપમાં તેઓ એક ભયંકર શયતાન્ છે. એમનું જીવન ચુડેલના વાંસા જેવું છે. વિલાયતી વિલાસના મોહમાં તેઓ આજકાલના સુધારાની ભયંકર રમણીયતા જોઈ શકતા નથી. અને તેથીજ પ્રાણુહારક મૃગજળની પાછળ ભટકયાં કરે છે. હું તેમની સ્ત્રી છું. મારે મોંઢે વધારે વાત શું કહું ? અબળાના આવા આર્તનાદની પણ તેમને કાંઈ અસર થતી નથી. તેઓ રાતના બાર—એક વાગે દરરોજ બહારથી બાટલી ચડાવી આવે છે; ત્યારે તેમનું મોઢું એટલું ગંધાય છે કે મને પાસે ઉભાં રહેતાંયે કંટાળો આવે છે; પણ શું કરવું ? જો કોઇ વખત કાંઈ કહેવા જાઉં છું તો મણ મણ મહાપ્રસાદ ચાખવો પડે છે. મારી શૉકયનું નામ સુધા હતું અને જેવું તેનું નામ હતું તેવાજ તેના અમૃતમય

ગુણો હતા; પણ મારા સ્વામીની દૃષ્ટિમાં તે ઝેર સમાન હતી; આટલા ઉપરથીજ મારા પતિની વિલક્ષણ પ્રકૃતિનો પરિચય સર્વ કોઇને મળી શકશે. ગુજરાતમાં તેમનું નામ અત્યારે મશહૂર છે, પણ તેમનાં કર્મો મને મહા ભયંકર ભાસે છે જો તેઓ પોતાની બુદ્ધિનો સદુપયોગ કરી સારાં પુસ્તકો લખે તો સમાજને તેથી ઘણો લાભ થઈ શકે. આ જીવનનોંધની લેખિકા જીંદગીભર બહુજ દુઃખ વેઠી વેઠીને મૃત્યુ પામી છે અને મારે પણ એજ પંથે જવાનું છે, છતાં મારા વિદ્વાન પતિ • તદ્દન બેદરકાર છે. સાક્ષરો વિપરીત થાય છે ત્યારે રાક્ષસો બને છે, એ લેશ પણ ખોટું નથી. ભણેલો ભૂલે ત્યારે તેની ભૂલને હદ રહેતી નથી; એ હું આજે પ્રત્યક્ષ જોઉં છું.

મારાં લોભી માબાપને શું કહેવું ? બીજા વરને આપવાથી કન્યા સુખી થશે એમ તેમણે ધાર્યું હશે; પરંતુ હું પ્રતિજ્ઞાપૂર્વક કહું છું કે મેં સ્વામીને ઘેર આવીને એક પણ દિવસ સુખ જોયું નથી. મનની ચિંતાથી દિવસે દિવસે મારૂં શરીર દુર્બળ થતું જાય છે. શરીરમાં કેટલાક મહાન વ્યાધિઓ ઉત્પન્ન થયા છે. જીંદગી મને અત્યારથીજ બોજારૂપ લાગે છે હું મોતને શોધી રહી છું. કારણ કે મારી શાંતિ મૃત્યુને પેલે પાર છે ! હું આ દુઃખ સહન કરવાને તદ્દન અસમર્થ બની ગઇ છું. મારી જીંદગી બરબાદ થઇ ગઈ છે. મને મારા મરણનો અફસોસ નથી; પણ હિંદુસંસારમાં મારા જેવી કેટલીએ દુઃખી બાળાઓ અકાળે સંસારના તાપથી બળીને મરણ શરણ થતી હશે; એનો મને વિચાર થાય છે હે પ્રભો ! આર્ય સ્ત્રીઓનો તું ઉદ્ધાર કરજે અને સમાજનો સડો દૂર કરવાની સર્વને સન્મતિ આપજે.

ઇતિ

૧૬—લલિતાની આત્મકથા.

હું કોણ ? મારૂં નામ શું ? શું તે જાણવાની ઇચ્છા છે ? ગુણ ઉપરથી નામ કહું તો મારૂં નામ અભિમાનિની છે! પણ અરે, એ ગુણ શેનો ? એ તો મોટો દુર્ગુણ ! એ દુર્ગુણે મારી આટલી ખરાબી કરી છે ! શું કહું ? મારી કર્મકથની કોઈની પાસે મન મૂકીને કહેવાતી નથી. વિચાર કરૂં તો મતિશૂન્ય બની જાય છે. ક્યાં જાઉં ? કયે સ્થળે જઈ દુઃખ ઓછું કરૂં ? મારૂં મન કોઇ રીતે શાંત થતું નથી, શું મારા અભાગિનીના નસીબમાં સુખની છાંયડી નહિજ નિર્માણ કરી હોય ? હાય, તે પ્રાણઘાતક દિવસ મારા સ્મરણમાંથી જતો નથી. એ દિવસેજ મારૂં શરીર ઝેર સમાન થઈ ગયું ? એ દિવસેજ મારા સંસાર સુખના કિલ્લાઓ તૂટી પડ્યા. એ વખતથી જગત્ મને રસહીન થઇ ગયું છે. સમગ્ર સંસારમાં હવે મારે ઉંચે આભ અને નીચે ધરતી જ રહ્યાં છે. મેં હાથે કરીને મારા જીવનની ખરાબી કરી છે. દુઃખ, ત્રાસ, ભય અને ભાવિના વિચારોથી હું ત્રાસી ગઈ છું—હારી ગઈ છું મારા બાપને ઘેર જાઉં ? ના, એ ઘરની શ્રીમંતાઇએ તો મારૂં સત્યાનાશ વાળ્યું છે ! એનું તો હવે નીમજ ના લેવું ! મારા માટે વિધિએ આ એકાકી જીંદગીજ નિર્માણ કરી છે. આશા દેવીનાં મૃગજળ જેવાં સ્વપ્ન જોઇ હીઝરાયા કરવાનું જ મારા લલાટે લખાયું છે. હું એ સઘળું સહીશ.

મારી ભૂલનું-અભિમાનનું એ રીતે પ્રાયશ્ચિત કરીશ. પ્રભુની પાસે હું નિરંતર માગું છું કે હે પ્રભુ ! તું મને ઘોર નરકમાં નાંખજે, પણ પૈસાદારની પુત્રી ન બનાવીશ ? હું ગરીબ માબાપને ઘેર જન્મી હોત તો શું મારી આવી દશા થાત ? લક્ષ્મીનો મદ કેવો અજેય છે ? તેણે આ જગતમાં કેવી ખરાબી કરી છે ? પૈસામાં બિલકુલ સુખ નથી. બાપના ઘરની રાજ્યગાદી કરતાં સાસરાના ઘરની શૂળી સ્ત્રીઓને માટે હજાર દરજ્જે ઉત્તમ છે ! પરણ્યા પછી આજ હું ઘણે વર્ષે સાસરે આવી છું, મને એકવીસમું વર્ષ જાય છે; પણ આજ સુધી હું સાસરે આવી નહોતી. મારા મનમાં સ્વામીનાં દર્શનનો અભિલાષા કદી થઇ નહોતી. મારા પિતા શ્રીમંત અને સસરા ગરીબ એટલે મને પિતાએ મોકલી પણ નહોતી. લગ્ન થયા પછી મને દીવાળીનું આણું તેડવા મારા સસરાજી જાતે આવ્યા હતા; પણ મારા ગર્ભશ્રીમંત પિતાએ તેમને કહ્યું હતું કે-' તમારા પુત્રને પ્રથમ અર્થોપાર્જન કરતાં શીખવો; પછી લલિતાને તેડી જાઓ. અત્યારે તેને લઇ જઇને શું ખવરાવશો ? મારા સસરા તેથી ઉદાસ થઇને ચાલ્યા ગયા અને એ વાત મારા સ્વામીના જાણવામાં આવતાં તેમના ક્રોધનો પાર રહ્યો નહિ, પોતાની નિર્ધનાવસ્થાનો તેમને સંપૂર્ણ તિરસ્કાર આવ્યો અને કોઇ પરમુલકમાં જઈ દ્રવ્ય મેળવી લાવવાની ઇચ્છા તેમને દૃઢ થઇ.

મારું નામ લલિતા છે, પણ મારામાં સ્ત્રીઓને લાયક લલિત ગુણોની બહુ ખામી છે. મારો સ્વભાવ એ વખતે બહુ વિચિત્ર હતો. પત્ની તરીકેના મારા ધર્મનું મને મુદ્દલ ભાન નહોતું. અજ્ઞાન અને અભિમાનથી મારું હૃદય ભરેલું હતું. પ્રણય એટલે શું ? એ તો હું સમજતી જ નહોતી. પતિ--પત્નીના પ્રેમની મને માહિતી નહોતી.

અને તેથી મારું હૃદય ઘણે અંશે કઠોર થઈ ગયું હતું. મારી માતા મને બાળપણમાં મૂકીને પરલોકવાસી થઈ ગઇ હતી; એટલે મારા પિતાના સંસ્કાર મારામાં ઉતરી આવ્યા હતા. પરદેશ જતાં પહેલાં મારા સ્વામીએ મને એક પ્રણયપત્ર લખ્યું હતું; પણ મેં તેનો કાંઈ જવાબ આપ્યો નહોતો; પુરુષોને પીડવાનાં જેટલાં સાધનો સૃષ્ટાએ સ્રીજાતિને આપ્યાં છે, તે સઘળાં સાધનોનો આશ્રય લઇ મેં ઘણા દિવસ સુધી સ્વામીને નિર્દય રીતે પીડયા હતા. હું સ્રી છું. મારી નિર્દયતાનું અને અભિમાનિતાનું મોટું ઉઘાડીને હું શું વર્ણન કરું? મેં હાથે કરીને દુઃખનો દાવાનળ સળગાવ્યો હતો. મારા સ્વામી તેને પોતાના પ્રણયરસથી શાંત કરવા ઇચ્છતા હતા; પણ હું એ આગને ફુંક મારીને વધારતી જતી હતી. મેં એમનું હૃદય કેટલું પીડયું હતું અને એમની સાંસારિક મહત્ત્વાકાંક્ષાઓને કેટલી ટચડી નાંખી હતી; એ વાત હું અંતઃક્ષોભથી લખી શકતી નથી. જે બ્હેનોએ સ્વામીને સંતાપવાનો પ્રયોગ કર્યો હશે અને જેઓ તે પ્રયોગમાં સફળ થઇ હશે; તેઓ મારા આ કથનનું રહસ્ય સહેલાઇથી સમજી જશે. હું શું કહું? સ્રી જાતિથી પૃથ્વી ઉપર જેટલું નુકસાન થયું છે, તેટલું પુરુષ જાતિથી નહિ થયું હોય! અવિચારિણી અબળાઓએ સમાજની જેટલી ખરાબી કરી છે, તેટલી બીજા કોઇએ નથી કરી! અમે પુરુષોની જેટલી દુર્દશા કરીએ છીએ તેટલી દુર્દશા બીજું કોઈ નથી કરતું! અમારા મોહમાં અમે એમને એવા નચાવીએ છીએ કે તેઓ ઘણી વખત જ્ઞાનશૂન્ય બની જાય છે. હજારોની ઉપર સત્તા ચલાવનારો પુરુષ એની ત્રણ ટકાની બૈરી આગળ નમ્ર બની રહે છે, એ શું બતાવે છે? સંસારના સરલ માર્ગમાં અમે કાંટા વેરીએ છીએ. એકનો એક યુવાન દીકરો બે

બદામની બાર્ડીને રીઝાવવા વૃદ્ધમાબાપથી જુદો રહે, એ આ વીસમી સદીના ત્રીયારાજ્યનો શું ઓછો પ્રભાવ છે? પણ સદ્‌ભાગ્યની વાત છે કે સઘળી સ્ત્રીઓને હજુ આ વિદ્યાની પુરેપુરી માહિતી મળી ગઇ નથી; નહિતો પૃથ્વીમાં ક્યારનોયે અગ્નિ ફેલાઇ ગયો હોત અને મારા જેવી અભિમાનિને આવો પતિવિરહના દુઃખનો અનુભવ કરવાનો સમય આવ્યો ન હોત!

જગતને જેમ જેમ વધારે વિચારૂં છું, તેમ તેમ સમજાય છે કે તવંગર બનવા કરતાં ગરીબ રહેવામાં વધારે આનંદ છે. શ્રીમંતાઇથી મળતા મોજશોખ કરતાં ગરીબાઇથી મળતાં મીઠાં ફળો વધારે સ્વાદુ હોય છે, એ લેશ પણ ખોટું નથી. કરૂણા સર્વને પાળે છે, લક્ષ્મી નથી પાળતી. ધર્મ અખંડ પ્રકાશ આપે છે, દીવો નથી આપતો. કીર્તિ આનંદ આપે છે, યૌવન નથી આપતું. પુણ્યનાં કર્મો સ્થાયી હોય છે, જીવતર નથી હોતું. જગતનાં મહાભારત શાં શાં ઉઘાડું? એમાં તો અંધકારનાં વાદળ છવાયાં છે. કોઈ વિરલાઓજ વિશ્વ દર્શનની સમાધિ આદરી તેમાંથી બ્રહ્માંડના પરમ ભેદ ઉકેલી શકે છે. અંધકાર જીતવા પછી એમને શામાટે અધરા હોય? અમરાવતી શાં સુખડાં તેઓ અહીંજ ભોગવી શકે છે. નથી સ્પર્શતા તેમને સંસારના ઝેરી વાયુ કે નથી નડતાં તેમને વાસનાનાં બંધનો. વિશ્વના છૂપા ભેદ તેઓ શોધે છે અને અક્ષય ઝરણી પ્રકૃતિ માતાની અમૃત ધારામાં તેઓ વિલસે છે. ઉર ઉરનાં અંધારાં તો વાસનાભૂખ્યા સંસારીઓ માટે છે. અધુરા આત્માઓ અનંતની મઝા ક્યાંથી જાણી શકે? ભવસાગરમાં માનવ નાવ ડોલી રહ્યાં છે, તોફાન ક્યારે શમશે, તે કોઇ કહી શકતું નથી. પ્રભો ' તને પ્રાર્થના કરૂં છું કે તું મારા હૃદયનું દારિદ્ર દૂર કર.

કહેવાય છે કે તાપથી તાપનું, વિષથી વિષનું, શીતથી શીતનું અને કામથી કામનું દમન થાય છે. મારા અભિમાનનું દમન મારા સ્વામીના પુરુષોચિત સ્વાભિમાને પુરેપુરૂં કરી દીધું છે. કુદરતની વિરૂદ્ધના કાર્યને કુદરત પોતે દંડ દે છે. પ્રકૃતિને કોઇ ઠગી શકતું નથી. હિન્દુ દંપતીનો સંબંધ ઇશ્વરીય-કાર્ય મનાય છે. પતિને વિશ્વાસ છે કે સૃષ્ટિકર્તાએ તેની પત્નીને તેને માટે ઉત્પન્ન કરી છે. અને પત્નીને પ્રતિતિ છે કે પતિ તેને માટે સર્વ કાંઇ સાહસ ખેડવા તૈયાર છે. પતિપત્નિનો સહવાસ જન્મ-જન્માંતરને માટે સ્થિર થાય છે. હિન્દુ વિવાહ સંબંધ ઇશ્વર દત્ત છે. અટલ અને ધર્મની સુદૃઢ સાંકળોથી તે જકડાએલો છે. હિન્દુ દંપતીનો સંબંધ સાંસારિક નથી, બલ્કે ધાર્મીક છે. હિન્દુઓમાં પિતૃઋણથી મુક્ત થવાના હેતુ માટે વિવાહ સંબંધ યોજાએલો છે. એ એક ગંભીર પ્રતિજ્ઞા છે કે જેનાવડે સ્ત્રી પુરુષ અતિ પવિત્ર ભાવથી જીવન્ પર્યંતને માટે એક બની રહે છે. આ બધું જ્ઞાન મને અત્યારે થયું છે. એ વખતે તો વિવાહ મને શાપ સમાન લાગતો હતો, આકાશમાં વિહરતી પંખિણીને પાંજરામાં પૂરાઈ રહેવું જેમ અપ્રિય લાગે તેમ સ્વામી સેવા કે સ્વામીની તાબેદારી મને અપ્રિય લાગતી હતી. મારા પિતાએ મને એવુંજ શિક્ષણ અપાવ્યું હતું. એક પાદરીની મિશન સ્કુલમાં હું ભણવા જતી હતી. અને ત્યાં મને હિન્દુ વૈવાહિક નીતિ અને તેથી મળતાં દાંપત્ય સુખનું લેશ પણ જ્ઞાન આપવામાં આવ્યું નહોતું. દેશી ખ્રિસ્તિની અર્ધદગ્ધ છોકરીઓ સાથે હું પશ્ચિમના નકલી સુધારાનું આંધળું અનુકરણ કરતાં શીખી હતી લાંબી બાંયનાં પોલકાં પહેરવાં, સોનેરી ફ્રેમનાં ચશ્માં ચડાવવાં, હાથે હસ્તીદંતની મંગળ ચુડીને બદલે ચામડાના પટામાં ઘડીઆળ

બાંધવી, ઉંચી એડીના બુટ પહેરવા, સધવા-વિધવા ઓળખાય નહિ એવું ઓરશીઆ જેવું કપાળ રાખવું, ગુચ્છા પાડીને વાળ ઓળવા, હાથમાં છત્રી લઇને પુરુષોની સભાઓમાં જવું, પાશ્ચાત્ય એટીકેટ સાચવવા સર્વ કોઇની સાથે શેકહેન્ડ કરી હાથ મિલાવવો, વગર પ્રયોજને જ્યાં ને ત્યાં અંગ્રેજી શબ્દો ઉચ્ચારવા અને ફાવે તેમ ચાલવું; એટલુંજ હું શીખી હતી. ધર્મ કે નીતિનું મને મુદ્દલ ભાન નહોતું. રિલીજીયન અને મોરાલિટીને હું કેવળ હમ્બગ માનતી હતી. ડાયવોર્સ અને રિમેરેજની હું પક્ષપાતિની હતી. ક્રિશ્ચિયન ધર્મ પાળનારી બાઇઓના સંસર્ગથી મને હિન્દુ તત્ત્વજ્ઞાન અને હિન્દુ ધર્મ ઉપર તિરસ્કાર આવી ગયો હતો.

મારૂં એ વખતે અધઃપતન થવું સ્વાભાવિક હતું; પણ હું મારા અભિમાની સ્વભાવને લીધેજ બચી ગઇ હતી. મને પુરુષ જાત ઉપર એક જાતનો વિલક્ષણ તિરસ્કાર હતો. મારા રૂપનો, યૌવનનો અને વિદ્યાનો મને એટલો ગર્વ હતો કે મારી દૃષ્ટિમાં હું સર્વ કોઇને તુચ્છ સમજતી હતી. ફ્રી લવ, સિવિલ મેરેજ અને બાસુના બીલની હું પક્ષપાતિની હતી; પણ એડલ્ટરી-વ્યભિચારનો મને તિરસ્કાર હતો. મારી પ્રતિષ્ઠા એ નિંદ્યવર્ત્તનથી મને હલકી પડી જવાનો સંપૂર્ણ ડર હતો. હું જો એ વખતે મોહના પંઝામાંથી કોઇપણ પ્રકારે બચી ગઇ હોઉં તો તે માત્ર મારા આત્મગૌરવને લીધેજ.

મારા રૂપના અનેક પૂજારીઓ હું એ વખતે જોતી હતી. મુસાફરીમાં સ્ટેશન ઉપર ટિકિટ લેવા જતી ત્યાં પુરુષોની ગમે તેટલી ભીડ હોય; પણ મને એકદમ ટિકિટ ખરિદવાની જગ્યા મળતી. ટ્રેનમાં સઘળાં કમ્પાર્ટમેન્ટ ચીક્કાર ભરેલાં હોય: છતાં મને સારી

લલિતાની આત્મકથા



મેં તે દિવસથી આજ સુધીમાં સઘળા રાગ-રંગ તજી દીધા છે........હું હંમેશ તેમની છબીનું ધ્યાન ધરૂં છું.

Krishna Press, Bombay 2.

(અબળાની આત્મકથાઓ પાનું ૩૦૬)

રીતે બેસવાની જગ્યા મળતી. પુરુષો મારા રૂપમાં અંજાઇને મારી ખુશામદ કરવા મંડી જતા. મારી સાથે વાત કરવાની તેઓ તક શોધતા અને તેવો પ્રસંગ મળતાં તેઓ પોતાને ભાગ્યશાળી માનતા. નાટક અને સીનેમામાં મારૂં સર્વત્ર સ્વાગત થતું. જાહેર મેળાવડાઓમાં અને સભાઓમાં મને સર્વથી આગળ બેસવાનું સ્થાન મળતું. મારી નિર્માલ્ય કવિતાઓને અને વાર્તાઓને તંત્રીઓ પોતાનાં માસિકોમાં સારૂં સ્થાન આપી પોતાના પત્રની પ્રતિષ્ઠા વધે છે, એમ ગણતા અને કોઇ કોઇ તો મારા ફોટાને પ્રકટ કરી પોતાની કૃતજ્ઞતા દર્શાવતા. મારા શિક્ષકો અને પરીક્ષકો ઉપર પણ મારા રૂપ તથા યૌવનનો પ્રભાવ પડતો. મેટ્રિકની પરિક્ષામાં 'ગુજરાતીના' વિષયમાં ફેલ થવાની દહેશત લાગતાં હું તેના પરીક્ષક પાસે ગઈ હતી અને મને જોતાંજ તેણે પૂરા માર્ક મૂકી આપ્યા હતા. આ ઘટના શું મને ઓછું અભિમાન કરવા લાયક હતી? મારો ગર્વ તેથી વધતો જતો હતો અને પરિણામે હું મારા સ્ત્રીત્વના આદર્શને ભૂલતી જતી હતી-

એક દિવસ મારા એ મિથ્યાભિમાનનો અંત આવ્યો. મારી નિશાળની, કૉલેજની, કલબની સખી મિસ મરિયમ મારે ઘેર આવી એ ને અમે ચહા પી ગાડી જોડાવી બહાર ફરવા નીકળ્યાં. આજે પાલવા કે ચોપાટી—વાલકેશ્વર ન જતાં મરિયમ કામાટીપુરા તરફ ગાડી હંકાવી ચાલી. એક ઠેકાણે તેણે ગાડીને ઉભી રાખવાની આજ્ઞા કરી અને અમે તેમાંથી નીચે ઉતર્યા. એ રસ્તો એટલો ગંદો અને ખરાબ હતો કે મને એ જોઇને શરીરમાં કંપ છૂટયો. મરિયમ મને સાથે લઇને એક માળામાં ચડી. ખરે બપોરે ત્યાં અજવાળાનું નામ નહોતું. પ્રત્યેક ઓરડી શ્રીમંતોના ઘરના પાયખાના જેવડી હતી!

મેં એ જોતાંજ મરિયમને પૂછ્યું–' મરિયમ ' આ કેદખાનાનાં રહે-
નારાં માણસો કેવાં જંગલી હશે ?

મરિયમ તરત બોલી ઉઠી–' ખબરદાર ! એ લોકોને જંગલી કહેતાં પહેલાં સંપૂર્ણ વિચાર કરજે. તારા જેવા શ્રીમંતોએજ એ લોકોની આવી હાલત કરી છે. આ ઓરડીમાં રહેનારાં માણસો ગરીબ છે. તેઓ મિલોમાં મજુરી કરે છે, ગોદીમાં કામ કરે છે, સ્ટેશનો ઉપર સામાન ઉંચકે છે, ખટારાઓ હાંકે છે અને શ્રીમંતોને સગવડ રૂપ થાય છે. સો કુટુંબો ગરીબ થાય છે ત્યારેજ એક કુટુંબ શ્રીમંત થઇ શકે છે; છતાં ગાડીઓમાં ને મોટરોમાં ફરનારા તવંગરોને એ વાતનો ખ્યાલ આવતો નથી. આટલી ન્હાની ઓરડીમાં આ લોકો ખાય છે, સુએ છે અને રહે છે. ઘરનાં વડિલોની કે મોટાં છોકરાંઓની મર્યાદા આ ઓરડીઓમાં શું સચવાતી હશે ? આ ચાલીઓના માલીકો પુનાની ઘોડાની સરતોમાં હજારો રૂપિયાનું પાણી કરે છે; પણ આ ઓરડીઓમાં સુધારા કરતા નથી. અમે ક્રિશ્ચિયન મિશનરીઓ આવાં સ્થળોમાં ફરીએ છીએ અને ગરીબોની યથાશક્તિ સેવા કરીએ છીએ. આ ગરીબો પણ પ્રભુનાં બાળકો છે. તમે હિન્દુ લોકો લગ્નમાં વરઘોડાઓ કાઢો, નાચ મુજરા કરાવી હજારોની હોળી કરો છો, ઠાકોરજીને રાજભોગ આપી પૈસા ઉડાવો છો. મરણ પરણના નાતવરાઓ કરી દ્રવ્ય ખરચો છો, શ્રીનાથજી અને મથુરાંજીની જાત્રામાં ધનની રેલ ચલાવો છો અને મોજશોખમાં યથેચ્છ નાણું વાપરો છો; પણ આવી જનસેવા પાછળ એક પાઇ પણ વાપરતા નથી, આ તમારી કેવી ગંભીર ભૂલ છે !'

મરિયમના એ શબ્દોથી હું તો સ્તબ્ધજ બની ગઇ. અમે એ ચાલીમાં આગળ વધ્યાં. એક ઓરડીમાં એક પુરુષ ફાટેલી કાળી

ગોદડી ઉપર તાવે પડયો પડયો હાંફતો હતો. તેની બાવીસેક વર્ષની સ્ત્રી અર્ધ નગ્નાવસ્થામાં પોતાનાં ચાર બાળકોને લઈ બેઠી હતી. એ છોકરાંઓ નાગાં–ઉઘાડાં અને આખા શરીરે ખસવાળાં હતાં. પોતાની જનેતાને તે ' ખાવા આપ, ખાવા આપ, ' કહી પજવી રહ્યાં હતાં. સૌથી ન્હાનું દોઢેક વર્ષનું બાળક ધાવણું હોઇ તેની માનાં સુકાં ચામડાંને સુચતું હતું. એ બાઈ પાંચમીવારની સગર્ભા હતી અને ત્રણેક માસ ચડયા હતા. મરિયમે તેના સમાચાર પૂછ્યા અને પોતાના ખીસામાંથી પાંચ રૂપિયા એ બાઇને આપ્યા. મેં એ જોઇ મરિયમને પૂછ્યું–' બ્હેન ! આ લોકો અનાથાશ્રમમાં શામાટે નથી જતાં ?'

મારા એ પ્રશ્નનો જવાબ મરિયમને બદલે એ સ્ત્રીએજ આપ્યો–' બાઇ સાહેબ ? અમે કયાં જઇએ ? અનાથાશ્રમમાં અમારી પાસે વગ કે ભલામણની ચિઠ્ઠી માગે છે. અમે તે કયાંથી લાવીએ ? આ મારો ધણી મિલમાં જતો હતો તે પંદર દિવસથી તાવે પડયો છે. હું એને લઇ ધર્માદા દવાખાનામાં ગઈ; પણ ત્યાં અમને કોઇએ આશ્રય આપ્યો નહિ. કોઇના મનમાં પ્રભુ વસ્યો નહિ. નામ ધર્માદા દવાખાનું છે: પણ પટાવાળાઓ, કંપાઉન્ડરો, ડાકટરો, નર્સો વગેરે બધાં લાંચ લઈ કામ કરનારાં છે. જો તેમને છાની રીતે મનમાની દક્ષિણા આપીએ તો દવા કરે; નહિતો પડયાં પડયાં સડીને મરી જઇએ તોય કોઇ ભાવ પૂછે નહિ. અરેરે! અમારી ગરીબોની આંતરડી બાળીતાં એમનો જીવ કેમ ચાલતો હશે ? પરમેશ્વરને નામે એમને જરાયે દયા નહિ આવતી હોય ? જ્યાં પ્રેમ છે ત્યાંજ પ્રભુ છે. દિવસમાં ચાર ચારવાર મંદિરે જાઓ અને મોટાં ટીલાં–ટપકાં કરો તેથી શું વળે ? અમારી ગરીબોની આંતરડી ઠારો તોજ પ્રભુ રાજી થાય !'

અબળાની આત્મકથાઓ.

મને એ બાઇના શબ્દો બહુ અસરકારક લાગ્યા. મરિયમ મારા હૃદયનો ભાવ સમજી બોલી ઉઠી—' લલિતા ! આ લોકોની આવી હાલત માટે સમાજ સંપૂર્ણ જવાબદાર છે. કેળવણી, સાધન, સગવડના અભાવે આ ગરીબ માણસો નીતિ ભ્રષ્ટ થાય તેનું પાપ સમાજને માથે છે. શ્રીમંતોએ આ લોકો માટે દવાખાનાં, ઉદ્યોગશાળાઓ, નિશાળો, સેનેટેરીયમો, વાંચનાલયો સ્થાપવાં જોઇએ. અને તેમના સહવાસમાં આવવું જોઇએ. તેમના તરફ લાગણી ઉત્પન્ન કરવા માટે આવાં સ્થાનોની હંમેશ મુલાકાત લેવી જોઇએ. બ્હેન ! આ લોકોને બોલાવીએ, તેમના પ્રત્યે સમભાવ રાખીએ, તેમને કેળવીએ ગરીબની જોડે ગરીબ બનીએ, એમને સુધારવા યત્ન કરીએ અને એમની સાથે સાદાં પ્રેમ ભર્યાં વાક્યોથી વાતો કરીએ; તો તેઓ સમાજની એક કિંમતી મિલકત થઇ શકે તેમ છે. પેટને અર્થે તેઓ ઘણી વખત હલકાં કામ કરે છે અને ગુન્હેગાર બની કેદમાં જાય છે. કેદમાંથી છૂટેલાંઓનો સમાજ તિરસ્કાર કરી તેમને વધારે બગાડે છે, અને એ રીતે અનર્થની પરંપરા પ્રતિદિન વધતી જાય છે. મેગેસ્થનીસે જે દેશનાં પેટભરીને વખાણ કર્યાં છે, તે દેશમાં આટલી બધી ચોરીઓ, આટલાં બધાં ખૂન, આટલો બધો જુગાર અને આટલો બધો વ્યભિચાર શા માટે ? લોકોનો જીવનક્રમ બદલાયો છે. ઉપજ કરતાં ખર્ચ વધ્યાં છે. સાધનો ઓછાં થયાં છે અને જરૂરીઆતો વધી પડી છે. ગરીબાઇ, અજ્ઞાનતા અને વહેમના વમળમાં અનેક કુટુંબો અથડાય છે. સમાજ આ પ્રશ્ન ક્યારે હાથમાં લેશે ?'

મરિયમનું એ ભાષણ સાંભળી મારાં હૃદય ચક્ષુ ઉઘડી ગયાં. મેં કહ્યું—' મરિયમ ! તમે મને આજ એક અમૂલ્ય બોધ આપ્યો છે.

મારા હૃદયનો મિથ્યા અહંકાર અત્યારથી ચાલ્યો ગયો છે. સમાજ સેવા અને દેશસેવાનો આજથી એક નવો માર્ગ મને મળી ગયો છે. હું તમારા મિશનરીઓ સાથે રહીને તમારૂં અંધ અનુકરણ કરતાં શીખી છું; પણ મેં તમારા સારા ગુણો તરફ કદી લક્ષ આપ્યું નથી. આજે તેં મને ભગવાન ઇસુખ્રિસ્તના સાચા ભક્તોનું ભાન કરાવ્યું છે. આગ લાગો આ લાંબી બાંયનાં પોલકામાં અને આ ડરેસમાં મારા દેશમાં આટલાંબધાં મારાં ભાંડુઓ પીડાય અને શું હું તે જોઇ રહું? મરિયમ! તારો ઉપકાર માનું છું. આજથી જન સેવાની દિક્ષા તેં મને આપી છે. હું પ્રતિજ્ઞા કરૂં છું કે મારાથી આ ગરીબોની સ્થિતિ જેટલી સુધરશે તેટલી સુધારવા યત્ન કરીશ.'

અમે તે દિવસ ગાડી જોડાવી ત્યાંથી પાછાં આવ્યાં. મરિયમ પોતાને ઘેર ચાલી ગઇ. અને હું મારો ભવિષ્યનો કાર્યક્રમ ગોઠવવા લાગી. પ્રથમ મને મારો સંસાર શૂન્ય જણાયો. પ્રભુતામાં પગલાં ભરવાં એ પરણવાનો ખરો આદેશ છે એમ હું સમજી અને મને મારા સ્વામીનું એકદમ સ્મરણ થયું. મારી મોહ ગ્રંથી ગળી ગઇ. મારૂં અજ્ઞાન-અભિમાન ટળી ગયું. દેહના સ્થૂળ ભાવ ઘટી ગયા અને મને સ્વામીની કિંકરી બનવાનો અભિલાષ જન્મ્યો. સેવાવ્રત સ્વીકારી સેવાભગિની બનવામાં મને સ્વામીના સહચારની કિંમત થઇ. પતિ વિનાનું જીવન નિરર્થક લાગવા માંડયું, પ્રથમ સ્વામીસેવા, પછી કુટુંબસેવા અને છેલ્લે સમાજસેવા કરવાનો મેં સંકલ્પ કર્યો. આત્મબળ ઓળખવામાં, જાગૃત કરવામાં અને વિકસાવવામાંજ મનુષ્યનું મનુષ્યત્વ છે, એ સમજી જતાં મને વાર લાગી નહિ. સાચી સેવા કશાપણ દંભ કે આડંબર વિનાની હોય છે અને આત્મસંતોષજ તેનું ફળ હોય છે; એમ મેં એક મહાપુરુષના ઉપદેશ-

આંથી જાણી લીધું. સહસા મને દાંપત્ય જીવનના ગાંભીર્ય અને મહત્ત્વનો ખ્યાલ આવી ગયો. મેં તે દિવસથી આજ સુધીમાં રાગ રંગ સઘળા તજી દીધા છે. સ્વામીના નામની માળા એક સરખી જપવા માંડી છે. મારે એમનું નામ લેવાની અનેક વખત જરૂર પડે છે; પણ મારે એમને શું કહીને બોલાવવા તે હું સમજી શકતી નથી. પ્રાણનાથ, પ્રાણકાન્ત, પ્રાણપતિ, પ્રાણજીવન, પ્રાણેશ્વર, પ્રાણપ્રિય, પ્રાણાધિક, પ્રાણધન, પ્રાણપ્રભુ વગેરે પ્રાણાદિ શબ્દોની રેલ ચલાવું છું તો કંટાળો આવે છે! સ્વામી, પતિ, સખા વગેરે શબ્દો વાપરૂંછું તો મનમાં ક્ષોભ થાય છે. ભાયડો, ધણી, મર્દ, માટીડો વગેરે શબ્દો મને ગામડીઆ લાગે છે. ત્યારે મારે હવે કરવું કેમ? હું તો એક મોટા ધર્મ સંકટમાં પડી ગઇ છું. આ સંસારમાં જે મારા સર્વથી પ્રિય સંબોધનના પાત્ર છે, તેમને બોલાવવા માટે મને આ દેશની ભાષામાંનો કોઇ સરલ શબ્દ હાથ લાગતો નથી. મેં તેમને થોડા દિવસ ઉપર એક પત્ર લખ્યો હતો. મને તેનો ઘણો સંતોષજનક જવાબ મળી ગયો છે. તેઓ અમેરિકાથી હવે ઘણી ઉતાવળે ઘેર આવવા તત્પર થયા છે. હું હંમેશા તેમની છબીનું ધ્યાન ધરૂં છું અને શોકભારથી દબાએલા મારા હૃદયને તેના વડે કાંઇક હલકું કરૂં છું એક અભિમાનિની અબળાના ગર્વનું એથી અધિક બીજું શું પ્રાયશ્ચિત્ત હોઈ શકે?

પ્રથમ ભાગ સંપૂર્ણ

પ્રિય વાંચક ! આ કથાનો ભાગ અહીંજ અટકે
છે. આથી વધુ રસિક, કરૂણ અને
આકર્ષક હિન્દુ સંસારનાં ચિત્રો
જોવાં હોય તો

વનિતાની વાતો

નામની નવલકથા તરફ નજર કરજો.

वंदेमातरम्

અત્યંત બોધપ્રદ, જ્ઞાનપ્રદ, ચિત્તરંજક અને આર્ય સંસારનો આધુનિક ચિતાર દેખાડતું પુસ્તક.

છપાય છે. જલદી નામ નોંધાવો. છપાય છે.

વનિતાની વાતો.

ગુજરાતી સાહિત્યમાં આ એક અપૂર્વ પુસ્તક છે. અબળાની આત્મકથાઓના અનુસંધાનરૂપે આ પુસ્તકમાં સુન્દર, સરલ અને બોધક સંસાર ચિત્રો આપવામાં આવ્યાંછે. આપણા સંસારમાં સ્ત્રીઓની અવદશા થવાનાં ક્યાં ક્યાં કારણોછે ? સમાજના મૂળમાં ક્યાં ક્યાં સડોછે ? અને તેમાંથી સ્ત્રીઓનો ઉધ્ધાર શી રીતે થઇ શકે ? તે દરેક ઘટનાઓનો ઉલ્લેખ અતિ કરુણ, રસમય ભાષામાં પ્રત્યેક અબળા બહુ સુન્દર રીતે કરે છે. અને સમાજના કેટલાક ગહન મહાપ્રશ્નો ચર્ચે છે આ વાર્તા સંગ્રહમાં આધુનિક સમાજની વર્ત્તમાન પરિસ્થિતિનાં એવાં આકર્ષક ચિત્રો લેખવામાં આવ્યાં છે કે, જે વાંચવાથી સંસારની સંપૂર્ણ માહિતી સાથે જ્ઞાન, આનંદ અને બોધ પ્રાપ્ત થયા સિવાય રહેશે નહિ. સુધારાનો સાર, સ્ત્રીસ્વાતંત્ર્યનું પરિણામ, ધર્મશૂન્ય સ્ત્રીશિક્ષણથી ચાલતો સ્વચ્છંદાચાર, સ્ત્રીઓનાં ગૃહકર્તવ્ય, દંપતીના ઉચ્ચ આદર્શ અને સ્નેહમય જીવનના સ્વર્ગીય સિધ્ધાંતોનો આ કથા સંગ્રહમાં સમાવેશ કરવામાં આવ્યો છે. પુસ્તકમાંની પ્રત્યેક કથા એક એકથી ચડે એવી છે. સુન્દર લાયબ્રેરીને શોભાવે તેવું સોનેરી મનહર પુંઠું. પૃષ્ઠ ૩૨૦ કાગળ, છપાઇ ઉત્તમ; છતાં મૂલ્ય માત્ર રૂ. ૨-૮-૦ જલદી નામ નોંધાવો.

વ્યવસ્થાપકઃ—સેવા સમિતિ પુસ્તકાલય,

ગુલાલવાડી નં ૧૫૭-૫૯, મુંબઈ.